Vol. 43, No. 8
December 2022
ISSN 2455 - 4162

Rs: 30

નવનીત સમર્પણ

• જીવન, સાહિત્ય અને સંસ્કારનું સામયિક



અનહદ બાની



❑ સુભાષ ભટ્ટ

માનવ સભ્યતા તેના આરંભથી સીધી કે આડકતરી રીતે પરમ ઈશ્વર કે ઐશ્વર્ય વિશે પ્રશ્નો પૂછતી આવી છે. એક વખત કોઈ એક ખ્રિસ્તી સાધકે જર્મનીના પરમ મરમી સંત મેસ્ટર એકહાર્ટ (ઈ.સ. ૧૨૬૦ - ૧૩૨૮) સાથે આવો જ એક સંવાદ કર્યો.

સાધક : ઈશ્વર આખો દિવસ શું કરતો હોય છે?

એકહાર્ટ : તે આખો દિવસ જન્મ આપ્યા કરતો હોય છે. શાશ્વતીના પ્રારંભથી ઈશ્વર પ્રસૂતાની પથારીમાં છે. તે નિરંતર પ્રસવાવસ્થામાં છે. તે દરેકને જન્માવે છે. આ પળે પણ તે કોઈને જન્મ આપે છે.

આ સંવાદમાં તો એક રૂપક છે. મને અંગત રીતે તો એમ લાગે છે કે દરેક પળે કે પળે-પળે બ્રહ્માંડ આખામાં કશુંક પ્રગટે છે. ઈશ્વર પળ-પળની ક્ષમતા છે, સંભાવના છે, શક્યતા છે. અસ્તિત્વ આખું : ચૈતન્યનું કેન્દ્ર અને પરિઘ છે, ચૈતન્યનું બિંદુ અને બ્રહ્માંડ છે. બધી લંબાઈ-પહોળાઈ, ઊંચાઈ-ઊંડાઈ અને વ્યાપકતા એ જ છે. તેનો વિસ્તાર દોરેલ સીમાઓનો નહીં પણ આભાસી ક્ષિતિજોનો બનેલો છે. જ્ઞાન અને અજ્ઞાનના તટો વચ્ચેથી જે વહેણ અજ્ઞેયનું (ક્યારેય ન જાણી શકાય તે) છે તે પણ ઈશ્વર છે. કાળ ખંડોની પાર અવિરત પળમાં પણ તેનું રહેઠાણ છે. તેમાં શુભ અને અશુભ બંને સમાયાં છે.

આ પ્રચંડ, પ્રગાઢ અને સમગ્ર વ્યાપકતા દિશા કે માઈલો થકી નથી સમજાતી. તેનું વર્ણન મૌનમાં છે. કદાચ, તે પ્રેમ છે.

જે પ્રેમ જાણે છે - જુએ છે – સાંભળે છે – સ્પર્શે છે તે ઈશ્વરને અનુભવે છે. ઈશ્વર સર્જક છે, માત્ર તેમ નથી. સર્જનાત્મકતા જ ઈશ્વર છે – ઐશ્વર્ય છે.

❑❑❑

૧૩૬

आ नो भद्राः क्रतवो यन्तु विश्वतः।
દરેક દિશાએથી અમને શુભ અને સુંદર
વિચારો પ્રાપ્ત થાઓ - ઋગ્વેદ ૧-૮૯-૧

નવનીત સમર્પણ

જીવન, સાહિત્ય અને સંસ્કારનું માસિક

વર્ષ : ૪૩ અંક : ૮, ડિસેમ્બર ૨૦૨૨

સંસ્થાપકો :
કનૈયાલાલ મુનશી
શ્રીગોપાલ નેવટિયા
સમર્પણ : સ્થા. ૧૯૫૯
નવનીત : સ્થા. ૧૯૬૨

સંપાદકઃ
દીપક દોશી

સહાયક સંપાદકઃ
અવની સોલંકી

પૃષ્ઠસજ્જા : યોગેશ પટેલ

પ્રકાશક :
પી. વી. શંકરનકુટ્ટી

કાર્યાલય : ભારતીય વિદ્યા ભવન,
કુલપતિ મુનશી માર્ગ, મુંબઈ-૪૦૦ ૦૦૭.
E-mail : deepsamarpan@yahoo.com
website : www.navneetsamarpan.com
રવાનગી વિભાગ :
૨૩૫૩૦૯૧૬, ૨૩૫૧૪૪૬૬

આવરણ : નેવિલ ઝવેરી

લવાજમના દરો : એક વર્ષ : રૂ. ૩૦૦, બે વર્ષ : રૂ. ૫૮૦, ત્રણ વર્ષ : રૂ. ૮૫૦, પાંચ વર્ષ : રૂ. ૧,૪૦૦, દસ વર્ષ : રૂ. ૨,૮૦૦ ❑ વિદેશમાં એક વર્ષના : દરિયાઈ માર્ગ : રૂ. ૧,૫૦૦ હવાઈ માર્ગે : દરેક દેશમાં : રૂ. ૨,૬૦૦ ❑ ચેક/ડ્રાફ્ટ 'ભારતીય વિદ્યા ભવન'ના નામે મોકલવો.
❑ ઓનલાઈન લવાજમ માટે www.navneetsamarpan.com



મુનશીવાણી

ઑગસ્ટ ૧, ૧૯૬૩
બેંગ્લોર કેન્દ્ર, પ્રાચીન મૂલ્યોનું સમર્થન

મારા નવયુવાન મિત્ર,

આ સૌમાં અંતઃકરણની પવિત્રતા એ તપસનું રહસ્ય છે. આ તપસના સક્રિય ભાવ વિના કોઈ ઉદાત્ત જીવન જીવી શકતું નથી, કેમ કે એ વ્યક્તિ તથા સમાજ બંનેને પરિશુદ્ધ કરે છે.

તપસ્ એટલે ગુફામાંનો નિવાસ નહીં. એનો અર્થ ઉપવાસ, સંન્યાસ કે દેહદમન પણ નથી. એ તો ભાવસંશુદ્ધિ છે. એનાથી આપણે પ્રલોભન, દ્વેષ અને ભયને જીતી શકીએ છીએ. આપણી વાસનાઓનું ઊર્ધ્વીકરણ કરી શકીએ છીએ. આપણા અંતઃકરણને પવિત્ર કરી શકીએ છીએ અને આપણા અંગત સંબંધો સમજૂતી અને સ્નેહના બીબામાં ઢાળી શકીએ છીએ. તપસ્ દ્વારા જ આપણી બુદ્ધિ, હૃદય અને આપણામાં રહેલાં પશુતત્ત્વોનો સંયમ સાધી શકાય છે અને સામાજિક વૃત્તિઓનું નિઃસ્વાર્થીકરણ થઈ શકે છે. એ દ્વારા જ આપણે આપણાં જીવનમાર્ગ અને પરિવર્તનબળો વચ્ચેની સમતુલા જાળવી શકીએ છીએ.

તપસ્ કેવળ સંતો માટે જ નથી. એનો સંબંધ આપણા વ્યવહારજીવન જોડે છે. એ ભારતીય વિદ્યાનું કેન્દ્રવર્તી મૂલ્ય છે. પ્રત્યેક માનવી પોતાના જીવનને, પોતાના નાનામોટા પ્રત્યેક અનુભવને સુંદરતાના અભિગમથી સમૃદ્ધ કરી શકે છે.

તપસ્-ભાવસંશુદ્ધિ પ્રાકૃત જીવનમાં કઈ રીતે ચમત્કાર સાધી શકે છે તેનો આપણને સ્પષ્ટ ખ્યાલ હોવો જોઈએ. તપસને આચારમાં કઈ રીતે મુકાય?

આપણે આપણા પિતાને જુલમી પણ ગણી શકીએ અથવા શ્રવણની માફક તેમને ભગવાનના પદે સ્થાપી શકીએ; આપણી પત્નીને દેહવિલાસનું રમકડું માની રાચીએ અથવા ઘરની લક્ષ્મી અને પૂજાપાત્ર ગૃહિણી લેખી શકીએ. પતિને દેહનો સ્વામી માની શકીએ અથવા એને પરમેશ્વરનું સ્થાન આપી શકીએ. બાળકથી કંટાળીને તેમને ધુત્કારી શકીએ અથવા તો તેને બાળગોપાળ કહી ચાહી અને સરાહી શકીએ. વિદ્યાર્થી પોતાના શિક્ષકને ઘૃણાપાત્ર અને ઉપહાસપાત્ર શત્રુ લેખે તેની સામે હડતાલો પાડી શકે અને આમ પોતાના હિતનો પણ નાશ કરી શકે અથવા તો એમને આચાર્ય દેવ માની એમના પ્રત્યે આદર દર્શાવી શકે અને એમનાં ચરણોમાં હંમેશાં જે કંઈ મળે એ વિદ્યા-જ્ઞાન મેળવે. **[ક્રમશઃ]**



ૐ નમો ભગવતે રામકૃષ્ણાય - ૧૪

☐ કૂપમંડૂક

પુસ્તકો વાંચીને, શ્લોકો ગોખીને, લેક્ચરબાજી કરવાની આવડત કેળવીને, સાથે-સાથે કેવા હાવભાવ કરવા એની આરસી સમક્ષ પ્રૅક્ટિસ કરીને, પ્રભાવશાળી દેખાવા અમુક ચોક્કસ જાતનાં વસ્ત્રો પહેરીને, ચંદન-કંકુના લેપ કપાળે લગાડી મોટા-મોટા રુદ્રાક્ષની માળાઓ ગળે ભેરવીને, પોતાના અંગત મદદનીશો મારફતે પોતાને માટે ખોટી કે ફુગાવેલી કહાણીઓ ફેલાવીને ગુરુપદે બિરાજનારા મહાનુભાવોની મકસદ આમજનોમાં ભક્તિ, જ્ઞાન કે આધ્યાત્મિકતાને જાગ્રત કરવાની હોતી જ નથી. પોતાની પાસે પાણીનો એક લોટો નથી અને હજારોની પ્યાસ બુઝાવવા હાલી નીકળેલા, આ જાતે બની બેઠેલા ગુરુઓ, બાબાઓ, સંતો, સ્વામીજીઓની મનસાને ભગવાન રામકૃષ્ણ કેવી સચોટ રીતે 'વેશ્યાવૃત્તિ' સાથે સરખાવતા એ આપણે ગયા મહિને જોયું.

પરંતુ એક સ્પષ્ટીકરણ કરવાનું છે. ઠાકુર વેશ્યાઓમાં દેવીમાનાં દર્શન કરતા. માથુરબાબુ યુવા રામકૃષ્ણને એમની આધ્યાત્મિકતાની આંધીને મગજની બીમારી સમજી જ્યારે વેશ્યાઓ પાસે લઈ ગયેલા ત્યારે ઠાકુર મા... મા... બોલી બધી

સ્ત્રીઓને પગે પડેલા એ ઘટના આપણે જોઈ ગયા છીએ. કલકત્તાની વિખ્યાત વેશ્યા રમણીને હાક પાડી પોતાની પાસે બોલાવી એ દક્ષિણેશ્વર કેમ નથી આવતી એમ બધાંની વચ્ચે પૂછીને ઠાકુરે જમીનદારના કુટુંબની સ્ત્રીઓને ચકિત કરી દીધેલી એ પણ આપણે જોઈ ગયા છીએ. ''મા! તમે પણ કમાલ છો! કોઈવાર શીલવાન સ્ત્રી બનીને આવો છો, તો કોઈ વાર વેશ્યા બની દર્શન આપો છો.'' આવું કાલીમાના મંદિરમાં દેવીમા સમક્ષ ઠાકુર બોલેલા.

કહેવાની મતલબ એ છે કે દંભી ને ખોખલા ગુરુઓ, બાબાઓ વગેરે પ્રત્યે ઠાકુરને આક્રોશ હતો, તો વેશ્યાઓ પ્રત્યે કૂણી લાગણી હતી. હોય જ ને. ઘણી વેશ્યાઓની લાચારીને અને બનાવટી બાબાઓનાં કપટને તેઓ સમજતા હતા. 'રામકૃષ્ણ કથામૃત'માં તમને અનેકાનેક વાર ઠાકુરનો કહેવાતા પંડિતો પ્રત્યેનો આક્રોશ જોવા મળશે.

ઠાકુર એક વાત પણ કહેતા : એક બ્રહ્મચારી સાધુ હતો. સાદું જીવન, રોજ પૂજાપાઠમાં કલાકો વિતાવે. લોકોને ધર્મના માર્ગ ઉપર ચાલવાની રીતરસમ દેખાડે. વણમાગી સલાહ આપે. એના ઘરની સામે એક વેશ્યા રહેવા આવી. એના ઘરે આવનજાવન રહે. સાધુથી વ્યભિચારનો આ ખેલ સહન ન થાય. એક દિવસ એણે વેશ્યાને પોતાની પાસે બોલાવી. એ કેવી દુષ્ટ જિંદગી ગુજારે છે અને બીજાઓને ભ્રષ્ટ કરવાનું પાપ કરે છે એના પર નાનુંસરખું લેક્ચર ઠોકી દીધું. કહે : ''હે પાપી બાઈ! તું કેવું ભયાનક પાપ આચરી રહી છે એનું તને ભાન છે? તારું મોત આવશે પછી તારા આત્માના કેવા હાલ થશે એનો તો ખ્યાલ કર.''

પેલી સ્ત્રી બાપડી ગભરાઈ ગઈ. કશું બોલી જ ન શકી. એમ તો એ શ્રદ્ધાળુ હતી અને રોજ પ્રાર્થના કરતી હતી, પણ હવે રડીને ઈશ્વરને યાચના કરતી, ''હે પરમેશ્વર! મારાં પાપો માટે મને માફ કરજો. મારી પાસે મારું પેટ ભરવાનું કોઈ બીજું સાધન નથી એટલે આવું દુરાચારી જીવન જીવું છું. મને માફ કરો. મારા પર દયા કરો.'' હૃદયનાં ઊંડાણમાંથી ચીસ પાડીને નીકળતા પશ્ચાત્તાપના આ શબ્દો આંસુ બની એની બંને આંખોમાંથી વહેતાં.

સાધુએ જોયું કે આ બાઈનો તો ધંધો ચાલુ જ રહ્યો. મારો ઉપદેશ એળે ગયો. ખેર, એને હું બીજી રીતે એનાં પાપોનો અહેસાસ કરાવું છું. એમ વિચારી એણે વેશ્યાના ગ્રાહકોની ગણતરી શરૂ કરી. એક ગ્રાહક આવે કે એ એક નાનો પથરો પોતાના ઘરના આંગણામાં મૂકે. મહિનાઓમાં તો પથ્થરોનો ઊંચો ઢગલો થઈ ગયો. એણે વેશ્યાને બૂમ પાડી બોલાવી અને ઢગલો બતાવીને કહે, ''આ છે તારાં પાપોનો ડુંગર. મારો આદેશ ન માની તેં મોટી ભૂલ કરી. આ જો ને, તેં કેટલાં પાપ કર્યાં એનો અંદાજ

મેળવ. તારો ઉદ્ધાર કદી નહીં થાય.''

બિચારી સ્ત્રી રડવા માંડી, ''હે ઈશ્વર! હવે હું શું કરું?'' રડતાં-રડતાં ચીસ પાડી બોલી, ''હે કૃષ્ણ! મારી મદદે આવ. મને મારાં પાપોથી બચાવી લે. મને તારી પાસે ઊંચકી લે.'' એ બેશુદ્ધ થઈ ગઈ અને સાચે જ એનો આત્મા શરીર છોડી ઊડી ગયો. ભગવાનની લીલા ન્યારી છે. એ જ રાત્રે ઓલો સાધુડો પણ અવસાન પામ્યો.

યમના મદદનીશો એના આત્માને નરક તરફ લઈ જતા હતા ત્યાં એ જુએ છે કે સામેથી બીજા યમદૂતો પેલી વેશ્યાના આત્માને વિષ્ણુના ધામ તરફ લઈ જતા હતા. એ બૂમ પાડી ઊઠ્યો, ''એ ભાઈસાહેબો, તમારી ભૂલ થઈ રહી છે. આ વેશ્યાએ ઢગલાબંધ પાપ કર્યાં છે, જ્યારે મેં તો એક બ્રહ્મચારી સાધુ તરીકે પવિત્ર જીવન ગુજાર્યું છે. તમે આદેશના પાલનમાં થાપ ખાઈ ગયા છો.''

એને જવાબ મળ્યો : ''ઓ ભાઈ! અમે કોઈ થાપબાપ નથી ખાધી. તારું જીવન તો એક નાટક હતું. તને પ્રસિદ્ધિ ને માનપાન જોઈતાં હતાં એટલે તારી જાતને તું છેતરતો હતો. તારી અંદર જોવાને બદલે તું બીજાનાં પાપોની ગણતરી રાખતો હતો. આ વેશ્યાના શરીરે પાપ કર્યાં હતાં, પણ એનું મન નિર્મળ હતું. પસ્તાવાનાં આંસુએ અને ઈશ્વર પ્રત્યેની સાચી શ્રદ્ધાએ એનો આત્મા પવિત્ર રહેતો. બીજાનાં ગલત કામોની ગણતરી કરતાં રહી તે તારું જીવન બરબાદ કર્યું.''

સાચે જ. ભાવ કેવો છે, ભાવના કેવી છે, મનસા કેવી છે એ ઈશ્વર જુએ છે. તમારી કરણી પાછળ રહેલી મનની મકસદ જુએ છે. ઠાકુરે બે દોસ્તોની વાતો કરેલી. રાત્રે ફરવા નીકળ્યા. એક ઠેકાણે ભાગવત વંચાતું હતું. એક દોસ્ત કહે, ''યાર, આવી તક પાછી નહીં મળે. અહીં જ બેસીએ.'' બીજો કહે, ''ના, વેશ્યાવાડે જઈએ.'' પેલો કહે, ''તારે જવું હોય તો જા. હું તો અહીં જ બેસવાનો.'' બીજો વેશ્યાવાડે ગયો. એ વિચારે છે કે મારો દોસ્ત કેવો ભાગ્યશાળી. ઈશ્વરનાં વચન સાંભળે છે. અને હું? અહીંયાં! પેલો વિચારે છે કે મારો દોસ્ત કેવી મજા કરતો હશે ને હું આ લવારો સાંભળું! ચિત્રગુપ્તને ચોપડે વેશ્યાવાડે જનારાના ખાતામાં પુણ્ય નોંધાયું. ને બીજાનાં ખાતામાં પાપ. મન ક્યાં હતું એ મહત્ત્વનું હતું.

પેલા સાધુની જેમ કોઈ બીજાનો ન્યાય કરવા બેસે એ પણ ઠાકુરને જરાયે ન ગમતું. ઘડી-ઘડી કહેતા કે ''ભાઈ, તું તારું સંભાળ ને. તું કોણ, સાચા-ખોટાનો તોલ કરવાવાળો?'' ઠાકુરમાં એવી જબરદસ્ત સહિષ્ણુતા હતી કે તમે માની ન શકો. આપણા કવિ કંથારિયાસાહેબે લખેલું ને કે :

કચેરી માંહી કાજીનો, નથી હિસાબ કોડીનો.
જગત કાજી બનીને તું વહોરી ના પીડા લેજે!

સાધુ-વેશ્યાની કે બે દોસ્તોની વાત કહી ઠાકુર ફરી-ફરીને ‘મન’ ઉપર આવતા. મન ક્યાં છે, મન કેવું છે એની ઉપર બધો આધાર. કહેતા કે સંસારી માણસોને ઈશ્વર પર અનુરાગ કે આતુરતા આવતાં નથી, કારણ કે એમનું મન ભોગ તરફ રહેલું હોય. માણસો સાધન-ભજન કરે ખરા, પણ તેમનાં મન કામિની-કાંચનમાં હોય. મન ભોગની તરફ ખેંચાયા કરે પછી સાધન-ભજન શાં કામનાં?

‘‘હું બરાબર જાણું છું કે કોઈ માણસ પર્વતની ગુફામાં વાસ કરે, શરીરે રાખ ચોળે, અપવાસ કરે, વિવિધ પ્રકારે કઠોરતા સહન કરે, અરે! તપશ્ચર્યા કરે, પરંતુ અંદર જો વિષયોમાં મન હોય, કામિની-કાંચનમાં મન હોય, તો એવા માણસને હું કહું, ફટ્ ભૂંડા. જેનું કામિની-કાંચનમાં મન ન હોય, પણ ખાય-પીએ ને ફર્યા કરે, એને કહું ધન્ય.’’

પંડિત શશધર પ્રત્યે ઠાકુરને લગાવ. એમને ખબર કે શશધરની લેક્ચર આપવા પાછળની મકસદ સ્વાર્થી નથી. છતાં એમને કહે : ‘‘વ્યાખ્યાન આપવા પાછળની તમારી ભાવના સરસ છે. તમે લોકોનું મંગળ થાય એમ ઇચ્છો છો, પણ ભાઈ! એ સારુ ભગવાનનો આદેશ જોઈએ. એ વિના લોકોપદેશ થાય નહિ. બે-એક દિવસ લોકો તમારું વ્યાખ્યાન સાંભળશે ને પછી એ બધું ભૂલી જશે. ગરમ તાવડી પર પાણીનો છાંટો પડે ને કેમ છમમ્ કરીને તરત ઊડી જાય એમ.’’

ઠાકુર પંડિત શશધરને પૂછે છે : ‘‘તમે કેવી રીતે લેક્ચર આપો?’’

‘‘મહાશય, હું શાસ્ત્રોની વાતો સમજાવવા પ્રયાસ કરું છું.’’ પંડિત બોલ્યા. ઠાકુર કહે : ‘‘કળિયુગને માટે ઉપાય નારદીય ભક્તિ. શાસ્ત્રોમાં જે બધાં કર્મો કરવાની વાત છે એને માટે સમય ક્યાં છે? આજકાલના તાવમાં દશમૂલ-પાચન અને એવાં બધાં ચૂર્ણો ન ચાલે. દશમૂલ-પાચન તૈયાર થાય એ પહેલાં તો દરદી ખલાસ થઈ જાય. આજકાલ ફિવર-મિક્સ્ચર. શુદ્ધ ભાવનાએ ગાયત્રી જપ કરો એટલે બસ.’’

‘‘તમે હજાર લેક્ચર આપો ને, પણ સંસારમાં રચ્યાપચ્યા રહેતા લોકો કાંઈ કરી શકવાના નથી. કાળમીંઢ પથ્થરની દીવાલમાં શું ચૂંક મારી શકાય? ચૂંકનું માથું ભાંગી જાય તોયે દીવાલને કાંઈ ન થાય. તલવારનો ઘા કરવાથી મગરને મારી શકો? સાધુનું તુંબડું ચારે ધામ ફરી આવ્યું, પણ હતું તેવું જ કડવું! તમારા લેક્ચરોથી સંસારી લોકોને શું કોઈ કાયમી અસર થવાની? નહીં થવાની. તમારો હેતુ સારો છે એટલે તમે આ વાત ધીમે-ધીમે સમજી શકશો. વાછરડું એકદમ ઊભું રહી શકે નહિ. વચ્ચે-વચ્ચે પડી જાય, પાછું ઊભું થાય, ત્યાર પછી ઊભું રહેતાં ને ચાલતાં શીખે.’’

[ક્રમશઃ]

પુનરપિ

□ **હરીશ મીનાશ્રુ**

વીજળીને ચમકારે મોતીડાં પરોવો રે પાનબાઈ!
નહિતર અચાનક અંધારા થાશે જી;
જોત રે જોતાંમાં દિવસો વહી જશે પાનબાઈ!
એકવીસ હજાર છસોને કાળ ખાશે જી...

(પુણ્યસ્મરણ : ગંગાસતી)

અણસાર કે ન આહટ : એકવીસ હજાર છસ્સો
ગંગા સતીજી બોલ્યાં : ઘટના ઘટે જે ઘટ ઘટ
લહેરાય અતિ અટપટ એકવીસ હજાર છસ્સો
એ કાળની અલકલટ એકવીસ હજાર છસ્સો

ઘરના છતાં ન ઘરવટ : એકવીસ હજાર છસ્સો
સાંભળજો પાનબાઈ : ક્ષણની ઉપર છે શણગટ
જન્માંતરોના રૂઝ્યા, એ ઘાવ ફરી દૂઝ્યા
નખથી ખણે છે બરછટ એકવીસ હજાર છસ્સો

લસરે છે લાગલાગટ એકવીસ હજાર છસ્સો
ગંગા સતીજી બોલ્યાં : ઊંડે ન તો ય ખેપટ
આ ખેપ જ્યારે ખૂટે, પાછળ ન લેશ છૂટે
પદચિહ્ન કે પગરવટ એકવીસ હજાર છસ્સો

નુગરા નર્યા નપાવટ એકવીસ હજાર છસ્સો
સાંભળજો પાનબાઈ : ભાંગે ન ભવની ભાવટ
વૈતરણી આ વિતથની : તરણું કહો કે તરણી
મારે હલેસાં કેવટ એકવીસ હજાર છસ્સો

સઘળી ઘડી કટોકટ : એકવીસ હજાર છસ્સો
ગંગા સતીજી બોલ્યાં : એક્ ઠોકરે ફૂટે ઘટ
કાચા સૂતરના તંતે, નર્તન કરે છે ખંતે
તૂરી બજાણિયા નટ એકવીસ હજાર છસ્સો

કિરદાર જાણે નટખટ એકવીસ હજાર છસ્સો
સાંભળજો પાનબાઈ : ભજવી જતા ફટાફટ
ખેલે બની અડુકિયો / છક્કો / મકો /દડુકિયો
જીવ/રામજીની ખટપટ એકવીસ હજાર છસ્સો

વસમો કરે છે વહીવટ એકવીસ હજાર છસ્સો
ગંગા સતીજી બોલ્યાં : પઈની કદી ન વધઘટ
ચઢતું આ વ્યાજ મારે, દેહીનું દેણ ભારે
પળ પળ કરે પતાવટ એકવીસ હજાર છસ્સો

મનખાની યે ઉપરવટ એકવીસ હજાર છસ્સો
સાંભળજો પાનબાઈ : મંજિલ છે માત્ર મરઘટ
બેઠી છે લાગ જોઈ માર્જારી ક્યાંક કોઈ
જે નિત કરે સફાચટ એકવીસ હજાર છસ્સો

કોની વિષમ લખાવટ : ગંગા સતીજી બોલ્યાં
જીવલેણ છે સુરાવટ : સાંભળજો પાનબાઈ
મકતા કહું કે મત્લા, ઐ મૌત તું હી બતલા
પુનરપિ રદીફ પરગટ એકવીસ હજાર છસ્સો

(એકવીસ હજાર છસ્સો : એક માન્યતા પ્રમાણે આપણે દર મિનિટે સરેરાશ ૧૫ શ્વાસોશ્વાસ લેતા હોઈએ છીએ. એ હિસાબે એક દિવસના ૨૧,૬૦૦ શ્વાસોશ્વાસ થાય.)

(૩૦ જાન્યુઆરી ૨૦૧૪, ૪-૫ ફેબ્રુઆરી ૨૦૧૪, ૨૦ માર્ચ ૨૦૧૪, ૨૦ એપ્રિલ ૨૦૧૪, ૨૮ ડિસેમ્બર ૨૦૧૪, ૧૭-૧૮-૧૯ ઑક્ટોબર ૨૦૨૨)

ચિત્રદુર્ગ

□ ચન્દ્રકાન્ત ટોપીવાળા

ચિત્રદુર્ગ હજી સ્થિર અને સ્તબ્ધ ઊભો છે.
કિલ્લેદાર પતિને ભોજન આપી
પાણી લેવા બહાર નીકળેલી પત્નીએ
કોઈ આછો સળવળાટ સાંભળ્યો
એની નજર કિલ્લામાં પડેલા નાનાં છીંડાં તરફ ગઈ.
થયું : કિલ્લો સુરક્ષિત નથી. કિલ્લેદારની પત્ની ચેતી ગઈ.
ફરી ખખડાટ થયો, કોઈક અંદર ઘૂસવા પ્રયત્ન કરે છે.
એક ડોકું બહારથી અંદર આવ્યું.
પોતે પતિને ચેતવે એ પહેલાં તો
નિરંતર ડાંગર છડનારીએ પાસે પડેલું સાંબેલું તરત હાથમાં લીધું
ઊંચક્યું, જોરથી ઉગામ્યું
અને છીંડામાંથી અંદર આવતું માથું છૂંદાયું
એક માથું આધું છૂંદાયું,
બીજું માથું આધું છૂંદાયું
ત્રીજું માથું આધું છૂંદાયું
ડાંગર છડનારા હાથો દ્વારા સાંબેલાથી માથાં છૂંદાતાં ગયાં.
છેવટે
હૈદરના સૈનિકોએ છડનારા હાથોથી માથાંઓ છૂંદનારીના
ચંડીરૂપનો બલિ ધર્યો.
ચિત્રદુર્ગ કંપ્યો, સ્થિર થયો.
ચિત્રદુર્ગ હજી સ્થિર અને સ્તબ્ધ ઊભો છે.

(કર્ણાટકમાં અત્યંત પ્રસિદ્ધ ઓબવ્વાની શૌર્યકથા. ચિત્રદુર્ગ કિલ્લાને ઘેરો ઘાલી પડેલા હૈદરના સૈન્યમાંથી કેટલાકે કિલ્લાનાં છીંડાં વાટે પ્રવેશવાનો પ્રયત્ન કર્યો ત્યારે ઓબવ્વાએ સાંબેલે સાંબેલે માથાં વધેરી નાખ્યાં હતાં)

શું લઈશું?

□ કાનજી પટેલ

પહેલ વહેલો
ક્યો રંગ હતો?
આકાશી?
એમાંથી જ બે રંગ થયા ને?
એક લીલો ને બીજો રાતો
બરાબર?
વેલા વૃક્ષમાં
લીલો દેખાય એ જ ને?
વનસી ઊપજી માટીથી
એ સાચું કે નહિ?

હવે બીજાની વાત
બીજો રાતો
એનું મૂળ અને ઘર ક્યાં?
એ આવ્યો ક્યાંથી
કેમ અને ક્યારે એવું પૂછીએ
જવાબ બાજુમાં માંડી રાખીએ

એનું નામ પાડીએ મનસી
પહેલી વનસી
અને આ મનસી રાતી
વગર મૂળિયે ફેલાઈ રાતી
રાતીનું રાજ લીલી પર

આ રાતી, રાતો કે રાતું શું?
સમજ્યાં તો વનસી વરસે
ના સમજ્યાં તો બધું રાતું

શું લઈશું?
લીલું કે રાતું?

□

આ પાળે, પેલી પાળે

લીલો છોડ
એના પર બેસે ધાન
ધાન અને દાંત મળે
એથી થાય રાતો રંગ
રંગ રમે કાયાના રેસામાં
ખોપરીમાં તોફાને ચડે

દરેક જણ નાનપણથી
હાથમાં આવી કુહાડી
ખાઈપીને ચઢી કુહાડી વાયરે
રાતા વાયરે
કુહાડીનું ફળું માગે
રાતા રંગનો ભોગ
નવરાશે દરેક જણ
કુહાડીને ખેલાવે કે જીભને
પણ
વાઢ મૂકવાનો એટલે મૂકવાનો
વાઢમાંથી રગદના ધોધ
વહે એની નદીઓ
જઈ મળે સમુદ્રમાં

આરંભે કે મધ્યે
નહોતું જાણ્યું
અંતે જાણ્યું
આ પાળે હોઈએ ત્યારે એની તલપ
પેલી પાળે હોઈએ ત્યારે એનો ડર

બે પાળે રહીએ
અમે જ ટોળાં આ પાળે
અમે એકલા પેલી પાળે

ગઝલ

☐ ધ્વનિલ પારેખ

તારી ભીતર હોય અવઢવ છોડ તું,
રોજ વધતી જાય સમજણ છોડ તું.
પારદર્શક હોય માણસ સારું છે,
બાકી તૂટી જાય સગપણ છોડ તું.
સુખનું એવું કોઈ ઠેકાણું નથી,
એવું જો લાગે તો સુખ પણ છોડ તું.
રાત આખી સળગે દીવો શક્ય ના,
તો પછી ઓ દોસ્ત અવસર છોડ તું.
ચોતરફથી છે સવાલો સામટા,
હોય ઉત્તર એક, ઉત્તર છોડ તું.
શ્વાસની દુકાન છે, રકઝક ન કર,
આપશે એ ઓછું વળતર, છોડ તું.
એક ચહેરો બારી થઈને ઝૂરતો,
આખરે એવું ય વળગણ છોડ તું.

પાણી સ્તોત્ર

☐ યોસેફ મેકવાન

પાણીને પાણી ડુબાડે એવું પાણી જોઈએ,
પાણીથી પાણી ઉગાડે એને માણી જોઈએ.

પાણીને પણ માનવી જેવું જ મન કૈં હોય છે,
ચાલ, એને હાથ હળવે ઝાલી નાણી જોઈએ.

ધોધરૂપે ધસમસ પડે છે, પથ્થરો તોડી રહે,
હોય છે રેશમ સમું એ, ચાલ તાણી જોઈએ.

વાદળ ઉપર વાદળ પહેરી ગર્જતું ને દોડતું,
કોની પરે એ કેટલું વરસ્યું પ્રમાણી જોઈએ.

બર્ફમાં પામી રૂપાંતર ઊંઘતું ને જાગતું
એ સમજવા હાથને પણ સ્પર્શની વાણી જોઈએ.

સમજાય જીવનમૂલ્ય તો હાથમાં પાણી લીઓ,
શ્વાસ ને ઉચ્છ્‌વાસની સાચી કમાણી જોઈએ.

જ્યારે રેતી જ સરહદ હોય!

□ વર્ષા દાસ

સરહદની આ બાજુ હોય
કે પેલી બાજુ,
છવાયેલી છે રેતી જ રેતી
એક જ રંગની રેતી.
આ છે મરુભૂમિ થારની,
મંટોની વાર્તાના રણની...
કયું હિન્દુસ્તાન? ને
કયું પાકિસ્તાન?
ક્યાં અટકું?
કઈ ધરતીને મારી કહું?
મોઢાં એક સરખાં
ને સરખી છે ભાષા,
કોણ સાચું ને કોણ ખોટું
કહેવાનું સહેજે ય ન સહેલું.

રેતી ક્યાંય બંધાય નહીં,
અહીંથી ઊડી ને ત્યાં પડી જાય.
વાદળ ને વરસાદની જેમ
સરહદો વટાવીને
ગમે ત્યાં પહોંચી જાય,
બંધનમાં કદી ન બંધાય.
માણસ તાણે લીટા અને
પોતાની બેડીઓમાં બંધાઈ જાય.

મન થાય એક બી બનવાનું,
ચકલીની ચાંચમાંથી ટપકીને
ક્યાંય પણ ઊગી આવવાનું.
વાદળ, વરસાદ ને રેતીની જેમ
સરહદની આ બાજુ
કે પેલી બાજુ,
જમીનમાં કે રણમાં,
ક્યાંય પણ જીવી જવાનું.

આ ધરતી મારી ને તમારી પણ,
હવા છે સહુની ને માનવતા પણ.
દેખાઈએ છીએ અનેક
પણ વાસ્તવમાં છીએ એક.
લીટીની આ બાજુ કે પેલી બાજુ,
કે પછી
સાત સાગરની આ બાજુ કે પેલી બાજુ!

ઘેરો*

☐ ઉદયન ઠક્કર

બ્રેડ પુડિંગનું સપનું જોતો હું સૂતો હતો, ત્યાં આગળિયો ખખડ્યો. કોણ હશે? આંતરડે આંટી પડી. ધડાકા સંભળાયા. ગંધકની વાસ આવી. પરસેવો વળ્યો. પગ ધ્રૂજ્યા. બારણે જોઉં તો લિયોનિડ.

'તને લેવા આવ્યો છું, ચાલ, સિમ્ફનીનું રિહર્સલ છે.'

'ગધેડા! પડખું ફેરવાતું નથી, ને સિમ્ફની?'

સામેનું મકાન સળગ્યું. 'ભૂખે મરવું છે?' લિયોનિડે પૂછ્યું, 'કે વાયોલિન વગાડતાં મરવું છે?'

મેં ઑર્કેસ્ટ્રાનો પોષાક પહેર્યો. લિયોનિડે વાયોલિન પર ટકોરો માર્યો, 'ઑર્ફિઅસના સંગીત આગળ મૃત્યુલોકનાં દ્વાર ખૂલી જાય છે.'

મારો જૂનો સાથી - આ લિયોનિડ. ઑર્કેસ્ટ્રામાંથી અમે પંદર બચેલા. નાઝીઓએ લેનિનગ્રાડને ઘેરો ઘાલ્યો હતો, મહિનાઓથી. ખાવું શું? મેં ચાર બિલાડાં પાળેલાં. તેમાંથી ત્રણ પેટમાં બોલતાં હતાં.

ટાંટિયા ઘસડતાં થિયેટર પહોંચ્યા. ત્રણ કલાકનું રિહર્સલ હતું. પંદરમી મિનિટે સેલોવાદક પડ્યો, પછી ક્લેરિયોનેટવાદક. સંગીત આત્માનો ખોરાક છે, પણ શરીરનો નહિ. રિહર્સલ મુલતવી રહ્યું. વળતે દિવસે જાહેરાત : સવાસો ગ્રામને બદલે અઢીસો ગ્રામ બ્રેડ મળશે. બધાએ બમણા જોરથી વગાડ્યું. મુતરડી ભણી જતાં હું બોલ્યો, 'કૉમરેડ સ્ટેલિન કલાપ્રેમી તો ખરા! યુદ્ધ ટાણેય સિમ્ફની!' લિયોનિડે ગળફો થૂંક્યો.

રિહર્સલ સાંભળવા લોકો ટોળે વળતા હતા. ('ગાંડા ન થઈ જવાય માટે' - લિયોનિડ કહેતો.) કોઈ ખબર લાવ્યું કે નાઝીઓ પણ અમારું સંગીત સાંભળે છે, રેડિયો પર. કોણ જાણે કેમ, સારું લાગ્યું.

રાત્રિના ઘુમ્મટ તળે બેઠો છું; ચંદ્ર પીળું પ્રકાશે છે. સિસ્ટીન ચેપલના ઘુમ્મટ તળે માઇકેલેન્જેલો ઝૂલે છે; ટોપી પર મીણબત્તી. ચીતરે છે, ચીતર્યે જાય છે. ચિત્ર ક્યારે પૂરું થશે? પૂરું થશે કે નહિ?

ગ્રાન્ડ રિહર્સલને દહાડે જ ગજ તૂટ્યો. સમારવાના પૈસા નહોતા. છેલ્લો બિલાડો વેચી દેવો પડ્યો.

સિમ્ફની સાંભળવા હજારો લોકો ઊમટી પડ્યા. ફેન્સી બૅગ, લૉન્ગ હેટ. કોઈ ફાંકડો થઈને ફરે, કોઈ વિજયમુદ્રા કરે.

'લિયોનિડ,' મારી આંખો પહોળી થઈ ગઈ, 'લોકો આટલા ખુશ? શું ઘેરો ખૂલ્યો?'

ત્યાં પરદો ખૂલ્યો.

---

*જર્મન લશ્કરે ૧૯૪૧થી ૧૯૪૩ સુધી લેનિનગ્રાડ ફરતે ઘેરો ઘાલ્યો હતો.



ગૂંચ

☐ હિમાંશી શેલત

મારા લકની જ વાત કરું. મોમ-ડેડ એકદમ લવિંગ ઍન્ડ કૅરિંગ. લવ ધેમ વેરી મચ. સ્કૂલ તો જાણે હેવન. બેસ્ટ ઇન ધિસ એરિયા. મસ્ત ફ્રેન્ડ્ઝ અને એ વન ઍટમોસ્ફીઅર. ટૉપ ક્લાસ કમ્ફર્ટ. સવારે મમ્મી બ્રેકફાસ્ટ ને સાંજે જે જોઈએ તે, ગરમાગરમ, સ્ટ્રેટ ફ્રૉમ ધ ઓવન. નો, નો, મોમ ઇઝ નૉટ એ વર્કિંગ વુમન. ડેડના રાજમાં જલસા કરે છે. ક્વીન માફક. મારા આખ્ખા ગ્રૂપને ઇન્વાઇટ કરી શકું ઘેર, નો પ્રૉબ્લેમ. જોકે હવે ટેન્થમાં આવ્યો એટલે ભણવાનું ટેન્શન વધ્યું છે, બાકી નાઇન્થ તો ધમાલમાં ક્યાં ગયું તેની ખબર બી પડી નહીં!

હવે, એટલે કે ધીઝ ડેઇઝ મોમ-ડેડ જરા અલગ રીતે ટ્રીટ કરે છે મને. ઓવરનાઇટ મૅચ્યૉર થઈ ગયો હોઉં એમ. મને તો મારામાં કોઈ ફરક નથી લાગતો. ગુસ્સો પહેલાંના જેટલો જ આવે છે. ડેડ કહે છે કે શાંતિથી વિચારવાની આદત પાડવી જોઈએ.

મે બી હી ઇઝ રાઇટ, પણ મારાથી એન્ગર કંટ્રોલ નથી થતો. આમ પાછો માનું ખરો કે અમુક ડિસિપ્લિન હોવી જોઈએ, કારણ દુનિયામાં બધા લોકો આપણા ફૅમિલી જેવા જનરસ ના પણ હોય, છતાં યૂ નો, બદલાવ કંઈ ઝડપથી આવતો નથી.

વાત જાણે એમ કે બે દિવસ પર મોમે અચાનક કહ્યું કે મારે આજે સાંજે ક્રિકેટ રમવા નથી જવાનું! ઓ.કે. મેં કહ્યું. તો એ બોલી કે એને મારી સાથે વાત કરવી છે. ફની! એ તો ગમે ત્યારે વાત કરી શકે, એમાં મારે સાંજે રમવા કેમ નહીં જવાનું? તો બી મેં એક્સેપ્ટ કરી લીધું. આમ કંઈ અમારે ત્યાં ખાનગીબાનગી નથી હોતું. એવરીથિંગ ઓપન ઍન્ડ ટ્રાન્સ્પેરન્ટ.

સો વેઇટિંગ ફૉર ધ ઇવનિંગ. જરા ક્યુરિયોસિટી છે જ. ગૉડ નોઝ શું હશે! કઈ સિક્રેટ મારી સાથે શૅર કરવાની હશે! મોમ સોશ્યલ મીડિયા પર બહુ ઍક્ટિવ, કીચન, ગાર્ડનિંગ, હોમ ડેકોર ઍન્ડ વૉટ નૉટ! છતાં આ કંઈક સ્પેશ્યલ હશે, માત્ર મને કહેવાનું!

કિચનમાં બેઠાં ડાઇનિંગ ટેબલ પર સામસામે. હૉટ ચૉકલેટ મારે માટે, કૉફી એને માટે. બોલવાનું તો એણે જ હતું, સો જસ્ટ વેઇટેડ. મોમ કપમાં ચમચી ફેરવ્યા કરે, પણ બોલે નહીં. મેં જરા ટ્રાય કરી જોઈ, નો રિસ્પૉન્સ. જરા વારે કહે કે વેઇટ. એમ ઉતાવળ ના કર. મને જરા ગભરાટ થયો. આવી સિચુએશન તો આજ લગી ઊભી થઈ નથી. ઘડિયાળ સામે જોયા કીધું ને મોબાઇલ સ્ક્રીન સામે પણ, મોમ ચૂપ. મારી હૉટ ચૉકલેટ પતી ગઈ, મોમની કૉફી બી. વેઇટિંગ ખતમ થાય નહીં! મારે માટેની કોઈ બાબત હશે? હેવ આઇ ડન સમથિંગ રૉન્ગ? સાલુ કંઈ યાદ ન આવે. મોમ સામે તાકી રહ્યો.

‘નો, નો, તું આમાં ક્યાંયે નથી. મતલબ કે તારા કોઈ પ્રૉબ્લેમની આ વાત નથી. તારી વાત છે ખરી, પણ...’

‘ઓપનલી બોલી દે ને! ડેડની કોઈ સિક્રેટ છે? યુ કૅન ટેલ મી. તમારી સિક્રેટ સાચવવા જેટલો મૅચ્યૉર તો છું હવે!’

જરા ઇમોશનલ થઈને બોલી પડ્યો. આપણે એકના એક હોઈએ તો જવાબદારી વધી જાય.

‘ટેલ મી, મોમ! ડૉન્ટ વરી. તારો જે કોઈ પ્રૉબ્લેમ હોય તે. તું બોલે નહીં તો મારું ટેન્શન વધી જાય છે.’

મોમ હાથ લંબાવી મારો હાથ પકડી લે છે. મારું ટેન્શન ડબલ.

‘યસ મોમ, પ્લીઝ ટેલ મી... ડૉન્ટ વરી!’

‘કેવી રીતે કહું? મને સમજાતું નથી, પલાશ, હાઉ ટુ બિગીન!’

મોમનો અવાજ ભારે-ભારે. રડી પડશે કે શું! મને એ રડે એની ખરેખર બીક લાગે. મોં લાલ-લાલ થઈ જાય અને સાવ અવાજ વગરનું રડે. ખબર

ના પડે કે શી ઇઝ ક્રાઇંગ. જોકે એવું બહુ ઓછું બને છે. મેં તો એને બહુ સારા મૂડમાં જ જોઈ છે કાયમ. ડેડ સાથે કોઈ વાર ટેન્શન જેવું થાય, પણ એ તો બહુ કૉમન ગણાય. ઇન ફૅક્ટ ન થાય તો અનકૉમન! પિકનિક પ્લાન કરે, સરપ્રાઇઝ ગિફ્ટ આપે, ડિનર ગોઠવે, બધું સેલિબ્રેટ કરે, વેરી ફ્રેન્ડલી બાય નેચર. બધાં ખુશખુશાલ રહે!

'ડૉન્ટ ગેટ અપ્સેટ મોમ, અત્યારે ના કહેવું હોય તો સમ અધર ટાઇમ...'

'ઍક્ચ્યુઅલી પલાશ એવું છે, કે...'

હમણાં ધડાકો થવાનો. જે કહેવામાં આટલી વાર લાગે તે વાત સામાન્ય તો હોય નહીં. સમથિંગ ટેરિબલ, શૉકિંગ, અનયુઝવલ. મોમના હોઠ જરા કંપે છે, હું એની સામે જોતો બેઠો છું. છતાં એનો અવાજ નીકળતો નથી. લાગે છે કે ડેડની જ ગરબડ હશે. અમારી લાઇફ એટલી સ્મુધ છે કે એમાં કોઈ પ્રૉબ્લેમ હોય જ નહીં એમ મારું તો માનવું. હૉટ ડિસ્કશન થાય ત્યારેય અંત તો હેપ્પી જ હોય. એન્ડમાં આઇસક્રીમ. બધું ઑલ રાઇટ. ને મોમ-ડેડને મારામાં કેટલો બધો ઇન્ટરેસ્ટ! મારી હૉબી કે પછી ફ્રેન્ડ સર્કલ કે ભણવામાં કોઈ ડિફિકલ્ટી, બધું એ લોકો જાણે. લક જોઈએ, યાર! આવી લાઇફ કેટલાની?

આ મારા જ ક્લાસમાં આલોક કરીને એક છે. એના પેરન્ટ્સ અલગ થવાનાં છે એમ વાતો ચાલે છે. રુમર નથી, ખુદ આલોક જ કહે છે. એના ફાધરને કંઈ અફેર જેવું છે. બહુ ખરાબ લાગે આપણને. મોમ-ડેડ અલગ થાય, આપણે કોઈ એક પાસે રહેવું પડે, સ્ટ્રેન્જ સિચ્યુએશન. ડર લાગે જરા. હોય કે એવું કશું ના હોય.

'પલાશ, ધ્યાનથી સાંભળજે. તારી કાયમી સ્ટાઇલમાં અડધું કાનની અંદર અને અડધું કાન બહાર નહીં ચાલે. તારા ફ્યૂચરની વાત છે, સો ઈટ ઇઝ ઇમ્પૉર્ટન્ટ.'

ઓ! તો મારી સાથે જ સંબંધ છે વાતનો. રિલીફ! ફાઇન. મારા ફ્યૂચરનું જે હોય તે. હુ બૉધર્સ રાઇટ નાઉ? 'ઓકે, મોમ, સ્ટાર્ટ નાઉ, શું બાબત છે?'

'તું તો જાણે છે કે રાકેશમામા વર્ષોથી કૅલિફૉર્નિયા રહે છે. ત્યાં એમનું બિઝનેસ એમ્પાયર છે ખાસ્સું મોટું. બહુ મહેનતથી ઊભું થયેલું.'

'યાહ, આઇ નો ધૅટ. તમે લોકો વાત કરો એટલે ખબર. બાકી મામાને તો અહીં આવ્યાને વરસો થઈ ગયાં!'

'એ મુદ્દો છોડ. એમનો દીકરો, આમ તો તારો ભાઈ, લાસ્ટ યર કાર-ઍક્સિડન્ટમાં સાવ અચાનક...'

'યાહ, વેરી ટ્રૅજીક ડેથ. યાદ છે મને.'

'મામા-મામી ત્યારે તૂટી ગયેલાં. અમે ગયેલાં ત્યાં પંદરેક દિવસ માટે, તને ભાવેશ અંકલને ત્યાં મૂકીને.'

'તે બી યાદ છે.'

'હવે મામા તો ફરી કામમાં બિઝી

થઈ ગયા છે, પણ મામી મેન્ટલી બહુ અપ્સેટ રહે છે. ડિપ્રેશન કાયમનું થયું છે. દવાઓ લેવી પડે છે. ડૉક્ટર્સ માને છે કે કશામાં મન રોકાય તો જ ઠેકાણું પડે. ઈટ ઇઝ અ ક્વેશ્ચન ઑફ લાઇફ ઍન્ડ ડેથ જેવું.'

'એમાં અહીં રહ્યે આપણે શી હેલ્પ કરીએ? ટાઇમ ઈઝ ધ બેસ્ટ હીલર.'

'ના, એમ નહીં. આપણે એમને હેલ્પ કરી જ શકીએ. મામાનું કહેવું છે કે ટેન્થ પછી તું ત્યાં જઈને ભણ. આમેય તારે ત્યાં ભણવું હતું. નહોતો કહેતો તું? જરા વહેલું જવાનું થાય એટલો જ ફેર ને? એ તો એક રીતે સારું.'

'હું? ત્યાં? અત્યારે?'

'ઍક્ઝેક્ટલી. આ તો મામાની જ પ્રપોઝલ છે. અમે નથી કહ્યું. ત્યાંની કોઈ ટૉપ યુનિવર્સિટીમાં ભણવા મળશે. રાકેશ નથી તો એની ઍબ્સન્સમાં તારો ટેકો રહેશે એમને.'

'અને તમે બંને?'

'તું ભણીગણીને સેટલ થાય એટલે અમે આવી જઈશું, ત્યાં જેમ બીજાં બધાં આવે છે એમ. સવાલ તો પાંચ-છ વરસનો છે. અને વૅકેશનમાં તું આવજે, અમે ત્યાં આવીશું. બધું બહુ જ એક્સાઇટિંગ લાગશે.'

આપણે તો હક્કાબક્કા! યુએસએ જવાનું આટલું સિમ્પલ હશે એમ તો બિલકુલ માનેલું નહીં! છતાં મને અંદરથી કોઈ ખાસ થ્રિલ ન લાગી. મામા-મામીના ડિપેન્ડન્ટ થઈ જવાનું તો નાપસંદ. મારે તો સ્કૉલરશિપ પર જવું છે. મામા તો ઠીક, મામી સાથે મેળ ના પડે. સ્નોબિશ અને આર્ટિફિશિયલ એકદમ! નો વે. આમાં પડવું જ નથી મારે. ત્યાં ગયા પછી ન ફાવે તો? અને મોમ-ડેડને છોડીને જવાનું કંઈ હોય? આ પૅરેડાઇઝ છોડીને? ઇમ્પૉસિબલ. અત્યારે ના પાડીને મોમને ડિસ્ટર્બ નથી કરવી. ફાઇનલ સ્ટેજ પર કહી દઈશ કે પ્રપોઝલ રિજેક્ટેડ. કોઈ પાર્સલ તો નથી કરી દેવાનું ત્યાં! રબિશ! ટોટલી રબિશ આઇડિયા!

* * *

મોટો અને ગંભીર નિર્ણય લેવાઈ ગયાની રાહતમાં સ્ત્રી-પુરુષ બેઠાં છે. સાવ અજાણ્યાં હોય એ રીતે. સાથે જિવાયેલો સમય કઈ ખાઈના અંધકારમાં ગરક થઈ ગયો છે એની સરત રહી નથી. આમ નજીક બેઠાં છે કારણ કે એ અનિવાર્ય છે. હજી એકાદ મુદ્દાનો વિચાર અને ચર્ચા બાકી છે.

'મેં નહોતું કહ્યું? પલાશનો પ્રૉબ્લેમ સૉલ્વ થઈ ગયો. જશે મામા પાસે. હી ઇઝ વિલિંગ. બહુ સહેલાઈથી માની ગયો.'

એક એક શબ્દ પર વજન આપીને સ્ત્રી બોલે છે. 'એ તો થવાનું જ. યંગ બ્લડ ને એમ્બિશસ. અમેરિકા તો ડ્રીમ હોય એમનું. ના શા માટે પાડે!'

પુરુષનો પ્રતિભાવ. આવનારી

હોનારતનું વજન તોળાતું હોય એમ માથું નીચે રાખ્યું છે. આંખ પરોવીને વાત કરવાનું ફાવતું નથી.

'નાઉ લેટ અસ સૉર્ટ આઉટ અધર ઇશ્યૂઝ. આ ફ્લૅટ તો તારા નામ પર છે એટલે તું અહીં જ રહેવાનું રાખજે.'

સ્ત્રી આ સાંભળીને નજર ઊંચી કરે છે.

'તારું શું પ્લાનિંગ છે?'

'હાલ તો વિરાટના ફ્લૅટમાં. એ એકલો છે અને ફ્લૅટ મોટો છે. ભાડું વધારે છે એટલે અમે બે હોઈએ તો એને પણ ઠીક રહે. પ્લસ એને ખબર છે કે આપણે હવે...'

'સરસ. આ તો અત્યારે, પછી?'

પુરુષના હોઠ પર એક નામ ઊછળી આવે છે પણ હોઠ દાબીને એ પેલા નામને બહાર સરી પડતું અટકાવે છે. અત્યારે એ ફીંડલું જેમ છે તેમ રાખવું જરૂરી છે. ગૂંચ વધી જશે નકામી.

'એ તો થઈ રહેશે પછી કંઈ પણ. અત્યારથી વ્હાય વરી? નાનો ફ્લૅટ લેવા જેટલી તો સગવડ છે જ.'

પછી સામે જોવાનું ટાળી બંને બારી બહાર જોયા કરે છે. દૂર-દૂર સુધી શહેર ઝળહળે છે. એમના ઍપાર્ટમેન્ટનું નામ પણ. રંગીન અને આકર્ષક છે આખું દૃશ્ય.

'સો એવરીથિંગ સોર્ટેડ આઉટ.'

'રાઇટ. પલાશને સહેજ પણ ગંધ ન આવે એની તકેદારી રાખી શક્યાં એ જ મને તો બહુ ગજબ લાગે છે. બસ, એ અહીંથી જાય એટલો વખત સાચવી લેવાનો.'

'પણ પછી એને ખબર પડશે ત્યારે?'

સ્ત્રીના મનમાં શંકાઓ ઘેરાતી રહે છે, બેચેન બનાવે એવી શંકાઓ.

'ત્યારે હી વિલ બી મૅચ્યૉર ઇનફ ટુ અન્ડરસ્ટેન્ડ... અને રિલેશનશિપનાં કૉમ્પ્લિકેશન્સ અમેરિકામાં તો જલદી જ સમજાઈ જાય. ધૅટ મચ ઇઝ સર્ટન.'

પુરુષ ઊભો થઈને હાથમાં કારની ચાવી લે છે. સ્ત્રી કશું પૂછતી નથી. એ પ્રકારનો સંબંધ તો ક્યારનોયે પૂરો થઈ ગયો છે. બારણું બંધ થયા પછી સ્ત્રી આંખ બંધ કરીને બેસી રહે છે, પછી અમસ્તું જ કબાટ ખોલી કપડાં સરખાં કરે છે. કંઈ ન સૂઝે ત્યારનું આ કામ. એમાં હાથ અચાનક પેલા આલબમ પર પડે છે. રંગેરૂપે યુનિક, મોંઘુંદાટ.

'વી વૉન્ટ ધ બેસ્ટ! ખર્ચ જે થાય તે!'

ઠાઠમાં બોલાયેલા શબ્દો ઓરડામાં પોતાનું સ્થાન શોધી ન શકતા અટવાય છે. આલબમ ખૂલે છે, અને એમાંની એકાદ તસવીરમાં દાખલ થવાનો વિફળ પ્રયાસ કરતી સ્ત્રી દીવાલનો ટેકો લે છે.

'મોમ, વ્હેર ઇઝ ડેડ? આજે તો અમારે...'

પલાશ પહેલાં એનો સવાલ ઓરડામાં પ્રવેશે છે જેનો ઉત્તર સ્ત્રીને હોઠવગો નથી.

❑❑❑



ઇલાબહેન ભટ્ટ: ભારતના સ્વાશ્રયી નારીસમુદાયની ગાથા

[૭ સપ્ટેમ્બર, ૧૯૩૩ - ૨ નવેમ્બર, ૨૦૨૨]

☐ સંજય સ્વાતિ ભાવે

સેવા સંગઠન સ્થાપીને વીસેક લાખ જેટલી ગરીબ શ્રમજીવી સ્વાશ્રયી મહિલાઓનું વ્યાવસાયિક તેમ જ આર્થિક સશક્તિકરણ કરીને તેમનું જીવનધોરણ સુધારવા માટે લોકોત્તર કાર્ય કરનાર ઇલાબહેન ભટ્ટનું ૦૨ નવેમ્બરે ૮૯ વર્ષની વયે અવસાન થયું. ઉત્તુંગ કર્મશીલતાની વચ્ચે પણ સાદગી અને સાલસતાથી અચંબામાં નાખતાં ઇલાબહેનના નામે નાનાં તેમ જ મધ્યમ કદનાં દસ પુસ્તકો અને ૨૮ અંગ્રેજી વ્યાખ્યાનોનો સંચય છે. તે બધાંમાં વંચિત મહિલાઓ અને ગાંધીવિચાર મહત્ત્વના વિષયો છે.

અલબત્ત, ઇલાબહેનનું સહુથી વિસ્તૃત, પ્રભાવક અને સદાકાળ પ્રસ્તુત પુસ્તક એટલે 'ગરીબ, પણ છૈયે કેટલાં બધાં' (ગૂર્જર,૨૦૦૭). એ એમનાં જ અંગ્રેજી પુસ્તક We Are Poor but So Many (Oxford University Press, ૨૦૦૬)નો વિચક્ષણ વાર્તાકાર હિમાંશી શેલતે કરેલો પ્રાણવાન અનુવાદ છે. આ પુસ્તક *સેવા* (Self-Employed Women's Association (SEWA) - સ્વાશ્રયી મહિલા સંગઠન)ના ઉદ્ભવ અને વિકાસ, તેની સામેના પડકારો અને તેની સિદ્ધિઓનો ખૂબ વાચનીય વિચારપ્રેરક આલેખ છે. સંસ્થાકથાની સમાંતરે સ્વનિર્ભર ગરીબ મહિલાઓની શક્તિ અને ભારતના એકંદર શ્રમજીવીઓની દુ:સ્થિતિ અંગેનું અર્થશાસ્ત્રીય વિશ્લેષણ-ચિંતન ચાલતું રહે છે.

ગરીબ શ્રમજીવી મહિલાઓની સ્થિતિમાં સુધારો લાવવાની *સેવા*ની સિદ્ધિઓ અત્યંત આદરપાત્ર છે. આ સિદ્ધિઓમાં ઇલાબહેનની પ્રતિભા, સંગઠનનાં સાથીઓની સામેલગીરી અને મહિલાઓની તાકાત એકબીજાને

પૂરક બની છે. જોકે ગરીબ આત્મનિર્ભર મહિલાઓની તમામ પ્રકારની મહત્તા ઉપસાવવામાં લેખકે પૌરાણિક-સાંસ્કૃતિક-અધ્યાત્મિક-ધાર્મિક સંદર્ભો કે શબ્દોનો સુધ્ધાં લેશમાત્ર ઉપયોગ કર્યો નથી, જે ધ્યાન પર લાવવું જરૂરી છે. ઉપરાંત, કથનમાં ઇલાબહેનનો પ્રથમ-વ્યક્તિભાવ કે સંગઠનનો કર્તૃત્વભાવ ક્યાંય મુખર થતો નથી. અર્થશાસ્ત્ર, સમાજશાસ્ત્ર અને નારીઅભ્યાસ જેવાં ક્ષેત્રોને આવરી લેતાં ૨૪૦ પાનાંના આ પુસ્તકમાં વિભાવનાઓ કે પરિભાષાનો ધોરણસરનો તેમ જ ભાર વિના ઉપયોગ થયો છે. ઇલાબહેનની લાગણીની સાચકલાઈ, અદના લોકોની વચ્ચે કામ કરવાથી આવેલી ભાષાની સહજતા અને તેમની અકૃત્રિમ વર્ણનકલાને હિમાંશીબહેન ગુજરાતીમાં સરસ રીતે ઉતારી શક્યાં છે. અનુવાદ મૂળ અંગ્રેજી કરતાં વધુ હૃદયસ્પર્શી લાગે એમ બને. ગુજરાતીમાં જ લખાયું હોય એમ લાગે.

*સેવા*એ સંગઠિત કરી તે કાળી મજૂરી કરનાર મહિલાઓ કોણ તે આ પુસ્તકમાં વાંચીએ ત્યારે ઇલાબહેનની આભ સમી આસ્થા સામે માથું નમી જાય. સખત મજૂરીના વ્યવસાયોની પુસ્તકનાં પ્રકરણોમાંના ઉલ્લેખોને આધારે બનતી યાદી જ જોઈએ : ખેતમજૂર, બાંધકામ મજૂર, માથોડા મજૂર અને લારી ખેંચનાર, ઘરઘાટી, બીડી વાળનાર, અગરબત્તી અને દિવાસળી બનાવનાર, પાપડ વણનાર, સિલાઈ કામ કરનાર, ભંગાર ટીપનાર, ટોપલીઓ બનાવનાર, જૂનાં કપડાંને નવાં બનાવી વેચનાર, ફેરિયા તરીકે વેપાર કરનાર, કાલાં કે મગફળી ફોલનાર, બ્લૉક પ્રિન્ટિન્ગ કરનાર, જરૂરી ભાગો એકઠાં કરી વીજળીથી ચાલતી વસ્તુઓનું ઉત્પાદન કરનાર, પૅકિન્ગ કરી તેની પર લેબલ લગાવનાર, માટીનાં વાસણો કે લોખંડના ભંગારમાંથી સ્ટવ કે ડોલ જેવી વસ્તુઓ બનાવનાર, હાથવણાટનું કાપડ બનાવનાર, જરીકામ-ભરતકામ કરનાર, વાંસ, પથ્થર, લાકડાં કે કાગળના માવામાંથી આકર્ષક વસ્તુઓ બનાવનાર, રદ્દી વીણનાર, ચીંદીની સિલાઈ કરનાર, શાકભાજી વેચનાર, હાથછપાઈ કરનાર, ઢોર ઉછેરનાર, ચામડાનું કામ, જાડા કાપડનું વણાટકામ કરનાર, ઊનની સફાઈ કરનાર, કાંતણ કરનાર, બાવળમાંથી ગુંદર ભેગો કરનાર, ખારાપાટમાં મીઠું પકવાનાર.

ઉપરોક્ત તમામ વ્યવસાયનાં મહિલા શ્રમિકોના જીવનસંઘર્ષની વ્યથાની લેખકને નિસબતપૂર્વકની જાણ છે એમ પુસ્તક વાંચતાં સમજાય છે. આમાંથી *સેવા*એ જે શ્રમિકોની વચ્ચે સઘન કામ કર્યું તેના વિશેનાં અલગ દીર્ઘ પ્રકરણો પુસ્તકમાં વાંચવા મળે છે. દરેક પ્રકરણ એવું છે કે જેની એક પરિચય-પુસ્તિકા બની શકે. તેમાં જે-તે વ્યવસાયનો બિલકુલ જમીની તેમ જ સૈદ્ધાન્તિક-એકેડેમિક બંને પ્રકારનો ઊંડો, વાસ્તવદર્શી અને સંવેદનાપૂર્ણ અભ્યાસ દેખાય છે. તેમાંનાં વર્ણનો અને આંકડા વિગતો વાંચતાં સમજાય કે આવો અભ્યાસ મહેનતકશ મહિલાઓની વચ્ચે સામેલગીરીના ભાવથી વર્ષો લગી જીવ્યાં

વિના ન આવે. 'રદ્દી વીણનારાં' પ્રકરણમાં જોવા મળે છે કે આ કામ કરતી બહેનો પસ્તી ઉપરાંત ખપ લાગે તેવી તમામ ચીજો રસ્તા પરથી કે ઉકરડામાંથી એકઠી કરે છે. તે પછી 'ચીંદીની સિલાઈ અને તૈયાર કપડાં' પ્રકરણ અમદાવાદમાં ધીખતો મિલઉદ્યોગ હતો તે સમયગાળાને લગતું છે. કાપડઉદ્યોગની આડપેદાશ તરીકે દર વર્ષે લગભગ ૩૫ લાખ કિલો કાપડની પટ્ટીઓ અથવા ચીરા કે ચીંદી નીકળતી. તેમાંથી હજારો પરિશ્રમી મહિલાઓ ખોળો કે બાળકોનાં કપડાં સીવતી. આ કામમાં વેપારીઓ તેમનું શોષણ કરતા. 'ફેરિયાઓ' પ્રકરણ દુનિયામાં બધે જ હંમેશાં અનિવાર્ય અને છતાં હક-વછોયા વ્યવસાયની તકલીફો અને તેના ઉમદાપણાને ઉજાગર કરે છે. બનાસકાંઠાના નપાણિયા, ઉજ્જડ મુલકનાં કેટલાંક ગામોની કસબી મહિલાઓની જિંદગીમાં *સેવા* કેવો બદલાવ લાવી તેનું વર્ણન 'ભરતકામનાં કારીગરો'માં મળે છે. વડોદરા જિલ્લાની સુખી નદી પર બંધાયેલાં બંધને કારણે વિસ્થાપિત થયેલાં આદિવાસી સમુદાયોના પુનર્વસનમાં *સેવા*નું પ્રદાન એ સંગઠને કરેલી કામગીરીનું બયાન કરતું આખરી પ્રકરણ છે.

'ગરીબ સ્વાશ્રયી સ્ત્રીઓ' એવા પહેલાં પ્રકરણની શરૂઆતમાં લેખક કહે છે. 'મરણતોલ પરિશ્રમ, છતાં મળતર એટલું નગણ્ય, કે ગરીબીનો છેડો ક્યાંય દેખાય નહીં.' આગળ ગરીબી, અને પછી તેમાંય ગામડાંની અને શહેરોની ગરીબ સ્ત્રીઓનું તે કડીબદ્ધ અને ચોટદાર વર્ણન છે. તેમાં ખેતી, હુન્નર, સ્થળાંતર, બેરોજગારી, પાણી, રહેઠાણ, સાક્ષરતા, શહેરી આયોજન, જ્ઞાતિપ્રથા, મજૂરી, કૉન્ટ્રાક્ટ પદ્ધતિ, વ્યાજખોરી, રાજકારણ, રોજગારીનો કાનૂની દરજ્જો જેવી અનેક બાબતોને અસરકારક રીતે આવરી લેવાઈ છે. વસ્તીના એક મોટા હિસ્સા એવા સ્વાશ્રયી સમૂહોની લાચારી અને બધી રીતે અસલામતીભરી દુર્દશાનું કરુણ ચિત્ર આપતા આ પ્રકરણને અંતે ઇલાબહેન લખે છે : 'ગરીબોને સહાય કરવાના આપણા પ્રયત્નો પ્રાણહીન છે, એમના તરફ ફેંકેલા ટુકડાઓ જેવા. મત રળવા સિવાય એનાથી કોઈ હેતુ સિદ્ધ થઈ શક્યો નથી.'

*સેવા*નાં કામ અને તેમાં તેને મળેલી વ્યક્તિગત તેમ જ સંસ્થાકીય સિદ્ધિઓ અનેક છે. *સેવા*ના કાર્યનાં ત્રણ મુખ્ય પાસાં આ પુસ્તકમાં દેખાય છે. એક, સમસ્યા કે વ્યવસાયને લઈને સંગઠન; બે સહકારી મંડળી થકી વ્યાવસાયિક પ્રવૃત્તિ; અને ત્રણ, મહિલાઓને ધિરાણ તેમ જ બજાર મેળવવામાં સહાય. સંગઠન સ્થાપાયું તે પહેલાંની સફળતા એટલે માથોડા મજૂરોનું મહેનતાણું વધારવાનું. તેમાં આગેવાની લીધી કાપડબજાર કે રેલવેયાર્ડમાં કપડાંની ગાંસડીઓ ઉપાડવાનું કમરતોડ કામ કરનાર મહારાષ્ટ્રના ખાનદેશમાંથી આવેલી મજૂર સુપા ગોબાએ. *સેવા*એ ચીંદીમાંથી ખોળો બનાવનારી અને ચીરામાંથી કપડાં સિવનારી બહેનોને સંગઠિત કરીને વેપારીઓ તેમના ઉત્પાદનને વાજબી ભાવ આપે તે માટે સભા-સરઘસો સહિતની

લડત આપી. સિલાઈ કામ કરતી બહેનો માટે લઘુતમ વેતન ધારો અમલમાં મૂકવાનો નિર્ણય સરકાર પાસે લેવડાવ્યો. ખોળ બનાવનાર 'સબીના સહકારી મંડળી'ને રાજ્યના સહકાર વિભાગ તરફથી અવૉર્ડ મળ્યો. ખોળ અને કપડાંના ભાવ માટેની લડતના ઝૈદાબહેન પરણીને કર્ણાટકથી આવેલાં, ગુજરાતી ન જાણે. પતિનો માર સહન કરીને છૂપી રીતે ચીંદી અને ખોળનો વ્યવસાય કરતાં. દરિયાપુરના સાવ નાના ઘરમાં રહેતાં ઝૈદાએ બચત અને ધિરાણમાંથી ફ્લૅટ ખરીદ્યો. બીજાં એક બાહોશ આગેવાન તે ચંદાબહેન. પ્યાલાબરણી આપીને સામે લીધેલાં જૂનાં કપડાંને નવો ઓપ આપીને વેચવાનો વ્યવસાય કરતાં. પ્રભાવશાળી વ્યક્તિત્વ અને વક્તવ્ય ધરાવતાં ચંદાબહેને *સેવા*ના અને ભારતના સ્વાશ્રયી કામદારોના પ્રતિનિધિ તરીકે કૈરો, વૉશિન્ગટન અને દિલ્હી ખાતેના કાર્યક્રમોમાં પ્રવચનો આપ્યાં. સફાઈ કામદાર, કાગળ વીણનાર અને કચરો વીણનાર બહેનોની આવક ધોરણસરની રહે તે માટે અનુક્રમે 'સૌંદર્ય' 'ગીતાંજલિ' અને 'સુજાતા' નામની મંડળીઓ બનાવી. 'સૌંદર્ય' મંડળીમાં સફાઈ કામદાર તરીકે જોડાઈને સંચાલકપદ સુધી પહોંચેલાં મંજુલાબહેન જર્મનીની એક કાર્યશિબિરમાં જઈ આવ્યાં. ગુજરાતમાં ૨૦૦૧માં આવેલાં ભૂકંપ અને તે પછીનાં વર્ષે અમદાવાદમાં થયેલાં કોમી રમખાણોનો ભોગ બનેલી સ્ત્રીઓને *સેવા*એ નોંધપાત્ર નક્કર સહાય કરી (*સેવા*ની એક લાખ સભ્ય બહેનોમાંથી ચાળીસ ટકા મુસ્લિમ હતી). રમખાણ પીડિત બાણું વિધવાઓને નૅશનલ ઇન્સ્ટિટ્યૂટ ઑફ ફૅશન ડિઝાઈનના સહયોગથી નવી ડિઝાઈનનાં વસ્ત્રો બનાવવાની શરૂઆત કરી. માણેકચોકમાં શાક વેચનાર બહેનો માટે જગ્યા તેમ જ ઓળખપત્ર અપાવવા ઉપરાંત પોલીસ અને અમલદારોની કનડગત ઓછી કરવા માટે *સેવા*એ વ્યૂહરચનાપૂર્વકની સફળ ચળવળ ચલાવી. તે દરમિયાન બહેનોને પોલીસ કમિશનરને મળવાનું થયું. બહેનો પોતાના હકની વાત કરતાં હતાં ત્યારે અધિકારી તેઓને સંતાનોની સંખ્યા પૂછીને કુટુંબ નિયોજન અંગે ભાષણ આપવા લાગ્યા. એટલે વચ્ચે જ લક્ષ્મીબહેને તેમને પૂછ્યું : 'સાહેબ, હવે તમે કહો કે તમારી માના તમે કેટલામાં?' શાક વેચનાર આ લક્ષ્મીબહેન તેમ જ શકરીબહેન અને દેવીબહેન સાથે પોતે અરજદાર બનીને ઇલાબહેને ફેરિયાઓના વેપાર રોજગારના મૂળભૂત અધિકાર માટે સર્વોચ્ચ અદાલતમાં જાહેર હિતની અરજી કરી. *સેવા*ની પહેલ અને કામદાર સંગઠનો તેમ જ સ્વૈચ્છિક સંસ્થાઓના સહિયારા પ્રયત્નોથી ફેરિયાઓનું રાષ્ટ્રીય સંગઠન 'નૅશનલ અલાયન્સ ફૉર સ્ટ્રીટ વેન્ડર્સ' રચાયું.

બૅન્કસેવા સહુથી અસાધારણ કામગીરી. *સેવા*ની શરૂઆતનાં વર્ષોમાં ગરીબ મહિલાઓને મદદ કરવા માટે પૈસાની જરૂર પડતી, અને પૈસા માટે બૅન્ક જરૂરી હતી. જૂનાં કપડાંનો ધંધો કરતાં પૂરીબહેને એક ચર્ચામાં ઇલાબહેનને



ચિત્ર કોલાજ : પાર્થ ત્રિવેદી

પૂછ્યું : 'બહેન, આપણી જોડે આપણી જ બૅન્ક કેમ ન હોય?' બહેને ધીરજથી જવાબ આપ્યો, 'કારણ કે આપણી પાસે પૈસા નથી, બૅન્ક ચાલુ કરવા બહુ મોટી મૂડીની જરૂર છે.' ચંદાબહેને તરત કહ્યું, 'આપણે ગરીબ ખરાં, પણ કેટલાં બધાં છૈયે!' નજીવી અનિશ્ચિત આવક, નહીંવત મિલકત, નિરક્ષરતા જેવા તમામ પ્રકારના અભાવ ધરાવનાર મહિલાઓને 'સેવા બૅન્કે' ધિરાણ આપીને જિંદગી આપી. ગિરવે મૂકેલાં ઘરેણાં કે જમીન છોડાવવા કે દેવું ચૂકવવા માટે સુધ્ધાં લોન આપી. મહિલાઓનાં ઘરે જઈને તેમની બહુ નાની રકમ પણ ખાતામાં જમા લેવાની વ્યવસ્થા ઊભી કરી. 'સેવા બૅન્ક' ખાતેદારોને ગૃહ ધિરાણ, વીમાયોજના, પેન્શન અને અન્ય સામાજિક સુરક્ષાના લાભ પણ આપે છે. બૅન્કના મહત્તમ ઉપયોગો સમજાવવા તાલીમ વર્ગો યોજે છે. 'સેવા'એ નીમેલાં 'બૅન્કસાથી' બહેનો તો જાણે ખાતેદારોનાં જીવનસાથી. બૅન્કનું મકાન એ ગામના કૂવા જેવું મળવા ઠેકાણું બન્યું. ઇલાબહેન લખે છે: 'બહેનો બૅન્કને "આપણી બૅન્ક" જ ગણે છે. પોષણ કરતી, આશ્રય આપતી, માની ભૂમિકા ભજવતી, કાળજી લેતી, સમજદાર, ઉદાર, ભરોસો કરતી અને સમર્થ.' ઇલાબહેન વિગતવાર દાખલો આપે છે રૂપાબહેનનો. તેમણે સતત આવતી માંદગી અને આસમાની-સુલતાની વચ્ચે *સેવા*માંથી ધિરાણ લીધાં કર્યાં, પતિ અને દીકરાની સાથે સખત મહેનત કરીને આપત્તિમાંથી રસ્તો કાઢતાં રહ્યાં, બચત પણ કરતાં રહ્યાં! ગધેડાં વેચનાર મંગરીબહેનના ધંધામાં ચઢાવઉતાર આવતા રહ્યા, 'સેવા

બૅન્ક'નો સધિયારો હતો. હવે તેમનો ધંધો ટ્રૅક્ટરમાં કાટમાળ અને લોખંડની હેરફેર કરવાનો છે. મંગરીબહેન અને તેમના પતિ બંને ટ્રૅક્ટર ચલાવે છે. તેમના પરિવારના દસ સભ્યોમાં છ ગધેડાં પણ છે! સેવા બૅન્કની એક ઑફિસ અમદાવાદના એલિસબ્રિજ પાસે બૅન્ક ઑફ પૅરિસ અને ઇમ્પોર્ટ એક્સ્પોર્ટ બૅન્કની બાજુમાં છે: 'કોણે કહ્યું કે ગરીબ સ્ત્રીઓની બૅન્ક શ્રીમંતોની બૅન્કની પડોશમાં ન હોય?'

આર્થિક જરૂરિયાતો સાથે મહિલાઓના સ્વાસ્થ્ય જેવી પાયાની બાબતને ધ્યાનમાં લઈને *સેવા*એ જાહેર આરોગ્ય શાખાના નિષ્ણાત મિરાઈ ચેટર્જીની પહેલથી લોકસ્વાસ્થ્ય સહકારી મંડળીઓ શરૂ કરી તેના થકી આરોગ્ય કેન્દ્રો, આરોગ્ય શિબિરો અને ક્ષયરોગ જાગૃતિ કાર્યક્રમ હાથ ધર્યાં. આ મંડળીઓએ આરોગ્ય સેવિકાઓ તૈયાર કરવા ઉપરાંત દાયણોને પરગજુ સ્વાશ્રયી મહિલા તરીકે પુન:સ્થાપિત કરી. નરોડા-દહેગામ રોડ પરના અનાસાણ ગામનાં દલિત દાયણ નંદુબહેન આરોગ્યકર્મીઓને તાલીમ આપે છે. એમણે વર્લ્ડ હેલ્થ ઑર્ગનાઇઝેશનની મેક્સિકો ખાતેની પરિષદમાં તજજ્ઞોની હરોળમાં સ્થાન મેળવ્યું. શહેરની કેટલીક સરકારી હૉસ્પિટલોમાં સસ્તા દરે દવાઓ પૂરી પાડવાનો ઉપક્રમ પણ *સેવા*એ ચલાવ્યો. અમદાવાદ મ્યુનિસિપલ કૉર્પોરેશન સાથે રહીને *સેવા*એ 'પરિવર્તન' નામનો ઉપક્રમ ચલાવ્યો. તેમાં ઝૂંપડપટ્ટીઓમાં ગટર, વીજળી, પાણી, રસ્તા, સફાઈ જેવી પાયાની સુવિધાઓમાં સુધારણા લાવવાની કોશિશ કરી. તેની સીધી અસર તરીકે ઝૂંપડપટ્ટીઓમાં નહાવાનું પ્રમાણ વધ્યું, સ્ત્રીઓમાં સ્વચ્છતા વધી, બીમારીઓ ઘટી અને દવાનો ખર્ચ ઘટ્યો, એમ *સેવા*ને સર્વેક્ષણ પરથી જાણવા મળ્યું..

*સેવા*ની ગ્રામીણ વિસ્તારની કામગીરીમાં સહુથી પહેલાં બનાસકાંઠા (હવે પાટણ) જિલ્લાના અવિકસિત રાધનપુર અને સાંતલપુર તાલુકાનાં દૂરનાં ખૂબ અછતગ્રસ્ત ગામો આવે છે. ત્યાંની મહિલાઓના ભરતકામના અદ્ભુત કૌશલ્યને *સેવા*એ દેશવિદેશમાં ખ્યાતિ અને બજાર અપાવ્યાં. સેવાનાં કાર્યકર રીમાબહેન નાણાવટીની અત્યંત નિસબતભરી પહેલથી શરૂ થયેલું આ કામ તેમની જ આગેવાની હેઠળ કેન્દ્ર સરકારના 'બાળ અને મહિલા વિકાસ' - ડેવલપમેન્ટ ઑફ વિમેન ઍન્ડ ચિલ્ડ્રન ઇન રૂરલ એરિઆઝ (દ્વાકરા) નામના કાર્યક્રમની સહાયથી આગળ વધ્યું. બનાસકાંઠા દ્વાકરા મહિલા અસોસિએશન બન્યું જે બચત, ધિરાણ, રોપાઉછેર, જળસંચય અને અગરિયાને સહાય એમ વિવિધ રીતે કાર્યરત થયું. ભૂકંપ બાદ તેણે ઘરોનું પુનર્નિર્માણ કર્યું, ટાંકા અને પ્લાસ્ટિકમઢ્યાં તળાવ બનાવ્યાં. સરકારે ભરતકામને રોજીની પ્રવૃત્તિ લેખીને રાહતકામો કરતાં અન્ય શ્રમજીવીઓ જેટલી લઘુતમ રોજી આપવાની નીતિ ઘડી. *સેવા*ના 'ઉન્નતિ ટ્રેડ ફેસિલિટેશન સેન્ટર' થકી બનાસકાંઠાની ૧૫ હજાર બહેનો માટે વૈશ્વિક બજાર ઉપલબ્ધ

કરાવવાની ગતિવિધિઓ આરંભી. તે પૂર્વે તેમનાં ભરતકામને દિલ્હીની 'દસ્તકાર' સંસ્થાએ દેશના શહેરોના લોકો અને *સેવા*ની 'બનાસ ક્રાફ્ટ' દુકાને અમદાવાદના લોકો સુધી પહોંચાડ્યું હતું. *સેવા* સાથે જોડાયેલી રાધનપુર અને સાંતલપુરની ગરીબ બહેનોને ગામની બહાર કામની શોધમાં ભટકવું પડતું નથી અને બાળકોનું શિક્ષણ તૂટતું નથી. બનાસકાંઠા જિલ્લાની આ બહેનોએ તૈયાર કરેલાં સુશોભનોનો એક મોટો નમૂનો લંડનના વિક્ટોરિયા ઍન્ડ આલ્બર્ટ મ્યુઝિયમની એક દીવાલને શોભાવે છે. વૌવા ગામનાં હિરાબહેનને દિલ્હીમાં 'કમલાદેવી ચટ્ટોપાધ્યાય ક્રાફ્ટસમન અવૉર્ડ' મળ્યો.

બનાસકાંઠાનાં પાકિસ્તાન સરહદ નજીકના આંતરનેશ અને ઐવાલ ગામની બહેનો કમાણી માટે બાવળનો ગુંદર ખૂબ હાડમારીથી એકઠો કરીને સાવ ઓછા ભાવે વેચતી હતી. સેવાએ તેમનું 'બનાસકાંઠા મહિલા અસોસિએશન' રચ્યું. તેણે જંગલખાતું, વેપારીઓ અને સરકાર સાથે ક્યારેક વાટાઘાટો પણ મોટે ભાગે સંઘર્ષના માર્ગે ચાર રૂપિયે કિલો વેચાતા ગુંદર માટે તબક્કાવાર રૂપિયા છ, આઠ, તેવીસ અને એક વખત તો સરકાર પાસેથી પાંચ વર્ષ માટેની મંજૂરી મેળવીને સાઠ રૂપિયા સુધીના ભાવ મેળવ્યા. અગરિયાઓને મીઠાનાં ખળાં પાસે ઘોડિયાઘર અને મહિલાઓને આરોગ્યસેવા પૂરી પાડવાની શરૂઆત કરી. સરકારે મૂળસોતાં ઉખાડીને પુનર્વસનના નામે મુશ્કેલ જગ્યાએ ફેંકેલા સુખી બંધના વિસ્થાપિત આદિવાસી પરિવારોની મહિલાઓના *સેવા* થકી બનેલા મંડળે અસાધારણ બદલાવ શક્ય બનાવ્યો. સંખેડા પંથકના છએક ગામોમાં કૂવા ખોદાયા, વીજળી અને શાળા આવી, બચત જૂથો, બૅન્કિન્ગ, રોપાઉછેર કેન્દ્રો અને પતરાળાં બનાવવાનાં એકમો શરૂ થયાં. 'સુખી મંડળ' સંખેડાની ૧૮ હજાર અદિવાસી બહેનો સુધી પહોચ્યું છે.

સુખી મંડળમાં નાની ઉંમરથી સક્રિય એવાં કવિતાબહેન રાઠવા અજોડ નેત્રી છે. ખૂબ જ કપરી હાલતમાંથી સાવલી તાલુકાના ગામ વડાદલાના સરપંચ બનવા સુધી આગળ વધેલાં કવિતાબહેને પોતાના ગામ અને પંથકમાં અશક્યને શક્ય બનાવ્યું છે. સુખી મંડળે જળસંચયની વૃદ્ધિ માટે મળેલી સહાયમાંથી સૂરજ, ચંપા અને ફૂદી નામની યુવતીઓને પાણીના પંપ દુરુસ્ત કરવાની તાલીમ આપી. તેમણે બંધ પડી ગયેલા સાતસો જેટલા પંપ ચાલુ કર્યા.

અનેક વ્યક્તિગત અને સંગઠનગત સિદ્ધિઓમાં ઠેરઠેર અવરોધો આવતા રહ્યા છે. તેનું કારણ આપણા સમાજના મોટા હિસ્સાની ગરીબવિરોધી, શ્રમવિરોધી, સ્ત્રીવિરોધી, પુરુષકેન્દ્રી માનસિકતા છે એમ પુસ્તકમાંથી પસાર થતાં સમજાય છે. અવરોધો વચ્ચેથી સંગઠને મક્કમતા, ધીરજ, મહેનત, વાટાઘાટો, આંદોલન, કાનૂની લડત, વ્યૂહરચના એમ વિવિધ રીતે રસ્તો કાઢ્યો. ઇલાબહેને પુસ્તકની ત્રેવીસ પાનાંની 'પૂર્વભૂમિકા'માં જણાવ્યા મુજબ તેઓ મજૂર મહાજન સંઘ સાથે

જોડાયેલાં હતાં એ દિવસોમાં તેમનામાં સ્વાશ્રયી મહિલાઓ માટે કામ કરવાની તીવ્ર અનુભૂતિ જાગી અને એમણે કામ શરૂ કર્યું. તેઓ લખે છે: 'પણ સંઘ તેમને [સ્વાશ્રયી મહિલાઓને] કામદારનો દરજ્જો આપવા તૈયાર ન હતો.' લેખની શરૂઆતના હિસ્સામાં શ્રમજીવીઓના જે વ્યવસાયોની યાદી બનાવી તે વ્યવસાયોમાંથી મોટા ભાગના વ્યવસાયોની સહકારી મંડળી તરીકે નોંધણી કરવા સહકારી મંડળીઓના રજિસ્ટ્રારે ઇન્કાર કર્યો. તેમની દલીલ મુજબ આ શ્રમિકો કામદારોની વ્યાખ્યામાં બેસતાં ન હતાં. આ અવરોધની પુસ્તકમાં શબ્દફેરે એક કરતાં વધુ વખત છણાવટ છે. ઇલાબહેનનો મુદ્દો છે : 'ચીંદી સિવનારાં, ભરતકામ કરનારાં, હાથલારી ખેંચનારાં, રદ્દી વીણનારાં, દાયણો અને જંગલની પેદાશો એકઠી કરનારાં દેશના કુલ ઉત્પાદનમાં ફાળો આપે છે. પણ તેમને જો કામદારો ગણીએ તો જાણે આભ તૂટી પડે! તમને નોકરીએ રાખનાર કોઈ માલિક ન હોય તો તમે કામદાર નથી, અને જો તમે કામદાર નથી તો તમારાથી ટ્રેડ યુનિયન ન રચી શકાય.' અન્યત્ર તેઓ લખે છે: 'સેવાના વિકાસમાં સહુથી કપરું કામ લાગ્યું તે વૈચારિક અવરોધો દૂર કરવાનું. પૂર્વનિર્ધારિત વિચારો સાથે વાત કરતાં અધિકારીઓ અને સત્તાધિશો, તજજ્ઞો અને વિદ્વાનોના વાદવિવાદ અને ઘર્ષણ અમારા માટે આકરી કસોટી જેવા પુરવાર થાય છે.'

ઇલાબહેન એ પણ નોંધે છે કે અન્યાયના ત્રણ ચહેરા સાથે *સેવા*નો સંઘર્ષ ચાલતો જ રહે છે : 'પહેલો ચહેરો તો સ્ત્રીઓ સ્વયં જોઈ શકે તે શોષકનો. એ ચહેરો કોઈ માર મારતા પોલીસનો, ઠંડા કલેજે અન્યાય કરતા માલિકનો કે પછી દ્વેષિલા કૉન્ટ્રાક્ટરનો હોઈ શકે. સીધું શોષણ કરનારાઓને સમર્થન આપતી પદ્ધતિ તે અન્યાયનો બીજો ચહેરો. એમાં સરકારી સંસ્થાઓ અને કાયદાકીય માળખું પણ આવી જાય.... ત્રીજો ચહેરો સંકુચિત વૃત્તિઓ, અંગત હિતો અને ગરીબોનાં જીવનની વાસ્તવિકતા સાથે પૂરેપૂરો છેડો ફાડીને બેઠેલી આપણી નીતિઓ. તે અસંગત, અવ્યવહારુ અને અમલમાં ન મૂકી શકાય તેવી, જરીપુરાણી અને ક્યારેક શોષણ કરનારી છે.'

'સેવા બૅન્ક'ની નોંધણી કરવાનો ઇન્કાર એટલા માટે થયો કે *સેવા*ના સભ્યોમાં અભણ મહિલાઓનો સમાવેશ થતો હતો. આ સ્ત્રીઓ કમાણી કરતી હતી, બચત કરતી હતી, ઉધાર લેતી હતી અને રકમ પાછી સુધ્ધાં વાળતી હતી, છતાં એમનાથી સહકારી બૅન્ક ન બનાવાય કારણ કે તેમને પોતાની સહી કરતાં આવડતું ન હતું. પણ આ વલણ બૅન્કો માટેની રાષ્ટ્રીય નીતિની વિરુદ્ધમાં હતું એટલે રસ્તો નીકળ્યો. નોંધણીના આગળના દિવસે બહેનો આખી રાત જાગીને ઇલાબહેન પાસે નામ લખતાં અને સહી કરતાં શીખી! લોકસ્વાસ્થ્ય સહકારી મંડળની નોંધણીમાં પણ 'ગરીબ, અભણ બહેનો'ની પાત્રતાની દલીલ નડી.

અવરોધોના સંખ્યાબંધ દાખલામાંથી

[અનુસંધાન પૃ. ૧૨૫]



દાંપત્ય

☐ નવનીત જાની

પાંખી વસ્તીવાળા ગામમાં સ્ત્રીની નોકરી હતી.

ભેંસની કાંધ જેવા ખાબોચિયા પછવાડે ખોબા જેવી પ્રાથમિક શાળા, આદિમ ઓરડામાં સ્ત્રી એકડાબગડાના કમળ ખીલવતી હોય ત્યારે એક રૂમ-રસોડાના ભાડાઘરમાં પુરુષની ડિગ્રી-ફાઈલના લેમિનેશન ઉધેડાતાં હોય!

બૅગમાં કપડાંની થપ્પી વચ્ચે રાખેલી ફાઈલ ઉપર એ વખતનો પાસપૉર્ટ

સાઇઝનો ફોટો મલકતો હોય! ફાઈલનો મરુન રંગ શુકનવૃત્તિના આત્મસૂચને પસંદ થયો હશે, એ રંગ ધીમે-ધીમે ઉજાગરાની આંખો જેવો બનતા ગયેલો. સમયની ધૂળ ફાઈલને આવી કરી નાખશે એવું કોણે ધાર્યું હશે? નસીબના તાણાવાણામાં પોતાને ગૂંથવાનો ખાસ મહાવરો નહોતો. સંઘર્ષને એ સંતલસપૂર્વકની લડાઈ સમજતો.

એવી કોઈ સમજણે જ, લ્યો, વધુ એક દિવસ ગયો એવો ભાવ ધીમે-ધીમે નિરાશામાં પરિણમતો. એ હાથની હસ્તરેખા જોતો, પંપાળતો. વીતેલા સમયમાં જવાનાં બોગદાં એણે શોધી કાઢ્યાં હતાં, અને એય કેવાં!

- બી. એ., એમ. એ.માં ડિગ્રી મળેલી ફર્સ્ટ ક્લાસ.

- બારમામાં પહેલી વાર મંચ પર ચડીને, 'જિંદગી કે સફર મેં...' લલકાર્યું હતું.

- અગિયારમામાં એક છોકરીએ એની આંખો પકડી પાડી હતી.

- દસમીમાં ખબર પડેલી કે હૃદયની બનાવટ જોવામાં ઉર્મિલકાચનો ઉપયોગ થાય છે.

...અને કાચની કોઈ પણ ચીજનો ભરોસો નહીં.

એ જોરથી બૅગ બંધ કરી દેતો. બૅગમાં સ્ત્રીની ફાઈલ પર ચળકતા સરનામાનો ચોરસ આકાર જાંઘ પર મળેલા જલમભેરુ લાખાની યાદ આપતો.

પોતે એની જેમ માત્ર પી.ટી.સી. થયો હોત એ સમયે તો અત્યારે... એવું વિચારતાં જ અચાનક અભાગિયો ફણગો ફૂટી નીકળતો : એમ તો પોતે એની જેવો રૂપાળો હોત તોય...

છેલ્લા ઇન્ટર્વ્યૂ વખતે-

'મિસ્ટર, તમારી પાસે એવી સ્માર્ટનેસ નથી, અને વળી...'

આવું સાંભળીને એને સામેની વ્યક્તિ પર લઘુશંકા કરવાનું મન થયેલું. એ જોઈ રહેલો, ફ્રેન્ચ-કટ દાઢી, ચશ્માંમાંથી જોતી ચૂંચી દૃષ્ટિ અને આશા-નિરાશાભરી ગલીમાંથી પુરપાટ પસાર થતી સ્માર્ટનેસ...

ટ્યૂબલાઇટના ઝબકારે બંને આંખો છતની સફેદાઈથી ભરાઈ ગઈ. લાઇટ આવી ગઈ હતી. બે ઘડી તો એ થથરી ગયો કે પોતે આંધળો તો નથી થતી ગયો ને? અંધને બધે અંધકાર દેખાતો હશે કે પોતાને દેખાય છે એવું બધું દેખાતું હશે?

ગઈકાલે જ એક અંધ મિત્રનો પત્ર આવ્યો હતો. એણે ફરી વાર એ પત્રને ઉકેલ્યો. કોઈ બીજા પાસે લખાવેલા પત્રના પીળા અવકાશમાં અંધ આંખો તગતગતી હતી : ભાઈ, કુશળ છો ને? ક્યારેક આવો બંને... તમે તો સાવ ફ્રી છો... આપણા એ હૉસ્ટેલના દિવસોને નોકરીની ડાકણ ખાવા લાગી છે....

એને થયેલું કે ભલે પોતાને લાગે પણ પત્રમાં લખાતા શબ્દની બનાવટ નહોતી. બોલાતા શબ્દની સિલાઈએ

અલ્પવિરામ-પૂર્ણવિરામના અણઘડ ટેભાને ઉઘાડા પાડી દીધા હતા.

એણે ટેભા તોડવાનું માંડી વાળ્યું. સાંધણને સાચવી લેતો હોય એમ પત્રને ગડી વાળી મૂકી દીધો.

અત્યારે એ જ સ્થિતિમાં બેઠો હતો, એ પર બપોર હસતી હતી. ટેબલફેન થોડું ફરી ઠરી ગયો હતો. એણે ઢાંકણ વગરની પેન વડે પાંખિયાને ઓશિયાળી ગતિ આપી. ઘરઘરાટીના આછા પડઘા ખૂણામાં ભરાઈ ગયા. એણે માંદા પંખા પર એક દૃષ્ટિ ફેંકીને આંખ મીંચી. કાળુંધબ્બ અંધારું ઊંડેથી છલકાઈ પાંપણ પર છાલક મારતું રહ્યું.

'અત્યારે એ શું કરતી હશે?'

એને અચાનક વિચાર આવ્યો અને આંખો ખૂલી ગઈ. કેલેન્ડરમાં જોવાઈ ગયું. આજે દસમી તારીખ. પગાર દિવસ. કોઈ માલવાહક વાહનનો અવાજ કાનમાંથી પસાર થઈ ગયો.:

એણે બે હાથે માથું પકડી લીધું. પછી ધીમેથી આંખો ખોલી. માથા પર ટેકવેલા હાથને પલંગ નીચે પડેલી બૅગ સુધી લઈ ગયો. બૅગમાંથી ડોકાતી ડિગ્રી-ફાઈલને જોશપૂર્વક ધક્કેલી. હથેળીમાં ઝણઝણાટી વ્યાપી ગઈ. બૅગને પલંગ નીચે ધક્કેલી આંગળીના ટચાકા ફોડતો રહ્યો. ઓશીકા પર લપેડાઈ ગયેલા તડકાના રેલાને જોતો પાંપણો ચોળવા લાગ્યો. સાલી આંખોમાંય બળબળતી બપોર લિપાઈ ગઈ છે! ઘડીભર જંપવા દેતી નથી... અને આ ઓશીકુંય કેટલી વાસ મારે છે! કે પછી તડકો જ ગંધીલો!

આખો દિવસ ઘરમાં રહ્યે-રહ્યે નવરાશનો ભાર વધતો જતો હતો. બાજુવાળી ડોશી એને કાળ જેવી લાગતી. છડે-છડે પૂર્વની બારી નીચે આવી એ પૂછતી : સવારની નિશાળ છે, બે'ન? આજે રજા એટલે તમને નિરાંત! પગાર વધ્યો હશે કેમ? બાપડીને બધું એકલપંડે કરવાનું.

ડોશીની બોલછાથી કંપતી ચહેરાની કરચલીઓ અને બહાર નીકળી આવતા આગળ પડતા તે દાંત...

એમાં જ એને એક દિવસ સાવ મૌલિક કલ્પના સૂઝેલી : સાવ નજીવું સાહસ... અકસ્માત... લોખંડનો ખાંડવાનો દસ્તો અને પૂર્વની બારી... ધડામ... કારમી ચીસ... અને આગળ પડતાં બે પીળચટ્ટા દાંતનો મોક્ષ... બિચારા સાહેબ તો બારી ખોલવાનું કરતા હતા ત્યાં હાથમાંથી દસ્તો છૂટ્યો-છટક્યો અને... ડોશીની એટલી આવરદા બીજું શું?

- વિચારતાં જ એ લોહિયાળ ધ્રૂજી ઊઠેલો.

0-0-0

પથારી નીચે દબાયેલું લગ્નનું આલબમ ભલે જૂનું થઈ ગયું, ભલે એમાં કોઈ નવા ચહેરા ન ઉમેરાયા, કેટલીક ક્ષણોનો ઝગમગાટ હજી મૂડીબંધ હતો. ફૂલહારની સુવાસ, કંકુ-અક્ષતના રંગ અને હસતાં મુખડાથી નાનકડો ઓરડો

ભરાઈ જતો. એમાં સ્વપ્નનો વિસ્તાર થતો. ઉમેરાયો હતો એકમેકનો આધાર.

અને થોડા સમયમાં આ આધાર માત્ર 'એક'નો થઈને રહી ગયો હતો.

'મારે નોકરી છે ને? તમે ચિંતા શું કામ કરો છો?'

ઓશિયાળા વિચારોના ગાઢ વનમાં હૂંફાળા શબ્દના આગિયા ઊડતા રહેતા:

'શ્રદ્ધા રાખો.'

'ખોટા વિચાર ન કરો.'

'તબિયત સાચવો.'

બચાવેલી મૂડીનું આ ચલણ શી ખબર ક્યારથી ગાયબ થતું ગયું!

એણે પડખું બદલ્યું.

'એ અત્યારે શું કરતી હશે? સ્કૂલમાં જ હશે... કદાચ મિટિંગ...

ઘડિયાળમાં જોવાઈ ગયું. સમયનો ખવીસ બેઠો થતો ગયો. કોઈ જીભ શૂળીએ ચડતી ગઈ. કંઈક ડોળા વધસ્તંભે લટકી રહ્યા. કંઈક ચહેરા અંગહીન બની એની સામે બીભત્સ હાસ્ય રેલાવતા હોય એવું લાગ્યું.

એને આવતાં મોડું કેમ થયું?

આવું થતું ત્યારે એ સડપ દઈ બેઠો થઈ જતો.

'કેમ સળવળ્યા?'

કરોડરજ્જુના કળતરમાંથી ઊઠેલો જવાબ હોઠે આવી વિવશતાનો ડંખ બની જતો.

'નોકરી... કંઈક કામ... મને જવા દે...'

મીઠા હાસ્યમાં સંભાળની તાકીદ ઉમેરાતી : 'ગયા હવે, બહુ જોયા નોકરીવાળા! બપોરે આટલી મોસંબી ખાઈ લેજો. ગાજર ધોઈને મૂક્યાં છે.'

બાકીના શબ્દો સડસડાટ પગથિયાં ઊતરી જતા. એના કાન થોડીવાર સુધી પગરવની દિશા પકડવા દોડતા રહેતા અને હાંફવા લાગતા : એના છેલ્લા શબ્દો શું હતા? શેનો કંટાળો?

હાર્યા-થાક્યા કાન ઓરડામાં પાછા ફરતા કે નાક પોતાનું કામ આરંભી દેતું...

આ ઓરડો કેમ આટલી વાસ મારે છે? આ ઓશીકું જ એવું છે કે... ના, ના, એ જ એવી છે. અને એનું માથું... એ કયું તેલ નાખે છે? એમ તો એના બ્લાઉઝનું માપ પણ પોતાને ખબર નથી!

એકવાર પત્નીના માપની ચંપલ લેવા એણે ઢગલો ફેંદી નાખેલો.

ફેરિયાએ પૂછેલું : 'મેડમની ચંપલની સાઇઝ કહેશો?'

એ ક્યાંય સુધી ચંપલોની વિવિધ ડિઝાઇન વચ્ચે ભટકતો રહેલો : 'રહેવા દે કોઈ લેટેસ્ટ ડિઝાઇન નથી લાગતી.'

'લેવું છે કે બોલાવીને ખાલી ભાવતાલ પૂછી ટાઇમપાસ કરો છો?'

'સાલા, તારી તે જાતના...' – એવું કંઈક બબડતાં એણે પડખું ફેરવ્યું.

0-0-0

બપોર હવે ઊતરતી જાય છે. બાજુના ઘરમાંથી ચા ઊકળવાની ગંધ

ઊઠી રહી છે. એનેય ચા પીવાનું મન થયું. રવિવાર હોત તો એણે કહી દીધું હોત, લે, ફાંકડી ચા બનાવ. અને એ ઊંઘરેટી આંખો ધોવા સળવળ્યો હોત. અત્યારે એને ઊંઘનું નાનું સરખું મોજુંય ભીંજવી નથી શક્યું. છતાં એ કયા સુખે પથારીમાં પડ્યો છે?

કદાચ એને કારણે ઊંઘ નથી આવતી. જો એ પડખે સૂતી હોય તો મજાલ છે ઊંઘની કે પોતાને એ જાગતો રાખે!' એના હાથનો સ્પર્શ...

પડખું બદલાયું...

પત્નીના ચહેરા પરનો કાળો તલ ધીમે-ધીમે મોટો કાળોમસ થતો લાગ્યો! જાણે ખૂબ ચરબી ભરેલો મંકોડો!

શેરીમાં કોઈ આવતું હોય એવું લાગ્યું.

એ પલંગમાંથી એકદમ ઊભો થઈ ગયો. જાળીમાં તડકાનો લાંબો પટ્ટો તણાયો હતો. એણે હાથ લંબાવી ટ્યૂબલાઇટ ઑફ કરી દીધી.

શેરીમાં ક્રમિક પગરવ ઊગી રહ્યો હતો.

કોઈ આ તરફ આવી રહ્યું હતું. એણે આંખો ઝીણી કરી. જાળીમાં તાક્યા કર્યું.

પેલી ડોશી રાડ ન નાખે તો સારું, 'સાહેબ, સૂકવેલાં કપડાં ક્યારનાં બળી રહ્યાં છે. લ્યો, લઈ દઉં?'

એણે પોતાના સૂકા કપાળ પર હથેળી ઘસી. લમણા પર કકરાશ લાગી. આટલી રજોટી કેમ આવે છે આટલે?

જાળીમાં પડછાયો લંબાતો ગયો. એણે તરત પડખું ફરી આંખો મીંચી દીધી. પોપચાં પછવાડે એના ડોળા દોડવા લાગ્યા...

0-0-0

સ્ત્રીએ આવતાંવેંત પહેલું કામ, કૂતરીએ ફળિયામાં પાડેલા ખાડામાં લંચબૉક્સમાં વધેલી રોટલી નાખવાનું કર્યું.

અહીં પડ્યા એને કૂતરી પર એવી દાઝ ચડી કે એક પાટુએ-

એક દિવસ માર્યું જ હતું એણે... દાંત કચકચાવી... ડોળા તતડાવી... નખૂરિયાં બતાવી... ફેફસાં ફફડાવી... પૂર્વની બારી નીચે બેઠેલા કૂતરા પર બારીએ આડો કરવાનો પથ્થર... નીચે સરકાવી દીધેલો. કેટલું સચોટ નિશાન! કૂતરાના પગ પર... કૂતરાની આશ્ચર્યમૂઢ, અસમંજસભરી ચીસોને એ મમળાવતો રહેલો. કાચું ગાજર લટકાવતો રહેલો. કંઈક ગણગણતો રહેલો. કલ્પતો રહેલો કે ફરીવાર એ કૂતરો પૂર્વની બારી નીચે બેસવા આવશે ત્યારે કેવોક લંગડાતો હશે!

એ કૂતરો ફરીવાર દેખાયો નહીં એટલે ખરેખરી દાઝ ચડેલી. ક્યાં ગયો હશે સાલો? એમ મરી જાય એવો તો નહોતો. ફેંકાયેલા ટુકડા ખાઈને અલમસ્ત બનેલો હતો.

ખરેખરી દાઝ ચડેલી, ગાભણી કૂતરીને પોતાના ફળિયાની ભીની

માટીમાં ખાડો કરતાં જોઈને.

કૂતરી દેખાતી બંધ થાય ત્યાં સુધી હાથ ફેલાવી હડહડની ઇતરડીઓ ઉડાડતો રહેતો... પછી કૂતરીના લબડી પડેલા આંચળ સાથે ઢસડાતા બુદ્ધની આંખો જેવા બચોળિયાને જોઈ રહેતો...

ફળિયામાંથી તગારું લેતાં પહેલાં સ્ત્રીએ નળના મૂળમાં જામેલી ભીનાશ પરની આછી લીલ પર આંગળી ફેરવી. લીલની સુંવાળપ અને નળમાંથી ઝમતાં ટીપાંની ભીનાશે એને સારું લાગ્યું.

સ્ત્રી થોડીવાર એમ જ ઊભી રહી.

સામેની દીવાલે સૂકવેલું પોતું અડધી બપોર ચૂસીને પડ્યું હતું. હવાની ઝાપટે એ દીવાલ સાથે અથડાઈ અવાજની બોદાશ ખેરવતું હતું.

સ્ત્રીને થયું કે સુકાવા નાખેલું પોતું સુકાયું નથી... સુકાતાં-સુકાતાં મરી ગયું છે અને હવે ત્યાં પોતાની માત્ર લાશ લટકે છે!

સ્ત્રીએ ઝડપથી પોતું ખેંચી છાતીએ દબાવી દીધું. તારની વળગણી પર ચોંટેલી ક્લિપો ઝણઝણી ઊઠી.

સ્ત્રી પલંગે આવી બેઠી. સુકાયેલાં કપડાં વાળી રહી. એના કપાળ પર જામેલાં પ્રસ્વેદબિંદુઓ નોકરીના થાકનાં હતાં કે ફળિયાનાં કે....

ઓરડામાં બફારો હતો જ.

આથમવા જતો સૂર્ય તડકાનો છેલ્લો લિસોટો તાણી રહ્યો હતો. જે વમળાતો-વમળાતો જાળીના બારણે સાપની કાંચળી માફક અટક્યો હતો અને તબકતો હતો.

સ્ત્રી પૅન્ટ-શર્ટ વાળતાં પહેલાં આદતવશ ખિસ્સા ખંખોળી રહી. ભિડાયેલું જડબું જરા-જરા કંપતું હતું. હોઠ ખૂલી જતા હતા. અને શ્વાસનો ઊનો શેરડો છાતી સુધી જઈ ઓલવાઈ જતો હતો.

એ પળવાર, ‘કહું છું –’ કહીને અટકી ગઈ હતી.

પુરુષે એ શબ્દો જવા દીધા હતા. પુરુષની સમજ એવી હતી કે સ્ત્રીઓ તો આમ જ... પરણેલી સ્ત્રીઓ ઘરની ચીજવસ્તુઓ સાથે વાત કરવાની આદત પાડી દેતી હોય છે.

સ્ત્રી કહેવા જતી હતી કે બાથરૂમની છત પર, નેવાં નીચે ચકલીએ માળો કર્યો છે, કદાચ એ જ ચકલી, અરીસા પર બેસી ચાંચ માર્યા કરતી હતી એ.

સ્ત્રીને સમજાતું નહોતું કે આખરે ચકલીએ અરીસામાંથી એવું તો શું શોધી કાઢ્યું હશે કે જેનાથી માળો બાંધી શકાય!

એકવાર મા પાસેથી એણે જાણ્યું હતું કે ચકલી ગર્ભવતી થાય ત્યારે એને વારંવાર પોતાનું પ્રતિબિંબ જોવાની ઇચ્છા થાય છે. એવી ચકલી માળો બાંધવા એવું જ ઘર પસંદ કરે છે જ્યાં અરીસો સાવ ખુલ્લો હોય... યાદ નથી કે માએ શું કહેલું, અરીસો ખુલ્લો હોય એવું કે અરીસો અખંડ હોય એવું?

અરીસાની કિનાર પર બે’ક

પ્લાસ્ટિકની બિંદી સિવાય ધ્યાન ખેંચે એવું ખાસ કશું નહોતું. માળો બાંધવાની મોકળાશ શોધી શકાય એવું.

સ્ત્રી ઘણીવાર લાંબો સમય અરીસા સામે ઊભી રહેતી. શાળાએ જવાનું હોય ત્યારે તો ખાસ - માથું-ચાંદલો-સેંથો-સાડી બધું બરાબર જોઈ લેતી. અરીસામાં દેખાતા પોતાના આકારમાંથી અજબ પ્રકારની ગંધ ઊઠી આવતી. એ ચોંકી ઊઠતી. એને થતું કે આ ગંધનો સંબંધ પણ ચકલીવાળી કોઈ માન્યતા સાથે હશે કે?

રજાના દિવસે કે બીજી નવરાશે એ અરીસાને ઔપચારિક કર્તવ્યમાંથી છૂટો કરતી. કાન પાસેથી કોઈ લટમાં સફેદ વાળનું ઝબકી જવું, આંખો નીચેના કૂંડાળામાં ઉજાગરાનું ઊપસી આવવું, છાતી વચ્ચે અંધકારના ફોલ્લાનું ફૂટવું, પેટ પરથી સાડીનું ખસી જવું... અને એવું બધું જિવાતું જતું...

સાંજે જમી પરવારીને પતિ-પત્ની રૂમબહારના ધાબે બેસતાં.

બંનેનો એ નિત્યક્રમ હતો. પત્ની નિશાળેથી આવી બારણું ખખડાવે - જાળી ખોલે ત્યારે પતિ આંખો ચોળતો ઊઠતો. કોઈ આગંતુક આવી ચડ્યું હોય એમ પત્નીને જોઈ રહેતો. પત્નીનેય લાગવા માંડ્યું હતું કે સાંજના આ સમયે પતિના ચહેરા ઉપર ઊંઘનાં નિશાન જ નથી હોતાં, એનો પડછાયો પણ હોય છે.

‘ઘરમાં બફારો નથી થતો?’

જવાબમાં પતિ આખા દિવસની બંધ કરેલી પૂર્વની બારી ખોલવાનું કહેતો.

અણોસરા અજવાશમાં દેખાતું... સાડી ઉતારતી પત્ની... બ્લાઉઝના બટન... બ્રાની ઓઘરાળી પટ્ટીઓ અને કાટ ખાધેલી ક્લિપો...

‘એક ગ્લાસ પાણી પાશો?’

પત્નીના થાકભર્યા અનુનયને એ જરા કષ્ટપૂર્વક અનુસરતો. શરીર વાળતી વખતે ટેબલફેનને હાથ અડી જતો. માટલીના તળિયા સુધી ગ્લાસ અફળાતો. પડખે પડેલાં મોસંબીનાં છોતરાં કે ખારી સિંગનાં ફોતરાં પર નજર પડતાં થઈ આવતું કે દિવસ દરમિયાન કેટલું બધું અસ્તવ્યસ્ત થઈ ગયું છે!

ગટક-ગટક પાણી ઉતારતી પત્નીએ, પરિચિત બદન પર ગાઉન ચડાવતાં-ચડાવતાં દૂધની તર જેમ પાણીના પ્રતિબિંબમાંથી પોતાને તારવી લીધો છે એવું પતિને સમજાતું.

પછી ગૃહસ્થી મંડાતી.

‘રાતે શું ખાશો?’

‘તને.’

‘કપડાં બદલતી હતી ત્યારે હુમલો થઈ શકતે...’

‘હુંય ક્યાં નવરો હતો?’

એ ખીખીખી કરતો જોરથી હસવા જતો અને ન ખોંખારો કે ન ખાંસી એવી વચ્ચેની લાચારી પરથી બબડાટની બપોરી માખીઓ ઊડવા લાગતી.

‘તમે શું કહો છો એ સમજાતું નથી.’

પુરુષને સમજાતું નહીં કે એ કઈ રીતે જણાવે કે પોતે શું બદલતો હતો?

થોડીવાર પછી બારણું બંધ થતું, પણ બહારથી.

જાળી ખાલી આડી થતી.

શેરી વચાળે ઊભેલા કોઈ પાડોશીની પૃચ્છા મળતી : 'નોકરીએથી આવી ગ્યાં, બે'ન? હવે પાછું ચૂલામાં ઘરવાનું હશે ને? અરેરે, બૈરાંની જાત જ નકામી...'

પતિને આગળ કરી ધાબાની પાળીએ પહોંચતી સ્ત્રી હોઠનો ખૂણો ખેંચી લેતી. જેનો અર્થ એવો થતો કે અત્યારે અમે બંને જણ જરા ઉપર જઈએ છીએ. એવા સ્થળે કે જ્યાં પ્રશ્નોત્તરીનો હિસાબ માત્ર અમારા પૂરતો જ રહે છે. જેમાં સાંજનું અજવાળુંય જમા-ઉધારમાં ભાગ નથી પડાવતું...

દિવસના બે ટુકડાઓને ભેગા કરી શકાય એવી એક અલાયદી અને અકબંધ જગ્યા બંનેએ શોધી કાઢી હતી : ધાબાની ઊંચી પાળીનો અબોટ છાયો. અહીંથી ગામનાં ઘરોની મોભ ઊંચાઈ દેખાતી. ક્ષિતિજ સ્પષ્ટ થતી. દૂરથી આવીને વસેલું આ દંપતી... એમને આ ક્ષિતિજ જૂના રહેઠાણ, નવા રહેઠાણ અને ભાવિ રહેઠાણ વિશે સ્મરવા ઘણી સગવડ કરી આપતી. વિચારવું એટલું દૂરગામી બનતું નહીં કે ઘર નિરપેક્ષ હોય. સ્ત્રીને નોકરી સમેત ઘર વેંઢારવાનું ફાવી ગયું હતું. પુરુષને ન-નોકરીનો ભાર વેંઢારતા ઘરમાં રહેવું ને પતિ તરીકેનો નામોલ્લેખ અપૂરતાં જણાતાં.

કંઈક નિજી ને કંઈક સહિયારા ભાર સાથે બંને પડખે બેસતાં અને નજીક આવતાં...

0-0-0

આજે પુરુષને પાળી ઝાલી ઊભા રહેવાની ઇચ્છા થઈ. એમ તો એને શર્ટના ઉપલા બે બટન ખોલી દક્ષિણમાંથી આવતા પવનને પડકારવાનીય ઇચ્છા થઈ હતી.

'આજે ગરમી વધુ નહોતી?'

સ્ત્રીએ શેતરંજી પાથરતાં પૂછ્યું, પુરુષ ધાબાની પાળી ઝાલી નીચે જોઈ રહ્યો હતો. એના ખભા થોડા ચડી ગયા હતા. બંને કાન પાસેના વાળ ફરકતા હતા. એક પગ સહેજ પાછળ રાખી અંગૂઠા ઉપર ટેકવેલો હતો. આ પ્રકારની બાંકી મુદ્રા એની ગતિ-સ્થગતિ વચ્ચેની સ્થિતિ સૂચવતી. હમણાં-હમણાંથી એણે આમ ઊભા રહેવાની ટેવ પાડી હતી.

'કહું છું કે...'

'શીઈઈઈ...' પુરુષે નાક પર આંગળી મૂકી.

સ્ત્રી એના ચહેરા પરનો અણગમો જોઈ રહી. પુરુષ પાળીએ લંબાઈને પૂર્વની બારી નીચે જોવાનો પ્રયત્ન કરી રહ્યો હતો. ફળિયામાં કૂતરી ભીની માટી ખોદી બેસવાની તૈયારી કરી રહી હતી. ચોકડીમાં પડેલું તગારું નળના ટેકેથી ખસી ગયું હતું. બંધ નળમાંથી થોડી થોડીવારે પડતાં પાણીનાં ટીપાં ઊંધા

તગારા પર પડી શોષાઈ જતા હતા.

'નીચે શું જુઓ છો?' – કહેતી સ્ત્રી એની નજીક આવી.

સામેના ઘરના ફળિયામાં વાળ ઓળતી સ્ત્રીએ સ્મિત કરીને પૂછ્યું : 'હવા ખાવા નવરાં પડ્યાં બે'ન?'

પુરુષે તીરછી નજર ફેંકી, 'એની માને...'

સ્ત્રીએ એકદમ નાકે આંગળી મૂકી એને ખેંચી લીધો, 'હં, હં, છોડો એ બધું... બેસો અહીં... જાળવીને...'

શેતરંજીના કાળા-ધોળા પટ્ટા વચ્ચે કોઈ પ્યાદા માફક એ બેસી પડ્યો. પડખે સ્ત્રી બેઠી, લગભગ અડોઅડ...

અને સ્ત્રીએ એકદમ આકાશ ભણી આંગળી ચીંધી, 'અરે, જુઓ તો ખરા, કુંજડીઓની હાર કેવી તાલબદ્ધ જઈ રહી છે!'

સ્ત્રી હંમેશાં આકાશમાં આવું કંઈક ને કંઈક શોધી કાઢતી. કાં તો વાદળની ધોળી પૂણી, કાં તો વિમાને છોડેલી ધૂમ્રસેર અને કંઈ નહીં તો નીલા આકાશનું ઊંડાણ... સમી સાંજના અંધકારનો એક છેડો હજી બંધાયો હોય એ પહેલાં કશું ને કશું વીણી લેવાની એને ઉતાવળ રહેતી.

પુરુષને સ્ત્રીની આ ચેષ્ટામાં બહુ રસ પડતો નહીં. એને આકાશમાં છવાતી વાદળી નિરાશાની તકતી લાગતી. કુંજડીઓની હાર પોતાની ડિગ્રીઓની ક્રમશઃ સાલવારી જણાતી – જે ધીમે-ધીમે એના આશાએસભર્યા આભને ચીરતી દૂર-દૂર સરી જતી. આકાશ જાણે બપોરી નિદ્રાની અભાનતામાં આવેલા ખાટાતૂરા ઓડકારનું સ્વરૂપ હોય એમ એનું મોં બગડી જતું.

'ક્યાંકથી કોઈ કામ મળે... બેઠાં-બેઠાં...'

સ્ત્રીએ જોયું કે એનો પતિ ધાબાની સામેની પાળીને જોઈ રહ્યો છે. ત્યાં મકાનમાલિકનો જૂનો કાટમાળ પડ્યો હતો. સ્ત્રીનો હાથ સરીને પુરુષના હાથ ઉપર મુકાયો. હસ્તરેખા ગૂંગળાઈ હોય એમ પુરુષે હાથ સેરવી લીધો.

'મેં કોઈ ફરજ પાડી?' – સ્ત્રી બોલી.

જવાબમાં પુરુષે શેતરંજી પાસે પડેલી કાંકરી લઈ જૂના કાટમાળમાં ઘા કર્યો. એની આંખો ચકળવકળ થતી કોઈ પ્રાણી જેમ ચળકતી હતી. વિવશતાની ખેંચ એના શરીરને તંગ બનાવી ગઈ... ફરી પાછું શહેર... ઠેબા... અવહેલના... માથું ઠંડું રાખી ઠેર-ઠેર ઢસડાવું. પગથિયાંની સુંવાળપ પર પગનો ચાપ કાબૂમાં રાખવો... ભણતર અને કામની જરૂરિયાત વખતે નાચતી રમૂજી આંખો...

'તું જતી કેમ નથી રહેતી... બીજે?' – પુરુષ એકદમ ધૂંધવાઈને બોલી ઊઠ્યો.

જવાબમાં સ્ત્રીએ પૂર્વવત્ ઉત્સાહ દર્શાવ્યો : આ વખતે આપણે સનસેન્ટ પૉઇન્ટ જઈશું હોંકે! મને ખબર છે કે તમને ડૂબતો સૂર્ય જોવો બહુ ગમે છે.'

'...મને તું નથી ગમતી.' – પુરુષે ઝડપથી બોલી અસ્તાચળ ભણી આંખો

ફેરવી લીધી. સ્ત્રીએ ચારેય છેડા વાળીને શેતરંજી પાળ ઉપર મૂકી.

'મને બદલી નાખીએ?' – સ્ત્રી લાડપૂર્વક બોલી ગઈ.

પુરુષ ધૂંધવાઈ ઊઠ્યો.

'તું નીચ છે.'

'ધીમે...' – સ્ત્રી નાક ઉપર આંગળી મૂકવા ગઈ, પણ મલકાટે જ કામ કરી દીધું.

'નાલાયક છે.'

'હં' – સ્ત્રી અસ્તાચળ ભણી જ જોઈ રહી. પુરુષની આંખો પણ ડૂબવા આવેલા સૂર્ય તરફ હતી. સંધ્યા બરાબરની ખીલી હતી. કેસરી રંગછાંટણા વચ્ચેથી માર્ગ કાઢી માળા ભણી વળતાં પંખીઓ આ દંપતી પર કલશોરવૃષ્ટિ કરી રહ્યાં હતાં. ક્યાંક પતંગ ઊડતી દેખાતી હતી.

એક લાંબી ચુપકીદી પછી પુરુષે જોશપૂર્વક આગ્રહ કર્યો કે 'તુંય કંઈક બોલ...' ત્યારે સૂર્ય લગભગ ડૂબવા આવ્યો હતો. કેસરી રંગછાંટણા નીતરી ગયા હતા. પતંગ ખેંચાઈ ગયો હતો કે કપાઈ ગયો હતો!

'વઘારેલી ખીચડી ખાશો ને? સાથે પાપડ શેકું?' – સ્ત્રીએ ઊભા થતાં પૂછ્યું.

પુરુષ ચૂપચાપ બેસી રહ્યો. ઘણું બોલ્યા પછી એને હાંફ ચડ્યો હતો. એ નીચું માથું કરી શેતરંજીના લબડતા છેડે નીકળી આવેલા દોરાને વળ ચડાવતો રહ્યો.

સ્ત્રીએ અંબોડો છોડીને ફરીથી

બાંધ્યો. એટલીવારમાં કંઈક ગણગણીય લીધું. પોતાને સહેજ ઢસડીને પુરુષે શેતરંજી લેવાનું કર્યું. સ્ત્રીએ એને રોક્યો.

દિવસ પૂરો થવાનો આ સંકેત હતો. રમત-રમતમાં કોઈ બાળકે હાથમાંથી પાડી દીધેલા કાચા બરફના ગચ્ચા જેવો ચંદ્ર પૂર્વમાં ચડતો જતો હતો.

'તું જાણે છે કે હવે મારાથી આ સહન... તારે ક્યાંય જવા જ નથી દેવો?'

પુરુષે જોરથી શેતરંજીના છેડા ઝાપટ્યા. ઝીણી રજકણ ઊડી. બે ક્ષણ માટે ધાબા પર પડેલી બંનેનાં પગલાંની છાપ હતી ન હતી થઈ ગઈ.

'તને કહું છું, સાંભળે છે? હરવખત...'

'ક્યાં જવું છે તમારે હવે?' - આ વખતે સ્ત્રી જરા રોશપૂર્વક બોલી પણ ટેવ મુજબ બીજી જ ક્ષણે મલકાઈ ઊઠી.

જવા ન જવાના મુદ્દે પ્રેમગાંઠ એવી બંધાઈ હતી કે એ સહજ દાંપત્યના એકાકી છિદ્રમાંથી પસાર થઈ શકતી નહીં. આગળ જતાં આ દોર સ્ત્રીના એકલવાયા જીવન સુધી લંબાતો.

'તમે ચારેક મહિના બહાર રહ્યા ત્યારે ખબર છે મેં દિવસો કેવી રીતે કાઢ્યા છે?'

'જેવી રીતે મેં કાઢ્યા છે...'

'ના, પુરુષ અને સ્ત્રીના દિવસો એકસરખા નથી હોતા. એમાંય મારી જેવી સ્ત્રી-'

પુરુષ સમજતો - મૂળ મુદ્દો આ જ નીકળવાનો. લગ્નને આઠ વર્ષ થઈ ગયાં છે અને બંને આ ઘરના આંગણામાં કશું શોધી રહ્યાં છે. ઘરનું આંગણું દિવસે ને દિવસે મોટું ને મોટું થતું જતું હતું.

સાંજ સાવ નમી ગઈ હતી.

પુરુષ સાવ મૌન થઈ ગયો હતો.

ધાબાની પાળીનો આછો પડછાયો શેતરંજી ઉપરથી દડીને ઘણો આગળ રેલાઈ ગયો હતો. પવનનાં ઝોકામાં છબછબિયાં કરતા શેતરંજીના છેડાને પુરુષે મુઠ્ઠીમાં દાબી રાખ્યો હતો.

'પવન ખૂબ વાવો શરૂ થયો છે.' - સ્ત્રી બોલી. પુરુષે કોઈ જવાબ ન આપ્યો. એની આંખો સામેની પાળીએ ટેકવેલા કાટમાળને ટપીને ક્ષિતિજ પર મંડાયેલી હતી.

'અંદર જઈએ?'

સ્ત્રીએ ફરીવાર અંબોડો છોડ્યો અને બાંધ્યો. કાન પાસેના વાળ ઠીકઠાક કર્યા. કંઈક ધીમું ગણગણી પણ ખરી. પુરુષ એકદમ ઊભો થયો - આગળ વધ્યો અને એમાં સ્ત્રીનો ગણગણાટ ધાબાના ખૂણામાં કાગળના ડૂચાની જેમ ચકરાતો રહ્યો.

સ્ત્રી એકદમ ઊભી થઈ પુરુષની પડખે જઈ ચડી. સહેજ મલકી અને હળવેથી પુરુષના આંગળામાં પોતાના આંગળાં ભીડી દીધાં.

આમ, ભીતર જવાની હળવાશ હવે આદત બની ગઈ હતી.

ગમતી આ ટેવ...

❑❑❑




નોબેલ પુરસ્કારનો ઇતિહાસ

☐ વિશાખા મોઠિયા

નોબેલ પુરસ્કાર એ દુનિયાના સર્વોચ્ચ પુરસ્કારમાંનો એક છે. આ પુરસ્કાર દર વર્ષે ઑક્ટોબર મહિનામાં જાહેર કરવામાં આવે છે અને ડિસેમ્બર મહિનામાં વિજેતાને આપવામાં આવે છે. નોબેલ પુરસ્કાર એ ભૌતિકશાસ્ત્ર, રસાયણશાસ્ત્ર, ચિકિત્સા, શાંતિ, સાહિત્ય તેમજ અર્થશાસ્ત્રનાં ક્ષેત્રોમાં દેશની પ્રગતિ તેમજ માનવકલ્યાણ હેતુસર કરવામાં આવેલ વિશિષ્ટ કાર્ય કે સંશોધન કરનાર વ્યક્તિ કે સંસ્થાને આપવામાં આવે છે. શરૂઆતમાં તો પાંચ ક્ષેત્રો (ભૌતિકશાસ્ત્ર, રસાયણશાસ્ત્ર, ચિકિત્સા, શાંતિ, સાહિત્ય) માટે જ આપવામાં આવતો, પરંતુ પાછળથી અર્થશાસ્ત્ર ક્ષેત્ર ઉમેરવામાં આવ્યું. આ પુરસ્કારમાં વિજેતાઓને સુવર્ણચંદ્રક, ડિપ્લોમા સર્ટિફિકેટ (પ્રમાણપત્ર) અને નાણાકીય રકમને પુરવાર કરતો દસ્તાવેજ આપવામાં આવે છે. આ પુરસ્કાર સ્વીડિશ વૈજ્ઞાનિક અને ડાયનામાઇટ (સુરંગ)ના શોધક આલ્ફ્રેડ

નોબેલની યાદમાં તેમની પુણ્યતિથિએ આપવામાં આવે છે. નોબેલ પુરસ્કાર તેમજ તેની નાણાકીય રકમ સ્વીડનની મધ્યસ્થ બૅન્ક 'સ્વેરીજેસ રિક્સ બૅન્ક' દ્વારા આપવામાં આવે છે.

આલ્ફ્રેડ નોબેલનો જન્મ ૨૧ ઑક્ટોબર, ૧૮૩૩ના રોજ સ્વીડનના સ્ટૉકહોમ શહેરમાં થયો હતો. તેમના પિતાનું નામ ઈમેન્યુઅલ અને માતાનું નામ કેરોલિન હતું. તેમના પિતા પહાડોમાંથી પથ્થર તોડીને પુલ બાંધવાનું કામ કરતા હતા. થોડાંક વર્ષો પછી સ્વીડનમાં આ ધંધો ઠપ થતાં, વર્ષ - ૧૮૪૨માં આલ્ફ્રેડ નોબેલનો પરિવાર રશિયાના સેન્ટ પીટર્સબર્ગમાં કામધંધા અર્થે સ્થળાંતરિત થયો હતો. નોબેલના પિતા ત્યાં રશિયન સરકાર માટે ગન-પાઉડર (દારૂખાનું) બનાવવાનું કામ કરતા હતા. જે રશિયન સૈન્યના સૈનિકો માટે યુદ્ધમાં કામ આવતો. ગન-પાઉડર એ દારૂખાનું, કોલસો તેમજ અન્ય કેમિકલ દ્વારા બનતો વિસ્ફોટક છે. થોડાક સમયમાં જ ત્યાં સીરિયાનું યુદ્ધ શરૂ થવાનું હતું, એટલે ગન-પાઉડરની માગ પણ ખૂબ વધી ગઈ હતી. ધંધામાં સારી એવી કમાણી થવાને લીધે નોબેલના પિતા ખૂબ પૈસા કમાયા અને ધનવાન થયા. તેમના પિતાએ ઘરે એક અંગત શિક્ષક પણ રાખ્યો હતો, જે નોબેલને ઘરે ભણાવતો. માત્ર ૧૭ વર્ષની નાની વયમાં જ નોબેલ અંગ્રેજી, જર્મન અને ફ્રેન્ચ ભાષામાં પારંગત થઈ ગયા હતા અને આ સાથે રસાયણશાસ્ત્ર (કેમેસ્ટ્રી) માં પણ સારી એવી પકડ આવી ગઈ હતી. વધુ ભણતર માટે વર્ષ - ૧૯૫૦માં નોબેલને અમેરિકા મોકલવામાં આવ્યા હતા. ત્યારબાદ ત્યાંનું ભણતર પૂરું કરીને તેઓ પૅરિસ ગયા. ત્યાં તેમની મુલાકાત અસ્કાનિયો સોબ્રેરો નામની વ્યક્તિ સાથે થઈ, જેણે નાઇટ્રોગ્લિસરીનની શોધ કરી હતી. નાઇટ્રોગ્લિસરીન એક વિસ્ફોટક દ્રવ્ય હતું, જે આ ગન-પાઉડર કરતાં પણ ઘાતક અને શક્તિશાળી હતું, પરંતુ એનામાં એક ખામી હતી, એને સુરક્ષિત રાખવું ખૂબ જ મુશ્કેલ હતું. એને એક જગ્યાએથી બીજી જગ્યાએ લઈ જઈ શકાતું નહીં, તેનો રસ્તામાં જ વિસ્ફોટ થઈ જતો. આ સમસ્યાનું સમાધાન મેળવવા બંનેએ પ્રયાસો શરૂ



આલ્ફ્રેડ નોબેલ

કર્યા. આ બાજુ રશિયામાં સીરિયાનું યુદ્ધ પૂરું થઈ જતાં, ગન-પાઉડરની માગ ઘટી ગઈ હતી. આથી નોબેલના પિતા રશિયામાં પોતાની ફૅક્ટરી બંધ કરી પરિવાર સહિત ફરી પાછા પોતાના વતન સ્ટૉકહોમ પરત ફર્યા હતા. નોબેલ પણ નાઇટ્રોગ્લિસરીનનું સૅમ્પલ લઈને ઘરે પરત ફર્યા હતા. અહીં આવીને નોબેલે પિતા અને ભાઈ ઈમિલ સાથે મળીને એક રિસર્ચ લૅબ (પ્રયોગશાળા) ખોલી. ત્યાં ત્રણેય જણે સાથે મળીને નાઇટ્રોગ્લિસરીનને સુરક્ષિત કરવા પર સંશોધન કરવાનું શરૂ કર્યું, પરંતુ ત્યાં જ નોબેલના પરિવારમાં એક આઘાતજનક ઘટના બની. ૩ સપ્ટેમ્બર, ૧૮૬૪ના રોજ જ્યારે નોબેલ એના પિતા અને ભાઈ સાથે મળીને નાઇટ્રોગ્લિસરીન પર સંશોધન કરી રહ્યા હતા, ત્યારે નાઇટ્રોગ્લિસરીન સ્ફોટ થતાં નાના ભાઈ ઈમિલનું આકસ્મિક મૃત્યુ થયું. આ ઘાતક ઘટનાએ આખા પરિવારને શોકગ્રસ્ત કરી મૂક્યો. આ ઘટના બાદ એમના પિતાએ પણ પ્રયોગશાળા બંધ કરી દીધી. આ બનાવથી આખા શહેરમાં ચકચાર મચી ગઈ. ત્યાંની સરકારે પ્રયોગશાળા ખોલવા પર પ્રતિબંધ મૂકી દીધો. નોબેલના પરિવાર માટે આ સમય ખૂબ જ મુશ્કેલીભર્યો હતો, પરંતુ નોબેલ કંઈ હાર માનીને બેસી રહે એમ નહોતા. એમણે શહેરની બહાર પ્રયોગશાળા ખોલી, અને ત્યાં ફરીથી નાઇટ્રોગ્લિસરીન પર સંશોધન કરવાનું શરૂ કરી દીધું. થોડાંક વર્ષોની અથાગ મહેનત બાદ આખરે નોબેલે નાઇટ્રોગ્લિસરીનને સુરક્ષિત રાખવાનો ઉપાય શોધી કાઢ્યો. આ અંગે એણે પુષ્ટિ કરી કે - "નાઇટ્રોગ્લિસરીનમાં સિલિકા (રેતી) ભેળવવાથી તેની પેસ્ટ બની જાય છે અને તેને કોઈ પણ આકારમાં ઢાળી શકાય છે." આથી નાઇટ્રોગ્લિસરીનમાં સિલિકા ભેળવીને જે નવી વસ્તુની ખોજ થઈ, તેનું નામ એણે 'ડાયનેમાઇટ (dynamite)' રાખ્યું અને તે જ નામથી એણે એની નવી શોધને પેટન્ટ કરાવી. ડાયનેમાઇટની મદદથી હવે પહાડોમાંથી પથ્થરો તોડીને પુલ બાંધવાનું કામ આસાન થઈ ગયું હતું. ધીરે-ધીરે ડાયનેમાઇટની માગ આખી દુનિયામાં વધવા લાગી હતી. નોબેલે ૨૦ કરતાં પણ વધુ દેશોમાં ડાયનેમાઇટની કંપની ખોલી હતી. આમ તેઓ ડાયનેમાઇટના સંશોધક તરીકે પ્રખ્યાત થયા હતા, પરંતુ ડાયનેમાઇટના સારા ઉપયોગની સાથે સાથે તેનો ગેરમાર્ગે પણ ઉપયોગ વધવા માંડ્યો હતો. ખાસ કરીને યુદ્ધોમાં આના ઝડપી ઉપયોગને લીધે ભારે પ્રમાણમાં જાનહાનિ થઈ હતી, અને લોકો મૃત્યુ પામ્યા હતા. જેનો સમગ્ર આરોપ આલ્ફ્રેડ નોબેલ પર આવ્યો. આથી લોકો એને મોતનો સોદાગર કે મોતનો વેપારી કહીને બોલાવતા. આ સાંભળીને તેઓ

ખૂબ જ દુઃખી થયા હતા, કારણ કે એમણે તો લોકોને ઉપયોગી થાય તેમજ સારા આશયથી ડાયનેમાઇટની શોધ કરી હતી. તેઓ હવે વૃદ્ધ થઈ રહ્યા હતા, તેઓ નહોતા ઇચ્છતા કે બદનામી લઈને મૃત્યુ પામે. આથી એમણે લોકોની ભલાઈ માટેનાં કામો કરવાનાં શરૂ કર્યાં. ૨૭ નવેમ્બર, ૧૮૯૫ના રોજ એમણે એમના વસિયતનામા પર તેમની તમામ સંપત્તિની રકમ ભૌતિકશાસ્ત્ર, રસાયણશાસ્ત્ર, ચિકિત્સા (શરીરવિજ્ઞાન), સાહિત્ય તેમજ શાંતિના પુરસ્કારો માટે ઉપયોગમાં લેવામાં આવે - એ બાબત પર હસ્તાક્ષર કર્યા હતા અને ૧૦ ડિસેમ્બર, ૧૮૯૬ના રોજ તેમનું મૃત્યુ થયું હતું. આથી દર વર્ષે ઑક્ટોબર મહિનામાં નોબેલ પુરસ્કારના વિજેતાઓનાં નામો જાહેર કરવામાં આવે છે અને તેમની પુણ્યતિથિ ૧૦ ડિસેમ્બરના રોજ વિજેતાઓને નોબેલ પુરસ્કાર એનાયત કરવામાં આવે છે.

વિશેષ બાબતો :-

● નોબેલ પુરસ્કાર આપવાની શરૂઆત ૧૦ ડિસેમ્બર, ૧૯૦૧થી થઈ હતી.

● શરૂઆતમાં પાંચ ક્ષેત્રોમાં (ભૌતિકવિજ્ઞાન, રસાયણવિજ્ઞાન, ચિકિત્સા, સાહિત્ય, શાંતિ) જ આ પુરસ્કાર અપાતો હતો, પરંતુ વર્ષ - ૧૯૬૮માં અર્થશાસ્ત્ર (આર્થિકવિજ્ઞાન)નું ક્ષેત્ર ઉમેરવામાં આવ્યું.

● નોબેલ પુરસ્કાર સ્વીડિશ નોર્વેજિયન સમિતિ દ્વારા આપવામાં આવે છે. આ સમિતિની સ્થાપના વર્ષ - ૧૯૦૦માં થઈ હતી. નોર્વેજિયન નોબેલ સમિતિ નોબેલ પુરસ્કાર વિજેતાઓને નામાંકિત કરવા અને છેલ્લે પસંદ કરવા માટે જવાબદાર હોય છે. આ સમિતિના સભ્યોની નિમણૂક નોર્વેની સંસદ દ્વારા કરવામાં આવે છે. આ સમિતિ એક ખાનગી સંસ્થા છે, જે નોબેલ પુરસ્કાર માટે વિજેતાઓને પસંદ કરવાનું તેમને ઇનામ આપવાનું કામ કરે છે. પુરસ્કાર રૂપે સુવર્ણચંદ્રક, પ્રમાણપત્ર અને નાણાકીય રકમની પુષ્ટિ કરતો દસ્તાવેજ આપવામાં આવે છે. મેડલ અને પ્રમાણપત્ર પ્રખ્યાત સ્વીડિશ અને નોર્વેજિયન કલાકારો દ્વારા બનાવવામાં આવે છે. પુરસ્કાર રૂપે આપવામાં આવતી નાણાકીય રકમ હાલ ૧૧ લાખ ડૉલર છે, જે દર વર્ષે વધતી જાય છે.

● ભૌતિકશાસ્ત્ર, રસાયણશાસ્ત્ર અને અર્થશાસ્ત્ર માટેનો નોબેલ પુરસ્કાર 'રૉયલ સ્વીડિશ ઍકેડમી ઑફ સાયન્સ' દ્વારા પ્રસ્તુત કરવામાં આવે છે.

● ચિકિત્સા માટેનો નોબેલ પુરસ્કાર કારોલિંસ્કા ઇન્સ્ટિટ્યૂટની નોબેલ એસેમ્બલી દ્વારા પ્રસ્તુત કરવામાં આવે છે.

● શાંતિ માટેનો નોબેલ પુરસ્કાર સ્વીડિશ ઍકેડમી દ્વારા પ્રસ્તુત કરવામાં આવે છે.

● સાહિત્ય માટેનો નોબેલ પુરસ્કાર નોર્વેજિયન નોબેલ કમિટી દ્વારા પ્રસ્તુત

કરવામાં આવે છે.

● ભારતમાં સૌપ્રથમ નોબેલ પુરસ્કાર મેળવવાવાળી વ્યક્તિ કવિવર રવીન્દ્રનાથ ટાગોર હતા, જેમને સાહિત્યના ક્ષેત્રમાં નોબેલ પુરસ્કાર મળ્યો હતો.

● અત્યાર સુધીમાં કુલ ૯૮૯ લોકોને અને સંસ્થાઓને ૬૧૫ વાર નોબેલ પુરસ્કાર આપવામાં આવેલ છે. જેમાંથી કેટલીક વ્યક્તિઓ તેમજ સંસ્થાઓને એકથી વધુ વખત નોબેલ પુરસ્કાર મળેલ છે.

● અત્યાર સુધી કુલ ૫૭ મહિલાઓને આ નોબેલ પુરસ્કાર એનાયત થયેલો છે. જેમાં પ્રથમ મેરી ક્યુરી હતાં, તેમને એકથી વધુ વખત નોબેલ પુરસ્કાર મળેલ છે.

વર્ષ : ૨૦૨૨ના નોબેલ પુરસ્કારનાં વિજેતાઓનાં નામો :

● ભૌતિકશાસ્ત્રમાં એલન એસ્પેક્ટ (ફ્રાન્સ), જોન એફ. ક્લોસર (અમેરિકા) તેમજ એન્ટોન જિલિંગર (ઑસ્ટ્રિયા)ને નોબેલ પુરસ્કાર આપવામાં આવેલ છે.

● રસાયણશાસ્ત્રમાં કેરોલિન બેટરોજી (સ્ટેનફર્ડ યુનિવર્સિટી - અમેરિકા), મોર્ટન મિએલડોલ (યુનિવર્સિટી ઑફ કોપેનહેગન - ડેન્માર્ક) અને બેરી શાર્પલેસ (સ્ક્રિપ્સ રિસર્ચ સેન્ટર - અમેરિકા)ને નોબેલ પુરસ્કાર આપવામાં આવેલ છે.

● ચિકિત્સામાં પ્રોફેસર સ્વાંતે પાબોને નોબેલ પુરસ્કાર આપવામાં આવેલ છે.

● સાહિત્યમાં ફ્રાન્સનાં લેખિકા એની એરનોકસને નોબેલ પુરસ્કાર આપવામાં આવેલ છે.

● શાંતિ માટેનો પુરસ્કાર એક વ્યક્તિ અને બે સંસ્થાઓને આપવામાં આવેલ છે. જેમાં આલિસ બિલીઆત્સ્કી (હ્યુમન રાઇટ્સ એડ્વોકેટ - બેલારુસ) ને તેમજ સંસ્થાઓમાં રશિયન માનવ અધિકાર સંગઠન 'રશિયન હ્યુમન રાઇટ્સ ઑર્ગેનાઇઝેશન મેમોરિયલ' અને યુક્રેનના સંગઠન 'યુક્રેનિયન હ્યુમન રાઇટ્સ ઑર્ગેનાઇઝેશન સેન્ટર ફૉર સિવિલ લિબર્ટીસ'ને નોબેલ પુરસ્કાર આપવામાં આવેલ છે.

● અર્થશાસ્ત્ર માટેનો નોબેલ પુરસ્કાર બેન બર્નાન્કે, ડગલાસ ડાયમંડ અને ફિલિપ ડિબવિગને આપવામાં આવેલ છે.

આલ્ફ્રેડ નોબેલ એક એવી મહાન વિભૂતિ જેઓ પોતાની શોધ તેમજ નોબેલ પુરસ્કાર માટે પોતાની સઘળી સંપત્તિ દાન કરવા અંગે હંમેશ માટે આ દુનિયામાં અમર થઈ ગયા. એમણે પોતાની આખી જિંદગી વિજ્ઞાનને સમર્પિત કરી હતી, અને મૃત્યુ બાદ પણ પોતાની પાસે જે કંઈ હતું એ વિજ્ઞાનને સમર્પિત કર્યું. આજે આલ્ફ્રેડ નોબેલ મોતનો સોદાગર કે વેપારી નહીં પરંતુ એક મહાન વૈજ્ઞાનિક, ઉદ્યોગપતિ અને સર્વશ્રેષ્ઠ સમાજસેવક તરીકે ઓળખાય છે.

❑❑❑

ભવનનો સેલ્સમેન*

☐ ધ્રુવ ભટ્ટ

પરીક્ષા પડતી મૂકીને ઘરે આવ્યો ત્યાં મારા મુંબઈવાળા ફોઈના મોટા દીકરા આવેલા. બાપુજી સાથે વાતો કરતા હતા. હું તેમને પહેલીવાર મળતો હતો. એકદમ ગોરા, રૂપાળા યુરોપિયન લાગે તેવા. હું પગે લાગ્યો એટલે પૂછ્યું, 'હમણાં શું કરો છો?'

હું જવાબ આપું તે પહેલાં બાએ કહ્યું, 'કૉલેજ કરે છે અને આઇ.આઇ.એમ.માં કામે જાય છે.'

'ક્યાં?' ભાઈની આંખો પહોળી થઈ ગઈ.

મેં કહ્યું, આઇ.આઇ.એમ.માં નથી જતો. એ લોકોના સ્ટાફની મંડળી છે...' કહીને મેં પૂરી વાત સમજાવીને ઉમેર્યું, 'સવાસો રૂપિયા આપે છે.'

ભાઈએ કંઈ પ્રતિભાવ ન આપ્યો. એ અમારે ત્યાં પંદરેક દિવસ રોકાયા તે દરમિયાન મને ખબર પડી કે તેઓ ભારતીય વિદ્યાભવન સાથે સંકળાયેલા છે અને અમદાવાદના ભવન્સ સેન્ટરમાં કોઈ હોદ્દા પર નિમાયા છે.

ભાઈ તેમને ઘર મળ્યું ત્યાં સુધી અમારે ત્યાં રહ્યા. હું અને ભાઈ સાંજે શાંત, સારા વિસ્તારોમાં ફરીને ભાઈ માટે ઘર શોધતા. ઘર મળ્યું પછી ભાભી, ફોઈ બધાં મુંબઈથી અમદાવાદ ફરી ગયાં. એક સાંજે ભાઈ બાપુજીને મળવા આવ્યા ત્યારે મને એક સરનામું આપીને કહ્યું, 'સોમવારે અહીં મળી આવજો.'

ઍસોસિયેટેડ ઍડ્વર્ટાઇઝર્સ ઍન્ડ પ્રિન્ટર્સ શું હશે તે મને ખબર નહોતી. ભાઈએ કહ્યું છે એટલે હું મળવા ગયો. એક યુવાન બંધ કૅબિનમાં અને એક બહાર એમ બે જણ હતા. મેં બહાર બેઠેલાને કહ્યું કે ભવન્સ સેન્ટરના સાહેબે મને અહીં મોકલ્યો છે. એ ભાઈએ મને લઈને અંદર સાહેબ પાસે જવા કહ્યું. હું પ્રવેશ્યો એટલે સાહેબે બહાર તરફ જોઈને કહ્યું, 'સી. એમ. તુમ ભી આવો ના.'

સાહેબ, સી.એમ. અને હું ઘણીવાર બેઠા. એ લોકોએ મને અમદાવાદની, મુંબઈની અને ગુજરાત સર્કલની ટેલિફોન ડિરેક્ટરીઓ બતાવી. કંપની આ ડિરેક્ટરી છાપતી હતી અને તેમાં જાહેરાત મૂકવાના હકો પણ ધરાવતી હતી.

ડિરેક્ટરી ઉપરાંત ગુજરાત એસ. ટી. બસનાં પડખાં પર, પાછળ અને બસની અંદર સામાન મૂકવાની છાજલી પરની છતમાં લાગેલી જાહેરાતો મૂકવાના હકો પણ ભવન્સ પાસે હતા. અમદાવાદ બસ-સ્ટેશનમાં હૉર્ડિંગ લગાડ્યાં હતાં તેની

*ધ્રુવ ભટ્ટની આગામી સ્મરણનવલ આજુ ખેલેના પ્રકરણ ૧૮માંથી.

તસવીરો પણ મેં જોઈ.

સાહેબ, એટલે સાવ સીધાસાદા, અમારા જેવડા જ. દક્ષિણ ભારતીય યુવાને પૂછ્યું, 'બાહર ઘૂમ કર કામ લે આના હૈ. કર સકતે હો?'

'હા, હા, કર સકતા હૂં.' મેં કહી દીધું.

લેંઘા પર બુશશર્ટ પહેરીને કૉલેજ જવાતું, આઇ.આઇ.એમ.ના સ્ટોરમાં અને સ્ટોર માટે સામાન લાવવા હોલસેલ ડીલરોને ત્યાં આખો રિલીફ રોડ અને ગાંધી રોડ પર ફરવામાં પણ લેંઘો-બુશશર્ટ ચાલી જતાં. સેલ્સમૅન બન્યા પછી આવો વેશ નહોતો ચાલવાનો. પૅન્ટ, શર્ટ, ટાઈ આવી ગયાં.

સી.એમ. મિતભાષી, સાલસ અને મદદરૂપ બને તેવા મિત્ર લાગવા માંડ્યા. પેઇન્ટરો પાસે પતરાં પર જાહેરાતો ચીતરાવીને હું જે-તે વિસ્તારની બસોમાં લગાડાવવા જતો.

ભવનની નોકરીના દિવસોમાં કચેરીમાં ઘણી મજાઓ થતી. એક વખત સાહેબે મને નરોડાની એક કંપનીનું પેમેન્ટ લાવવાનું કામ સોંપ્યું. ચેક લેવા જવાના ટપાલી જેવા કામમાં મને બહુ રસ નહોતો. નરોડા જઈને આવું ત્યાં સુધીમાં નવા ત્રણ જણને મળી શકાય તેમ હતું. હું બીજા ગ્રાહકો સાથે જાહેરાતની વિગતો સમજવામાં ભૂલી ગયો કે મારે નરોડા જવાનું છે.

'નરોડા ગયા થા?' સાંજે સાહેબે પૂછ્યું.

'હાં, જા કે આયા. ઉનકે અકાઉટન્ટ છુટ્ટી પર હૈ, એક-દો દિનમેં ફીર ચક્કર લગા કર લે આઉંગા.' મેં કહ્યું. તે પછી પણ એકાદ વખત આવી ગરબડ થઈ અને નરોડાનો ચેક લાવી શકાયો નહીં. હું બહાનાં કાઢતો રહ્યો. સાચું કહેત તો કંઈ થવાનું નહોતું, પરંતુ સાહેબનો સ્વભાવ હું અને સી.એમ. બેઉ જાણતા હતા. તેમની સૂચનાનું પાલન ન થાય તો તેમને એવું લાગતું કે અમે તેને અવગણીએ છીએ. ક્યારેક બિચારા બોલી પણ જતા, 'હમ મેનેજર હૈ ઐસા કીસી કો લગતા હી નહીં.' એટલે અમે તેમનું માન જાળવતા.

અચાનક એક સાંજે સાહેબે ફરી કહ્યું, 'કલ ડેફિનેટલી નરોડા જાના.'

'સર, કલ તીન બજે તો મુઝે લવજી ભાઈને બુલાયા હૈ.'

'તુમ ઘર સે સિધા નરોડા ચલે જાવ. વહાં સે ચેક લે કર વાપસ તીન બજે તુમારે લવજી ભાઈ કો મીલ લેના.' સાહેબે તોરમાં કહ્યું.

મને પૂછવાનું મન થયું કે, 'તુમારે લવજી ભાઈ મતલબ ક્યા? વગેરે વગેરે' પણ હું ભૂલથીયે સામું બોલી દઈશ તો બૉસ રાતે ઊંઘી નહીં શકે તે મને ખબર હતી.

મેં કહ્યું, 'જી.'

બીજે દિવસે સીધા નરોડા જવાનું ભૂલીને હું લાલ દરવાજા ઊતરી ગયો. 'સંદેશ' પ્રેસ સામે મિરઝા મૅન્શનમાં અમારી ઑફિસ તરફ ચાલવા પણ માંડ્યો. દિનબાઈ ટાવર પાસે યાદ આવ્યું

કે મારે તો નરોડા જવાનું છે. નરોડાની બસ પકડવા પાછા લાલ દરવાજે જતાં પહેલાં ટાવર નીચેની ચા-દૂધની હોટેલ પર મસ્કાબન અને બૉર્નવિટા લઈને હું બાંકડે બેસું ત્યાં મારા પિતરાઈનો અવાજ સંભળાયો, 'લાલ ગુલાબ.'

'લાલ ગુલાબ' હું પણ અમારો ગમ્મતનો કોડ બોલ્યો અને બીજાં મસ્કાબન મગાવ્યાં. બે-ત્રણ જણ અમને સાશંક જોઈ રહ્યા. વાતો-વાતોમાં કલાક થઈ ગયો. હવે જો હું નરોડા જઉં તો બપોરે લવજીભાઈને મળવાનું શક્ય જ ન બને.

'અરે યાર. તમે મને હ્સલવાડી દીધો.' મેં મારા પિતરાઈને કહ્યું, 'લાલ ગુલાબ કરતાં આવી પડ્યા. તમારે કારણે મારે નરોડા જવાનું રહી ગયું.' મેં પિતરાઈને આખી વાત કહી.

એ તો મારી મુશ્કેલીને ફારસ સમજીને ખડખડાટ હસ્યો. મને કહે, 'યાર તમારા ફારસ જબરાં હોય છે. પોતે લાલ દરવાજા ઊતરી ગયા અને નામ મારું દો છો? હવે કહો તો મસ્કાબનના પૈસા હું આપી દઉં બીજું તો શું કરું?'

બપોરે લવજીભાઈને મળ્યો અને એ જમાનામાં દસ હજારની જાહેરાત લઈ આવ્યો. જાહેરાત મળી એટલે હું સાહેબને કોઈ બહાનું બતાવી શકીશ તેવી રાહત અનુભવતો દાદર ચડીને ઑફિસમાં ગયો.

'ઑર્ડર મિલા તો અચ્છી બાત, પર વો નરોડા કા ક્યા હુવા?' સાહેબે આવો મોટો ઑર્ડર અવગણીને પૂછ્યું.

માર્યા. હું જરા ગભરાયો અને મારાથી મનમાં આવ્યો તેવો ઉત્તર અપાઈ ગયો, 'વો લોગ બોલા કી પોસ્ટ મેં ભેજ દિયા હૈ. એક-દો દિનમેં મિલ જાયેગા.'

આ કંઈ નરો વા કુંજરો વા નહોતું. નરદમ જૂઠ હતું. મારું બિરદ સાચવવા મારે કાલે જ નરોડા જવું પડશે. ચેક લઈને કંપનીનું કવર માગીને નરોડા પોસ્ટ ઑફિસે જઈને ચેક ટપાલ કરવો પડશે. અસતનું સત કરવું તો પડવાનું.

હું આગળ શું કરવું તે વિચારું ત્યાં સાહેબે સસ્મિત પોતાના ટેબલનું ખાનું ખોલ્યું, તેમાંથી પેલી કંપનીનું કવર કાઢીને મારી સામે ધરતાં કહે, 'આજ કા પોસ્ટમેં ચેક મીલ ગયા.'

મારી વચલી બહેન દઢતાથી માનતી કે ઈશ્વર તેના અભક્તને ક્યારેય મદદ કરતો નથી. મારી દલીલ હતી કે ભગવાન ભક્ત-અભક્તમાં માનતો નથી. આજનો બનાવ મારી દલીલને ટેકો કરશે તેમ માનીને હું રાજી થાઉં ન થાઉં ત્યાં મને લાગ્યું કે ઈશ્વરે મદદ મને નહીં, મારા સાહેબને કરી છે. ખુરશી પાછળ બાલાજીનો ફોટો કે કપાળમાં જરાતરા દેખાય તેવું ભસ્મનું તિલક હું નહોતો રાખતો. સાહેબ રાખતા. મારું નરાતાળ જૂઠ ભગવાને એટલે છુપાવ્યું કે તેના ભક્તને, પોતે સ્ટાફથી ઉલ્લુ બન્યાની જાણ ન થાય. એમ થયું હોત તો સાહેબે રાજીનામું આપ્યું હોત. ઈશ્વરે એમને અલૌકિક રીતે બચાવી લીધા હતા. પોતે

ઉલ્લુ નથી બન્યા તેની રાહત સાહેબના પુલકિત ચહેરા પર ઝળકતી જોઈ શકાતી હતી.

'હમકો લગતા થા તુમ હમકો ઉલ્લુ બનાતા હૈ.' સાહેબે કહ્યું.

'આપકો ઐસૈ ક્યું લગા?' મારે જાણવું હતું સાહેબને મારા પર વહેમ શા કારણે આવ્યો.

'તુમારા ડ્રોઅર દેખા. તુમારે કાગજ મેં નરોડા કા નામ જ નહીં.' સાહેબે કહી દીધું.

અમે ખરચતા તે બસ-રિક્ષાભાડાની નોંધ ગંતવ્ય સ્થળનાં નામ સાથે એક કાગળમાં લખીને ખાનામાં મૂકી રાખતા. મહિનાને અંતે આખો હિસાબ ગણીને કન્વેયન્સનું બિલ બનાવતા ત્યારે એ કાગળિયાં કાઢી કે ફાડી નાખતાં. એવી રફ નોંધો સાહેબ ચેક કરશે એવી કલ્પના પણ મને નહોતી.

'દો તીન બાર મૈં મેરે કઝિન કે સાથ ઉસકે સ્કૂટર પર ગયા થા. એકાદ દફા સાઇકલ પર ગયા થા.' ઓ જિનપ્રભુ, હે બુદ્ધ, હે રામ, કૃષ્ણ, તમે જ કહો, આ વિરાટ જગતમાં તમે પણ મદદે ન આવો, તેવી મનોરમ્ય ક્ષણે હું આવાં ગપ્પાં ન મારું તો બીજું શું કરું? સદંતર જૂઠ નંબર બે. સ્કૂટર ન પિતરાઈ પાસે કે ન તો મારી પાસે હતું. એ જમાનામાં નાની કંપનીના માલિકો અને મોટી કંપનીના મૅનેજરો પણ સ્કૂટર માંડ-માંડ લાવી શકતા. આ વાત બની તે દિવસ સુધીમાં મેં સાઇકલ સિવાય બીજું કોઈ વાહન હંકાર્યું હોય તો નાનપણે હાંકેલું, મામાનું બળદગાડું. એ સજીવોથી દોરાતું વાહન, હસી-મજાક અને રમતો વચ્ચે રસ્તો કાપતું મને કેટકેટલા ફારસરૂપ અનુભવો પાર પણ દોરી ગયું છે!

એક વખત સાવ નવતર અનુભવ થયેલો તે પણ બહુ યાદ રહ્યો. એક વખતે મુંબઈ ઑફિસથી અમારા મોટા સાહેબ આવવાના હતા. એમનું આગમન વાર્ષિક તપાસ જેવું ગણાય. એટલે અમે અમારા કામની વિગતો તૈયાર રાખી હતી. એસ. ટી. કૉર્પોરેશનના અધિકારીઓનો સમય મેળવી રાખ્યો હતો. લોકલ ઍડ. એજેન્ટો સાથે સાહેબની મિટિંગ ગોઠવી હતી. ભવન્સનાં પુસ્તકોનું પ્રદર્શન પણ લગાડેલું. એમાં એક પુસ્તકનું નામ હતું Indian Triumvirate

{Triumvirate (/trʌɪˈʌmvɪrət/ noun (in ancient Rome) - a group of three men holding power)} આ પુસ્તકના મુખપૃષ્ઠ ઉપર નહેરુ, ગાંધીજી અને સરદાર પટેલ સાથે બેઠેલા હોય એવી તસવીર હતી. કેટલો સરસ મોકો! મેં અને સી.એમ.એ વિચાર્યું કે અમે નહેરુ અને સરદારનાં કપડાં પહેરીને પુસ્તકમેળો ચલાવીએ તો કેવું?

મોટા બૉસ આવે ત્યારે તેમની વિઝિટના ફોટા લેવા હું મારો કેમેરા ઑફિસે લાવેલો. હું અને સી.એમ. નવા વેશે તૈયાર થયા એટલે અમને ફોટો પાડવાનું મન થયું. હવે જો કોઈ ગાંધીજી બનનારું મળી જાય

તો ઠીક નહીંતર કામ શરૂ કરતાં પહેલાં હું અને સી.એમ. એક સરસ ફોટો પાડી લઈએ એમ વિચારતા હતા. ગાંધીજી બનવા માટે બાજુની ઑફિસમાં કોઈને કહી શકાય તેમ નહોતું. ત્યાં બે જણ હતા તે બેઉ જાડા અને ઊંચા. અમે શું કરવું તેનો વિચાર કરતા હતા ત્યાં સ્ક્રીન પ્રિન્ટિંગની કોઈ વિગત પૂછવા સી. સી. પટેલ આવ્યા.

મેં કહ્યું, 'એલા, ગાંધીજી આવી ગયા!'

સી.એમ. કહે, 'હા. સી. સી. તું હમણાં ને હમણાં પોતડી પહેરી લે.'

બાજુની ઑફિસમાંથી થોડીવાર માટે બે ગાદલાં માગી લાવ્યા. સી. સી. સફેદ ચાદર વીંટી, ખભે ઝાપટિયું મૂકીને ગાંધીજી બન્યા. ગાંધીજી અને નહેરુએ ગાદલા પર પોતપોતાનાં સ્થાન સંભાળી લીધાં. હું કૅમેરા ટાઇમર પર મૂકીને દોડતો આવી મારી જગ્યાએ બેસી ગયો. તરત ક્લિકનો અવાજ આવ્યો.

હજી અમે ઊભા થઈએ તે પહેલાં અમારા સાહેબ અને મુંબઈવાળા બૉસ પ્રવેશ્યા. પળ-બે-પળ અમે બધા એકબીજાને જોઈ રહ્યા. પછી બેઉ સાહેબો કૅબિનમાં ગયા. સી. સી. પટેલ તો પોતાના શર્ટ-પૅન્ટ પહેરીને ચાલતા થયા. હું અને સી.એમ. ક્યાંય જઈ શકીએ તેમ નહોતા.

અંદર કૅબિનમાં શું વાતો થઈ હશે તે ખબર નથી. જરા વારે અમારા સાહેબે બારણું ખોલ્યું અને હસીને કહ્યું, 'અબ જલદી ઘર જા કર કપડા બદલ કર આવો. રિક્ષા કરકે જાના.'

અમારે ઘરે જવાની જરૂર નહોતી. બાજુની ઑફિસમાં જઈને અમે કપડાં બદલી લીધાં.

મોટા સાહેબે અમારો ઇન્ટરવ્યૂ લેવાતો હોય તેવી રીતે કામની વિગતો પૂછી, સલાહો આપી. નવા વિચારો કહ્યા અને યુક્તિઓ પણ સમજાવી. પછી નિરાંતની વાતો થઈ. અમારા કુટુંબની વાતો પણ તેમણે જાણી.

બપોરે જમવા જતાં પહેલાં એમણે અંગ્રેજીમાં મને પૂછ્યું, 'આવાં નાટકો વરસમાં કેટલી વખત કરો છો?'

'નો... નો...' મારા વતી અમારા સાહેબ ના કહેવા ગયા તો બૉસે તેમને રોક્યા અને મારા તરફ જોઈને પ્રશ્નાર્થમાં ભ્રમરો ઊંચી કરી.

'નૉટ મૉર.' મેં કહ્યું, 'જામનગર



ડાબેથી સી.એમ.; સી.સી. પટેલ અને લેખક

વિઝિટમાં હતો ત્યારે ત્યાંના પારંપારિક કપડાં પહેરીને બિઝનેસ લેવા ગયેલો.'

'ઓ... ઓ...' બૉસે કહ્યું, 'એટલે કેવાં કપડાં?'

મેં મારી બૅગમાંથી એક ફૅક્ટરીના માલિકે મારી સાથે પડાવેલો ફોટો બતાવીને કહ્યું, 'આ વેશને કારણે મને એક જ દિવસમાં રેકર્ડ ધંધો મળેલો છે. આ ગ્રાહક તો એટલા ફિદા થઈ ગયેલા કે સ્ટુડિયોવાળાને બોલાવીને આ ફોટો પડાવડાવેલો.'

ફોટામાં મેં ધોતી, કસ બાંધેલું કેડિયું અને જામનગરી પાઘડી પહેરીને, હાથમાં મારી સેલ્સબૅગ રાખી છે તેવું દૃશ્ય હતું. બૉસે ફોટો હાથમાં લીધો અને આગળ કંઈ બોલ્યા વગર પોતાના ખિસ્સામાં મૂક્યો. તે બે દિવસ રોકાયા. એસ. ટી.ની અને બીજી મિટિંગોમાં રોકાયેલા રહ્યા, પણ ફોટો પાછો ન આપ્યો. તે કેવી છાપ લઈને ગયા હશે તે અમને ખબર નહોતી. મને છાપની કોઈ ચિંતા તો ક્યારેય નહોતી.


જામનગરના પહેરવેશની કહાની વળી સાવ નવી હતી. ત્યાં હું અમારા દૂરના સગાને ત્યાં રોકાયો હતો. તે જાણીતા વૈદ્ય હતા. સફેદ ધોતી, કસવાળો કુરતો અને આંટો દઈને પહેરેલી જામનગરી પાઘડી પહેરતા. ઘરે ગાય રાખતા. બહુ જ ભલા અને મજાકિયા. એમને ત્યાં રોકાયો તે સાંજે વાળુમાં મેં દૂધ લેવાની ના પાડી તો મને પાછલા વાડામાં ગાય પાસે લઈ ગયા. ગાયને ખીલેથી છોડી નાખીને કહે, 'જા, તારે જવું હોય ત્યાં જતી રહે. અમારા મહેમાનને તારું દૂધ નથી ભાવતું, હવે તારું કામ શું છે?'

મેં હું દૂધ પીશ તેવું કહ્યા પછી ગાયને પાછી બાંધી. જમીને અમે વાતો કરતાં બેઠા ત્યારે તેમણે મારા કામ વિશે પૂછ્યું. મેં વિગતો આપી એટલે વૈદ્યજીએ મને કોઈ કારખાનેદારનું નામ આપ્યું. કહે, 'કાલ તું મારાં કપડાં પહેરીને તેમને ત્યાં જજે.'

તે ઉંમરે આ બંદા ગમે તે ખેલ કરવા રાજી હતા, આજે પણ રાજી છે. મેં પહેર્યાં. જામનગરમાં કોઈએ આવા પહેરવેશમાં ફરતો સેલ્સમૅન જોયો નહીં હોય. જે વેપારીને મળું તે પહેરવેશ વિશે પૂછે. હું તેને એક જ જવાબ આપું, 'જામનગરને સલામ કરું છું'

આવું કહું કે તરત જ, કમ-સે-કમ, ટેલિફોન ડિરેક્ટરીનાં પાનાં ઉપર છાપવા સો-સવાસોની જાહેરાત તો મળતી જ. એક ડીલરે તો નાનો મીડિયમ વેવનો રેડિયો ભેટ આપ્યો. સાંજે મેં અને વૈદ્યજીએ રેડિયો વગાડી જોયો તો પહેલું જ ગીત વાગ્યું, 'બડે અરમાન સે રખ્ખા હૈ બલમ તેરી કસમ, પ્યારકી દુનિયામેં યે પહેલા કદમ..'

મને ભવન જેવી મોટી સંસ્થાના સેલ્સમૅનને કે જામનગરના ખ્યાતિપ્રાપ્ત વૈદ્યને, નાચવાનો કોઈ છોછ નહોતો. ઘરમાં ગૃહિણી તો ભલાઈનો અવતાર હતી, હસીને કહે, 'બેઉ સરખા ભેગા થ્યા છો. નાચી લ્યો એટલે કહેજો તો હું થાળી પીરસું.' ❑❑❑



પુસ્તક-પરિચય

ભારતીય વિજ્ઞાનની અમૃત પ્રતિભાઓ

☐ દીપક જોશી

આઝાદીના અમૃતપર્વે ભારતીય વિજ્ઞાનનાં વર્તમાન અને ભવિષ્યનાં લેખાંજોખાં લેવાના ઝાઝા પ્રયત્નો થયા જણાતા નથી. હા, ઊડીને આંખે વળગે તેવી કેટલીક સિદ્ધિઓના ઉલ્લેખો જરૂર જોવા-વાંચવા મળ્યા છે. આ બધા વચ્ચે અર્ચના શર્મા અને સ્ફૂર્તિ રમનનું અંગ્રેજી પુસ્તક “India's Science Geniuses” ધ્યાનાકર્ષક બન્યું છે. Juggernaut Booksના આ પ્રકાશનમાં વિષય-વસ્તુનું નિરૂપણ બિનપરંપરાગત રીતે થયું છે. વિજ્ઞાનનાં વિવિધ ક્ષેત્રે કાર્યરત, લેખિકા અર્ચના શર્મા સહિતની, ૩૧ જેટલી પ્રતિભાઓનાં કામ અને મહત્ત્વની વાત કરતું આ પુસ્તક જે તે ક્ષેત્રમાં રહેલ ભવિષ્યની શક્યતાઓ પણ દર્શાવે છે. અહીં વિજ્ઞાનીઓની સિદ્ધિઓની વિગતો મળે છે તો તેમના વ્યક્તિત્વનાં અન્ય પાસાં પણ ઉજાગર થાય છે. ઉદાહરણ તરીકે અંધશ્રદ્ધા નિર્મૂલન માટેનાં નાટકોના નિર્માતા, લેખક અને અભિનેતા ડૉ. અયન બેનર્જી કે શાસ્ત્રીય નૃત્યાંગના અને કાવ્યરસિક સંગીતકાર સંધ્યા કૌશિકા કે પછી રાષ્ટ્રપતિના હસ્તે પોતાની કલા માટે ઍવૉર્ડ મેળવી ચૂકેલાં જાણીતાં ચિત્રકાર વેણુવ્રતા દાસનો પોતપોતાના ક્ષેત્રના અગ્રણી વૈજ્ઞાનિકો તરીકે પરિચય વાચકોને મળે છે.

અર્ચના શર્મા જિનિવા ખાતેની CERN પ્રયોગશાળામાં વરિષ્ઠ પદાર્થવિજ્ઞાની છે જ્યારે સ્ફૂર્તિ રમનની ઓળખ વિજ્ઞાનનાં પત્રકાર તરીકેની છે. 'Good particle' તરીકે ઓળખાતા Higgs boson નામના આણ્વિક કણોના સર્જન અને સંશોધન માટે આંતરરાષ્ટ્રીય સહયોગથી European Council for Nuclear Research

(CERN) સ્થપાયેલ છે. પ્રસ્તાવનામાં જ અર્ચના જણાવે છે કે તેમના શિક્ષકો જ તેમના 'રોલ મૉડલ' હતા અને તે પૈકી એક શિક્ષકે ફિઝિક્સ વિષયમાં તેમને રસ લેતાં કરેલાં. ઉત્તરપ્રદેશના ઝાંસીની એક સાધારણ છોકરીનો વિજ્ઞાનમાં રસ કેળવાતાં સ્વપ્રયત્ને વિશ્વપ્રસિદ્ધ પ્રયોગશાળાનો એક હિસ્સો બની શકવાની ઘટના નાનીસૂની સિદ્ધિ નથી. 'Nobel Dreams of India: Inspiring Budding Scientists' નામના અર્ચના શર્માના અગાઉના પુસ્તકનું અનુસંધાન આ પુસ્તકમાં પ્રાપ્ત થાય છે. દિલ્હી યુનિવર્સિટીમાંથી ન્યૂક્લિઅર ફિઝિક્સમાં Ph.D. થયા બાદ ડૉ. અર્ચના શર્મા CERN ખાતે નોબલ વિજેતા જ્યોર્જસ ચાર્પકની પ્રયોગશાળામાં જોડાયાં તે સમય પછીની તેમની શોધયાત્રા પોતાની ઊણપોને લાંઘી શિખરે પહોંચાડવાની મથામણો રજૂ કરે છે.

લેખિકાઓએ આ પુસ્તકના સ્વરૂપ વિશે સ્પષ્ટતા કરી છે કે તાજેતરમાં નોબલ પારિતોષિક મળ્યાં હોય તેવાં ક્ષેત્રોમાં કામ કરતા વિજ્ઞાનીઓની પસંદગી કરવામાં આવી છે. બાયોલૉજી, ફિઝિક્સ અને કેમિસ્ટ્રીના મૂળભૂત વિષયોને કેન્દ્રમાં રાખી તે વિષયોમાં interdisciplinary કે મૂળભૂત સંશોધન કરતા વિજ્ઞાનીઓ વિષેની જાણકારી અહીં સરળ ભાષામાં ઉપલબ્ધ બની છે. ગણિતના શોધકો અહીં સમાવિષ્ટ નથી. જોકે ગણિતના ઉપયોગથી માનવ મસ્તિષ્કની ગતિવિધિઓ જાણવા પ્રયત્નશીલ 'કૉમ્પ્યૂટેશનલ ન્યૂરોસાયન્ટિસ્ટ' શ્રીનિવાસ ચક્રવર્તીનો સમાવેશ ચોક્કસ થયો છે. 'Demystifying The Brain - A Computational Approach' નામના જાણીતા પુસ્તકના તેઓ લેખક છે. તે ઉપરાંત બધી ભારતીય ભાષાઓના લેખનમાં ઉપયોગી 'ભારતી' નામની લિપિના શોધક પણ છે. કેટલાક શોધકોને નોબલ વિજેતાઓ પાસેથી પ્રેરણા મળી છે કે પછી તેમનાં કામને આગળ વધારી નવી ક્ષિતિજો હાંસલ કરી છે. ૨૦૨૨નાં નોબલ પારિતોષિકો પૈકી ફિઝિક્સનું ઇનામ ક્વૉન્ટમ મિકેનિક્સ તથા ક્વૉન્ટમ એન્ટેન્ગલમેન્ટના ક્ષેત્રે કાર્યરત ત્રણ વૈજ્ઞાનિકોને ફાળે ગયું છે. અલ્હાબાદની હરીશચંદ્ર રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટના ડૉ. અરુણકુમાર પાતિનું ક્વૉન્ટમ કૉમ્પ્યુટર્સના વિકાસ તરફનું કામ આ જ ક્ષેત્રનો એક હિસ્સો છે.

મોટાભાગના શોધકોએ પોતાનો પોસ્ટ-ડૉક્ટરલ અભ્યાસ વિદેશની પ્રયોગશાળાઓમાં પૂર્ણ કરી ભારત પરત આવી જે તે ક્ષેત્રોના વિદેશી વિજ્ઞાનીઓનાં સહયોગ અને સંકલનમાં પોતાનું સંશોધન આગળ વધાર્યું છે. આ પુસ્તકની એક મર્યાદા એ છે કે એક-બે અપવાદ સિવાય તમામ શોધકો દેશની ટોચની સંશોધન સંસ્થાઓમાં કાર્યરત છે. રાજ્યોની યુનિવર્સિટીઓ કે કેન્દ્રીય વિશ્વવિદ્યાલયોમાં કાર્યરત શોધકોનું

પ્રતિનિધિત્વ જોવા મળતું નથી. ૩૧ પૈકી ૨૧ પુરુષો છે તે દર્શાવે છે કે સંશોધનનાં ક્ષેત્રોમાં મહિલાઓની ભાગીદારી હજુ અપૂરતી છે. એક અભ્યાસુએ આ પસંદગીમાં ઉચ્ચ ગણાતી જ્ઞાતિના શોધકોની વિશેષ સંખ્યાની તથા નાણાં અને સંસાધનોની અછત તેમજ મર્યાદા વચ્ચે ઝળહળતાં ન જણાતાં ક્ષેત્રોમાં કાર્યરત મેધાવી પ્રતિભાઓ નજરઅંદાજ થયાની ટીકા પણ કરી છે. તમામ શોધકો સ્વતંત્ર ભારતમાં જન્મેલા છે. મોટાભાગનાઓનું Ph.D. સુધીનું શિક્ષણ ભારતમાં જ થયું છે. તે ધ્યાને લેતાં કહી શકાય કે સ્વાતંત્ર્યોત્તર ભારતીય વિજ્ઞાનનું તેઓ પ્રતિનિધિત્વ કરે છે.

પુસ્તકનાં પ્રકરણો ચોક્કસ પ્રશ્ન પૂછીને શરૂ થાય છે. દા.ત. What can our cell cycle tell us about cancer? જેવા પ્રશ્નનો પ્રત્યુત્તર હૈદરાબાદના સેન્ટર ફૉર DNA ફિંગર પ્રિન્ટિંગનાં ડૉ. શ્વેતા ત્યાગીના પરિચય દ્વારા અપાયો છે. તેઓ સમાજનું ભલું કરવા ઇચ્છતાં, ભૂતપૂર્વ ખેલાડી તથા સંશોધનક્ષેત્રે મહિલાઓની ભાગીદારી વધારવા ઇચ્છતાં કૃતનિશ્ચિત વિજ્ઞાની છે. બાળકોમાં જોવા મળતા લોહીના કૅન્સર-લ્યુકેમિયા પર સંશોધન કરી રહ્યાં છે. શ્રેષ્ઠ ઉપચારો બાદ પણ માત્ર ૩% બાળદર્દીઓ જીવિત રહી શકે છે, તેવા આ રોગ માટે રોકી ન શકાય તેવી કોષવિભાજનની જટિલ પ્રક્રિયા જવાબદાર છે. રોગ સાથે સંકળાયેલા જનીનની વર્તણૂક તેમના રસનો વિષય છે. શ્વેતા જણાવે છે કે ભારતમાં વિવિધ પ્રકારના લ્યુકેમિયાની ઓળખ અને વર્ગીકરણ નિદાનના તબક્કે જ થતું ન હોવાથી અભ્યાસ માટે પૂરતા નમૂના મેળવવાનું મુશ્કેલ છે. કમભાગ્યે Mixed Lineage Leukemia નામના આ કૅન્સરથી પીડિત બાળકો માટે કોઈ અધિકૃત આંકડાકીય વિગતો હજુ ઉપલબ્ધ નથી. એક ચોક્કસ જનીનનું અન્ય જનીન સાથેનું જોડાણ રોગ માટે જવાબદાર હોવાનું શ્વેતાએ પુરવાર કર્યું છે. આ સંશોધનથી કૅન્સરના ઉપચારની કાર્યપદ્ધતિમાં બદલાવ આવવાની સંભાવના છે.

ગુજરાતનાં રાષ્ટ્રીય કક્ષાનાં શોધસંસ્થાનોના ત્રણ વૈજ્ઞાનિકો આ સંકલનમાં સ્થાન પામ્યા છે તે આનંદની વાત છે. ગાંધીનગરની ઇન્સ્ટિટ્યૂટ ઑફ ઍડ્વાન્સ્ડ રિસર્ચના ડૉ. બુધિસાગર તિવારી કોષોના વિઘટનમાં વનસ્પતિના નીલકણોની ભૂમિકા પર કામ કરે છે. ખારાશ - ગરમી - દુકાળ જેવી વિપરીત પરિસ્થિતિઓમાં પણ ટકી શકે / વિકસી શકે તેવી વનસ્પતિની જાતો વિકસાવવાની સંભાવના તેમની શોધથી ઊભી થઈ છે. સિવાપ્રિયા કિરૂબકરણ, ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઑફ ટેક્નૉલૉજી, ગાંધીનગરમાં કૅન્સરવિરોધી દવાઓમાં ઉપયોગી સંશોધન કરી રહ્યાં છે. કિરૂબકરણ પોતાના સાથીઓ સાથે નજીકની કૉલેજના વિદ્યાર્થીઓને

નિયમિત રીતે એકાદ વિષય અચૂક શીખવે છે. પોતાના શોધકાર્યનો આનંદ વહેંચવાના આ પ્રયાસોમાં તેમનું કુટુંબ પણ જોડાય છે. આ રીતે ગ્રામ્ય વિસ્તારના વિદ્યાર્થીઓને - પ્રેરિત કરે છે. પૃથ્વી પર સૂર્યના ટુકડાનું સર્જન કરવાના વૈશ્વિક પ્રયાસો માટેના ભારતીય જૂથનાં એક સભ્ય છે નડિયાદનાં સેજલ શાહ. તેઓ કૃત્રિમ સૂર્યના સર્જન માટે ભારે ઇલેક્ટ્રિકલ સાધનોની ડિઝાઇન તૈયાર કરવામાં વ્યસ્ત છે. અખૂટ શક્તિ પેદા કરવા માટે ન્યૂક્લિઅર ફ્યુઝન માટે જરૂરી પ્લાઝમા રિઍક્ટર્સ 'ટોકામેક' તરીકે ઓળખાય છે. ગાંધીનગરની ઇન્સ્ટિટ્યૂટ ફૉર પ્લાઝમા રિસર્ચનાં આ વૈજ્ઞાનિકનું કાર્ય માનવજાત માટે શક્તિના કૃત્રિમ, પરંતુ અવિરત સ્રોતના સર્જન તરફ દોરી જનારું છે. અહીં ભૂલો કરતાં-કરતાં નવું-નવું શીખતાં એક નિર્ભય મહિલાનું શબ્દચિત્ર સુપેરે ઊપસ્યું છે.

નબકુમાર માંડલ જેવા દેશના વરિષ્ઠ પાર્ટિકલ ફિઝિસિસ્ટનો પરિચય વીજભાર વિહીન ન્યૂટ્રિનો નામના કણો અંગેના આંતરરાષ્ટ્રીય સંશોધનના ઇતિહાસની ઝાંખી કરાવે છે. શિક્ષણ અને સંશોધન ક્ષેત્રે મોટાપાયે નાણાકીય રોકાણના તેઓ હિમાયતી છે. આધુનિક આંતરમાળખાકીય સગવડો ધરાવતા 'મેગા સાયન્સ પ્રોજેક્ટ્સ' દેશની પ્રગતિ માટે જરૂરી હોવાનું તેઓ માને છે. સંધ્યા કૌશિકા નામનાં જીવવિજ્ઞાની પણ અભ્યાસ માટે જરૂરી અને પૂરતાં સાધનો - instrumentsની જરૂરત પર ભાર મૂકે છે. ગુરુત્વાકર્ષણ પર સંશોધન કરનાર સી. એસ. ઉન્નીકૃષ્ણને હંમેશાં વણખેડાયેલા પંથે સાહસયાત્રાઓ કરી છે. બૉઝ-આઇન્સ્ટાઇન કન્ડન્સેટ નામના પદાર્થના નવા સ્વરૂપની ભારતમાં સર્વ પ્રથમ રચના કરવાની સિદ્ધિ તેમના જૂથને મળેલી. ૨૦૧૭ના ફિઝિક્સના નોબલ પારિતોષિકના સાઇટેશનમાં ઉન્નીકૃષ્ણનના સંશોધનનો ઉલ્લેખ જરૂરી બનેલો. તેઓ કહે છે કે ઇનામો મેળવવાની તથા વધુ રિસર્ચ પેપર્સ પ્રસિદ્ધ કરવાની દોડને કારણે યુવાનો મૂળભૂત સંશોધનોથી દૂર રહે છે. ઘણા શોધકો જોખમ ખેડીને નવાં ક્ષેત્રોમાં કામ કરવા માગતા નથી. તેને તેઓ ચિંતાજનક ગણાવે છે.

અહીં પદ્મભૂષણ વિકાસ સિંહા (ન્યૂક્લિઅર સાયન્સ), સોમક રાયચૌધરી (ઍસ્ટ્રોફિઝિક્સ), સંજય વાટેગાંવકર (કેમિકલ સાયન્સીસ), પદ્મશ્રી રોહિણી ગોડબોલે (હાઈએનર્જી ફિઝિક્સ) અને અન્નપૂર્ણી સુબ્રમનિયમ્ (ઍસ્ટ્રોફિઝિક્સ) જેવાં વરિષ્ઠ વૈજ્ઞાનિકો પણ સામેલ છે, જેમણે પોતપોતાના ક્ષેત્રમાં નેત્રદીપક સંશોધનો કરવાની સાથેસાથે સંખ્યાબંધ વિદ્યાર્થીઓને પ્રેરણા પૂરી પાડી છે. સરવાળે આ પુસ્તક યુવાન સંશોધકો માટે પથદર્શક હોવાની સાથેસાથે વિજ્ઞાનરસિકોને ભેટ આપવા યોગ્ય પણ છે.

E-mail : dipakjoshi3057@gmail.com

❑❑❑

પરંપરાભંજક ફિલ્મસર્જક જ્યાં લુક ગોદાર



☐ વિનોદ પટેલ

ફ્રેન્ચ ડૉક્ટર પિતા પૉલ ગોદાર અને ફ્રાન્કો-સ્વિસ માતા ઓડિલનાં સંતાન તરીકે સુખી પરિવારમાં ૩ ડિસેમ્બર, ૧૯૩૦માં જ્યાં લુક ગોદારનો જન્મ થયો હતો. તેમનું બાળપણ પારિસ અને સ્વિટ્ઝર્લેન્ડના ન્યોનમાં ગુજર્યું હતું. ઉનાળાની રજાઓ તેઓ તેમનાં નાના-નાનીના મોનોડ પરિવારની સેવૉય એસ્ટેટમાં ગાળતા. પ્રોટેસ્ટન્ટ ધર્મ પાળતા મોનોડ ખાનદાનમાં સાહિત્ય, રમતગમત અને ધર્મનું વાતાવરણ છવાયેલું રહેતું હતું. ગોદારના જીવન પર તેમના આ પ્રોટેસ્ટન્ટ સંપ્રદાયના ઉછેરની મોટી અસર રહી છે.

બીજા વિશ્વયુદ્ધ બાદ ગોદારનાં માતાપિતાની વચ્ચે વર્ગભેદના કારણે સંબંધો વણસી ગયા અને તેની અસર કિશોર ગોદાર પર પડી. ગોદારને ક્લેપ્ટોમેનિયા એટલે કે નાની-નાની ચોરી કરવાની ટેવ પડી અને તેને કારણે તેમને એક વાર જ્યુરિકમાં જેલની સજા પણ ભોગવવી પડી હતી. મોનોડ ખાનદાને ગોદાર સાથે સંબંધ કાપી નાખ્યો, જેના કારણે પડેલા ઘાને રુઝાતા સમય લાગ્યો હતો, પણ નાના પૉલ વાલેરી નામના તે સમયના મહાન કવિના ગાઢ મિત્ર હતા. પૉલ વાલેરીનું પુસ્તક આન્દ્રે જિદ્દ દ્વારા સ્થાપિત ગાલિમાર્ડ પ્રકાશન દ્વારા પ્રકાશિત થવાને પગલે કિશોર ગોદારની પણ ગાલિમાર્ડ દ્વારા તેની નવલકથા પ્રકાશિત થાય તેવી આકાંક્ષા હતી. પણ સાહિત્યનો સદીઓ જૂનો ઇતિહાસ

હતો અને તેમાં જે મોનોડ ખાનદાનનો દબદબો હતો તેમણે ગોદાર સાથે છેડો ફાડી નાખ્યો હતો.

પરિણામે યુવાન ગોદારે નવલકથા લખી નામના રળવાનો વિચાર પડતો મૂકી તે સમયે પારિસમાં શરૂ થયેલી ફિલ્મ ક્લબમાં સિનેમા જોવાની મજા માણી. તેમના પરિવારમાં જેના પર પાબંદી હતી તે પ્રકારની કેળવણી આ સિનેમા પૂરી પાડી રહી હતી અને આ ફિલ્મ ક્લબમાં જ તેમને નવા મિત્રો મળ્યા જેમની સંગતમાં તેમણે વિશ્વ સિનેમાની દિશા પલટનાર ન્યૂ ફ્રેન્ચ વેવ સિનેમાના અધ્યાય શરૂ કર્યા. એ સમયે તેમના મિત્રોમાં ફ્રાંઝવા ત્રૂફો, એરિક રોમેર, જેક્વસ રિવેટ અને ક્લાઉદ છાબ્રોલનો સમાવેશ થતો હતો. સ્વભાવ અને પસંદગીમાં ઉત્તર-દક્ષિણનો ફરક હોવા છતાં આ ટોળકી સાહિત્યિક છાંટ ધરાવતી ફ્રેન્ચ સિનેમાની ટીકા કરવામાં અને પારિસનાં સિનેમાઘરોમાં ઠલવાઈ રહેલી હોલિવૂડની ફિલ્મોને આવકારવામાં એકમતી ધરાવતી હતી. ઍટલાન્ટિક પારથી આવી રહેલા નવા સિનેમા અને હેન્રી લેંગ્લોઈસના સિનેમાથેકમાં મૂક ક્લાસિકનો સ્વાદ ચાખ્યા બાદ ગોદાર આણિ મંડળીએ વિખ્યાત ફિલ્મ સામયિક ચેશાયર દુ સિનેમામાં હોલિવૂડની લોકપ્રિય ફિલ્મોનો બચાવ કર્યો એટલું જ નહીં પણ તેના દિગ્દર્શકો પશ્ચિમના સાહિત્ય સ્વામીઓ કરતાં ઊતરતા નથી તેવી રજૂઆત પણ કરી.

૧૯૫૦માં ચેશાયર માટે ગોદારે ફિલ્મ *નો સેડ સૉન્ગ્સ ફૉર મી*નો રિવ્યૂ કર્યો તેમાં એમણે પોતાની વાત રજૂ

જ્યાં લુક ગોદારે ૨૦૧૦માં સ્વિસ ફિલ્મસર્જક લાયોનેલ બાઇરને બે કલાક લાંબો ઇન્સ્ટાગ્રામ ઇન્ટરવ્યૂ આપી આશ્ચર્ય સર્જ્યું હતું.





ગુડ બાય ટુ લેંગ્વેજ ૩ ડી ફિલ્મનું એક દૃશ્ય.

કરવા પ્લેટો અને સ્ટેન્ધાલને ટાંક્યા હતા. ગોદારના મતે સાહિત્યથી ઊલટું સિનેમા અભિવ્યક્તિનું પ્રમાણમાં નવું માધ્યમ હતું અને તેના પર પરંપરાનો ભાર નહોતો. બાદમાં એક મુલાકાતમાં ગોદારે જણાવ્યું હતું કે લેખનમાં મને ચોક્કસ પ્રકારની લઘુતાગ્રંથિ અનુભવાતી હતી, પણ સિનેમા બાબતે મને કોઈ હીનતા અનુભવાતી નહોતી. સિનેમા એ સમયે નવી સદીની વિશિષ્ટ સાક્ષી તરીકે ઊભરી રહી હતી, જેમાં વાસ્તવિકતાને યથાતથ ઝીલવાની સુવિધા હતી. ગોદારે કહેલું કે સિનેમામાં આપણે વાસ્તવમાં જોઈએ છે તેમ છોકરા-છોકરી બતાવી શકાતાં હતાં.

એ સમયે સિનેમા યુવાન કળા હતી અને તે યુવાનો માટેની કળા હતી. ગોદારની ફિલ્મોમાં યુવાન હૈયા શહેરમાં ફરે ત્યારે શહેરની કેવી છબિ ઝિલાય તે તાદૃશ થયું છે. ગોદારની ફિલ્મોમાં યુવાનીની આ તાજગી સદાય જળવાઈ રહી હતી. ગોદાર ક્યાંક વાસ્તવિકતાથી નાખુશ થયા હશે, પરંતુ વર્તમાન સાથે તેમણે હંમેશાં સંવેદનશીલ નાતો જાળવી રાખ્યો હતો.

ગોદારને ૧૯૭૧માં મોટરસાઇકલનો જીવલેણ અકસ્માત થયો તે પછી તેમને જીવનમાં અગ્રક્રમો બદલવાની જરૂર જણાઈ હતી. તેઓ ત્રીજી પત્ની એન મેરી મિવિલ સાથે પારિસ છોડીને ગ્રેનોલ જઈને વસ્યા હતા. દરમિયાન ન્યૂ વેવની સાથે યુવા પેઢીની ચમક પણ ફિકી પડી હતી. નવા શહેર ગ્રેનોલમાં ગોદારે વીડિયો ટૅક્નૉલૉજીનો કક્કો ઘૂંટી તેમાંથી પ્રેરણા મેળવી. એ પછી ગોદારે ફરી એક વાર સિનેમા ક્ષેત્રે પુનરાગમન કર્યું. હવે અનુભવે ઘડાયેલા ગોદારે તેમની કારકિર્દીની ટોચ સમાન *હિસ્ટરી દુ સિનેમા* આપી. આખી દુનિયામાં સિનેમાની શતાબ્દીની ઉજવણી થઈ રહી હતી ત્યારે ગોદારે ૧૯૮૮થી ૧૯૯૯ના દશકમાં પોતાના

સમગ્ર નિચોડને સિનેમાના ઇતિહાસમાં ઢાલવ્યો હતો. આ અરસામાં ગોદારને સિનેમાનું મરણ કળાયું હતું. ગોદારના મરણ પછી પણ આજે સિનેમા હયાત છે, પણ તે અગાઉ કરતાં રાંક બની હોવાનું નકારી શકાય તેમ નથી.

કળાની કથામાં સિનેમાને પહેલી હરોળમાં સ્થાન મળ્યું હોય તો તેમાં ગોદારે તેમની કારકિર્દી દરમિયાન બનાવેલી વીસેક જેટલી ફીચર ફિલ્મોનો સિંહફાળો સ્વીકારવો જ પડે તેમ છે.

ગોદાર શરૂઆતમાં માર્ક્સવાદી વિચારસરણીના પ્રભાવ હેઠળ હતા ત્યારે તેમણે ફ્રાન્સ - અલ્જિરિયા વચ્ચેના યુદ્ધનો ચિતાર આપતી *લા પેટિટ સોલ્દાત* ફિલ્મ બનાવી હતી. તેમની આ બીજી જ ફિલ્મ પર ફ્રાન્સ સરકારે પ્રતિબંધ મૂકી દીધો હતો. જોકે ૬૦ના દાયકાના અંત સુધીમાં તો તેમના મગજ પરથી માર્ક્સવાદનું ભૂત ઊતરી ચૂક્યું હતું, પણ તેમણે રાજકીય મત માંડવા બાબતે કદી અવઢવ અનુભવી નહોતી. ૧૯૮૭માં તેમણે *કિંગ લિયર* ફિલ્મ બનાવી ત્યારે તેની પશ્ચાદ્‌ભૂમાં ચેર્નોબિલની અણુદુર્ઘટના હતી. તો ૧૯૯૬માં બનાવેલી *ફૉર એવર મોત્ઝાર્ટ* ફિલ્મમાં તેમણે યુગોસ્લાવિયાના આંતરવિગ્રહની વાત વણી લીધી હતી. તો ૨૦૧૦માં એમણે બનાવેલી ફિલ્મનું નામ જ *ફિલ્મ સોશ્યલીઝમ* રાખ્યું હતું. એક ફિલ્મસર્જક તરીકે એમણે હંમેશાં નવાં નિશાન સાધવાની ખેવના રાખી હતી. શરૂઆતની ફિલ્મોમાં એમણે સિનેમામાં કશું પણ બની શકે તેવો અભિગમ અપનાવી સિનેમાને અભિવ્યક્તિનું સબળ માધ્યમ બનાવવામાં મહત્ત્વની ભૂમિકા ભજવી હતી તો બાદમાં સિનેમાના માસ્ટર તરીકે તેમણે આ માધ્યમની શક્યતાઓને એટલી બધી વિસ્તારી હતી કે જાણે તે યુવાન પેઢીને પડકાર ફેંકી કહેતા ન હોય કે આવું કશું કરી બતાવો તો ખરા. જીવનના આખરી તબક્કામાં તે પારિસ છોડીને સ્વિત્ઝર્લેન્ડના નાનકડા રૉલ નગરમાં રહેતા હતા. તેમનો લાંબા સમય સુધીનો સહયોગી સિનેમેટોગ્રાફર રાઉલ કોર્ટાડ આ શહેરને રમૂજમાં રૉલીવૂડ કહેતો હતો.

જીવનના અંતિમ તબક્કામાં પણ ગોદારે ઇમેજીસ દ્વારા જીવનને તપાસવાની કામગીરી બંધ કરી નહોતી. તેમણે ૧૩ સપ્ટેમ્બર, ૨૦૨૨ના રોજ ઇચ્છામૃત્યુ સ્વીકારી વિદાય લીધી ત્યારે પણ તેઓ બે નવી ફિલ્મો પર કામ કરી રહ્યા હતા. ૨૦૧૮માં આવેલી તેમની અંતિમ ફિલ્મ *ધ ઇમેજ બુક*માં આખરી ક્ષણમાં પડદો કાળો ધબ થઈ ગયા બાદ ગોદારનો અવાજ રણકે છે, અમે જેવી આશા રાખી હતી તે પ્રમાણે ભલે કશું ન બન્યું હોય, પણ અમે જે આશા રાખી હતી તેને નકારી કાઢી શકાશે નહીં.

❑❑❑



પ્રમુખનું પ્રવચન*

☐ સુરેન્દ્રલાલ ગિ. મહેતા

પ્રિય મિત્રો,

આપ સૌને હું હાર્દિક શુભેચ્છાઓ અને શુભકામનાઓ પાઠવું છું.

આપણે બે વર્ષ બાદ ફરી મળી રહ્યા છીએ. હવે એવું લાગે છે કે કોરોના મહામારીની આપત્તિને લીધે આપણા પર આવેલા પીડાદાયક સમયગાળામાંથી આપણું રાષ્ટ્ર અને વિશ્વ લગભગ બહાર આવી ગયાં છે. કોરોના દરમિયાન થયેલાં મૃત્યુ અને પીડિતોની વેદના પરત્વે આપણે શોક વ્યક્ત કરીએ છીએ. હિંમત અને સમર્પણની ભાવના સાથે જે પણ ભાઈ-બહેનો આ મહામારીનો પ્રતિકાર કરવા મોખરે રહ્યાં છે તેમને વંદન કરીએ છીએ. અલબત્ત, આપણી સાવચેતીને ઓછી ન કરવી જોઈએ, કારણ કે આ દાનવ હજુ પણ હુમલો કરી શકે છે.

હું હંમેશાં માનતો આવ્યો છું કે ભવનનું સંચાલન આપણે નથી સંભાળતા. ભગવાન અને ભગવતી માતા જ બધું સંભાળે છે. આપણે તો માત્ર નિમિત્ત છીએ. સંકટના આ સમયગાળા દરમિયાન ફરી એકવાર આ વાત સાબિત થઈ ગઈ છે.

---

* ભારતીય વિદ્યા ભવનની વાર્ષિક કાઉન્સિલ મિટિંગ, મંગળવાર તા. ૨૭ સપ્ટેમ્બર, ૨૦૨૨ના અપાયેલું વક્તવ્ય

એવું નથી કે આપણે અકલ્પનીય મુશ્કેલીઓ અને મોટા અવરોધોનો સામનો નથી કર્યો. પરંતુ હકીકત એ છે કે આપણે આ પરિસ્થિતિને અનેક શક્તિશાળી સંસ્થાઓ કરતાં વધુ સારી રીતે પાર કરી શક્યા છીએ, જે સ્પષ્ટપણે દર્શાવે છે કે ભગવતી માતાએ હંમેશાં આપણું રક્ષણ કર્યું છે અને સતત માર્ગદર્શન પૂરું પાડ્યું છે. એમની અસીમ કૃપાથી આપણે સંપૂર્ણ રીતે ફરી પાટે ચઢી ગયા છીએ.

હું કેન્દ્રીય ભવન, તેનાં તમામ કેન્દ્રો, એકમો અને સંસ્થાઓના માનદ અધિકારીઓ તેમજ કર્મચારીઓને તેમની સખત મહેનત અને સમર્પણ માટે આભાર સાથે અભિનંદન આપું છું.

છેલ્લાં બે વર્ષ દરમિયાન, ભવન પરિવારે ભવનનાં અગરતલા, અમદાવાદ, ભુવનેશ્વર, પુણે, શિવમોગા, વાલાંચેરી, પંચકુલા, કોડુંગલુર અને નડિયાદ કેન્દ્રોના અધ્યક્ષ સહિત તેના ઘણા સભ્યો ગુમાવ્યા છે. શ્રી જીતુભાઈ ત્રિવેદી અને શ્રી કુલવંત સિંહ ભવનનાં નડિયાદ અને પંચકુલા કેન્દ્રોના સ્થાપક હતા. આ મહિને જ અમે અમારા કાઉન્સિલના સભ્ય શ્રી જહાંગીર અદિ વાડિયાને ગુમાવ્યા છે. તેઓ વાડિયા ટ્રસ્ટના અધ્યક્ષ હતા. છેલ્લા ઘણા સમયથી તેઓ અંધેરીની આપણી વાડિયા સ્કૂલને દર વર્ષે ૫૦ લાખ રૂપિયાનું દાન આપતા હતા.

ભવન લંડન કેન્દ્રના સ્થાપક ટ્રસ્ટીઓમાંના એક અને ભવનનાં કાર્યોને સંપૂર્ણ રીતે સમર્પિત વ્યક્તિ, પદ્મશ્રી ડૉ. જોન મારનું આ વર્ષે જૂનમાં નિધન થયું. તેઓ ૯૫ વર્ષના હતા. આપણાં અલ્હાબાદ અને અગરતલા કેન્દ્રોના નિદેશકોનું પણ અવસાન થયું છે. ભવનના ન્યૂ યૉર્ક સેન્ટરના નિદેશક શ્રી દીપક દવે લાંબા કોરોનાના વિરામ બાદ ઑફિસે આવ્યા અને અચાનક હૃદયરોગનો ઘાતક હુમલો આવતાં એમની ખુરશીમાં જ મૃત્યુ પામ્યા.

આ ઉપરાંત બીજી દુ:ખદ ઘટના મુંબઈ ભવન કલા કેન્દ્રના નિયામક શ્રી કમલેશ મોતાનું આકસ્મિક મૃત્યુ હતું. તેઓ માત્ર ૫૬ વર્ષના હતા. ગુજરાતી રંગમંચના જાણીતા અભિનેતા અને દિગ્દર્શક હતા. આપણા નાગપુર કેન્દ્રના ભૂતપૂર્વ નિયામક શ્રી ટીજીએલ ઐયરનું પણ અવસાન થયું. તેઓ મહાન પ્રશાસક અને અદ્‌ભુત માણસ હતા. ભવનના સંસ્કૃત વિભાગના ભૂતપૂર્વ અધ્યક્ષ પ્રો. સુરેશ ઉપાધ્યાય પણ અવસાન પામ્યા. અન્ય કેટલાક પ્રતિષ્ઠિત સાથીઓ પણ સ્વર્ગસ્થ થયા. આપણે આ તમામ સમર્પિત ભવનીયોને આપણી પ્રાર્થના દ્વારા શ્રદ્ધાંજલિ આપીએ છીએ.

ભવનમાં, જૂનું ધીમે-ધીમે નવાને આવકારી રહ્યું છે. આ સંક્રાન્તિ સમયે, ભવન પરિવારના પ્રમુખ તરીકે ભવન સાથેના મારા લગભગ સાઠ વર્ષના અનુભવોનો સાર હું તમારી સમક્ષ રજૂ

કરવા માગું છું.

સમગ્ર વિશ્વ અણધાર્યા અને કઠિન સમયમાંથી પસાર થઈ રહ્યું છે. માનવીને ધીમે-ધીમે અનુભૂતિ થઈ રહી છે કે ભૌતિક સુખો અને પ્રગતિ માટે વિચાર્યા વગરની આંધળી દોટ મનુષ્યના માત્ર નિજી સ્વભાવને જ નહીં, પણ મનુષ્યને પરમાત્મા સાથે જોડનાર માનવીય મૂલ્યોને પણ નષ્ટ કરી રહી છે.

આવા સંજોગોમાં, ભવને તેની નૈતિકતા જાળવી રાખવી પડશે. આ જ કારણ છે કે ભવને ઘણા અણધાર્યા અવરોધોને પાર કરીને સતત આગળ વધવાનું ચાલુ રાખ્યું છે. પરંતુ આપણે એવા સમયમાં પ્રવેશ્યા છીએ કે જેમ-જેમ આગળ વધીએ છીએ તેમ-તેમ આ અવરોધો વધુ ને વધુ ઊંચા અને મજબૂત થતા જાય છે. તેથી આપણે વધુ સતર્ક રહેવું પડશે અને નૈતિક મૂલ્યો સાથે સમાધાન કરવાને બદલે અપાર મહેનત કરવી પડશે. ગયા વાર્ષિક સંબોધનમાં મેં જે રીતે કહ્યું હતું તેમ : વ્યાવહારિકતા અને ઉપયોગિતા જાળવવાં પ્રમાણમાં અનુકૂળ અને સરળ છે. કામમાં વેઠ ઉતારવાનો સૌથી ટૂંકો રસ્તો ખૂબ જ લલચામણો છે, પરંતુ એ અનિવાર્યપણે આપત્તિને આમંત્રણ છે.

આપણા સમયની એક મોટી મુશ્કેલી એ છે કે રાજકારણે ઘણા માનવીય પ્રયાસમાં પ્રવેશવાના પ્રયાસ કર્યા છે. જે તેને દૂર રાખવાનો પ્રયત્ન કરે છે, તે લોકોના દરવાજા જોરશોરથી ખટખટાવી રહ્યું છે. એમાંથી કોઈ જ બાકાત નથી. હું અને દસ્તુરજી જાણીએ છીએ કે તેનાથી દૂર રહેવા અમારે કેવા કેવા પ્રયત્નો કરવા પડ્યા. અહીં, હું મારા ૨૦૧૯ના વાર્ષિક સંબોધનમાંથી તેને લગતા સંવાદો પર ધ્યાન દોરવા માંગુ છું:

"ભવન એ બિનરાજકીય સંસ્થા છે અને તે ભવનના સૌથી મૂળભૂત આશયોમાંનો એક છે. આપણને આજના રાજકારણ સાથે કોઈ લેવાદેવા નથી. સરકારો આવશે અને જશે, વિચારસરણી બંધાશે અને તૂટશે, એમાં આપણી સામેલગીરી તસુભાર જેટલી પણ હોવી ન જોઈએ, ભલે ગમે તે થાય. ક્યારેક સત્તાના કેન્દ્રની નજીક જવાનું ખૂબ જ આકર્ષક હશે, પરંતુ આપણે તે લાલચને ખાળવી પડશે. આપણે સહકાર આપી શકીએ, પરંતુ ક્યારેય સંકળાઈ શકીએ નહીં. આપણી નિસબત માત્ર માનવીય મૂલ્યોને પકડી રાખીને આપણા શૈક્ષણિક, સાંસ્કૃતિક અને સામાજિક સેવા અભિયાન પર ધ્યાન કેન્દ્રિત કરવાની હોવી જોઈએ. આપણે બીજાની ટીકા કે સ્પર્ધા કર્યા વિના આપણા પોતાના માર્ગ પર ચાલીએ. શાંતિપૂર્વક કરેલું ઉમદા કાર્ય આપોઆપ બોલશે."

સમગ્ર વિશ્વમાંથી અનેક મહાન વિભૂતિઓએ ભવનના કાર્યને બિરદાવવા આપણી સંસ્થા માટે અનેક વિશેષણોનો ઉપયોગ કર્યો છે. ફરીથી, હું મારા ૨૦૧૯ના વાર્ષિક સંબોધનમાંથી

અવતરણ ટાંકું છું :

"આપણે અપ્રતિમ છીએ, કારણ કે આપણે બિનરાજકીય છીએ અને સમગ્ર રાષ્ટ્રના છીએ. આપણે આપણી અપ્રતિમતાને કોઈપણ ભોગે જતનપૂર્વક જાળવી રાખવાની છે. આપણું મુખ્ય લક્ષ્ય ભવનના આદર્શને નૈતિક અને આચરણશીલતા દ્વારા વળગી રહી ભવનના કાર્યને આગળ ધપાવવાનું છે. આપણે રાજકારણ સાથે જરા પણ સંકળાયા તો આપણી આ 'અપ્રતિમતા'ને પારાવાર નુકસાન થશે. આપણે એવું ન બને તે માટે તત્પર રહેવાનું છે. આપણા અંગત ગમા અને અણગમા, રાજકીય વિચારધારા, ધારણા અને પૂર્વાભાસો ભલે ગમે તે હોય પણ એને ભવનની કાર્યપ્રણાલીમાં હસ્તક્ષેપ કરવા ન દેવાય."

મુનશીજીએ ભવન માટે જે ત્રણ મૂળ મંત્રો નક્કી કર્યા હતા તેનું આપણે પાલન કરવું જોઈએ.

૧. "आ नो भद्राः क्रतवो यन्तु विश्वतः।" દરેક દિશાએથી અમને શુભ અને સુંદર વિચારો પ્રાપ્ત થાઓ.

૨. "सर्व धर्म समभाव।" બધા ધર્મો માટે સમાન આદર અને પ્રેમ.

3. "वसुधैव कुटुम्बकम्।" વિશ્વ એક કુટુંબ છે.

એનો અર્થ એ કે જાતિ, સંપ્રદાય, ધર્મ, ભાષા, પ્રદેશ, વર્ણ વગેરેના નામે માણસ અને માણસ વચ્ચે ઊભી કરેલી દીવાલો ભવન માટે અસ્તિત્વમાં જ નથી. આપણે દરેક મનુષ્યને એક માનવ તરીકે જોઈએ છીએ, જેમાં દૈવી તત્ત્વ બિરાજમાન છે. જ્યાં સુધી આપણે આ માર્ગથી ભટકીશું નહીં ત્યાં સુધી હું તમને ખાતરી આપું છું કે ભવન આવી જ રીતે ટકી રહેશે અને સમૃદ્ધ થશે.

આપ સૌ સભ્યોને જો યાદ હોય તો છેલ્લાં ચાર-પાંચ વર્ષથી, હું તમને બધાને વિનંતી કરું છું કે આપણા દસ્તૂરજી પાસેથી જવાબદારી સંભાળી શકે એવા સુયોગ્ય મુખ્ય સહાયકની પસંદગી કરવામાં મદદ કરો. એમાં ભગવતી માતાએ આપણી પ્રાર્થનાનો પ્રતિસાદ આપ્યો છે. દસ્તૂરજીએ તમને બધાને જાણ કરી છે તેમ, અમે શ્રી જગદીશ પ્રકાશ લાખાણીને ભવનમાં જૉઇન્ટ એક્ઝિક્યુટિવ સેક્રેટરી અને રજિસ્ટ્રાર તરીકે નિયુક્ત કરવામાં સફળ થયા છીએ, જેથી આપણે દસ્તૂરજીને CEO તરીકે બઢતી આપી શકીએ.

ગાંધી અને લાખાણી ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ પેઢીની સ્થાપના જગદીશના પિતા શ્રી પ્રકાશ લાખાણી અને તેમના મિત્ર શ્રી નલિન ગાંધી દ્વારા કરવામાં આવી હતી. તેઓ પણ એક પ્રતિબદ્ધ ભવની છે. આ પેઢી પ્રથમ ઇન્ટર્નલ ઑડિટર તરીકે અને પછી સ્ટેટ્યુટરી ઑડિટર તરીકે દાયકાઓથી ભવન સાથે સંકળાયેલી છે. જગદીશના પિતા ચુસ્ત ભવની હતા. તેમણે ભવનની શક્ય એટલી દરેક બાબતે મદદ

કરીને પોતાની ફરજ બજાવી હતી. દા.ત. આ સદીની શરૂઆતનાં વર્ષોમાં ભવનને જે દુ:ખદ સંકટનો સામનો કરવો પડ્યો હતો, એવા સમયે પ્રકાશ પહેલા દિવસથી આપણા દસ્તૂરજી સાથે ઢાલ બની ઊભા રહ્યા હતા.

તેમના અવસાન પછી, જગદીશ પેઢીના ભાગીદાર અને ભવનના સ્ટેટ્યુટરી ઑડિટર બન્યા. એમના પિતાની જેમ જ તેઓ પણ ભવન પ્રત્યે એટલા પ્રતિબદ્ધ હતા કે ભવનના હિસાબ અને નાણાકીય વહીવટમાં મદદ કરવા તેઓ દરરોજ ત્રણથી ચાર કલાક ભવનની હેડ ઑફિસમાં આવતા હતા.


જગદીશ ૪૫ વર્ષના છે, તેઓ બાળપણથી જ ભવનની સંસ્કૃતિમાં રંગાઈ ગયા છે. મને નથી લાગતું કે ભવનને એમનાથી વધુ સારી કોઈ વ્યક્તિ મળી શકી હોત! હું આને ભગવતી માતાની ભવન પર વધુ એક કૃપા માનું છું. જગદીશ નવમી નવેમ્બર, ૨૦૨૧ના રોજ સત્તાવાર ભવનમાં જોડાયા. મને ખાતરી છે કે તેઓ ઓછામાં ઓછા ચાર દાયકા સુધી ભવનની સેવા જરૂર કરશે. હું પ્રાર્થના કરું છું કે ભગવાન એમને સારું સ્વાસ્થ્ય અને દીર્ઘ આયુષ્ય આપે. આપણે બધા તાળીઓના ગડગડાટ સાથે એમનું સ્વાગત કરીએ.

અંતે, હું તમારા સ્નેહ, વિશ્વાસ અને પ્રોત્સાહન બદલ આભાર વ્યક્ત કરવા માગું છું. હું એક્ઝિક્યુટિવ સમિતિના તમામ સભ્યો, કાઉન્સિલ અને ટ્રસ્ટી મંડળ, કેન્દ્રના અધ્યક્ષો અને અન્ય પદાધિકારીઓનો તેમનાં સમર્થન, માર્ગદર્શન અને સખત મહેનત બદલ આભાર માનું છું.

આપણા ખાંડવાલાજી આગામી જાન્યુઆરીના પ્રથમ સપ્તાહમાં તેમના સુખદ જીવનનાં ૯૦ વર્ષ પૂર્ણ કરશે. તેઓ દરરોજ થોડા કલાક માટે ઑફિસમાં હાજર રહે છે. એમની ઊર્જા અને ઉત્સાહ અદ્ભુત છે, તેઓ ભવનને આમ જ એમની સેવા આપતા રહે અને ૨૦૩૩માં તેમની સદીની ઉજવણી કરવાની તક આપે. જોકે હું હંમેશાં અનુભવ કરું છું, આપણા સભ્યો ભવનની સૌથી કીમતી મૂડી છે. એમની સેવાની ભાવના, સમર્પણ અને ભવન પ્રત્યેનો લગાવ હૃદયસ્પર્શી છે.

સમગ્ર ભવન પરિવારના સભ્યોમાં સ્નેહ, એકતા, સંવાદિતા અને ભવની હોવાના ગૌરવની ભાવના પ્રવર્તે. પરમાત્માની કૃપા ભવન તરફ અવિરત વહેતી રહે.

આભાર.



સુરેન્દ્રલાલ ગિ. મહેતા
(પ્રમુખ)

મુંબઈ
૨૭ સપ્ટેમ્બર, ૨૦૨૨



સેવમમરા : એક અનોખું યુગલ

☐ બકુલેશ દેસાઈ

ખાધેપીધે હું 'હાર્ડકોર' સુરતી છું. દરેક બાબત ખાવાપીવાની પરિભાષામાં જ સમજાવી શકું છું. જેમ કે કોઈ મને આદર્શ અને વિશિષ્ટ યુગલનું ઉદાહરણ પૂછે તો હું સેવમમરાનું નામ લઉં! શિવપાર્વતી, સીતારામ, રાધાકૃષ્ણ વગેરે પુરાણપ્રસિદ્ધ ને દિવ્ય, ભવ્ય યુગલોની જોડાજોડ સેવમમરાનું પણ સ્થાન છે, એવું હું નમ્રપણે માનું છું.

જોકે વિદગ્ધ અને પ્રબુદ્ધજનોની લાડકી ગુજરાતી વાનગીઓ જેવી કે શ્રીખંડ-પૂરી, ખીચડી-કઢી યા દાળભાતની જોડી આગળ સેવમમરાને તેનું ઉચિત સ્થાન/માન મળવાનું હજી બાકી છે એવું મને લાગે છે. આપણે ત્યાં દેખાવ, ગુણ કે કામગીરીની રીતે કેટલાંક યુગલો 'જુગતે જોડી' જેવાં હોય છે. પ્રથમ દૃષ્ટિએ જ તેઓ એકમેકનાં ચાહક અને પૂરક જણાઈ આવે છે. જેમ કે ભાઈ ડૉક્ટર હોય તો બહેન પેથોલૉજિકલ લૅબ. ચલાવતાં હોય છે. ભાઈ ઇન્વેસ્ટર-ઍડ્વાઇઝર હોય તો બહેન બૅન્ક કે વીમા કંપનીમાં જૉબ કરતાં હોય છે.

પરંતુ કેટલાંક યુગલો એકમેકથી

વિપરીત ગુણો કે ખાસિયત ધરાવતાં હોય, છતાં મોજથી સહજીવન માણે છે. ઉંમરની રીતે કેટલાંક યુગલો વચ્ચે મોટું અંતર હોય છે તો પણ તેઓ સુખી હોય છે. આવાં 'MAY-DECEMBER' યુગલો ઉપરાંત કોઈ-કોઈ યુગલ 'લુક્સ'ની રીતે શોભીતું ન હોય તો પણ તેઓ મસ્તીથી જીવે છે. એ અર્થમાં મારે તમને સેવ અને મમરાથી પરિચિત કરાવવાં જોઈએ. સેવમાં 'લાવણ્ય' ભર્યું છે, જ્યારે મમરા દેખાવે શ્વેત-નિર્મલ અને સ્વાદે ફિક્કા હોય છે, જોકે એમાં ક્યારેક હળધર-પ્રાપ્ત પીળાશ પડતી સોનેરી ઝાંય જોવા મળે તો તેને સેવના સંગનો લાગેલો રંગ જ સમજવો... અને આવો આંતરવિરોધ જ તેમને સાથે ને સાથે જોડાયેલાં રાખે છે, તે નોંધવું ઘટે.

મારા એક પરિચિત સંગીતકાર મોટી ઉંમરે એક યુવાન ગાયિકાને પરણ્યા. પછી પેલીએ તો પેલાનો 'મેક-ઓવર' જ કરી નાખ્યો. ભાઈનો નવો 'ગેટઅપ' જોવા જેવો (અને તેની પીઠ પાછળ મશ્કરી કરવા જોગ) બની રહેલો! ભાઈના વાળે રજતવરણી ઝાંય ત્યજીને મેઘવરણી બાદલ-ઘટા અપનાવી લીધી. તેમનાં ચશ્માં પણ મોંઘામાંનાં, જે હવે 'આઇ-વેર'ની સંજ્ઞાથી ઓળખાય છે એવાં ફૅન્સી ને મોંઘાં થઈ ગયાં. એવું જ ભાઈનાં વસ્ત્રો ને પગરખાં બાબત પણ થયેલું.

એવું જ મમરા સરનું પણ થઈ ગયું, સેવ સાથેનું સહજીવન શરૂ થયું તે પછી... એ બેઉનું એકત્વ સધાયા બાદ આછીઓછી ખારાશ... દબાતી તીખાશ ને લસણની મંદ-મંદ ગંધ પણ ઉમેરાઈ ગઈ. મેડમ પોતે ગજગામિની નહિ તોયે અજગામિની તો હતાં જ. તેમાં થોડો સાયાસ ઠસ્સો પણ ઉમેરાઈ ગયો. આમ સ્નિગ્ધતા, સ્વાદ અને સ્વાસ્થ્ય-નિયમોનો પણ સંગમ રચાઈ ગયો!

મમરા સર આમ મળતાવડા હોય છે. તોયે બધાથી થોડું અંતર જાળવે છે. હા, પણ ચટણી, લીલાં તળેલાં મરચાંને જોઈ મીઠી મૂંઝવણ ભોગવે છે. કદાચ તેમનામાં 'લાવો, તમારો હાથ મેળવીએ' જેવી ઊર્મિનો ઉછાળો આવે, પણ સેવનો આંખ-ઇશારો થાય તો તરત તેઓ ફરીથી સજ્જન બની જાય! જેમ કમળને હાથીનો ડર હોય છે તેમ મમરા સરને પવનની લહેરખીથી પણ બચાવવા પડે છે. બાકી મમરાની 'સજીવી હળવાશ'ના તો બધા જ કાયલ હોય છે. પેલી કહેવત પણ યાદ આવી જાય -'માંદાની માવડી ને સાજાની સાસરી'. કેવી રીતે? આપણે સાજાસારા હોઈએ ત્યાં સુધી આપણે જાતજાતની વાનગીઓ ટેસથી ઝાપટીએ છીએ. જેવા આપણે બીમાર પડીએ કે તરત આપણને મમરા-ભેગા કરી દેવાય! (જેમ વહુવારુ ફિટ હોય ત્યાં સુધી તેમની સાસરામાં કિંમત હોય છે. તેઓ માંદાં પડે કે તેમને ઝટ પિયર મોકલી દેવાય છે. એવું ક્યાંક બનતું હોય છે.)

મીઠાઈ, ફરસાણ ને બીજાં ટેસ્ટફુલ સ્ટ્રીટ-ફૂડના ચટાકા પપ્પા લગાડે, મોટાભાઈ કે બહેન આ અપલક્ષણને દઢાવે... પણ પછી ઍસિડિટી, ગૅસ, ડાયાબિટીસના આપણે ભોગ બનીએ ત્યારે શું ફાકીએ છીએ? મમરા જ ને? અમુક મંદિરોમાં જેમ મહિલાઓને પ્રવેશ નથી હોતો, તેમ હવે આવા બીમારને માટે તો સેવ પણ અપથ્ય વાનગીઓમાં આવી જાય છે! મમરા જ સત્ય, બાકી સબ મોહમાયા!

જોકે આ બધું માત્ર બીમાર માટે જ... બાકી સેવની બોલબાલા તો ક્યાં નથી? સેવ વિના સુરતી ખમણ, ખમણી, રગડા-પેટિસ યા મરાઠી વાનગી 'ઉસળ' પણ ઊણી-અધૂરી છે. કેટલાક ખવૈયાઓ તો બટેટાપૌંઆ કે મસાલેદાર સીંગદાણામાં પણ સેવ ઉમેરીને ખાય છે ને સેવટામેટાંનું શાક કેમ ભુલાય? તો વળી સુરતના પોંક સાથે તો, કોઈ ફિલ્મમાં ત્રણ-ત્રણ અભિનેત્રીઓ હીરો સામે અભિનયની નવી ઊંચાઈ સર કરે છે તેમ... તીખી અને લીંબુ-મરીની સેવકુમારીઓ પ્રેક્ષક આગળ (અહીં ખાઉં-દાસ આગળ, એમ માનવું!) તીખાશ અને ખટાશના સિસકારા પૂરા પાડે છે અને મોળી સેવ અંતે આપણને શાંત રસના... સૉરી, સ્વાદના 'સમ' ઉપર લાવી દે છે, એ અર્થમાં આખ્યાનકાર પ્રેમાનંદની જોડાજોડ ફરસાણવાળો કે ભેળવાળો બેસી શકે છે! પાણીપૂરી ખાધા બાદ જોકે સેવને બદલે મોળી પૂરીનો ભૂકો હોય તો તેને 'ઍડેપ્ટેશન'નો ભાગ માની લેવો! આ તકે કોઈને સેવૈયા યાદ આવી જાય. ખાસ લાકડાના ખાસ પ્રકારના પાટિયાની મદદથી બનેલી સેવ ઓસાવીને આપણે તે લાપસી કે કંસારને વિકલ્પે ચોખ્ખા ઘી-ખાંડ સાથે ખાઈએ છીએ, તો અમે તો સેવ અને દૂધપાકનું ગઠન સાધીને તેની વાટકી ગટગટાવીએ છીએ. કોઈને એ કદાચ લાલુ-નીતીશના જોડાણ જેવું પણ લાગે. એવા લોકોને કહેવાનું કે એક વાર સેવનો દૂધપાક ચાખી તો જુઓ. પછી વારંવાર ખાવાનું મન થશે. બ્લડ-શુગરનું લેવલ સાચવવાનું હોય તો પણ જરાયે મૂંઝાશો નહિ. મમરા તો છે જ TIME-TESTED!

કોઈક વખત કામને અભાવે અભિષેક બચ્ચન જેવી માયૂસી મમરાજીએ અનુભવવી પડે છે, એ ખરું. પણ સેવ મેડમ ઘટતું કરીને બાજી સંભાળી લે છે. સિફતથી તે સાગ્રહ, ભેળમાં મમરાની ભૂમિકા ઘુસાડી દે છે. આમ સેવમમરાનો સંસાર ચાલતો જ રહે છે એટલે જ તો 'ખાયક' 'ભચડ ચરડ મારું ચવાણું ચાલે', એમ ગાઈ શકે છે. કોઈ વળી 'આજે સવાદિયા, કાલે બીમાર'! એવું પણ કહી શકે છે. જ્યારે હું તો 'મજા જિને કા ઓર ભી આતા હૈ' એમ ગણગણીશ. જૈસી જિસ કી શોચ!

❑❑❑





પિત્ઝા

☐ ગીતા માણેક

‘મરેગા ના?’

‘તેરે મરદ કો મારના હોયેગા તો ભી મરેગા.’ રફીકે આંખ મીંચકારતાં કહ્યું.

‘ચલ બે સાલે... હરામી...’ છાયાએ બ્લાઉઝમાં બાટલી ભરાવતાં-ભરાવતાં વીસ રૂપિયાની નોટ રફીક તરફ ફેંકી અને ઝડપથી ચાલવા માંડી.

‘તુલા માહિત આહે, પાછળની ચાલીસ નંબરની ખોલી છેને એમાં તો કહે છે કે એક ઉંદરે બે મહિનાના છોકરાનું મોં કરડી ખાધું.... આ બધા મત લેવા આવે છે ત્યારે તો મોટી-મોટી વાતો કરે છે કે સ્લમ રિડેવલપમેન્ટ કરેંગે ને તમને ફ્લૅટ આપીશું, પણ સાલાઓ પછી તો દેખાતા જ નથી. ફ્લૅટ તો શું આ સંડાસ રિપેર કરાવી આપે અને બે-ચાર નવા બંધાવી આપે તોય ઘણું.’ કમલાએ ઝડપથી ચાલતાં-ચાલતાં કહ્યું.

‘સવાર-સવારમાં કેટલી લાંબી લાઇન હતી. મેમસા’બ આજે પણ બોલશે.

છાયા, તું રોજ મોડું કરે છે.'

'અરે, પણ તારી મેમસા'બ તો સારી છે. ખાવા-પીવા તો આપે છે. મારી મેમસા'બ તો રાશનના ચોખા લાવે છે. કામવાળા માટે. પોતે તો ચિકન બર્ગર, તંદૂરી ચિકન, મટન બિરિયાની એવું જ ખાધા કરે અને પછી બબડ્યા કરે કે મારું વજન કેમ વધે રાખે છે એ જ સમજાતું નથી.'

'ના, એમ તો મારી મેડમ સારી છે. પહેલાં તો વધ્યું હોય એ ઘરે લઈ જવા પણ આપતી હતી, પણ જ્યારથી રોમુ આવ્યો છે....' છાયા બોલતાં-બોલતાં અટકી ગઈ. જોકે લક્ષ્મી સોસાયટીનો ગેટ આવી ગયો હતો એટલે કમલાનું ધ્યાન તેની વાતમાં નહોતું.

'ચલ, સંધ્યાકાળી ભેટતે...' કહીને કમલા એ વિંગમાં પ્રવેશી ગઈ.

છાયા પણ ઝડપથી ચાલતી-ચાલતી બી વિંગ તરફ ગઈ.

'કાય ઝાલા?' લિફ્ટ પાસે બધાને ઊભા રહેલા જોઈને છાયાએ વૉચમૅનને પૂછ્યું.

'લાઇટ ગયા હૈ ઔર જનરેટર ચાલુ નહીં હો રહા હૈ. યાદવ ગયા હૈ ચાલુ કરને...' વૉચમૅને જવાબ આપ્યો.

છાયા ખુશ થઈ ગઈ. હાશ, થોડીક વાર બેસવા મળશે. તેણે વૉચમૅનના ટેબલ પરનો ઇન્ટરકૉમ ઉપાડી ફોન કરીને કહી દીધું કે હું નીચે જ છું, પણ લિફ્ટ ચાલુ નથી. ચાલુ થશે એટલે ઉપર આવીશ. છાયાના ચહેરા પર સ્મિત આવી ગયું. તેને થયું સારું થયું તેને ૧૬મા માળવાળા મેડમની નોકરી મળી છે, કમલાની જેમ બીજા માળે હોત તો દાદરા ચડીને જવું પડત. બી વિંગ પાસેની નાનકડી અમથી ઘાસની લોન પર મૂકેલી બેન્ચ પર તે પલાંઠી વાળીને બેઠી. મોબાઇલની સ્ક્રીન પર ગોટ્યાનો હસતો ફોટો જોઈને તે પ્રસન્ન થઈ ગઈ. તરત જ તેને રફીક પાસેથી લીધેલી અને બ્લાઉઝમાં ભરાવેલી બાટલી યાદ આવી. તેણે આજુબાજુ નજર કરી. કોઈ તેને જોતું નહોતું તો પણ તેણે બાટલી સાડીના છેડામાં સંતાડીને જોઈ લીધી. તેના હાથમાં પસીનો વળી ગયો.

ગોટ્યો, તેની માનતા ફળી હતી અને બાપ્પાએ પહેલે ખોળે જ આવો સરસ દીકરો આપ્યો હતો. ગોટ્યાને પહેલી વાર જોયો ત્યારે બાજુવાળા કાકુએ કહ્યું હતું એ યાદ આવી ગયું. 'અ...ગ... બાઈ આ તો જાણે કોઈ બિલ્ડિંગવાલાનો છોકરો હોય એવો લાગે છે... કસા ગુબગુબીત આહે...' હા તો! ગોટ્યો હતો પણ એવો જ.

પ્રથમ. કેટલી વાર લાગી હતી તેનું નામ શોધતાં, પણ ત્યાં સુધીમાં તો ગોટ્યો નામ જ મોઢે ચડી ગયું હતું. ખબર નહીં કેમ? તેને પ્રથમ નામથી બોલાવી જ નહોતું શકાતું. 'હવે તો ગોટ્યો-ગોટ્યો કહેવાનું બંધ કર. શાળામાં જાય છે તે.' વિનાયકે કેટલી

વાર હસતાં-હસતાં ટોકી હતી તેને.

'માઝા ગોટ્યા આહે. ગોટ્યા જ રાહણાર...' તેણે ગોટ્યાને વળગીને પછી તેના ગાલ પર ચુંબન કરતાં ગોટ્યાના બાબા (બાપા)ને કહી દીધું હતું.

તેણે બી વિંગ તરફ નજર નાખી જોઈ લીધું. લિફ્ટ હજુ ચાલુ નહોતી થઈ. થોડી વાર પહેલાં લિફ્ટ બંધ હોવાને કારણે હાશકારો અનુભવ્યો હતો તે હવે બેચેનીમાં બદલાઈ રહ્યો હતો. તેણે મોબાઇલ પર નજર નાખી. દસ વાગવા આવ્યા હતા. હવે જો લિફ્ટ ચાલુ નહીં થાય તો કામ પતાવતાં વાર લાગશે અને મોડું થશે. ગોટ્યો ચાર વાગ્યે સ્કૂલેથી આવી જતો હતો. નોકરી પર જોડાઈ ત્યારે તેણે શરત કરી હતી કે તેનો ટાઇમ સાડાનવથી ત્રણનો જ હશે.

'માઝા મુલગા લહાન આહે. ઘરે કોઈ સાચવવાળું નથી. મારે ચાર વાગ્યે ઘરે પહોંચવું પડશે.' તેણે પહેલેથી જ સ્પષ્ટતા કરી હતી. મોટા ભાગે તેનું કામ અઢી-ત્રણ વાગ્યા સુધીમાં પતી જ જતું. ચાર વાગ્યા પહેલાં તે ઘરે પહોંચી જતી. રસ્તા પર જ ઊભી રહેતી. રિક્ષામાંથી ઊતરીને ગોટ્યો દોડીને આવતો અને વળગી પડતો.

મેડમના ઘરમાં કંઈક ને કંઈક વધ્યુંઘટ્યું જમવાનું હોય જ. ક્યારેક પાંઉભાજી, ક્યારેક નૂડલ્સ, ક્યારેક મંચુરિયન. દર અઠવાડિયે એકાદ વાર તો પિત્ઝા આવતા જ અને બે-ચાર ટુકડા તો વધતા જ. મેડમે કહી રાખ્યું હતું કે રાતનું વધ્યું હોય એ તારે લઈ જવાનું.

'આઇ, આજે શું લાવી છો?'

'આજે તો ખીચડી-કઢી છે...' છાયા બનાવટી ગંભીરતા સાથે કહેતી.

'દેખાડ...' ગોટ્યો તેની પાછળ-પાછળ દોડતો ઘરમાં પ્રવેશતો. છાયાની થેલી ફંફોસતો. જો પિત્ઝા હોય તો નાચવા માંડતો, 'પિઝ્ઝા..પિઝ્ઝા...'

બસ, આ જ કારણ હતું કે તે લક્ષ્મી સોસાયટીના મેડમનું કામ નહોતી છોડતી. ઘરથી બહુ લાંબું પડતું. પોણો કલાક ચાલવું પડતું. વરસાદમાં તો પહોંચતાં-પહોંચતાં આખી ભીંજાઈ જતી. તેની ઝૂંપડપટ્ટીની નજીક નવી સોસાયટી થઈ હતી, પણ તે લક્ષ્મી સોસાયટી સુધી લાંબા થવાનું પસંદ કરતી. લક્ષ્મી સોસાયટીની આ મેડમ તેના ગોટ્યા માટે ખાવાનું આપતી હતી એમ બીજી મેડમ થોડી જ આપવાની છે?

'ઓ બાઈ, લિફ્ટ ચાલુ હો ગયા...' વૉચમૅને ટેબલ પર બેઠાં-બેઠાં જ બૂમ પાડી. પલાંઠી વાળીને બેઠેલી છાયા ઝડપથી ઊભી થઈ. રફીક પાસેથી લીધેલી બાટલીને હળવેકથી પર્સની અંદરના ચેઇનવાળા ખાનામાં સરકાવી. એક ક્ષણ તેનું મન ડગમગી ગયું, પણ સાડી ખંખેરતી તે ઊભી થઈ ત્યારે તેણે જાણે તેના આ ખચકાટને પણ ખંખેરી નાખવાની કોશિશ કરી.

લિફ્ટમાં ઉપર જતાં-જતાં તેણે

ફ્લૅટની ચાવી કાઢી હાથમાં લઈ લીધી. છાયાને ફ્લૅટની એક ચાવી આપી રાખી હતી. છાયા આવે ત્યારે ઘણી વાર મેડમ તેમના બેડરૂમમાં સૂતાં હોય કે પછી જિમમાં ગયાં હોય. ઘરે કોઈ હોય કે ન હોય, છાયા ચાવીથી જ દરવાજો ખોલીને પ્રવેશતી. તે રોજ આ રીતે જ લિફ્ટમાં હોય ત્યારે પર્સમાંથી ચાવી કાઢી લેતી, પણ આજે જાણે તેને આ ચાવીનો ભાર લાગવા માંડ્યો હતો.

'સાંભળ છાયા, તારા માટે ચા ઢાંકી રાખી છે. એ પી લેજે.' મેડમે અંદર જતાં-જતાં કહ્યું. છાયાએ જોયું ચાની સાથે પરાઠાં પણ મૂક્યાં હતાં. દરરોજ ચા-નાસ્તો કર્યા પછી જ તે કામે વળગતી. આ રોજિંદી બાબતો આજે તેને વિશેષ લાગી રહી હતી. તેનું મન તેને આ બધું નોંધવા માટે શા માટે મજબૂર કરી રહ્યું હતું?

'છાયા, દૂધ ફ્રિજમાં મૂકી દેજે. આજે મહારાજ નથી આવવાના....' મેડમે અંદરથી જ બૂમ પાડીને કહ્યું.

છાયાએ ફ્રિજ ખોલ્યું. બ્લૂ રંગના પુઠ્ઠાના બૉક્સ સામે જ પડ્યા હતા. તે બે ક્ષણ એને જોતી જ રહી.

'એક રાજા હતા... તેનો બહુ મોટો રાજમહેલ હતો. એ રાજમહેલમાં સૂવા માટેનો રૂમ અલગ, ખાવા માટેનો રૂમ અલગ, નાહવા માટે મોટો બાથરૂમ, એક મોટું રસોડું. એમાં કોઠીઓ ભરી-ભરીને દાળ, ચોખા, લોટ...'

'પિઝ્ઝા... રાજમહેલમાં પિઝ્ઝા હોય... આઈ, તું પિઝ્ઝા કેમ નથી લાવતી...' ગોટ્યાએ રાતના તેની વાર્તા વચ્ચેથી જ અટકાવીને પૂછ્યું હતું.

રાજમહેલમાં રોમુ આવ્યો છે ને! છાયાને કહેવાનું મન થયું, પણ એને બદલે તેણે કહ્યું 'લાવીશ... પણ હમણાં તું વાર્તા સાંભળ...' ગોટ્યો વાર્તા સાંભળતાં-સાંભળતાં સૂઈ ગયો, પણ તે સૂઈ ન શકી. તે કેવી મા હતી? પોતાના આવા રાજકુમાર જેવા દીકરા માટે પિત્ઝા નહોતી લાવી શકતી. બે દિવસ પહેલાં તેણે મહારાજને પૂછ્યું હતું કે આ પિત્ઝા કેટલાનો આવે?

'દોઢસો રૂપિયાનો... કેમ તારે લેવો છે?'

'ના, આ તો આમ જ.' તેણે મનોમન વિચાર કર્યો, દોઢસો રૂપિયા તો બહુ કહેવાય. આ મહિને તો હજુ ખોલીનું ભાડું ચૂકવવાનું બાકી હતું, ગોટ્યાના બાબાની રિક્ષાની લોનનો હપતો ચૂકવવાનો હતો, ગોટ્યાનો યુનિફૉર્મ ફાટી ગયો હતો, ફી ભરવાની બાકી હતી... એકાદ વાર તો કદાચ ગમે તેમ કરીને લઈ લે, પણ દર પંદર-વીસ દિવસે તો ન જ લઈ શકાય.

ટીં...ટીં...ટીં... બે મિનિટથી ફ્રિજ ખુલ્લું હતું એટલે અલાર્મ વાગવા માંડ્યું. છાયાએ ફ્રિજ બંધ કર્યું અને ફટાફટ વાસણ ઘસવા માંડી. આજે મોડું થયું હતું એટલે તેના હાથ ઝડપથી ચાલતા હતા. ડસ્ટિંગ,

બાથરૂમ, ગૅલરી બધું ધોવાઈ ગયું, પણ મેડમ હજુ બેડરૂમમાંથી આવ્યાં નહોતાં. ક્યારે આવશે, ક્યારે રસોઈ કરશે, ક્યારે જમશે અને ક્યારે વાસણ ઘસાશે... છાયા રસોડામાં આવીને બેઠી, ત્યાં જ હૉલમાંથી મેડમનો અવાજ આવ્યો.

'છાયા...'

તે દોડતીક બહાર આવી.

'સાંભળ, અમે બહાર જઈએ છીએ. તું તારું કામ પતાવી, રોમુને ખવડાવીને નીકળી જજે. ફ્રિજમાં પિત્ઝા પડ્યા છે એ જ ખવડાવી દેજે.'

'રોમુને તો જલસો જ પડી જવાનો છે આજે નહીં...' સાહેબ અંદરથી જ બોલતાં-બોલતાં આવ્યા.

છાયાએ આંખો ઢાળીને જ કહ્યું, 'જી મેડમ...'

'તારી તબિયત તો સારી છે ને...' મેડમે પૂછ્યું.

'ના, એટલે કે હા સારી છે...' છાયાએ રસોડા તરફ જતાં કહ્યું.

'અને તારો દીકરો?' મેડમે પૂછ્યું.

'હા, એકદમ... એ તો એબીસીડી...'

'કમ ઑન ડાર્લિંગ, વી આ ગેટિંગ લેટ...' પોતાનો ગોટ્યો એબીસીડી બોલતો હતો એ છાયા કહેવા માગતી હતી, પણ એ પહેલાં જ સાહેબે કહ્યું એટલે મેડમ હિલ્સ પહેરીને ચાલવા માંડ્યાં.

સાહેબ અને મેડમ ચાલ્યાં ગયાં પછી તે ઘરમાં એકલી પડી. લગભગ બધું કામ પતી ગયું હતું. ફક્ત વૉશિંગ મશીનમાં કપડાં ધોવા નાખ્યાં હતાં એ સૂકવવાનાં હતાં, સુકાઈ ગયેલાં કપડાંની ઘડી કરવાની હતી, મેડમના બેડરૂમની ચાદર બદલવાની હતી, તેમનો બાથરૂમ ધોવાનો હતો... તેણે મનોમન કામની યાદી કરવા માંડી, પણ એ પહેલાં રોમુને ખવડાવવાનું હતું. પિત્ઝા...

પહેલા પિત્ઝા ખવડાવું કે પહેલા કામ પતાવું? છાયાના મનમાં વિચાર આવ્યો. તેણે પોતાના પર્સ તરફ નજર નાખી. પર્સના અંદરના ઝિપવાળા ખાનામાંથી બાટલી કાઢી ટેબલ પર મૂકી.

'ના, ના...' તેના મનમાંથી અવાજ આવ્યો. 'આ પાપ કહેવાય...'

'પણ તો ગોટ્યાનો પિત્ઝા...'

તેના મનમાં સતત ગડમથલ ચાલુ હતી. તેણે બાકીનાં કામ ઝડપથી પતાવ્યાં અને પછી ફરી કિચનમાં આવી. પિત્ઝા કાઢીને ટેબલ પર મૂક્યો. બૉક્સમાં પિત્ઝાના ત્રણ બચેલા ટુકડા હતા. બે ટુકડા તેણે એક કાગળમાં વીંટી પર્સમાં મૂક્યા અને બાકીના એક ટુકડા પર રફીક પાસેથી લીધેલી બૉટલમાંનું પ્રવાહી રેડ્યું.

એ લઈને તે બેડરૂમમાં ગઈ. પિત્ઝાનો પીસ જોઈને રોમુ તો ખુશખુશાલ થઈ ગયો. છાયા તેને પિત્ઝા ખાતી જોઈ રહી.

તે દોડીને કિચનમાં આવી. તેણે પર્સ લીધું અને દરવાજો ખેંચી બહાર નીકળી ગઈ. લિફ્ટમાં સદ્‌ભાગ્યે કોઈ નહોતું. લિફ્ટના અરીસામાં તેણે જોયું તો તેના

માથા પર પસીનાના રેલા ઊતરી રહ્યા હતા. સાડીના છેડા વડે તેણે રેલા લૂછ્યા. લિફ્ટ ગ્રાઉન્ડ ફ્લોર પર આવી એટલે નીચું માથું કરીને તે ઝડપથી બહાર નીકળી ગઈ.

તેના હાથ-પગ ધ્રૂજી રહ્યા હતા. તેને સમજાતું નહોતું કે તેણે શું કરવું જોઈએ. તે ઊંધું ઘાલીને ઘર તરફ ચાલવા માંડી.

તે ઘર નજીક પહોંચી ત્યારે તેણે મોબાઇલ પર નજર કરી. હજુ ત્રણ પણ વાગ્યા નહોતા. રોમુ... રોમુનું શું થયું હશે... મેડમને ખબર પડી જશે... તેના મનમાં અનેક વિચારો આવી રહ્યા હતા.

તેની નજર મંદિર પર પડી. તે મંદિરમાં પ્રવેશી.

'દેવા માલા માફ કર...' તેની આંખમાંથી આંસુ વહી રહ્યાં હતાં. 'પણ તું જ કહે હું બીજું શું કરું...' તેણે સાડીના પાલવથી આસું લૂછ્યાં.

બહાર આવી તે રસ્તા પર ઊભી રહી.

'આઈ....આજે શું લાવી...' ગોટ્યાએ પૂછ્યું.

'ઘરે ચાલ...' છાયાએ ગોટ્યાનો હાથ પકડ્યો અને ચાલવા માંડી.

'પિઝ્ઝા....' ગોટ્યાએ પર્સમાંથી પડીકું બહાર કાઢતાંની સાથે જ જોરથી બૂમ પાડી અને ત્યાં જ બેસીને ખાવા લાગ્યો અને પછી રોજની જેમ બહાર રમવા ચાલ્યો ગયો. છાયાનું મન ક્યાંય ચોંટતું નહોતું.

છાયા બહાર નીકળી અને દસ-બાર ઝૂંપડાં વટાવીને શેટ્ટીઅમ્માના ઝૂંપડામાં દાખલ થઈ.

'અરે, છાયા માવશી... અમ્મા તો નહીં હૈ' પ્લાસ્ટિકની ખુરશી પર બેઠેલી રોહિણીએ કહ્યું.

'અમ્મા કો નહીં તેરેકુ મિલને કુ આયી હૈ... તૂ વકીલ કા પઢતી હૈ ના... મેરેકુ બતા કિસીને મર્ડર કિયા તો ઉસકી સજા ક્યા હોતી હૈ... મતલબ કુત્તે કા મર્ડર કિયા તો...'

❑❑❑



ચુનિલાલ : અંજારનું અનોખું વ્યક્તિત્વ

☐ ડૉ. ભાલચન્દ્ર હ. હાથી

સાંપ્રત સમયમાં મનુષ્ય ચાર જાતિમાં વહેંચાયેલો છે, તે છે બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્ર. તે પ્રમાણે ગણતરી થાય છે, જે જન્મ અનુસાર જોવાય છે. તેવી રીતે મહાભારતકાળમાં જાતિની કર્મ-આધારિત ગણના થતી. જેમાં પિશાચ, મ્લેચ્છ, યક્ષ, ગાંધર્વ, કિન્નર વગેરેનો સમાવેશ થતો. તેમાં ગાંધર્વો ગાયન-વાદન જેવા સંગીતના વિષયો સાથે કામ કરતા અને રાજઘરાનામાં તેમનું મોભાનું સ્થાન રહેતું હતું. એવી રીતે કિન્નરો શણગાર, નૃત્ય અને તે અંગેનું શિક્ષણ પણ કરાવતા. રજવાડાંના રાણીવાસમાં સવાર, સાંજ અને રાત્રીના શણગાર અને વિધવિધ ' કેશગુંફન' કરી આપવા તેમ જ નૃત્યની તાલીમ પણ આપતા. પ્રસંગોપાત્ત, વિશિષ્ટ શણગાર પણ કરી આપતા, જે આજે બ્યુટી-પાર્લરમાં થાય છે. તેને કારણે રાજમાં મોભાનું સ્થાન તે ભોગવતા. તેઓ પ્રતિષ્ઠિત વ્યક્તિ પણ ગણાતા. આ માટે ગુપ્તવેશે રહેલા અર્જુનનું પાત્ર 'બૃહન્નલા' મહાભારતનું

જાણીતું અને વિશિષ્ટ પાત્ર છે.

દરેક શહેરમાં એવી વ્યક્તિઓ હોય છે, જે કાયમ યાદગાર બની રહે છે. તેની વિલક્ષણતા ઊડીને આંખે વળગી રહે છે. એમાં રાજકીય કે સામાજિક ઉપેક્ષા તો હોય જ છે, પણ એમની પ્રત્યે માનની લાગણી થાય એવી વ્યક્તિઓ પણ હોય છે. આવા, જેની જાતિ પ્રત્યે આશ્ચર્ય થાય એવી વિશિષ્ટ વ્યક્તિનો આજથી આશરે ૧૦૦ વર્ષ પહેલાં અંજાર કચ્છમાં જન્મ થયો. ચુનિલાલ એમનું નામ અને બ્રાહ્મણ જ્ઞાતિ. એમની આછીપાતળી આ જીવનરેખા છે. એમની પ્રવૃત્તિ, કાર્યશૈલી અને વર્તણૂક વિચારણીય છે.

અંજાર કચ્છમાં શિવાજી રોડ ઉપર આશાપૂરા માતાજીનું એક પૌરાણિક મંદિર આવેલું છે, તેની બાજુની જ શેરીમાં જલારામ મંદિર અને પછી તેની જોડે જ મેમણ જમાતની મસ્જિદ આવેલી છે. આમ અલ્લાહ, જલા અને આશાપૂરા એકબીજાનાં પડોશી છે, તેથી એખલાસનું વાતાવરણ સદાય બની રહેલું છે. આશાપૂરાજી મંદિરના પૂજારી શ્રી ઉપાધ્યાયનાં પત્નીનું વર્ષો પહેલાં અવસાન થયેલું. એમને ચુનિલાલ નામે એક દીકરો. એ પાયજામો અને ખમીસ પહેરે. એની ઉંમર થતાં અણસાર આવી ગયો કે પોતે નથી પુરુષ કે નથી સ્ત્રી! કુદરતનો જ આ ખેલ હતો. એને કિન્નર સમાજમાં ભળી જવાનું પણ બન્યું. જોકે ચુનિલાલ તે સમાજમાં ગયા તો ખરા, પણ પિતાશ્રીની એકલતા એને કોરી ખાતી હતી અને એક દિવસ એ કિન્નર સમાજનો ત્યાગ કરી પરત ઘરે આવી ગયા. કપડાં વગેરે મઠને અનુરૂપ જ રાખ્યું. ચુનિલાલ ઘરની દીકરીની જેમ રહ્યા અને પિતાજી તથા આશાપૂરાજીની સેવા ચાલુ રાખી.

કાળક્રમે વૃદ્ધ પિતાજી અવસાન પામ્યા, ઘરની અને મંદિરની, સઘળી કામગીરી ચુનિલાલને હસ્તક આવી. સવાર, બપોર અને સાંજની આરતી, શણગાર, નૈવેદ્ય, ભોગ વગેરે સમયસર થતું. મંદિરમાં બધા તહેવારો અને ચાર નવરાત્રીના, નવેનવ દિવસ જ્વારા, હવન, પૂજન, ભોગ વગેરે તેમજ દિવાળીના પાંચ દિવસ મંગળા આરતી અન્નકૂટ વગેરે નિયમાનુસાર અને લોકોના સહકારથી થતું. તે ઉપરાંત સવારે મંગળા, બપોરે ભોજન અને સાંજે શયન આરતી પણ થાય. પણ ચુનિલાલની રહેણીકરણી એવી કે સમગ્ર વિસ્તારમાં તેનો માન-મરતબો, આબરૂ-પ્રતિષ્ઠા સજ્જનને શોભે તેવાં હતાં.

આમ બધું વ્યવસ્થિત ચાલતું હતું, ત્યાં એની જિંદગીમાં એક નવું પાત્ર આવ્યું. લાલજી ઠક્કર કરીને એક છોકરો, કુટુંબ સારું, પણ તેને ઘરમાં રાખી શકાય નહીં એવી એની રીતરસમ. લાલજીની માનસિક સ્થિતિ પણ સારી ન કહી શકાય એવી. ક્રોધ તેના ઉપર હાવી



ડૉ. ભાલચન્દ્ર જ. હાથી

ડૉ. ભાલચન્દ્ર હર્ષદરાય હાથીનું ૨૭-૧૦-૨૦૨૨ના રોજ ૭૮ વર્ષની વયે અવસાન થયું છે. આયુર્વેદ ચિકિત્સા પરના એમના માહિતીપૂર્ણ અને પ્રમાણભૂત લેખોથી વાચકો પરિચિત છે. મોક્ષદા ભાઈબીજના દિવસે એમણે વિદાય લીધી છે. દીપોત્સવીનો એમનો શુભેચ્છાસંદેશ આવ્યો ત્યારે એમના આવા અચાનક ગમનની કલ્પના પણ નહોતી. પ્રભુ એમના આત્માને સદ્‌ગતિ આપે અને પરિવારજનોને સાંત્વના.

થાય ત્યારે તેની સાન ઠેકાણે લાવવી અતિ દુષ્કર. ન કપડાંની ખબર કે ન બોલવામાં કોઈ સાનભાન. પણ તેની સારસંભાળ રાખવી ચુનિલાલે સ્વીકારી. તેને નહાવા-ધોવા, ખાવાપીવાની બધી જ કાળજી લેવાની શરૂ થઈ અને સગી મા કરતાં પણ વિશેષ તેની કાળજી સાથે તેને રાખ્યો. લાલજી ચુનિલાલનો આજ્ઞાંકિત થઈ ગયો. આ ચુનિલાલની સિદ્ધિ હતી!

બાજુમાં મેમણની મસ્જિદના ટ્રસ્ટની બે દુકાનો, એમાં એક દુકાન જનાબ લતીફ વાળંદની. તે વખતમાં ઇલેક્ટ્રિક સીલિંગ ફેન નહીં, તેથી ગ્રાહકોની ખુરશી ઉપર મોટું લંબચોરસ પાટિયું કડીઓથી સીલિંગમાં લટકાવેલું, તેને દોરી બાંધીને તેનો બીજો છેડો ગરગડીની મદદથી, તેની દિશા બદલીને રાખેલો, જે ઊંચેનીચે કરવાથી પાટિયું પંખાનું કામ આપે. તે પાટિયાને રંગીન કપડાંની સરસ ઝાલરવાળી ખોળ કે જેથી તે 'સીલિંગ ફેન' રૂપાળો લાગે. આ પંખો નાખવાનું કામ, લાલજીને લતીફકાકાએ સોંપ્યું, લતીફકાકા પોતે નખશિખ સજ્જન, તે પોતાના કામ માટે ઘરે 'વિઝિટે' પણ જતા. આ માટે ડૉક્ટરની વિઝિટ બૅગ જેવી જ 'ભાની' પણ તૈયાર જ હોય. ભાની એટલે વાળંદની પિત્તળની ખાસ બૅગ આવતી, જેમાં વાળ કાપવા, દાઢી કરવાનાં સર્વે સાધનો તેમ જ 'નેણિયું' (નખ કાપવાનું ખાસ સાધન), કાનનો મેલ કાઢવાનાં ઓજાર અને ગડ-ગૂમડ માટે નસ્તર વગેરે પણ હોય. લતીફકાકાની 'ડ્રેસિંગ સેન્સ' પણ ઉત્તમ! લાંબી ફરની ટોપી, લાંબો કોટ અને ઇસ્લામિક પાયજામો. આ તેનો રોજિંદો પહેરવેશ. સ્વચ્છ, સુઘડ અને એક પણ સળ વિનાનો.

'નાણાં વિનાનો નાથિયો, ને નાણે નાથાલાલ!' એમ આ લાલજીને બધા

'લાલો ચર્યો' કહેતા! 'ચર્યો' શબ્દનો કચ્છીમાં અર્થ પાગલ કે ગાંડો થાય છે. લાલજીને કોઈ છોકરાં ખીજવે ત્યારે તેનો પિત્તો સાતમા આસમાને પહોંચી જતો! કોઈ ચુનિલાલને જાણ કરે એટલે ચુનિલાલ પોતિયું લઈને આવે અને લાલજીને એક સાદ કરે, એટલે લાલજીભાઈ ડાહ્યાડમરા અને આજ્ઞાંકિત થઈ જાય. પોતિયું વીંટાળીને ઘરે આવી જાય. લાલજીના જીવનની જે કાંઈ સારપ હતી તે ઊભી કરવામાં લતીફકાકાનો અને ચુનિલાલનો પણ સિંહફાળો.

ચુનિલાલને જાતિગત સ્વભાવને કારણે માતાજીનાં ગરબા, ગીતો કંઠસ્થ, સુંદર હલક અને અભિનય સાથે પુરુષ અવાજમાં ગાય ત્યારનું દશ્ય-શ્રાવ્ય અદ્‌ભુત હોય. આને કારણે નવવધૂના જાગરણ માટે ચુનિલાલને આમંત્રણ હોય. એ માટે 'સોળે શણગાર' સજીને ચુનિલાલ આવે અને જાગરણને પોતાનાં ગરબા-ગીતો, અંગભંગિમાથી દીપાવે. ગીતો અને ગરબાની રમઝટ સૌને મંત્રમુગ્ધ કરતી! વહેલી સવારે કોઈના ઘરેથી પરત લેવા કોઈ ન પહોંચી શક્યું હોય તો તે તેના 'વોળાવિયા' તરીકે ચુનિલાલ હાજર જ હોય. આમ બીજા સ્વરૂપે પણ તેઓ ઉપસ્થિત હોય. આ પણ તેનું નિરાળું સ્વરૂપ હતું!

ફાગણ સુદ આઠમથી હોળાષ્ટક બેસે, ત્યાં સુધીના આઠ દિવસ શુભકાર્યનો નિષેધ છે, પણ અંજારમાં 'રૅશનલિઝમ' જેવું, હોળાષ્ટકને દિવસે જ ચાર ફીટનો સંઘેડાઉતાર માણેકસ્તંભ રોપાય. સંઘાડિયાને ત્યાંથી માણેકસ્તંભ બપોરે સરઘસાકારે લવાય અને તે રાતથી જ રોજ હોળીની ઘેર યોજાય, જેમાં ઢોલના નાદ ઉપર હથિયાર, લાઠીના દાવ થાય. એને 'ચક્કર લેવા' કહેવાય. સૈયદ લોકોની 'ધમાલ' પણ હોય, જેમાં છુરિકાના દાવ, લાઠી અને લેજીમના દાવ પણ થાય. આમ આખું સરઘસ અંજારના કેટલાક વિસ્તારમાં ફરે. છેલ્લા ચારેક દિવસ તે સરઘસમાં મશક બૅન્ડ અને નગારાં-તાસાં પણ જોડાય. અને તે તાલબદ્ધ રીતે પસાર થાય, રામઢોલનો વાદક નામોરી નામની વ્યક્તિ નક્કી જ હોય, ચક્કર કે ધમાલ લેનાર ઉપરથી ઉતારેલી (ઘોળ કરેલી-ઓળઘોળ) રકમ નામોરીની થતી. આ સરઘસમાં નાયકાના પાટ પણ હોય જેમાં ઊંટગાડી ઉપર હાર્મોનિયમના તાલે, ગીતો સાથે નાચ પણ થાય. હવે વાતનો તંતુ ચુનિલાલ પર લાવીએ તો નાયકા તરીકે એક પાટ ઉપર ચુનિલાલ પણ હોય, તેના શણગાર, ગીતો અને નૃત્યની અદાને કારણે તેના પાટ ઉપર ખૂબ ભીડ રહેતી. નાયકા જેના ઉપર રૂમાલ ફેંકે તે રૂમાલમાં પૈસા બાંધીને તે નાયકાને પરત આપવાના હોય, જે નાયકાની આવક ગણાય. જેના દાતામાં નગરના પ્રતિષ્ઠિત સજ્જનો પણ હોય. ચુનિલાલ તેનો વંદનપૂર્વક સ્વીકાર

કરતા. હોળીના ફાગ રૂપે ફટાણાં પણ હોય, જે ક્યારેક દ્વિઅર્થી પણ હોય, પણ એમાં નિખાલસતા ભારોભાર હોય. એક ગાયન તેમાં વધારે જાણીતું "હાલો હાલો રે વેવાણ, મરચાં લ્યોને લોડણિયાં!" આ ગીત વેવાઈ -વેવાણની નિર્દોષ રમૂજનું છે. આવાં અન્ય લગ્નગીતો થોડા ફેરફાર સાથે પણ હોય. આ પણ ચુનિલાલનું અલગ અને વળી બીજું જ સ્વરૂપ હતું. બીજા પાટ ઉપર હમીરજી જાગરિયા હોય. તે પણ કિન્નર. સામાન્ય દિવસોમાં તે સિંદરીમાંથી કૂવેથી પાણી સિંચવાના રસ્સા કે 'રાંઢવા' બનાવવાનું કામ કરે. તેનું 'નિકનેમ' હમિરિયો હતું, અને એ નામથી જ ઓળખાતો. આમ ધુળેટીના બપોરથી જ ઘેરૈયાની આવનજાવન ચાલુ થાય તે મોડી સાંજે તે આઠ દિવસના ઘેરના કાર્યક્રમની પૂર્ણાહુતિ થતી.

હોળીની 'ઘેર' લગ્નના પ્રસંગની રીતે ઊજવાય, એટલે વર-કન્યા તો હોય જ! વરનું અને કન્યાનું કાલ્પનિક નામ 'ઇસાક-ઇસાકડી', કાયમ એ જ નામ હોય. ઇસાકડીના પાત્રમાં લાલજી કાયમી (લગ્ને-લગ્ને કુંવારા) હોય. તેની સમગ્ર જવાબદારી ચુનિલાલની હોય, વર તરીકે તો કોઈ પણ મળી રહે. તેની કંકોતરી છપાય અને તે વહેંચાય. કેટલાક ઘેરના વિસ્તારમાં આ માટે જુદાં-જુદાં શાક જેવાં કે ગાજર, મૂળા, રીંગણ, મરચાં (જે વાડીમાં 'ઘેર' માટે જ ખાસ ઉગાડીને મોટાં કરેલાં શાક)નાં તોરણિયાં



પણ બંધાય. આ હોળીની ઘેરનું સો વર્ષ કરતાં વધુ સમયથી આયોજન થાય છે. અમારા મકાનને પાંચ ઝરૂખા હતા. ઉપરથી ઘેર કે તાજિયા જોઈ શકાય, વળી ઝરૂખાઓને કારણે પોલીસને પોઝિશન લેવાનું અનુકૂળ રહેતું. તેથી પોલીસ કાફલો પણ ગોઠવાઈ જતો. ઝરૂખામાં સો-સો વોલ્ટના ત્રણ બલ્બ રાખી લાઇટની વ્યવસ્થા પણ થતી.

આમ વર્ષો ચાલ્યું, સમયનાં વહેણ વહેતાં ગયાં, લાલજી પોતાનું આ કષ્ટમય જીવન પૂરું કરીને સ્વર્ગવાસી થયા. ઉંમરની આછટે ચુનિલાલને ઘેર્યા. અનિદ્રાનો રોગ એને પજવતો. પોસના


ડોડાનો ઉકાળો પણ કામ ન આપતો! બંધ દુકાનના પાટીયે ઝોલા ખાતા, તે બેઠાં-બેઠાં આખી રાત પસાર કરતા હોય. જે પાટિયે તે બેસતા તેની બાજુમાં, ઉપરના ઘરમાં ડૉક્ટરનો બેડરૂમ, તે ઘરની ડેલી દૂર. તે વખતે ડૉરબેલ નહીં, રાતે વિઝિટ માટે દરદીનો દૂત આવે ત્યારે ચુનિલાલની એક બૂમથી ડૉક્ટરની રાત્રીસેવા મળી રહેતી.

રાત્રે ખાસ કરીને સુવાવડના દરદી હોય, તે અરસામાં ગાયનેકૉલૉજી અને ઑબ્સ્ટેટ્રિક્સના (પ્રસૂતિ અને સ્ત્રીરોગના) નિષ્ણાત કોઈ નહીં. કેટલાક સામાન્ય ડૉક્ટર આ કામ કરતા, પણ સાથે દાયણ તો હોય જ. દાયણ અનુભવી અને ચકોર હોય. આ કામ ખાસ કરીને વાળંદની સ્ત્રી કરે. તે કામ વંશ-વારસામાં ઊતરેલું હોય. આવા દરદી માટે કોઈ આવે તો ચુનિલાલ ડૉ. હર્ષદભાઈને બોલાવે અને જરૂર પડે તો પોતે પણ નિ:સ્વાર્થ ભાવે દોડધૂપમાં જોડાય.

એક દિવસ એવો આવ્યો કે ચુનિલાલ પણ સ્વર્ગવાસી થયા. કિન્નરોના તે દીક્ષિત, તેથી ચુનિલાલને તેના રિવાજ મુજબ, આમ તો સ્મશાનમાં રાત્રે લઈ જવાય તેને બદલે દિવસે પાલખીમાં બેસાડીને લઈ જવાયા અને ભજન, ધૂન સાથે સ્મશાનયાત્રા નીકળી. અંજારમાં નિશ્ચિત જગ્યાએ એમની સમાધિ સ્થાપવામાં આવી. આજે પણ એ સમાધિને રોજ ધૂપદીપ અને શણગાર થાય છે. તે પોતાની ઓળખ 'શિવાજી રોડનાં ફઈ' તરીકે જ આપતાં!

ચુનિલાલ કિન્નર હતા, પણ એમનું વ્યક્તિત્વ બહુઆયામી હતું. પોતાની આવી જિંદગીમાં એમણે સેવાનો મંત્ર જ અપનાવ્યો હતો, કિન્નર તરીકેના જે લાગ, ભાગ કે કોઈ હક્ક-હિસ્સો પણ જે વ્યવહારે મળે તે લીધા નથી. નથી એવું વર્તન પણ બતાવ્યું. આજના સમયમાં એવી વ્યક્તિ તરીકેની, પોતાની આગવી ઓળખ સાથે, સ્વતંત્ર કામધંધો પણ ઘણા કિન્નરો કરે છે અને સ્વામાનભેર રહી પણ શકે છે, પણ એ જ વાત તે સમયમાં આજથી ૭૦-૮૦ વર્ષ પહેલાં શ્રી ચુનિલાલે પણ કરી બતાવી, મૂક અને સ્વમાનભેર રહીને જીવી પણ બતાવ્યું. ભણતર ઝાઝું નહીં, પણ કોઠાસૂઝ ગજબની! શરીરના તંત્રમાં, કોઈ પણ જગ્યાએ ખામી હોય, પણ તે કમી કે ખોટને ગણકાર્યા વગર સામાન્યથી વિશેષ જીવન ઉજાળ્યું. કિન્નર તરીકે જન્મ્યા, જીવ્યા પણ કર્તવ્ય એક સારા માનવી તરીકે બજાવ્યું અને મુઠ્ઠી ઊંચેરા જ રહ્યા. આજે ચુનિલાલ નથી, ઝરૂખાઓવાળું મકાન પણ નથી. ભૂકંપમાં બધું તહસનહસ થયું. કોરોનાકાળમાં બે વર્ષ ઘેર બંધ રહી, ફરી ફિનિક્સ પક્ષીની જેમ રાખમાંથી પૂર્વવત્ ચાલુ થઈ.

❑❑❑



મેટાફર્સ ઑફ સેલ્ફ: ભારતીય સ્ત્રીઓની આત્મકથાઓમાં પ્રતિબિંબિત તેમની નિસબત

☐ ડૉ. રંજના હરીશ

[ઉત્તરાર્ધ]

મૌનની સંસ્કૃતિને પડકારવાની નિસબત: ૧૯મી સદીના ઉત્તરાર્ધમાં જીવી ગયેલ એક બંગાળી નાટ્ય અભિનેત્રી બિનોદિની દાસીની આત્મકથા 'બિનોદિની દાસી : માય સ્ટોરી ઍન્ડ માય લાઇફ એઝ ઍન ઍક્ટ્રેસ' ૧૯૩૦ની આસપાસ બંગાળી ભાષામાં લખાયેલ અને લેખિકાના મૃત્યુ બાદ ૧૯૯૮માં ઉપરોક્ત શીર્ષક સાથે પ્રકાશિત થયેલી. આ આત્મકથા તત્કાલીન સમાજ થિયેટરમાં કામ કરતી સ્ત્રી પ્રત્યે કેવો અભિગમ ધરાવતો તેની વાત કરે છે તેમજ અપરિણીત સ્વરૂપવાન સ્ત્રીના જીવનની વિભીષિકાનું દસ્તાવેજીકરણ કરે છે. બિનોદિની દાસી એક અનાથ છોકરી હતી જેણે સ્ટેજ અભિનેત્રી તરીકેનું જીવન પસાર કર્યું અને તે જીવનની ભયાવહતાનું તાદૃશ વર્ણન પોતાની આત્મકથામાં કર્યું. લેખિકા લખે છે: મારી જીવનકથા એટલે દુ:ખોની હારમાળા... મારા દુ:ખને સાંભળનાર કોઈ નથી. આ સંસારમાં હું સાવ એકલી છું. મને સ્ટેજ પર જોઈને કિકિયારી પાડતા સમાજના એક ઠેકેદાર પુરુષોને પોતાના વર્તન માટે લેશ માત્ર શરમ નથી. આ બધું મારા ભાગ્યમાં જ કેમ છે? (૧૦૭). બિનોદિની દાસીની આત્મકથાનું સ્વરૂપ રસપ્રદ છે. આ આત્મકથા એપિસ્ટોલરી (પત્રલેખન) સ્ટાઇલમાં લખાયેલ છે. લેખિકાનો પ્રત્યેક પત્ર કોઈ 'મહાશય'ને સંબોધીને લખાયેલ છે. તેના પત્રો પોતાની દયનીય સ્થિતિ તથા

બિનોદિની દાસી



ઊતરતા દરજ્જા વિશે સતત પ્રશ્નો કરે છે. પત્રની નીચે સહી કરવાની જગ્યાએ લિખિતંગ 'એક દુઃખયારી સ્ત્રી' છે. ઘણાં વર્ષો સુધી અપ્રકાશિત આ આત્મકથાનો અનુવાદ કરીને તેના પર ટિપ્પણી લખીને પ્રકાશિત કરનાર રિમલી ચટ્ટોપાધ્યાય બિનોદિની દાસીના આવા દુઃખદ, અસહાય જીવન છતાં તે લેખિકાને 'તત્કાલીન સ્ત્રીઓની મૌનની સંસ્કૃતિને પડકારનાર એક હિંમતબાજ સ્ત્રી' તરીકે નવાજે છે.

સ્ત્રીના અધિકારો વિષયક નિસબત:

ભારતીય સ્ત્રીને તેના અધિકારો માટે જાગ્રત કરનાર તથા તે અધિકાર અપાવવા માટે નિસબત ધરાવનાર, શૈલબાલા દાસ (એ લુક બિફોર ઍન્ડ આફ્ટર : ૧૯૫૬), વિજયાલક્ષ્મી પંડિત (એ સ્કૉપ ઑફ હૅપિનેસ, ૧૯૭૯), દુર્ગાબાઈ દેશમુખ (ચિંતામન ઍન્ડ આઇ, ૧૯૮૦), રેણુકા રે (માય રેમિનિસન્સીઝ,૧૯૮૨), કમલાદેવી ચટ્ટોપાધ્યાય (ઇનર રિસેસીસ આઉટર સ્પેસીઝ, ૧૯૮૬) જેવી આત્મકથા લેખિકાઓનું આ ક્ષેત્રનું પ્રદાન નોંધપાત્ર રહ્યું છે. આ સઘળી સુશિક્ષિત, સંભ્રાંત પરિવારની સ્ત્રીઓને પોતાના જીવનના કોઈ મોડ પર નડતર બનનાર બાબતોએ તેમને નારી માત્રની તકલીફો વિશે, તેમના અધિકાર વિશે, વિચારતી કરેલી. જેમ કે સંપન્ન પરિવારનાં દીકરી કમલાદેવી ચટ્ટોપાધ્યાયના પિતાના મૃત્યુએ તેમને સ્ત્રીજીવનની આર્થિક પરાધીનતાના કઠોર સત્ય પ્રત્યે જાગ્રત કરેલાં. પિતાના મૃત્યુ સાથે તેમની વિશાળ હવેલી અને બધી જ સંપત્તિનો કબજો પિતાના અપર ભાઈએ લઈ લીધેલો, કેમ કે મૃતકને દીકરીઓ જ હતી. તે જમાનામાં દીકરીને વારસાઈનો અધિકાર ન હતો. એ કડવા અનુભવને યાદ કરતાં લેખિકા લખે છે :

આ અનુભવે મને તંદ્રામાંથી જગાડી... સ્ત્રીઓને સંપત્તિની વારસાઈનો અધિકાર જ નહોતો! મારે તે હક્ક મારા માટે તથા સઘળી સ્ત્રીઓ માટે મેળવવાનો હતો. આ અનુભૂતિએ મને એક બેપરવાહ સ્ત્રીમાંથી જવાબદાર સ્ત્રી બનાવી દીધી. જેને ખભે પોતાના એકલાનો જ નહિ, પરિવારનો જ નહિ, પરંતુ આખી સ્ત્રી જાતનો બોજ હતો... સઘળી સ્ત્રીઓના હક્કનો ઝંડો ઊંચકીને મારે કૂચ કરવાની હતી. (૧૭૬).

કમલાદેવીએ પોતાના સમકાલીન એવા ગોપાલકૃષ્ણ ગોખલે, શ્રીનિવાસ શાસ્ત્રી, ભંડારકર, જસ્ટિસ રાનડે, ઍની બેસન્ટ, પંડિતા રમાબાઈ સરસ્વતી અને સરોજિની નાયડુ જેવાં સમર્થકોનો સાથ લઈને સ્ત્રીના હક્ક માટેની લડત આપી અને એક વ્યક્તિગત અધિકાર માટેની લડાઈ સમગ્ર ભારતીય દીકરીઓને વારસાઈનો હક્ક અપાવી ગઈ.

વિજયાલક્ષ્મી પંડિતની આત્મકથા 'એ સ્કૉપ હૅપિનેસ' ભારતીય વિધવાના

અધિકાર માટે તેમણે આપેલ સફળ લડતનું આલેખન કરે છે. પતિ રણજિત પંડિતના વર્ષ ૧૯૪૪માં થયેલ મૃત્યુ બાદ તેમનાં સાસરિયાંઓએ અવિભાજિત પરિવારની તેમની બધી જ મિલકત ફ્રીઝ કરી દીધેલી! બે વર્ષ સુધી વિજયાલક્ષ્મીને આર્થિક કઠિનાઈઓનો સામનો કરવો પડેલો. આ માઠા અનુભવને તેમણે ભારતીય વિધવાને વારસાઈનો કાનૂની હક્ક મળવો જ જોઈએ તેમ અનુભૂતિ કરાવેલી. મોતીલાલ નહેરુના પરમ મિત્ર ઍડ્વૉકેટ તેજપાલ સપ્રુ તથા અન્યોના સમર્થનથી વિજયાલક્ષ્મી ભારતીય વિધવાને વારસાઈ હક્ક અપાવવામાં સફળ બન્યા હતા. તો વળી 'માય રેમિનિસન્સીઝ' આત્મકથાના લેખિકા રેણુકા રે પોતાની પ્રસ્તાવનામાં લખે છે :

ભારતીય સમાજમાં સ્ત્રીનો દરજ્જો અને અધિકાર આ પુસ્તકની મુખ્ય નિસબત છે... મેં તથા મારા સમકાલીનોએ સ્ત્રીઓના અધિકારો માટે જે સંઘર્ષ ખેડ્યો તેનો ચિતાર મેં અહીં વ્યક્ત કર્યો છે. (ભારતીય નારીની આત્મકથાઓ - ૧૫૧)

દુર્ગાબાઈ દેશમુખની આત્મકથાનો મુખ્ય વિષય એટલે સ્ત્રીના હક્ક અને દરજ્જા વિશેની તેમની સભાનતા તેમજ કાર્યશીલતા. કિશોરવયથી તેઓ



કમલાદેવી

બાળવિવાહ, દહેજપ્રથા, સ્ત્રીપ્રતાડના, વિધવાની દયનીય સ્થિતિ તેમજ ગણિકાઓની દુર્દશા પ્રત્યે સભાન હતાં તથા આ કુપ્રથાઓના અંત માટે હંમેશાં પ્રયત્નશીલ રહેલાં.

માતૃભૂમિની આઝાદીની નિસબત:

દેશની આઝાદી પ્રત્યેની સ્ત્રીઓની નિસબતની પોતાની આત્મકથામાં અભિવ્યક્ત કરનાર લેખિકાઓની યાદીમાં મહદંશે ગાંધીના પ્રભાવ તળે ઘરનો ઉંબરો ઓળંગીને ચળવળમાં જોડાનાર કમલાદેવી ચટ્ટોપાધ્યાય, દુર્ગાબાઈ દેશમુખ, તારાઅલી બેગ, વિજયાલક્ષ્મી પંડિત, રેણુકા રે તથા કૃષ્ણા હઠીસિંગ જેવી સ્ત્રીઓનો સમાવેશ થઈ શકે. આ સઘળી સ્ત્રીઓની આત્મકથામાં ગાંધીવિચાર સતત ધબકે છે, પરંતુ ગાંધીનો અસ્વીકાર કરનાર અને તેમ છતાંય દેશની આઝાદીની નિસબત ધરાવનાર બે અપવાદરૂપ આત્મકથા લેખિકાઓ પણ છે. આ બે સ્ત્રીઓ છે - સ્વતંત્ર ભારતમાં બિહાર રાજ્યના મુખ્યમંત્રીની પુત્રી શૈલબાલા દાસ અને બંગાળના નેતાજી સુભાષચંદ્ર બોઝની રાણી ઝાંસી ફોજનાં સૈનિક કલ્પના દત્ત. આ એ જ ક્રાંતિકારી કલ્પના છે જેમને તેમના પુરુષ સાથીદારો સાથે બૉમ્બ બનાવવા તથા બ્રિટિશ ઑફિસર ઉપર

એ બૉમ્બ ફેંકવાની (ચિત્તાગૉંગ બૉમ્બ કૉન્સિપર્સિની) સજારૂપે અંગ્રેજ સરકારે આજીવન કેદની સજા ફરમાવેલી. ગુરુદેવ ટાગોરની દરમ્યાનગીરીથી તે સજા માફ થયેલી.

અહીં નોંધવું જોઈએ કે ભારતીય મહારાણીઓની આત્મકથામાં દેશની આઝાદીની વાત ક્યાંય નથી ચર્ચાતી. કુચબિહારનાં મહારાણી સુનીતિદેવી, જયપુરનાં મહારાણી ગાયત્રીદેવી, ગ્વાલિયરનાં વિજયારાજે સિંધિયા, કપૂરથલાનાં મહારાણી બ્રિન્દા તેમજ ભોપાલની ફિમેલ ડાયનાસ્ટીનાં નવાબ સુલતાન જહાન બેગમમાંથી એકેય માતૃભૂમિની સ્વંત્રતા વિશે કોઈ જ ઉલ્લેખ કરતાં નથી. અલબત્ત, સ્વાતંત્ર્યોત્તર રજવાડાંના વિલીનીકરણ અને તેના લીધે રાજવીઓના જીવન પર પડેલી અસરની વાત આ સઘળી સ્ત્રીઓ કંઈક રોષ સાથે કરે છે.

નિજી સ્વની નિસબત:

સ્વતંત્રતાસંગ્રામમાં જોડાનાર ઉપરોક્ત બધી જ સ્ત્રીઓ પોતપોતાના ક્ષેત્રમાં શિખર પર હતી, સફળ હતી. તેમાંની એંશી ટકા સ્ત્રીઓ પદ્મ ઍવૉર્ડ કે અન્ય સમકક્ષ ઍવૉર્ડથી નવાજાયેલી પણ હતી, તો વળી તેમાંની ઘણી બધી સ્વતંત્ર ભારતમાં મોટાં પદો પર નિયુક્તિ પામેલી. સ્વતંત્ર ભારતને સાચી દિશા અને યોગ્ય મૂલ્યો આગળ વધારવામાં તેમનું યોગદાન નોંધપાત્ર રહેલું. તેમ છતાં તેમની આત્મકથા ક્યારેય ગૌરવગાથા બનતી નથી. પોતાની સિદ્ધિઓ વિશે મહદંશે મૌન રહેનાર આ આત્મકથા લેખિકાઓ એમ કરીને સ્ત્રીના આત્મકથા લેખનના એક વિશિષ્ટ પાસાને ઉજાગર કરે છે. ‘સ્ત્રીનું આત્મલેખન એટલે નિજી ‘સ્વ’નું આલેખન અને જાહેર ‘સ્વ'ની છબી પ્રત્યે ઉદાસીનતા.’ (પ્રાઇવેટ સેલ્ફ: શેરી બેનસ્ટોક)

મહારાણી બ્રિન્દા



સ્ત્રીની સામૂહિક ચેતના પ્રત્યેની નિસબત:

આત્મકથા સાહિત્ય સ્વરૂપની થિયરી આપતાં જ્યૉર્જિસ ગસડોર્ફ નામક થિયરિસ્ટે આત્મકથાને 'સ્વ'નું દર્પણ કહેલી. એ વાતને આગળ વધારતાં શૈલા રોબોથામ નામક વિવેચક લખે છે કે, ‘જો આત્મકથા 'સ્વ'નું દર્પણ હોય તો જ્યારે સ્ત્રી એ દપર્ણમાં જુએ છે ત્યારે તે પોતાની અલાયદી જાતને નહિ, પરંતુ સઘળી સ્ત્રી જાતની પ્રતિનિધિ તરીકે પોતાને જુએ છે અને તેથી સ્ત્રીના આત્મકથા લેખનમાં પ્રગટ થતી ‘સ્વ’ પ્રત્યેની તેની જાગ્રતતા સામૂહિક હોય છે.' અન્ય એક વિવેચક આ વાતનું સમર્થન કરતાં લખે છે કે, ‘સ્ત્રીના આત્મકથા લેખનમાં પ્રગટ થતો તેનો ‘સ્વ’ સામૂહિક ચેતનામાંથી

જન્મે છે ખરો, પંરતુ તે ‘સ્વ’ સામૂહિક ચેતના સુધી જ મર્યાદિત રહેતો નથી’ (સુઝન ફ્રીડમેન). જાહેર જીવનમાં અત્યંત સફળ એવી આત્મકથા લેખિકાઓ પણ પોતાની અલાયદી જાતને પ્રોજેક્ટ કરવાને બદલે સામૂહિક વ્યક્તિત્વને જ પ્રોજેક્ટ કરે છે. આ બાબતે લેડી ધનવંતી રમારાવ, કમલાદેવી ચટ્ટોપાધ્યાય, વિજયાલક્ષ્મી પંડિત, ઇંદિરા ગોસ્વામી, વિજયારાજે સિંધિયા જેવી કેટકેટલી જાહેર જીવનમાં સફળ નિવડેલ સ્ત્રીઓનું આત્મલેખન સ્મરે છે. ૧૯૩૦ની આસપાસ લંડન સ્કૂલ ઑફ ઇકૉનૉમિક્સ ખ્યાતનામ અર્થશાસ્ત્રી હેરોલ્ડ લાસ્કીનાં વિદ્યાર્થિની, સ્વતંત્રતાસેનાની તથા સ્વતંત્ર ભારતમાં બંગાળના પુનઃવસન મંત્રી રહી ચૂકેલ રેણુકા રે જેવી સફળ સ્ત્રીનું આત્મલેખન આ વાતની સાક્ષી પૂરે છે. તેઓ લખે છે :

મારી આત્મકથામાં વારે-વારે દોહરાવાતો વિષય છે આપણા સમાજમાં સ્ત્રીનો દરજ્જો. ભારતીય સ્ત્રીના અધિકારો માટેના સંઘર્ષનો અહેવાલ અહીં આપ્યો છે.... સ્ત્રી અધિકાર માટેના કોઈ પણ કાર્યનો પ્રારંભ મેં કર્યો તેવું ગૌરવ હું લઈ શકું તેમ નથી... પરંતુ લગ્નજીવન તોડ્યા વગર રાજકીય કે જાહેર જીવનમાં પોતાની કારકિર્દી બનાવવાનો માર્ગ મેં પ્રસ્થાપિત કર્યો તેનો આનંદ છે. (૭)

સ્ત્રીદેહ પરના અધિકારની નિસબત:

સ્ત્રીના દરજ્જાની તથા તેને એક વ્યક્તિ તરીકે સ્થાપવાની નિસબત આ બધી જ લેખિકાઓમાં ભારોભાર ભરી છે. સ્ત્રી પર લદાયેલાં બંધનો, મર્યાદાઓ તથા લક્ષ્મણરેખાઓ આ બધી આત્મકથા લેખિકાઓ પોતપોતાની રીતે ઓછા-વધતા પ્રમાણમાં અતિક્રમે છે, પરંતુ સ્ત્રીદેહ પર પોતાના અધિકાર વિશે પ્રશ્ન કરવાની હિંમત ફક્ત બે જ લેખિકાઓ કરે છે. આ બે સ્ત્રીઓ છે કપુરથલાની મહારાણી બ્રિન્દા અને જાણીતાં લેખિકા કમલા દાસ. મહારાણી બ્રિન્દાની આત્મકથા ‘મહારાણી' (૧૯૫૩). અત્યંત સ્વરૂપવાન મધ્યમ વર્ગીય કિશોરી બ્રિન્દા મહારાણીના પદ સુધીની સફરને વર્ણવે છે. કિશોરી બ્રિન્દાને તેના સસરાએ પોતાના વારસદાર ટિક્કા રાજા માટે માગીને લીધેલી. પૅરિસના કપુરથલા વિલામાં રાખીને તેને મહારાણીપદની તાલીમ અપાયેલી. ત્યારબાદ તેનાં લગ્ન રાજકુમાર ટિક્કા રાજા સાથે થયેલા. ત્રણ પુત્રીઓની માતા એવી બ્રિન્દાના જીવનનું એક દુઃખ સમાજ તથા સાસરિયાંઓની તેના દ્વારા વારસદાર પુત્ર પામવાની ઝંખના હતી. બ્રિન્દાએ ત્રણ પુત્રીઓને જન્મ આપેલો પણ તેને પુત્ર ન હતો, જેને કારણે તેના પતિએ બીજાં લગ્ન કરેલાં. મહારાણી બ્રિન્દાએ પતિને બીજાં લગ્નની છૂટ અવશ્ય આપી,

પરંતુ મહારાણીપદ અકબંધ રાખ્યું. પૅરિસનો કપુરથલા વિલા તથા સુયોગ્ય સાલિયાણું લઈને તેમણે પતિનો મહેલ છોડ્યો. જીવનના આવા કડવા અનુભવ દરમિયાન બ્રિન્દા સતત એક જ પ્રશ્ન પૂછે છે ‘મારા દેહ પર કોનો અધિકાર? સમાજનો? પતિનો કે મારો?’ પોતાના દેહ પ્રત્યે અન્યોની નિસબત તેને અજુગતી લાગે છે. તે સતત આ બધી બાબતોને પડકારે છે. આવા પિંજરા સમાન લગ્નજીવનથી છૂટીને તે જાણે મુક્ત આકાશ તરફ આગળ ધપે છે. લગ્ન પહેલાં, લગ્ન દરમિયાન અને સેપરેશન બાદના પોતાના પ્રણય પ્રસંગો નિરૂપવામાં બ્રિન્દાને કોઈ ક્ષોભ નથી. પતિથી છૂટા પડ્યા બાદ હૈદરાબાદના નિઝામ સાથેના પોતાના સંબંધને તે વિસ્તારપૂર્વક વર્ણવે છે, કેમ કે તેની દૃઢ માન્યતા છે કે સ્ત્રીનો દેહ તેની પોતાની જાગીર છે.

કમલા દાસની અત્યંત ચર્ચિત આત્મકથા 'માય સ્ટોરી' (૧૯૮૮) ‘ટાઇમ’ મૅગેઝિનના કવર પેજ પર એક ‘ઇરોટીકા’ તરીકે ચમકેલી, પરંતુ લેખિકાને તેનો જરાય ક્ષોભ ન હતો. અલબત્ત, બ્રિન્દાની જેમ કમલા દાસ સ્ત્રીદેહ વિષયક કોઈ ચર્ચામાં પડતાં નથી, પંરતુ પોતાના અસંખ્ય પ્રણય પ્રસંગોનો સ્પષ્ટ ચિતાર આપીને તે સમાજની બધી જ લક્ષ્મણરેખાઓ અતિક્રમી જાય છે.

જીવન-સત્ય પ્રત્યેની નિસબત:

એક સર્જક જ્યારે આત્મકથા લખે ત્યારે સામાન્ય સ્ત્રીઓમાં જોવા ન મળતી એવી મોકળાશ સાથે તેમની કલમ જીવનને કાગળ ઉપર ઉતારે છે. કમલા દાસ લખે છે કે તેમની પ્રથમ નિસબત પોતાના વાચકો પ્રત્યે વફાદાર રહેવાની છે, કેમ કે ‘લેખકનું જીવન એટલે સુંદર રીતે પ્રકાશિત એવા કાચના બાઉલમાં રાખેલ ગોલ્ડ ફિશ, જેની પ્રત્યેક હિલચાલ આવનાર-જનાર બધા જ જોઈ શકે.’ તેઓ આગળ ઉમેરે છે કે વાચક પ્રત્યે તેમની વફાદારી એટલી બધી હતી કે મધ્ય રાત્રિએ જ્યારે-જ્યારે તેઓ પોતાના પ્રિયતમને મળવા અભિસારે ગયાં ત્યારે વાચકોની આંખોનો ભાર તેમણે પોતાની પીઠ પર અનુભવેલો. પોતાની આત્મકથાની પ્રસ્તાવનામાં તે લખે છે :

આ પુસ્તક માટે મારે ઘણો ભોગ આપવો પડેલ છે, પરંતુ એક ક્ષણ માટે પણ મને આ પુસ્તક લખ્યાનો પસ્તાવો નથી થયો. મેં મારી જિંદગીમાં અનેકો પુસ્તકો લખ્યાં છે, પરંતુ ‘માય સ્ટોરી’ લખતી વેળાએ જે આનંદ મને થયો છે તે ક્યારેય નથી થયો... જીવનનું સો ટકા સત્ય આ આત્મકથામાં લખીને મેં જાણે મારા હૃદયને ઘસી-ઘસીને ચોખ્ખું કરી દીધું છે. હવે અલવિદા કહેવાનું થાય તો કોઈ વસવસો નથી. (૪)

અમૃતા પ્રીતમની બે આત્મકથાઓ

'રેવન્યુ સ્ટૅમ્પ' (૧૯૭૭) અને 'અક્ષરો કે સાયે' (૨૦૦૪)માં પ્રગટતાં 'સ્વ'ને સમજવા માટે કોઈ સામાન્ય માપદંડ ખપે તેમ નથી. તેમની નિસબત ભારોભાર છે, અસામાન્ય છે. સમાજના નિયમો અને રીતિ-રિવાજો તોડવા એ અમૃતાજીને મન કોઈ મોટી વાત ન હતી. નાનપણથી તેમનો ઉછેર જ એવો હતો. બાલિકા અમૃતાના પિતા બાળકીને રોજ રાતે સૂતાં પહેલાં પ્રાર્થના કરાવતા અને કહેતા, 'પ્રાર્થનાની કિલ્લેબંધી થઈ જાય એટલે કોઈપણ અંદર પ્રવેશીને ખલેલ ન કરી શકે.' પ્રાર્થના કરતી અમૃતા વચ્ચે-વચ્ચે પ્રાર્થનાની પંક્તિઓ ગુપચાવી દેતી જેથી કિલ્લામાં કાણાં રહે અને કાણાંમાંથી તેનો ગોઠિયો અંદર આવી શકે. પિતા દીકરીની આ યુક્તિ પામી ગયા અને પછી પ્રાર્થના મોટેથી કડકડાટ બોલાવીને જ દીકરીને ઊંઘવા જવા દેતા. આવી પરિસ્થિતિમાં પ્રાર્થનાની કિલ્લેબંધી થાય તે પહેલાં જ બાલિકા પોતાના કલ્પના જગતના ગોઠિયાને અંદર બોલાવી લેવા માંડી. 'હવે બનાવો કિલ્લા, જેટલા જોઈએ તેટલા!' અમૃતાજી લખે છે, 'મને નાનપણથી જ ફાવટ આવી ગયેલી કે ગમે તેટલી કિલ્લેબંધી છતાં હું મને ગમતી વ્યક્તિને કિલ્લાની ભીતર લઈ લેતી. આખું જીવન મેં એમ જ કર્યું. મને કોઈ કઈ રીતે રોકવાનું હતું?' લગ્ન, લગ્નેતર પ્રણય, સંખ્યાબંધ આશિકો, છૂટાછેડા, લિવ ઇન રિલેશનશિપ બધું જ ખરું અને તેમ છતાં ક્યાંય ગિલ્ટ નહિ. ક્યાંય બેઈમાની નહિ. સંપૂર્ણ ઈમાનદારીથી અમૃતા પ્રીતમ પોતાના જીવનનું સત્ય આત્મકથામાં આલેખે છે. વાચક એમને મન મોંઘેરો મહેમાન છે. આ સંદર્ભે તેઓ લખે છે :



અમૃતા પ્રીતમ

આત્મકથાનો લેખક પોતાના વાચકને ઘરના ઉંબરાની સામાન્ય સીમાથી ક્યાંય વધુ અંદર આવવા માટે આમંત્રે છે. તેથી જીવનની સચ્ચાઈ સાથે બાંધછોડ એ ફક્ત આમંત્રિત મહેમાન માટે જ નહિ, પરંતુ આમંત્રણ આપનાર લેખક માટે પણ અપમાનજનક છે. (૧૨૮)

વાચકો પ્રત્યે અને પોતાની જાત પ્રત્યે વફાદારી તે જ અમૃતાજીની મુખ્ય નિસબત રહી. તેથી જ તેમણે પોતાના વિલમાં પોતાની કલમને તેમની અંતિમયાત્રામાં સાથે મૂકવા માટે લખ્યું. 'કલમે મને જીવનભર સાથ આપ્યો અને મેંપણ વફાદારી નિભાવી.' પોતાની આત્મકથાનું શીર્ષક 'રેવન્યુ સ્ટૅમ્પ' તેમની સત્યનિષ્ઠાનો મોટો પુરાવો છે. કોઈપણ દસ્તાવેજ પર રેવન્યુ સ્ટૅમ્પ લગાવી સહી કરવી એટલે તેની સત્યતા પ્રમાણિત કરવી. આના કરતાં મોટી નિસબત કઈ હોઈ શકે? અલબત્ત, સ્ત્રીજીવનની વિષમતાઓ, અન્યાયો,

સમાજના કુરિવાજો, દેશનું વિભાજન જેવી દરેકેદરેક બાબત પ્રત્યે તેમની નિસબત અકબંધ જોવા મળે છે, પરંતુ તેમની અંતિમ નિસબત તો જાત પ્રત્યે, કલમ પ્રત્યે અને વાચક પ્રત્યેની વફાદારી જ છે.

'રેવન્યુ સ્ટૅમ્પ'નાં ઘણાં વર્ષો બાદ તેમના મૃત્યુના થોડા સમય પહેલાં પ્રકાશિત અમૃતાજીની બીજી આત્મકથા 'અક્ષરો કે સાયે' તેમની એક નૂતન મુદ્રા પ્રસ્તુત કરે છે. દુન્યવી બાબતથી ઉપર ઊઠીને ઋષિતુલ્ય જીવનના સત્યો ચર્ચતી આ કૃતિ ભારતીય સ્ત્રીના આત્મકથા લેખનને અકલ્પ્ય ઊંચાઈએ સ્થાપે છે. અક્ષરજ્ઞાન તથા આર્થિક પગભરતા જેવી અનિવાર્ય નિસબતોથી પ્રારંભાતું ભારતીય સ્ત્રીનું આત્મલેખન અમૃતાજીની આ કૃતિ સાથે સ્ત્રીને ઋષિતુલ્ય કક્ષાએ સ્થાપે છે. અમૃતાજી લખે છે :

આત્મવિકાસની યોગ્યતા જ્યારે આત્મચેતનામાં ઊતરે છે ત્યારે તે સાધના બની જતી હોય છે. આવો અનુભવ મનુષ્યનો કાયાકલ્પ કરી શકે છે... મને લાગે છે કે આવું તો ફક્ત ઋષિ-અવસ્થામાં જ સંભવી શકે. એવો ઋષિ કે જેની કાયાના જળમાં રોજ-રોજ ચાંદ ઊતરતા હોય. (૧૨૬)

'નિસબત મનુષ્ય જીવનને સાર્થક બનાવે છે.' લેખને પ્રારંભે ટાંકેલ દલાઈ લામાના શબ્દો કેટલા સાર્થક છે? આ શબ્દોના સંદર્ભ સાથે લેખના સમાપનમાં એટલું અવશ્ય સ્વીકારવું પડે કે ભારતીય સ્ત્રીઓની આત્મકથાઓમાં પ્રગટ થતી તેમની નિસબતો બિરદાવવા લાયક છે. પ્રત્યેક સ્ત્રી તેના આત્મલેખનમાં પોતાના સમયકાળના સમાજજીવનના તાણાવાણામાં ફક્ત પોતાની જ નહિ, પરંતુ સમગ્ર પેઢીની સ્ત્રીઓના દરજ્જા અને અભિલાષાઓને સુપેરે વણે છે. પ્રત્યેક આત્મકથા લેખિકાની નિસબત ભલે ભિન્ન જણાય, તેમનો 'મેટાફર્સ ઑફ સેલ્ફ' ભલે અલાયદો હોય, પરંતુ અંતે તો તે બધી જ પોતાની આત્મખોજનો પ્રામાણિક પ્રયાસ અને તેનું દસ્તાવેજીકરણ રજૂ કરે છે. જે આવનાર પેઢીની સ્ત્રીઓ માટે પ્રેરણાસ્રોત બની રહે છે. આ સંદર્ભમાં કેરોલીન હેલબ્રન નામક પ્રતિષ્ઠિત વિવેચકે સાચું જ કહ્યું છે કે સ્ત્રીજાતના ભાવિની નિસબત ધરાવતી પ્રત્યેક સ્ત્રીએ ઘરના ખૂણે બેસીને, જેવી ફાવે તેવી, પોતાની આત્મકથા અવશ્ય લખવી જોઈએ.

ranjanaharish@gmail.com

❑❑❑

સુધારોઃ 'નવનીત સમર્પણ'ના નવેમ્બર ૨૦૨૨ અંકમાં ડૉ. રંજના હરીશના લેખમાં પૃ. ૫૧ ઉપર સરતચૂકથી બહિનાબાઈ ચૌધરીનો ફોટો છપાયેલ છે. ક્ષમસ્વ.

યેલાપ્રગડા સુબ્બારાવ (ઈ.સ.૧૮૯૫-૧૯૪૮)

☐ અરવિંદ ગુપ્તા ☐ અનુ. : હેમંત સોલંકી

યેલાપ્રગડા સુબ્બારાવ ભારતના મહાન ચિકિત્સાવિજ્ઞાની હતા. આ લેખ વિજ્ઞાનલેખક તેમજ વિજ્ઞાનપ્રચારક શ્રી. અરવિંદ ગુપ્તાના પુસ્તક 'Bright Spark'માં રજૂ થયેલ The Miracle Man of Medicine તરીકે ઓળખાતા ડૉ. યેલાપ્રગડા સુબ્બારાવની લઘુ-આત્મકથાનો ભાવાનુવાદ છે. એમણે માનવશરીરમાં ઉત્પન્ન થતી ઘણી જટિલ બીમારીઓ ઉપર સંશોધન કર્યું. તેમનાં સંશોધનોના પરિણામે જ કર્કરોગ જેવી બીમારીઓને સમજવામાં તેમજ તેનો ઇલાજ કરવામાં સહાયતા મળી. ચિકિત્સાવિજ્ઞાનમાં ઘણી અદ્ભુત દવાઓ શોધવાને કારણે તેઓ wizard of wonder drugs નામે પણ ઓળખાયા.

Indian National Science Academy (INSA), નવી દિલ્હીના પ્રાધ્યાપક એમ. વિજયન આ પુસ્તક માટેના પ્રેરણાસ્રોત્ર રહ્યા. તેમજ ખ્યાતનામ ખગોળવિજ્ઞાની પ્રા. જયંત નારળીકર સહિત પ્રા. માધવ ગાડગીલ તેમજ પ્રા. ટી.પદ્મનાભન્ આ પુસ્તકની સલાહકાર સમિતિના સભ્યો રહ્યા. આ બધાનો સ્પષ્ટ ઉદ્દેશ હતો *"બાળકો માટે ભારતીય વૈજ્ઞાનિકોનો પરિચય થાય એવું તેમનું સંક્ષિપ્તમાં ચરિત્ર આલેખતું, સંપૂર્ણ રીતે સરળ ભાષા તેમજ સારી એવી સચિત્ર માહિતીઓ ધરાવનાર પુસ્તક પ્રગટ કરવું."*

શ્રી. અરવિંદ ગુપ્તાએ આ પુસ્તકમાં ૪૦ જેટલા ભારતીય વૈજ્ઞાનિકો તેમજ સંશોધકોના જીવનનો લઘુ-પરિચય તેમજ તેઓએ મેળવેલી સિદ્ધિઓ અને તેમનાં યોગદાનોને રજૂ કર્યાં છે. આ કામમાં એમને સાથ મળ્યો ડૉ. કરેન હેયડોકનો, જેમણે આ પુસ્તકની ડિઝાઇન તૈયાર કરી તેમજ તેમાં વપરાય તેવાં ચિત્રો પણ આલેખ્યાં. આ પુસ્તક અંગ્રેજી અને હિંદી ભાષામાં એકસાથે પ્રગટ થયું, અને પછી સમયાંતરે ગુજરાતી ભાષા સિવાય ભારતની બીજી પ્રાદેશિક ભાષાઓમાં પણ અનુવાદ પામ્યું, અને જે તે ભાષાની પ્રજાઓ સુધી પહોંચ્યું.

- શ્રી હેમંત સોલંકી, મુંબઈ, ઈ-મેઈલ : shm8324@gmail.com

"કદાચ તમે ડૉ. યેલાપ્રગદા સુબ્બારાવનું નામ કદી નહીં સાંભળ્યું હોય તો પણ તેઓ હતા એટલે થઈ શકે કે તમે લાંબું આયુષ્ય ભોગવો."

- ડોરોન કે. એન્ટ્રિમ

New York Herald Tribune એ ડૉ. યેલાપ્રગદા સુબ્બારાવને "શતાબ્દીની વિલક્ષણ તબીબી બુદ્ધિ' તરીકે બિરદાવ્યા હતા. એમણે ઘણા ઘાતક રોગોનો ઇલાજ શોધ્યો જેના લીધે વિશ્વભરમાં આવા રોગોથી પીડાતા લાખો લોકોને મોટી રાહત મળી.

સુબ્બારાવનો જન્મ ૧૨ જાન્યુઆરી, ઈ.સ.૧૮૯૫ના રોજ આંધ્રપ્રદેશના પશ્ચિમ ગોદાવરી જિલ્લામાં સ્થિત ભીમાવરમ ગામે થયો. તેમનાં માતાપિતાનાં સાત સંતાનોમાં તેઓ ત્રીજું સંતાન હતા. એમના પિતા જગન્નાથમે ખરાબ સ્વાસ્થ્યને કારણે વહેલી સેવા નિવૃત્તિ લઈ લીધી. જેના



લીધે આ પરિવારની આર્થિક સ્થિતિ કથળી ગઈ. શાળામાં સુબ્બારાવ નીરસ અને ઉદાસ રહેતા. એકવાર તેઓ નસીબ અજમાવવા વારાણસી ભાગી જવા ગયા, પણ એમની અડગ મનોબળ ધરાવતી મા વેનકમ્માએ એમને અડધા રસ્તે જ પકડી પાડ્યા અને પાછા શાળામાં દાખલ કર્યા. પોતાના પતિના મૃત્યુ પછી સુબ્બારાવનું શિક્ષણ ચાલુ રાખવા માટે વેનકમ્માએ પોતાનું મંગળસૂત્ર પણ વેચી દીધું.

પ્રેસિડેન્સી કૉલેજ, મદ્રાસમાં ભણતી વખતે સુબ્બારાવનો મોટા ભાગનો સમય રામકૃષ્ણ મિશન આશ્રમમાં વીત્યો. એમનામાં વૈરાગ્યની પ્રબળ વૃત્તિ હતી અને તેઓ સંન્યાસી બનવા માગતા હતા, પણ તેમનાં માતાએ ભારપૂર્વક આ માગણીને નકારી કાઢી. છેવટે એમણે મદ્રાસ મેડિકલ કૉલેજમાં પ્રવેશ મેળવ્યો જેથી તેઓ રામકૃષ્ણ મિશન દ્વારા સંચાલિત રુગ્ણાલયો (Hospitals)માં પોતાની સેવા આપી શકે. પરંતુ તેમનો પરિવાર એમના તબીબી અભ્યાસનો ખર્ચ ઉઠાવવા માટે સક્ષમ ન હતો. તેથી એમણે તે સમયમાં ખાસ કરીને આવી સમસ્યાઓના નિરાકરણ તરીકે ગણાતાં 'લગ્ન કરવાનો' નિર્ણય કર્યો. જેથી એમના સસરા એમને આર્થિક મદદ કરે! સુબ્બારાવની માતાએ તેમનાં લગ્ન કરવાના નિર્ણયનું તે આશાથી પણ સ્વાગત

કર્યું કે લગ્ન પછી સુબ્બારાવની અધ્યાત્મ તરફની ઘેલછા જરૂર ઓછી થઈ જશે! તદનુસાર ૧૦ મે, ઈ.સ.૧૯૧૯ના રોજ સુબ્બારાવ એમનાથી ૧૨ વર્ષ નાની શેષાગિરિ સાથે પરણી ગયા. સુબ્બારાવ સંપૂર્ણ સમય પોતાના કામમાં ખૂંપેલા રહેતા હોવાથી શેષાગિરીને ખૂબ ઓછો સમય તેમની સાથે વિતાવવા મળતો.


મહાત્મા ગાંધીની સ્વદેશી ચળવળથી પ્રભાવિત થઈને સુબ્બારાવે બ્રિટિશ સામાનનો બહિષ્કાર કર્યો અને ખાદીનો કોટ પહેરવા લાગ્યા. જેના લીધે એમના અંગ્રેજ પ્રાધ્યાપકો એમના પર નારાજ થયા, અને એમની MBBSની પદવી આ રોષનો ભોગ બની ગઈ. જ્યારે એમને નીચલી શ્રેણીનું LMS પ્રમાણપત્ર એનાયત થયું, ત્યારે એમણે પશ્ચિમી તબીબી અભ્યાસની વિપરીત જઈ મદ્રાસ આયુર્વેદિક કૉલેજમાં શરીરરચના વિજ્ઞાન (Anatomy) શાખામાં વ્યાખ્યાતા (Lecturer) તરીકે જોડાયા.

અમેરિકાથી આવેલા એક મુલાકાતી તબીબે એમને આગળ અભ્યાસાર્થે અમેરિકા જવા માટે પ્રોત્સાહન આપ્યું. એમના સસરા અને એક સખાવતની આર્થિક મદદ વડે સુબ્બારાવ અમેરિકા જવા માટે તૈયાર થયા અને પોતાની કિશોરાવસ્થામાં પ્રવેશેલી પત્નીને વચન આપ્યું કે પોતે ત્રણ વર્ષમાં સ્વદેશ પાછા ફરશે. જોકે તેઓ ફરીથી પોતાની પત્નીનું મોઢું જોઈ ન શક્યા. ઈ.સ.૧૯૨૩ની ૨૬ ઑક્ટોબરે તેઓ બોસ્ટન પહોંચ્યા ત્યારે એમના ખિસ્સામાં ફક્ત ૧૦૦ ડૉલર હતા. એમને મળેલ નીચલી શ્રેણીના LMS પ્રમાણપત્રને લીધે તેઓ કોઈપણ પ્રકારની છાત્રવૃત્તિ (Scholarship) કે ફરજિયાત મુકામી સેવા (Internship) મેળવવાને ગેરપાત્ર ઠર્યા. શરૂઆતમાં સુબ્બારાવના પ્રાધ્યાપક ડૉ. રિચર્ડ સ્ટ્રોન્ગ એમની ફી અને ખિસ્સાખર્ચી માટેના પૈસા આપતા. પોતાના વધારાના ફાજલ સમયમાં સુબ્બારાવે પોતાને આર્થિક ટેકો આપવા માટે રુગ્ણાલયોમાં રોગીઓનો ગંદવાડ સાફ કરવાની સાથે સાથે બીજા ઘણાં છૂટક કામો કર્યાં.

છેવટે તેઓ Harvard Medical Schoolમાંથી Tropical Medicine* (ઉષ્ણ-કટિબંધીય ચિકિત્સા પદ્ધતિ) શાખામાં ડિપ્લોમા મેળવવામાં સફળ રહ્યા અને ડૉ. સાયરસ ફિસ્કની જૈવ રાસાયણિક (Biochemistry) પ્રયોગશાળામાં જોડાયા.

અહીં જ એમણે રક્ત અને મૂત્રમાં રહેલ ફૉસ્ફરસની માત્રાનો અંદાજ કાઢવા માટેની હાલની પ્રસિદ્ધ એવી ફિસ્ક-સુબ્બારાવ પદ્ધતિની શોધ કરી. આ અતિસુગ્રાહી (Sensitive) પદ્ધતિ હવે માન્યતાપ્રાપ્ત થઈ ગઈ છે અને જૈવ રાસાયણિકનો અભ્યાસ કરતા બધા

*ચિકિત્સા વિજ્ઞાનની એવી શાખા જેમાં ઉષ્ણ-કટિબંધીય ક્ષેત્રોમાં મોટા પ્રમાણમાં મળી આવતા રોગોના નિદાન અને ઉપચાર વિષયક અભ્યાસ કરવામાં આવે છે.




જ વિદ્યાર્થીઓને શીખવવામાં આવે છે. હાલના સમયમાં આ પદ્ધતિ કંઠગ્રંથિ (Thyroid) અને Renal Rickets જેવા વિકારોના નિદાન કરવા માટેનું મહત્ત્વનું સાધન બની ગયું છે.

આ પદ્ધતિ દ્વારા સુબ્બારાવે તે સમયમાં સ્થાપિત એવા પ્રચલિત દાવાને ફગાવી દીધો કે માંસપેશીઓના સંકોચન માટે લાગનારી ઊર્જાનો મૂળસ્રોત ગ્લાયકોજેન છે. આ દાવાને કારણે જ હિલ અને મેયરહૌફને ઈ.સ. ૧૯૨૨માં ચિકિત્સાવિજ્ઞાન અને શરીરવિજ્ઞાનના ક્ષેત્રે નોબેલ પારિતોષિક એનાયત થયું હતું. સુબ્બારાવે શોધી કાઢ્યું કે માંસપેશીઓના સંકોચન સહિતની દરેક જૈવરાસાયણિક પ્રક્રિયા માટેનો ઊર્જાનો મૂળ સ્રોત Adenosine Triphosphate (ATP) છે. તદનુસાર થાકેલી માંસપેશીની સરખામણીમાં આરામદાયક માંસપેશીમાં વધુ પ્રમાણમાં ATP મળી આવશે. એમણે તારવેલાં આ તારણો Science સામયિકના એપ્રિલ ઈ.સ. ૧૯૨૭ના અંકમાં પ્રકાશિત થયાં. આ શોધે એમને Ph.D.ની પદવી અપાવી. તે પછી સુબ્બારાવ ખૂબ આદર પામ્યા અને એમના કામની નોંધ વિજ્ઞાન જગતમાં લેવાવા લાગી. તેમજ રોકફેલર ફાઉન્ડેશને એમને અધ્યેતાવૃત્તિ (Fellowship) પ્રદાન કરી.

તે પછી સુબ્બારાવે ઘાતક એવા પાંડુરોગ / રક્તક્ષીણતા (Anemia) સામેનો પડકાર ઝીલ્યો. જેનાથી તે સમયમાં ઘણા લોકો પીડિત હતા. એમણે ડુક્કરના યકૃતમાંથી તારવેલ વિટામિન B12 આ રોગ સામે ખૂબ જ કાર્યક્ષમ પુરવાર થયું. આ શોધને કારણે આગામી વર્ષોમાં દુનિયાભરમાં વિટામિનો મેળવવા માટે બીજા વૈકલ્પિક સ્રોતો તરફ વૈજ્ઞાનિકો પ્રવૃત્ત થયા.

સુબ્બારાવે વિચાર્યું કે વિશ્વવિદ્યાલયની સરખામણીમાં કોઈ મોટી દવાઓ બનાવનાર કંપનીઓમાં સંશોધન માટે વધારે તકો મળી શકશે. તેથી ઈ.સ. ૧૯૪૦માં તેઓ વિશ્વવિખ્યાત એવી Lederle Laboratoriesમાં જોડાયા. અહીં લાંબી મથામણ પછી તેઓ ફૉલિક અલ્મ/ઍસિડનું સંશ્લેષણ કરવામાં સફળ રહ્યા.





વિટામીન B12

છેલ્લાં પચાસ વર્ષોમાં ફૉલિક અલ્મ/ઍસિડની સાથે સાથે વિટામિન B12 પાંડુરોગના નિવારણ માટે ખૂબ જ કાર્યક્ષમ નીવડ્યાં છે.

સુબ્બારાવની સંશોધન ટુકડી માનવીને થતી બીમારીઓની આખી શ્રેણી સામે લડવામાં પ્રવૃત્ત રહેતી. તેઓ આગળ વધીને પોતાની ટુકડીનું નેતૃત્વ કરતા. એક તબીબની રૂએ એમણે વૈજ્ઞાનિકોને માનવીય બીમારીઓનો ઇલાજ શોધવા માટે પ્રેરિત કર્યા. અને એક વૈજ્ઞાનિકની રૂએ એમણે તબીબોને ચોક્કસ સૂક્ષ્મ જીવાણુઓ (Microbes) સામે લડવા માટે દવાઓ શોધવા માટે પ્રોત્સાહન પૂરું પાડ્યું. સુબ્બારાવ એક સંપૂર્ણ વૈજ્ઞાનિક હતા - રસાયણવિજ્ઞાનીઓ વચ્ચે એક રસાયણવિજ્ઞાની, અને તબીબોની વચ્ચે એક તબીબ બનીને તેઓ રહેતા.

પોતાનાં પાછલાં વર્ષોમાં સુબ્બારાવ બધાય પ્રકારના તાવનો અકસીર ઇલાજ શોધવામાં લાગેલા હતા. ઈ.સ. ૧૯૨૮માં એલેક્ઝાન્ડર ફ્લેમિંગે પેનિસિલિનની જીવાણુઓને નાશ કરવાની ક્ષમતાની શોધ કરી. આ રીતે જીવાણુનાશક (Antibiotic)ના સુવર્ણયુગની શરૂઆત થઈ. સુબ્બારાવે આ શોધની સંભાવનાઓને પિછાણી અને પોતે જીવાણુનાશકો ઉપર સંશોધન શરૂ કરી દીધું. આ સંશોધન માટે એમણે એક વનસ્પતિ-વિજ્ઞાની (Botanist)ની નિમણૂક કરી જેને એમણે દુનિયાભરમાંથી લાવેલી માટીના વિવિધ નમૂનાઓમાંથી ફૂગની ઉપયોગી જાતિઓને તારવવાના કામે લગાવ્યા. છેવટે તેઓ ફૂગ A-377ને ઉગાડવામાં સફળ રહ્યા.

આ ફૂગની વિશેષતા એ હતી કે તે ઘણાય રોગોના ઘાતક જીવાણુઓ માટે કોબ્રા સાપના ઝેર સમાન જીવલેણ હતી, પણ યજમાન પ્રાણીના શરીર અને કોષો તરફ બિલાડીના બચોળિયાની જેમ કોમળ વ્યવહાર કરતી હતી. આ શોધના પરિણામ સ્વરૂપ દુનિયામાં સર્વાધિક ઉપયોગમાં લેવાતી જીવાણુનાશક



Tetracydine વિકસિત થઈ. સુબ્બારાવ નિરંતર પોતાના સંશોધન ક્ષેત્રને વિસ્તારી રહ્યા હતા અને હવે એમણે પોલિયો અને કર્કરોગ (Cancer) જેવી વ્યાધિઓના ઇલાજ ઉપર ધ્યાન કેન્દ્રિત કર્યું. એમણે વિકસિત કરેલી એક દવા Teorpterin, રક્તસંબંધિત કર્કરોગ (Lukemia) સામે કારગર પુરવાર થઈ.

૯ ઑગસ્ટ, ઈ.સ.૧૯૪૮ સોમવારની સવારે એમના સહકાર્યકરોએ નોંધ્યું કે તેઓ આજે કાર્યાલયમાં ગેરહાજર છે. સુબ્બારાવ અત્યંત કાર્યવ્યસની (Workaholic) સ્વભાવના હોવાથી તેમની કાર્યાલયમાં ગેરહાજરી એમના સહકાર્યકરો માટે અસામાન્ય બાબત હતી. એમના મકાનને જ્યારે ઉઘાડાયું ત્યારે તેઓ હૃદયરોગના ગંભીર હુમલાના કારણે મૃત- અવસ્થામાં મળી આવ્યા. તેઓ ફક્ત ૫૩ વર્ષના હતા. ભારત છોડ્યા પછી તેઓ પોતાના વતન કદી પરત ફર્યા ન હતા.

સુબ્બારાવે પોતાનાં વૈજ્ઞાનિક સંશોધનો કદી કોઈને પણ વેચ્યા નહીં, તેમજ પોતે શોધેલી કોઈપણ દવા માટે કદી કોઈ એકાધિકાર (Patent) ના નોંધાવ્યો. તેઓ વર્તમાનપત્રોને રૂબરૂ મુલાકાતો આપવાનું ટાળતા તેમજ પારિતોષિકો અને સન્માનોનો પણ નમ્રતાપૂર્વક અસ્વીકાર કરતા. ઈ.સ. ૧૯૯૫માં સુબ્બારાવની જન્મશતાબ્દી ઊજવવામાં આવી. એમણે કરેલાં વિલક્ષણ કાર્યોને લીધે એમની ભલામણ ભારતના સર્વોચ્ચ નાગરિક સન્માન ભારતરત્ન માટે કરવામાં આવી. સુબ્બારાવ અમેરિકી નાગરિકતા માટે પાત્ર ઠર્યા હોવા છતાં એમણે તે ના લીધી અને મૃત્યુ સુધી એક ભારતીય નાગરિક હોવાનો જ આગ્રહ સેવ્યો. તેમજ એમણે પોતાનું યોગદાન પરદેશમાં આપ્યું હોવા છતાં, આ બધું એમની ભારતમાં ઊછરેલ પ્રતિભા, લગન અને પ્રેરણાને કારણે જ સંભવ બન્યું. પૈસો અને પ્રતિષ્ઠા એમના માટે ગૌણ બાબતો હતી. તેમનું ધ્યાન હંમેશાં ભયંકર રોગોના ઇલાજ શોધવા તરફ જ રહ્યું અને આ રીતે એમણે સંપૂર્ણ માનવજાતિની સુખાકારીમાં ઉત્તરોત્તર સુધારો કર્યો.

❑❑❑



ચિત્તાની જીવનલીલા

☐ મનહર ડી. શાહ

ઈ. સ. ૧૯૫૨થી ભારતમાં ચિત્તા નામશેષ થઈ ગયા હતા. એ પછી વિદેશમાંથી ચિત્તા લાવવાના પ્રયત્નો થયેલા, પરંતુ સફળતા મળી નહોતી. એશિયામાં માત્ર ઈરાન પાસે જ ચિત્તા છે, તેમનો સંપર્ક સાધવામાં આવ્યો, પરંતુ તેમની પાસે માત્ર ૫૦ જ ચિત્તા રહ્યા હતા એટલે તેમણે ના પાડી દીધી. વડા પ્રધાન નરેન્દ્ર મોદીના સાર્થક પ્રયત્નને લીધે છેવટે ૭૦ વર્ષની પ્રતીક્ષા પછી ચિત્તાનું ભારતમાં આગમન થયું છે. આફ્રિકી દેશ નામિબિયા પાસે ૨૫૦૦ ચિત્તા છે એટલે એમણે ભારતને આઠ ચિત્તા આપ્યા છે. એક ખાસ વિમાનમાં ૧૬ કલાકના પ્રવાસ પછી ચિત્તાને ગ્વાલિયર હવાઈ મથક પર ઉતારવામાં આવ્યા. તેમની દેખરેખ માટે ૨૪ નિષ્ણાતોની એક ટીમ તેમની સાથે જ હતી. હવે પછી ચિનૂક હેલિકૉપ્ટરમાં ચિત્તાને મધ્ય પ્રદેશના કુનો નૅશનલ પાર્કમાં લાવવામાં આવ્યા છે. આઠ ચિત્તામાંથી પાંચ માદા છે અને ત્રણ નર છે. આ અગાઉ આ નૅશનલ પાર્કમાં ચિત્તા વસતા હતા. કુનો નૅશનલ પાર્ક વાઘ, દીપડા ધરાવે છે એટલે ચિત્તા માટે તે યોગ્ય જગ્યા છે. નરેન્દ્ર મોદીએ આઝાદીના અમૃત મહોત્સવ પ્રસંગે ૧૭ સપ્ટેમ્બર ૨૦૨૨ના રોજ આ ચિત્તા દેશને અર્પણ કર્યા છે. હાલમાં તેમને 'ક્વૉર્ન્ટાઇન' માટે ક્લોઝેટમાં મૂકવામાં

આવ્યા છે.

મધ્ય પ્રદેશમાં (છત્તીસગઢ) આવેલા રજવાડા સરગુજાના રાજા રામાનુજ પ્રતાપસિંહે ઈ.સ. ૧૯૪૭માં છેલ્લા ત્રણ ચિત્તાનો શિકાર કર્યો હતો. એ પછી ભારતમાં કોઈ ચિત્તા બચ્યા નહોતા. સંપૂર્ણ તપાસ બાદ ૧૯૫૨માં નહેરુ સરકારે જાહેર કર્યું કે ચિત્તા ભારતમાંથી નામશેષ થઈ ગયા છે. છેલ્લાં હજાર વર્ષમાં ભારતમાંથી સંપૂર્ણપણે નામશેષ થયેલું કોઈ મોટા કદનું પ્રાણી હોય તો એ ચિત્તા છે. બીજાં પ્રાણીઓની સંખ્યા પણ ઘટી છે, પરંતુ ચિત્તાનું તો નામોનિશાન મટી ગયું છે.

ભારતમાં ૧૯૭૦થી ચિત્તાને ફરીથી વસાવવાના પ્રયત્નો થતા રહ્યા છે. સરકાર તૈયાર થાય તો સુપ્રીમ કોર્ટમાં અટકાવે, સુપ્રીમ કોર્ટ હા પાડે તો પર્યાવરણવાદીઓ વિરોધ કરે. કોર્ટનું કહેવું એમ હતું કે કોઈ પરદેશી પ્રાણીને દેશમાં વસાવવા અંગેનો વૈજ્ઞાનિક અભ્યાસ થયો નથી. ફરી એકવાર સુપ્રીમ કોર્ટને સમજાવવામાં આવી કે ભારતમાં ચિત્તા પરદેશી નથી, કારણ કે આપણા દેશમાં ચિત્તા સારી સંખ્યામાં હતા. છેવટે મંજૂરી આપવામાં આવી.

લાખો વર્ષ પહેલાં ચિત્તાનું અસ્તિત્વ આ પૃથ્વી પર હતું. બિલાડી-કૅટ ફૅમિલીનું આ પ્રાણી ખૂબસૂરત, આકર્ષક અને શક્તિશાળી છે. સંપૂર્ણ આફ્રિકા, એશિયા અને અમેરિકા મહાદ્વીપોમાં તે સ્વૈરવિહાર કરતું હતું. કાલાંતરે તેની સંખ્યા ઘટતી ગઈ. ચિત્તા શબ્દ સંસ્કૃતના ચિત્રક શબ્દ પરથી આવ્યો છે. ચિત્તા નામનો વિશ્વ પ્રાણીજગતમાં પણ સ્વીકાર કરવામાં આવ્યો છે. પ્રસિદ્ધ સામયિક નૅશનલ જ્યોગ્રોફિક તેના લેખોમાં cheetah શબ્દનો ઉપયોગ કરે છે. અંગ્રેજી શબ્દ લેપર્ડનો ઉપયોગ કરતું નથી. વૈજ્ઞાનિક ડૉ. લૉરી માર્કરે ચિત્તાને બચાવવા માટે સંગઠનની સ્થાપના કરી, તેને ચિત્તા કન્ઝર્વેશન ફંડ નામ આપવામાં આવ્યું છે. ચિત્રકનો અર્થ થાય છે ટપકાંવાળો, કાબરચીતરો, ચમકદાર, આકર્ષક વફાદાર પ્રાણી. ચિત્તાને અંગ્રેજીમાં લેપર્ડ, બંગાલીમાં ચિત્તાવાઘ, હિન્દી, ગુજરાતી અને મરાઠીમાં ચિત્તા, કન્નડમાં ચિત્રી, સિલુંગી અને તેલુગુમાં ચિરુતા કહેવાય છે. ચિત્તા વિદ્યુત વેગે દોડે છે. વિશ્વનું કોઈ પણ પ્રાણી આટલી ઝડપથી દોડી શકતું નથી. ઈ.સ. ૧૯૦૦માં વિશ્વમાં ચિત્તાની સંખ્યા લગભગ એક લાખ જેટલી હતી તે અત્યારે ઘટીને સાત હજાર સુધી આવી ગઈ છે. ચિત્તાનું વૈજ્ઞાનિક નામ એશિયોનિક્સ જુબાતુસ છે.

દુનિયાના પ્રાણીજગતમાં ચિત્તાને જંગલનો રાજકુમાર કહેવામાં આવે છે. ચિત્તાનું શરીર સુંદર, સુડોળ અને સુગઠિત હોય છે. તેના પગ લાંબા અને ચાલ આકર્ષક હોય છે. તેજ ગતિથી દોડતી વખતે પાછું વળવા માટે



પૂંછડું મદદ કરે છે. તે ચપળ અને બુદ્ધિમાન પ્રાણી છે. પોતાનામાં મસ્ત રહે છે. તે માંસાહારી પ્રાણી છે. જંગલી સૂવર, સસલાં, હરણ, નીલગાય, નાનાં પ્રાણીઓનો તે શિકાર કરે છે. ગીધનું માંસ તેને ખૂબ ભાવે છે. તે સવારે અથવા સાંજ ઢળતાં પહેલાં શિકાર કરી લે છે અને રાતે આરામ કરે છે. ગંધ કરતાં દૃષ્ટિ આધારિત શિકાર કરે છે. ચિત્તો તેના શિકારને ૭-૮ કિલોમીટર સુધી દોડાવે છે અને તે હાંફવા લાગે છે ત્યારે તેના પર તૂટી પડે છે. પોતાના મજબૂત જડબાંથી તે શિકારની શ્વાસનળીને દબાવી દે છે.

ચિત્તાની ગતિ અંગે સંશોધકોમાં મતમતાંતર છે. તે ૧૧૪ કિલોમીટરની ગતિ હાંસલ કરી શકે, પરંતુ જંગલમાં રહેતા દરેક ચિત્તાની ઝડપ માપી શકાતી નથી. અમેરિકાના સિનસિનાટી પ્રાણીસંગ્રહાલયમાં રહેતી માદા સારાની ઝડપ કલાકના ૯૮ કિ.મી. જોવામાં આવેલી. સારાએ ૧૦૦ મીટરનું અંતર ૫.૫ સેકન્ડમાં પૂરું કરેલું.

વાઘ-દીપડાની માફક કૅટ ફૅમિલીનું પ્રાણી હોવા છતાં ચિત્તા શિકારીઓ જેવા આક્રમક નથી હોતા. સિંહ, વાઘ અને દીપડા માનવભક્ષી છે, જ્યારે ચિત્તા ભાગ્યે જ મનુષ્ય પર આક્રમણ કરે છે. આ માટે તેને પાળવામાં આવે છે. માણસને તેના તરફથી ખતરો નથી,

પરંતુ ચિત્તાને મનુષ્યનો ખતરો અવશ્ય છે.

સામાન્ય રીતે ચિત્તો કલાકે ૬૦થી ૮૦ કિ.મી.ની ઝડપથી દોડે છે. જરૂર પડે તો તેની આ ગતિ ૧૧૪ કિલોમીટર સુધી લંબાવી શકે છે, પરંતુ આ ઝડપ ૩૦૦ મીટર સુધી જ રહે છે. આ દરમિયાન તેના શરીરનું તાપમાન ખૂબ વધી જાય છે, તેથી તેને આરામની જરૂર પડે છે. આ સમયે કોઈ શિકાર હાથમાં આવી જાય તો ઠીક નહીંતર તેને છોડી દેવો પડે છે.

નામ પ્રમાણે ચિત્તાના શરીર પર ગળા અને પેટને છોડીને કાળા રંગનાં અંડાકાર ૨૦૦૦ ટપકાં હોય છે તેની રુવાંટીનો રંગ પીળો અથવા ઝાંખો ભૂરો હોય છે. તેની પૂંછડી પર ચારથી છ કાળાં ધાબાં હોય છે. છેવટનો ભાગ સફેદ હોય છે. આંખોથી મોં સુધી આંસુની ધાર જેવાં કાળાં નિશાન હોય છે. ચિત્તાની લંબાઈ ચારથી આઠ ફૂટ સુધી હોય છે, પૂંછડી બે ફૂટ લાંબી હોય છે. યુવાન ચિત્તાનાં કાળાં ટપકાંનો વ્યાસ પોણાથી દોઢ ઇંચ સુધી હોય છે.

દીપડાની તુલનામાં ચિત્તો નાનો છે. દીપડો ઝાડ પર ચડી શકે છે. ચિત્તો ચડી શકતો નથી. માદા કરતાં નર મોટા હોય છે. સિંહની જેમ ત્રાડ પાડી શકતો નથી. ચિત્તાનું વજન ૪૦થી ૬૦ કિલો સુધી હોય છે. તેનું આયુષ્ય ૧૦થી ૧૨ વર્ષનું હોય છે.



વિશ્વમાં બે પ્રકારના ચિત્તા મળી આવે છે.

(૧) આફ્રિકી ચિત્તા : આફ્રિકાના છ દેશોમાં ચિત્તા મળી આવે છે. 'નામિબિયામાં' ૨૫૦૦ ચિત્તાઓ છે. ઝિમ્બાબ્વેમાં બે દાયકા પહેલાં ૧૨૦૦ ચિત્તા હતા. હવે ૨૦૦ જેટલા રહી ગયા છે. આફ્રિકામાં અત્યારે ૭૦૦૦ ચિત્તા છે.

(૨) એશિયાટિક ચિત્તા : એશિયામાં માત્ર ઈરાનમાં ૫૦ ચિત્તા અસ્તિત્વ ધરાવે છે. એશિયાના ચિત્તાને હંટિંગ લેપર્ડ પણ કહેવાય છે. ૨૦મી શતાબ્દી પહેલાં એશિયાના ચિત્તા ઈરાન-અફઘાનિસ્તાન અને ભારતમાં વિહાર કરતા હતા, પરંતુ ૨૦મી શતાબ્દીના મધ્યમાં ભારતમાં ચિત્તા વિલુપ્ત થઈ ગયા.

દોડતી વખતે ચિત્તો એક સેકંડમાં ચાર છલાંગ મારે છે. વાઘ અને સિંહને પાછળ રાખી દે છે. ૨૩ ફૂટ લાંબી છલાંગ મારી શકે છે. વાઘ, દીપડા, સિંહની તુલનામાં ચિત્તાનું મસ્તક નાનું હોવાથી દોડતી વખતે તેણે હવાનો સામનો ઓછો કરવો પડે છે.

ઝડપથી દોડવા માટે ચિત્તાના સ્નાયુઓને ઑક્સિજનની વધારે પ્રમાણમાં જરૂર પડે છે. આ માટે તેનાં નસકોરાં અને શ્વાસનળી મોટાં હોય છે. તેના દાંત નાના હોવાથી કેટલીકવાર શિકાર છૂટી જાય છે. ચિત્તાની નજર દૂરથી શિકારને ઓળખી લે છે. તે બે કિલોમીટર સુધીનો અવાજ સાંભળી શકે છે. રાતે એને બરાબર દેખાતું નથી એટલે ચિત્તો દિવસે જ શિકાર કરે છે. ચિત્તાનાં બચ્ચાં ત્રણ સપ્તાહમાં જ માંસ ખાવા લાગે છે. છઠ્ઠા મહિને તેને શિકારની તાલીમ આપવામાં આવે છે અને આઠમા મહિનાથી તે શિકાર કરવા લાગે છે. શિકાર કરતી વખતે છુપાવા માટે તેના શરીર પરનાં કાળાં ટપકાં

મદદ કરે છે.

ચિત્તા સમૂહમાં રહેવાનું પસંદ કરે છે. તેમાં બે પ્રકાર છે (૧) માદા પોતાનાં બચ્ચાં સાથે રહે છે. માદા ચિત્તાનું ક્ષેત્રફળ ૩૨૨ ચોરસ માઈલ સુધી ફેલાયેલું રહે છે. (૨) નર ચિત્તા સમૂહ જેમાં બે-ચાર નર સાથે રહે છે. નર ચિત્તાનું ક્ષેત્રફળ ૭૫ ચોરસ માઈલ સુધી ફેલાયેલું હોય છે. ચિત્તા લાંબા-મોટા ઘાસની આડસમાં રહે છે. ચિત્તા શિકારની પાછળ દોડતા નથી, પરંતુ તેની બાજુમાં સમાંતર દોડે છે અને શિકારની નજીક આવતાં તેની ગરદન પકડીને તેનો શિકાર કરે છે. સસલાની તો ખોપરી જ તોડી નાખે છે. સામાન્ય રીતે જાનવરની ચામડીનો રંગ બચપણથી અંત સુધી સમાન જ રહે છે, પરંતુ ચિત્તા તેમાં અપવાદ છે. ચિત્તાની વય વધવા સાથે તેનો રંગ બદલતો રહે છે. મોરફોજિનસ રસાયણને લીધે આમ થાય છે.

કોઈ પણ પ્રાણીને એક દેશના જંગલમાંથી બીજા દેશના જંગલમાં છોડવામાં આવે ત્યારે કેટલીક બાબતોનું ધ્યાન રાખવું પડે છે. ઇન્ટરનૅશનલ યુનિયન ફૉર કન્ઝર્વેશન ઑફ નેચર સંસ્થા તેનું નિયંત્રણ કરે છે. કુનો નૅશનલ પાર્કમાં એક સમયે ચિત્તાનો વાસ હતો એ સમયે લાંબાં-મોટાં ઘાસનાં મેદાનો હતાં તે નષ્ટ થઈ ગયાં, પરંતુ હવે ફરીવાર ઊભાં કરવામાં આવ્યાં છે. ચિત્તાને જે આહાર જોઈએ તેની પણ વ્યવસ્થા કરવી પડે છે. આપણે ત્યાં એશિયાટિક ચિત્તા હતા, હવે આફ્રિકી ચિત્તા મગાવ્યા છે. કેટલાક પર્યાવરણવાદીઓએ તેનો વિરોધ કરેલો, પરંતુ પ્રાણીનું સ્થળાંતર નિયમ પ્રમાણે કર્યું હોય તો વાંધો આવતો નથી. ભારતીય ચિત્તા પર પુસ્તક લખનાર દિવ્યભાનુ સિંહે લખ્યું છે, આફ્રિકા અને એશિયાના ચિત્તાની પ્રજાતિનો મેળ ખાય છે.

અમેરિકી વૈજ્ઞાનિક ડૉ. લોરી માર્કરે ૧૯૮૦માં ચિત્તાના રક્ષણ માટે નામિબિયા ચિત્તા કન્ઝર્વેશન ફંડ સેન્ટરની સ્થાપના કરી છે. ચિત્તાને બચાવવાના સીસીએફના પ્રયાસો છે. અત્યારે આ સેન્ટર અલ્જિરિયા, નામિબિયા, ઈરાન, કેનિયા અને ટાન્ઝાનિયા વગેરે દેશોના ચિત્તાસંરક્ષણ વિશેષજ્ઞો સાથે મળીને કામ કરે છે. સીસીએફ સેન્ટર ચિત્તામાં જેનેટિક ડાટા તૈયાર કરે છે. આ ચિત્તાઓ પર ઉપગ્રહ દ્વારા નિરીક્ષણ કરવામાં આવે છે. આ સેન્ટરમાં ચિત્તા વિશે સંશોધન થાય છે અને લોકોને ચિત્તા વિશે જાણકારી આપવામાં આવે છે.

દર વર્ષે આફ્રિકા અને નામિબિયાથી ચિત્તા લાવવામાં આવશે. ચિત્તાનો વંશવેલો વધતાં તેમને દેશનાં બીજાં અભ્યારણોમાં છોડવામાં આવશે. બધું મળીને ૫૦૦ ચિત્તા વસાવવાની યોજના છે. સિંહ, ચિત્તા, વાઘ અને દીપડા જંગલની શાન છે. ચિત્તા આવતાં વનોમાં રોનક આવશે.

❑❑❑



જ્ઞાની શ્રી ધીરજરામ શાસ્ત્રીજી અને વિજ્ઞાની ડૉ. પંકજ જોશી, ૧૯૭૧

જ્ઞાની અને વિજ્ઞાની

એક વૈશ્વિક સંવાદ

☐ ડૉ. પંકજ જોશી

૪૧. આપણે સહુ મહેમાન!

એક વાર હું અને મારાં બા અરુણાબહેન શાસ્ત્રીજી પાસે તેમને મળવા રાજુલા ગયાં. પછી તરત સાંજે નીકળવું હતું, પણ શાસ્ત્રીજીએ રોકાવાનો આગ્રહ કર્યો. હવે એવું હતું કે મારે બીજે દિવસે જ મુંબઈ જવાની વિમાનની ટિકિટ હતી અને રહેવાય તેવું હતું નહિ, ત્યારે બાપાએ જવાની રજા આપી અને કહેવા લાગ્યા, “રોકાવાનું કહું છું, પણ મહેમાન છીએ તો જવું તો પડે જ હોં! આજે નહિ તો કાલે. આપણે બધાં અહીં મહેમાન છીએ, અને સહુએ અહીંથી જવું તો પડે જ!”

તેમની સાથેના સુંદર અને જ્ઞાન-પ્રકાશમય સહવાસ પછી વિદાય હંમેશાં અઘરી થતી, પરંતુ ફરી જલદી મળવાનું થશે તેવી આશા સાથે નીકળી જતા. પરંતુ

આ એક વાક્ય, “બધાં મહેમાન છીએ અને સહુએ અહીંથી જવું તો પડે”, તેમાં પણ ઘણું જ્ઞાન-વિજ્ઞાન ભર્યું પડ્યું છે એ તો સમજવા જેવી વાત જણાઈ.

સામાન્ય રીતે હંમેશાં આપણી ચેતના અને મન એવા પ્રકારે ચાલે છે કે જાણે અહીંયાં આપણી પાસે જે કંઈ છે તે બધું કાયમી જ છે. પછી એમાં સગાંવહાલાં, માતા-પિતા, પતિ કે પત્ની અને બાળકો, ઘર, મકાનો, વાડી, વજીફા, ગાડીઓ આ બધું કાયમી છે એમ માનીને જ આપણું મન હંમેશાં ચાલતું હોય છે. આથી જ એ પરિસ્થિતિમાં કાંઈ પણ ફેરફાર આવે ત્યારે આપણને એ અણગમતું લાગ્યા કરે, વસમું લાગે કે આઘાત પણ લાગે છે.

૪૨. ચલ-અચલનું વિજ્ઞાન :

અહીં સ્વાભાવિક પ્રશ્ન એ થાય કે આવું કેમ બને છે? જો વાસ્તવમાં જ આપણી આસપાસનું જગત અને વસ્તુઓ કાયમી ન હોય તો આપણું મન એને શા માટે કાયમી તરીકે ગ્રહણ કરે છે? આ વિશે વિચારીએ તો કંઈક એવું સમજાય છે કે આપણે આપણી પાંચ ઇન્દ્રિય, જે શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ દ્વારા પ્રત્યેક ક્ષણે આસપાસના સમગ્ર જગતને, સઘળી વસ્તુને અને સઘળા અનુભવોને ગ્રહણ કર્યા કરીએ છીએ તેની અને આ બધા અનુભવોની સઘળી છાપ આપણા મન પર સતત પડ્યા કરતી હોય છે. હવે કોઈ પણ વસ્તુ, ઘટના અથવા પ્રવૃત્તિ વારંવાર થયા કરે, એની એ જ વસ્તુનું જ્યારે પુનરાવર્તન થયા કરે ત્યારે આપણને એની સાથે એક પરિચય બંધાય છે. પછી આ પરિચય સ્વાભાવિક અને સહજ રીતે વધતો જતાં ગાઢ થઈ એક પ્રકારની પ્રીતિમાં પરિણમે છે. દાખલો લઈએ તો, માનો કે એક ઘડિયાળ તમે હંમેશાં પહેર્યા કરતા હો તો કેટલાક સમય પછી તમને એ ઘડિયાળ ગમી જાય છે અને સુંદર લાગે છે. તમને એની ટેવ પડે છે અને પછી તે ન હોય કે ન મળે તો તરત તેની ખોટ જણાય છે. આવું જ બીજી કોઈપણ વસ્તુઓ કે પદાર્થો માટે પણ થાય છે. કોઈ સાઇકલ રોજ વાપરતા હોઈએ તો એ સાઇકલની જ પછી ટેવ પડી જાય છે. પછી તે જ આપણને પ્રિય થઈ જાય છે. કોઈ એક ઘરમાં લાંબા સમયથી રહેતા હોઈએ તો આપણો બધાનો અનુભવ છે કે પછી એ ઘર છોડવું ગમતું નથી. વળી તેનાથી વધુ સારું કંઈક હોય તો પણ તેની એ સારપ દેખાતી નથી. આ જ વાતને ભગવદ્‌ગીતાએ એવા શબ્દોમાં સમજાવી છે કે સંગથી કામ અથવા પ્રીતિ સર્જાય છે, 'સંગાત સંજાયતે કામઃ' તેને જ વળી 'આસક્તિ' અથવા મનમાં બંધાયેલો 'સંસ્કાર' પણ કહી શકાય. આવી રીતે પ્રીતિ અથવા 'રાગ' બંધાય અથવા ન ગમે તેવી વસ્તુ કે ઘટના પરત્વે 'દ્વેષ' પણ બંધાય.

એકવાર આવી પ્રીતિ અથવા સંગ

સર્જાય પછી તેનો અર્થ જ એ થાય કે જ્યારે એ વસ્તુ, પદાર્થ અથવા વ્યક્તિને છોડવાનું થાય કે એવો સમય આવે જ્યારે એનાથી દૂર જવાનું થાય અથવા તો એ વ્યક્તિ કે પદાર્થ પોતે જ આપણાથી દૂર ચાલ્યાં જાય ત્યારે સહજ રીતે આપણને એ વિષે પ્રીતિને કારણે દુઃખદ અનુભવ આવશે. કારણ કે પ્રીતિનો અર્થ જ એ છે કે તમે હંમેશાં એ વસ્તુ, પદાર્થ અથવા વ્યક્તિનો સતત અનુભવ ઇચ્છો છો, એની સાથે રહેવા માગો છો. વળી તમારી ઇન્દ્રિયો દ્વારા સતત એનો અનુભવ કરવાની તમને ટેવ પડી ગઈ છે.

આ પરિસ્થિતિમાંથી બહાર આવવાનો સાચો અને વાસ્તવિક ઉપાય એ જ છે કે વિશ્વને, જગતને સાચું અને યથાર્થ, 'જેમ છે તેમ' અનુભવવું. કેવળ આપણી સાન્ત ઇન્દ્રિયોની મર્યાદા, તેના નાનકડા અનુભવમાંથી બહાર નીકળવું. જો આપણી દૃષ્ટિ વિશાળ બને, અંતઃકરણ સૂક્ષ્મ થાય અને કેવળ ઇન્દ્રિયોથી અનુભવાતા જગતની ઉપરાંત એ સિવાયના વિશ્વનો પણ અનુભવ થવા લાગે તો બ્રહ્માંડ વિશે આપણને અનુભવ સમગ્રતામાં થતો જાય.

બ્રહ્માંડને આ રીતે સમગ્રતામાં જો અનુભવવું હોય તો તે માટે આપણા મન બુદ્ધિ તથા અંતઃકરણને શુદ્ધ, સૂક્ષ્મ તથા સ્થિર કરવાં પડે. એકવાર આવું થાય તો પછી આ જગતમાં 'ચલ' અથવા તો જે કાયમી નથી તેવા પદાર્થો, અને તે શું છે તેની ઓળખાણ થાય. આ સાથે જ, દેખાતા બાહ્ય વિશ્વ ઉપરાંત, એ સિવાય અને તેનાથી વિશેષ કોઈ 'અચલ' તત્ત્વ છે કે કેમ એના વિશે પણ આપણી સમજણ વિકસતી જાય. જ્યારે આવું થાય ત્યારે જ આપણા માટે સુખ અને દુઃખ એ બંનેથી પર થવાનો પ્રારંભ થતો જાય. આમાંથી જ પછી આપણી સાચી સ્વતંત્રતા તથા સાચા આનંદનો પ્રારંભ થવા લાગે.

જ્યાં સુધી આ કાર્ય ન થાય ત્યાં સુધી તો આપણી નૌકા કોઈ સુકાન અથવા નાવિક વિનાની દશામાં પવન અને મોજાંઓ જેમ અથડાવે તેમ હાલકડોલક થયા કરે. પછી તો સુખ અને દુઃખનાં સતત મોજાંઓ જ આપણો કાયમી અનુભવ બની રહે! એમાં વળી કેટલાક લોકો એવું પણ સમજાવે છે કે સુખ અને દુઃખનો અનુભવ એનું નામ જ જીવન. એમાં કંઈ ફરિયાદ કરવાનું કારણ નથી. બસ, સતત એ રીતે જીવન જીવ્યા કરો. પરંતુ એ તો કંઈ ન કરવા માટેનું અને પુરુષાર્થથી દૂર ભાગવા માટેનું કેવળ બહાનું જ ગણી શકાય. આ વિશે કંઈક વાતમાં બાપાએ એકવાર એવું કહેલું કે જે ચલ છે એને અચલ માનીને જીવ્યા કરો તો તમારી દશા પછી શું થાય, તમારી જીવનરૂપી નૌકા કેવા-કેવા અજાણ્યા કિનારે અથડાયા કરે એની તો કેવળ કલ્પના જ કરવાની રહી.

અહીં મૂળ વાત એ છે કે ઇન્દ્રિયોથી અનુભવાતું જગત એ તો છે જ, પરંતુ

તેનાથી વિશેષ એવું ઇન્દ્રિયોથી જે પર છે એવું જગત અથવા તો વિશ્વ પણ અસ્તિત્વ ધરાવે છે. એ વિશ્વનો સામાન્યપણે આપણને કંઈ અનુભવ થતો હોતો નથી. જેવું અને જેટલું જગત આપણને દેખાય કે અનુભવાય છે કેવળ તેવું અને તેટલું જ જગત છે એવું નથી, એ તો આજે વૈજ્ઞાનિક રીતે પુરવાર થયેલું સત્ય છે.

જેમ કે એવા ધ્વનિ અને તરંગલંબાઈઓ અસ્તિત્વ ધરાવે છે જે આપણે સાંભળી શકતા નથી, પરંતુ કૂતરાં, બિલાડા, હાથી વગેરે જેવાં પ્રાણીઓ આવી અત્યંત ઓછી તરંગલંબાઈવાળા નાદ અને ધ્વનિ સાંભળી શકે છે. આ રીતે, આપણા માટે જે નાદનું વિશ્વ છે તેના કરતાં આવાં પ્રાણીઓનું શ્રવણેન્દ્રિય વિશ્વ આપણા કરતાં ઘણું ભિન્ન છે! આ જ વાત રૂપ અથવા દૃષ્ટિની ઇન્દ્રિય માટે પણ લાગુ પડે છે. સામાન્ય રીતે માણસની આંખ એ લાલથી માંડીને જાંબલી સુધીના પ્રકાશના તરંગો જોઈ શકે છે. પરંતુ એવાં કેટલાંક પ્રાણીઓ છે, પશુઓ, પક્ષીઓ તથા કીટકો છે, જેઓ પારજાંબલી અથવા પારરક્ત કિરણો જોઈ અને અનુભવી શકે છે. એક રસપ્રદ દાખલો લઈએ તો, મધમાખીઓ અને તેવાં અન્ય કીટકો પારજાંબલી પ્રકાશ કિરણોને ઘણી સારી રીતે પકડે છે અને જોઈ શકે છે. હવે કુદરતમાં ફૂલોનો ગુણધર્મ એવો છે કે તેઓ સૂર્યમાંથી આવતાં અલ્ટ્રાવાયોલેટ અથવા પારજાંબલી કિરણોને ખૂબ પરાવર્તન કરે છે. આથી આ તરંગલંબાઈમાં જે તેને જોઈ શકે તેને માટે આ ફૂલો તો ભારે ચમકતાં હોય છે! હવે મધમાખીનું તો જીવનકાર્ય જ એ છે કે ફૂલોનો રસ જ્યાં મળે ત્યાં પહોંચી જવું. આથી ઘણે દૂરથી પણ પારજાંબલી પરાવર્તનો કરતાં ફૂલોને પકડીને તે યોગ્ય રીતે આ ફૂલો પાસે પહોંચી જાય છે!

આવી સઘળી વાત થાય ત્યારે કેટલાક લોકો એવું કહેવા લાગે છે કે આ દુનિયા અને બ્રહ્માંડ, એ તો આવી અનેક ચિત્રવિચિત્ર ઘટનાઓથી ભરપૂર છે. ભાઈ, તેનો કંઈ છેડો મળે એવું નથી. આપણે આવું બધું કંઈ વિચારવું નહીં અને સુખી થવું હોય તો કેવળ ભગવાનનું સતત નામ લેવું. બસ, બાકીનું સઘળું ભૂલી જવું, પણ આ વાત પણ કંઈ દેખાય એટલી સરળ નથી! 'ભગવાનનું સતત નામ લેવું' એને માટે પણ અથાગ અનેક પ્રયત્નની જરૂર પડે છે, એ સિવાય એ વાત સિદ્ધ થાય નહીં. વળી 'બીજું બધું ભૂલી જવું' આ પણ કંઈ સરળ કાર્ય નથી! કારણ કે માણસ સતત ક્ષણે-ક્ષણે જગતના અનેક વિવિધ અનુભવો અને ઘટનાઓમાંથી પસાર થયા જ કરે છે. આપણે જાગતા હોઈએ ત્યારે તો વિવિધ અનુભવો થાય છે અને ઘટનાઓ બને છે, પણ જ્યારે ઊંઘતા હોઈએ અથવા સ્વપ્નાવસ્થામાં પણ અનેક અનુભવ તો સતત ચાલુ જ હોય છે! આપણા મનની અને અંતઃકરણની રચના જ એવી છે કે આ સઘળી ઘટનાઓ

વિશે આપણે આઘાત અને પ્રત્યાઘાત સતત આપીએ અને અનુભવીએ છીએ. આ સઘળું લક્ષ્યમાં લેતાં, વાસ્તવિકતા એવી છે કે એકવાર જો વિશ્વને, જગતને, આપણી આજુબાજુના બ્રહ્માંડને થોડું પણ સમજવાની, તેના વિશે વિચારવાની ટેવ પાડીએ તો સહજ રીતે જ એમાંથી એક નવા આનંદનો જન્મ થાય છે. પછી આ આનંદ એ જ આપણી આગળની સ્વતંત્રતા અને મુક્તિનું દ્વાર બની જાય છે. આમ આ બધી વાતમાં થોડા ઊંડા ઊતરીએ તો એક રસપ્રદ વિજ્ઞાન અને સાથે જ અધ્યાત્મ પણ છુપાયેલું છે! બીજી રીતે કહીએ તો, અંગ્રેજીમાં કહ્યું છે તેમ, 'ધેર આર નો શૉર્ટ કટ્સ.' પ્રયત્ન, પુરુષાર્થ અને આનંદનો અનુભવ, આ જ રાજમાર્ગ છે.

૪૩. સ્પેઇનનો અનુભવ :

અહીંયાં એક બીજી વાત પણ છે. આપણે એવી વાત કરી કે માણસ જગતનો અનુભવ પોતાની ઇન્દ્રિયો દ્વારા કરે છે. તે જગતના સુખ ભોગવવાની ઇચ્છા કરે છે તો આ સુખોનો અનુભવ પણ આપણી પાંચ ઇન્દ્રિયો દ્વારા જ થાય છે. આપણું મન તો સતત રીતે જુદાં-જુદાં જગતનાં તથા ઇન્દ્રિયોથી મળતાં સુખ માગ્યાં જ કરે છે. પરંતુ વાસ્તવિકતા એ છે કે ઇન્દ્રિયોની સુખ લઈ શકવાની શક્તિ, સાથે જ શરીરની ભોગ લેવાની શક્તિ, એ તો મર્યાદિત છે. ઇન્દ્રિયોનાં સુખ લેતાં-લેતાં એક તબક્કે એમાં એક મર્યાદા આવી જાય છે. જેમ કે લાડુ ખાવાનું સુખ ભોગવવું છે, તો બહુ તો ચાર કે પાંચ લાડુ ખાધે મર્યાદા આવી જાય છે. સતત સ્વાદ લઈ શકાતો નથી. આ ભૌતિક મર્યાદા છે, આ શરીરની પણ મર્યાદા છે. તેમાં શરીર વધુ ખાવાની ના પાડશે અથવા લાડુ આપનારો ગુસ્સે થઈને ના પાડશે, પણ બંનેમાં વાત તો એક જ છે. ઇન્દ્રિયનાં બધાં સુખોમાં એક અથવા બીજી રીતે આ વાત લાગુ પડવાની છે.

પરંતુ આપણું મન તો આ વાતને સમજતું નથી અને આ વાસ્તવિકતા તે સ્વીકારતું નથી. એ તો વધુ ને વધુ એક અથવા બીજાં સુખોની માગણી સતત કર્યા જ કરે છે. આને જ આપણા મનની અથવા અંતઃકરણની સૂક્ષ્મતા અથવા શુદ્ધિનો અભાવ છે તેમ કહી શકાય.

આનો એક ઘણો રસપ્રદ દાખલો અમે કેટલાંક વર્ષો પહેલાં યુરોપ ગયા હતા ત્યારે અમને બતાવવામાં આવ્યો હતો. જેમના મહેમાન થયેલા અને જે સ્પેઇનની યુનિવર્સિટીમાં મારું કામ ચાલતું હતું તેના પ્રોફેસર સાહેબ આલ્બર્ટો ચામોરો એક શનિ-રવિની સાંજે આવ્યા અને અમને કહેવા લાગ્યા કે ચાલો, આજે તો તમને એક નવી જ ઘટના દેખાડવા માટે ગામના કેન્દ્રમાં, જેને સિટી સેન્ટર પણ કહેવાય છે, ત્યાં લઈ જવા છે. શનિવારની એ સાંજ હતી અને બીજે દિવસે રવિવાર હતો. અમે સ્પેઇનના ઉત્તરમાં બિલબાઓ શહેરમાં, તેના સિટી સેન્ટરમાં પહોંચ્યા,

ત્યારે જોવા મળ્યું કે સેંકડો યુવાનો અને યુવતીઓ ત્યાં ભેગાં થયાં છે. તેઓ નાચે છે, ગાય છે અને આ સાથે જ બિયર તથા દારૂ વગેરે પીતાં જાય છે. વળી સિગારેટ, ધૂમ્રપાન અને અન્ય નશાઓ પણ ચાલુ છે. ખૂબ રાડો પાડવી, બૂમ-બરાડા અને સાથે જ દિશાવિહીન એકથી બીજી જગ્યાએ ભમવું, આ બધું એવું તો ભારે અને ભવ્ય રીતે ચાલતું હતું કે જુઓ તો જ સમજાય. વળી કોઈ છોકરા-છોકરીઓ તો નશામાં ચૂર થઈને રસ્તાની એક બાજુએ પડેલાં હોય, તો વળી કેટલાકે તો એટલું પ્રવાહી પીધું હોય કે પછી રસ્તાની એક બાજુએ જ મૂત્રત્યાગ કરતા પણ દેખાય.

આ બધું અમને નજર સામે અને તાદૃશ્ય જોવા મળ્યું. પ્રોફેસર સાહેબનો મૂળ હેતુ પણ એવો જ હતો કે અમને આ વાસ્તવિકતા જોવા-સમજવા મળે. આ ઘટનાના પાયામાં જઈએ તો વાત એ હતી કે ઇન્દ્રિયોનાં સુખો, સ્પર્શનું સુખ કે પછી અંદરના જ્ઞાનતંતુઓને નશા અથવા તો કોઈ ધુમાડા દ્વારા ઉત્તેજિત કરીને મળતું 'સુખ', આ બધું લેવા માટે, પામવા માટે અને તેને પકડી રાખવા જાણે ભરપૂર પ્રયત્ન થઈ રહ્યો હતો. 'વીક એન્ડ' એટલે કે શનિ-રવિમાં ગમે તેમ કરીને સુખ-આનંદ પામી-પકડી લેવો, એવી મનોકામના બધાંની દેખાતી હતી.

આ સઘળી વાતમાં જે એક 'અતિશયતા' દેખાતી હતી, આ સુખને માટે જે ભરપૂર પ્રયત્નો કરાતા દેખાતા હતા તે ઊડીને આંખે વળગે તેવા હતા. એ વાસ્તવિકતા અહીં બહાર આવતી હતી કે આપણું મન અથવા અંતઃકરણ આ બધાં શબ્દ, સ્પર્શ, રૂપ અને રસનાં સુખો કોઈ મર્યાદા વગર સતત માગ્યા કરે છે. આથી જ મર્યાદા વગર તથા દેહ તથા મન જડ થઈ જાય એટલી હદે નશો કરતાં આ યુવક, યુવતીઓ દેખાતાં હતાં. વળી એમાં એ જ વાત આવે છે કે આવા સુખભોગમાં આપણે ભલે કોઈ નૈતિક વાંધાઓ કે ચોખલિયાવેડા ન દેખાડીએ કે વચ્ચે લાવીએ, પણ તે છતાં, આપણું શરીર જે છે અને ઇન્દ્રિયો જે છે એની એક મર્યાદા આવી જાય છે. છેવટે તો એક મર્યાદાની બહાર તેમની શક્તિ સંપૂર્ણ રીતે ખૂટી જાય છે. અંતે તો ઇન્દ્રિય સુખ ભોગવતાં શરીર અને મન ઘસાય અને જૂનાં પણ થાય છે, ત્યાર પછી તેમની આ પ્રકારનાં સુખો લેવાની શક્તિ ઘટી જાય છે, ઓછી થઈ જાય છે. પરંતુ આપણું મન છે એ તો યુવાન જ રહે છે, એને તો સતત એ 'સુખ'ની માગણી રહ્યા જ કરે છે! પણ પછી સતત અને હંમેશ આ મળી શકતું નથી, એ કુદરતના નિયમ પ્રમાણે શક્ય જ નથી. આમ તેની આ માગણી તો પૂરી થતી જ નથી. હવે જે માગ્યું તે ઇન્દ્રિયો આપી શકી નહિ, જૂની થઈ તે કારણે કે શરીર જ ઘસાયું તે કારણે કે બીજું જે હોય તે, પણ આથી મનમાં દુઃખ તો ઊભું થવાનું જ કે જે જોઈએ છે તે મળતું નથી. આ ઘટના જ

પછી વળી નવાં દુઃખોની ઉત્પત્તિનું કારણ બની જાય છે.


અંતે તો આ બધી 'અતિમાં ગતિ' કરવાની વાત છે! મનની સુખની માગણીઓ તો અપાર છે અને તેની સામે શરીર અને ઇન્દ્રિયોની શક્તિની મર્યાદા આવી જાય છે. જો આવી મર્યાદા ન હોય, કુદરતે શરીર અને ઇન્દ્રિયોને અનંત શક્તિ આપી હોય તો કશો વિરોધ નથી. તો પછી ભલે તેવા ભોગનાં સુખ અનંતકાળ લીધા કરો, ચેઇન સ્મૉકર બની જાઓ કે નશો કરવા ગમે એટલાં પીણાં પીધે રાખો કે પીણાંનું ટીપ ભરી તેમાં બેસી રહો! પણ તકલીફ એ છે કે શરીર, ઇન્દ્રિયોની મર્યાદાનું વિજ્ઞાન એ સમજાવે છે કે આવું શક્ય નથી. આવી વાસ્તવિકતા સાચી રીતે સમજીએ, એમ જાણીએ કે અહીં સાચો કાયમી આનંદ મળે તેવું નથી, તો પછી આપણાથી આનંદનો બીજો કોઈ સાચો અને સારો નવો રસ્તો શોધવા સહજ રીતે જ દોરાઈ જવાશે.

[ક્રમશઃ]



'**ન**વનીત સમર્પણ'ના વાચકો માટે ડૉ. પંકજ જોશીનું નામ સુપરિચિત છે. ભૌતિકશાસ્ત્રના વિશિષ્ટ પ્રોફેસર, સ્કૂલ ઑફ આર્ટ્સ ઍન્ડ સાયન્સ અને ઇન્ટરનેશનલ સેન્ટર ફૉર સ્પેસ ઍન્ડ કૉસ્મૉલૉજી, અમદાવાદ યુનિવર્સિટીના નિયામક, ડૉ. પંકજ જોશીનો સ્ટેનફોર્ડ યુનિવર્સિટી દ્વારા તેમની કારકિર્દી દરમિયાન સંશોધન માટે, વિશ્વના ટોચના ૨% વૈજ્ઞાનિકોની ૨૦૨૨ની યાદીમાં સમાવેશ કરવામાં આવ્યો છે. તેમના સંશોધનને ઍટૉમિક તથા ન્યુક્લિયર ફિઝિક્સ, જનરલ ફિઝિક્સ તથા ઍસ્ટ્રોનોમી જેવા વ્યાપક પેટાક્ષેત્રો હેઠળ વર્ગીકૃત કરવામાં આવ્યું છે. રિલૅટિવિટી અને કૉસ્મૉલૉજી એટલે કે સામાન્ય સાપેક્ષતા અને બ્રહ્માંડ વિજ્ઞાન એ પ્રોફેસર જોશીની સંશોધન રુચિઓ છે. એમણે બ્લૅક હૉલ તથા સિંગ્યુલારિટી અને તારાઓના ગુરુત્વીય સંકોચન વિષે નવી દૃષ્ટિ આપતાં પાયાનાં પ્રદાન કર્યાં છે જેને વિશ્વભરમાં માન્યતા પ્રાપ્ત થઈ છે. એમનું આ મૂળભૂત યોગદાન ૨૦૦થી વધુ આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે સંશોધન પત્ર તથા ઑક્સફોર્ડ અને કેમ્બ્રિજ યુનિવર્સિટી દ્વારા પ્રકાશિત સંશોધન ગ્રંથો તથા અન્ય પુસ્તકોમાં પ્રકાશિત થયું છે. ૨૦૦૯ તથા ૨૦૧૩માં વિશ્વવિખ્યાત 'સાયન્ટિફિક અમેરિકન' મૅગેઝિન દ્વારા તેમનું સંશોધન વૈશ્વિક સ્તરે 'કવર સ્ટોરી' તરીકે પ્રગટ થયું, દુનિયાની ૨૦થી વધુ ભાષાઓમાં તેના અનુવાદ થયા છે.





‘મૅન્સ સર્ચ ફૉર મીનિંગ’ અને ‘ધ હૅપિએસ્ટ મૅન ઑન અર્થ’ - એક અવલોકન

☐ આરાધના ભટ્ટ

એકીસાથે એક જ વિષયને વણી લેતાં બે પુસ્તકો હાથમાં આવ્યાં અને બંને પુસ્તકો ‘થ્રિલર’ હોય એવી ગતિમાં વંચાય એવાં છે. બીજા વિશ્વયુદ્ધ દરમ્યાન નાઝી જર્મનીમાં યહૂદીઓની હિંસા અને વિવિધ કૉન્સન્ટ્રેશન કેમ્પમાં એમના પર થયેલા અમાનવીય અત્યાચારોની તવારીખ એ ‘હોલોકૉસ્ટ લિટરેચર’ કહેવાતાં આ બંને પુસ્તકોને સાંકળી લેતી કડી છે. આ બે પુસ્તકો તે વિક્ટર ફ્રેન્કલનું ‘મૅન્સ સર્ચ ફૉર મીનિંગ’ અને એડી જાકુ લિખિત ‘ધ હૅપિએસ્ટ મૅન ઑન અર્થ : ધ બ્યુટીફૂલ લાઇફ ઑફ ઍન ઓશવીત્ઝ સર્વાઇવર’.

‘મૅન્સ સર્ચ ફૉર મીનિંગ’ના લેખક મનોરોગનિષ્ણાત, વિયેનાની યુનિવર્સિટીમાં સ્કૂલ ઑફ ન્યુરોલૉજી ઍન્ડ સાઇકીએટ્રીના અધીક્ષક વિક્ટર ફ્રેન્કલને અમેરિકા સ્થાયી થવાના વિઝા જતા કરીને જર્મનીમાં પોતાનાં માતા-પિતા સાથે રહીને એમની સેવા કરવાની પ્રેરણા એમના પિતાના ટેબલ પરથી અનાયાસ મળેલ એક નાનકડા પથ્થરમાંથી મળી. હિટલરે નામશેષ કરેલ

ઑસ્ટ્રિયાના સૌથી મોટા સિનેગોગ(યહૂદી દેવળ)ના અવશેષ એવા એ પથ્થર પર કોતરેલા 'તારાં માતા-પિતાનો આદર કર' એ આલેખને દૈવી સંકેત ગણીને અમેરિકાના વિઝા અને ત્યાંની તેજસ્વી કારકિર્દીને જતાં કરી જર્મનીમાં જ રોકાઈ જવાનો લેખકે નિર્ણય કર્યો. ત્યાર પછીની ઘટનાઓમાંથી ૧૯૪૫માં માત્ર નવ દિવસમાં જર્મન ભાષામાં લખાયેલું પુસ્તક તે 'મૅન્સ સર્ચ ફૉર મીનિંગ', જેના એકવીસ ભાષાઓમાં અનુવાદ થયા છે, તેની કરોડો નકલો વેચાઈ છે અને કેટલીય આવૃત્તિઓ થઈ છે.

પુસ્તકનું નામ કોઈકને પ્રેરક સાહિત્યનું સૂચન કરે, અથવા ગૂઢ તત્ત્વજ્ઞાનભર્યા વિષયવસ્તુનું સૂચન કરે એ શક્ય છે. સાવ સરળ પ્રવાહી શૈલીમાં લખાયેલી આ એક સ્મરણકથા હોવા છતાં અહીં માત્ર સંસ્મરણો નથી, કારણ કે ઓશવીત્ઝના કુખ્યાત કૉન્સન્ટ્રેશન કૅમ્પમાં કેદી બનેલા લેખક એક મનોરોગનિષ્ણાત છે. પોતાના પર થઈ રહેલા અત્યાચારોનું વર્ણન કરતાં-કરતાં લેખક એમના સાથી કેદીઓનું મનોવિશ્લેષણ કરતા જાય છે. એક તજ્જ્ઞ તરીકે અન્ય કેદીઓને 'ગ્રૂપ થેરપી' - સામૂહિક ઉપચાર દ્વારા જીવિત રહેવા માટે બળ આપીને પોતે મદદ કરી શકે એના પ્રયત્નો એ કરતા રહે છે. એમની ઉપચાર પદ્ધતિ 'લોગોથેરપી'ના નામથી ઓળખાય છે. જોકે લેખકના ઘણાખરા પ્રયત્નો નાકામિયાબ નીવડે છે અને કેદીઓ ટપોટપ મૃત્યુ પામે છે અથવા એમના કથળતા સ્વાસ્થ્યને કારણે એ લોકો મજૂરીકામ માટે બિનઉપયોગી નીવડતાં એમને ગૅસ ચેમ્બરમાં ધકેલી દેવામાં આવે છે.

લેખક જ્યારે ઓશવીત્ઝના કૅમ્પમાં બંદી છે ત્યારે એમનાં મા-બાપ અને ગર્ભવતી પત્ની ક્યાં અને કેવી હાલતમાં છે એની લેખકને જાણ નથી. છતાં એ સૌનું સ્મરણ, કોઈક દિવસ કૅમ્પમાંથી છૂટીને પરિવારના પ્રેમભર્યા બાહુપાશમાં પાછા ફરવાની આશા એમનું જીવનબળ બન્યું છે. સંસ્મરણોની સાથેસાથે જીવનના વિકટતમ સંજોગોમાંથી મળેલી જીવન જીવવાની જડીબુટ્ટી સમા લેખકના નિષ્કર્ષ એવા છે કે એ વાચકને જીવનમાં આવતી હતાશાની ગર્તાઓમાંથી હાથ પકડીને ઊભા કરી શકે. વિક્ટર ફ્રેન્કલ કહે છે કે જીવનનો અર્થ શું એ પ્રશ્નનો કોઈ નિશ્ચિત ઉત્તર ન હોઈ શકે. જીવન ક્ષણે-ક્ષણે જવાબ માગે છે અને જીવનને જવાબદારીપૂર્વક જીવવામાં જીવનની સાર્થકતા છે.

પુસ્તક બે ખંડમાં વહેંચાયેલું છે. પહેલો ખંડ લેખકના ઓશવીત્ઝના કૅમ્પમાં ઘટેલી હેરત પામી જવાય એવી, નાઝીઓના અકલ્પ્ય ત્રાસની ઘટનાઓનું આલેખન છે. ખોરાકની અને પહેરવાનાં કપડાં-બૂટ જેવી ચીજવસ્તુઓની અછત, હાડ ગાળતી ઠંડીમાં નિર્વસ્ત્ર અવસ્થામાં

કરવો પડતો નિત્યક્રમ, કૅમ્પના ચોકીદારો અને નાઝી સૈનિકો દ્વારા થતી કરપીણ મારપીટ, દૈનિક રેશનથી અપાતો પાણી જેવો પાતળો સૂપ અને બ્રેડનો નાનકડો ટુકડો અને ભૂખમરાના પરિણામે માનવભક્ષી બનતા કેદીઓ, કૅમ્પમાં ફાટી નીકળતો ટાઇફૉઈડનો રોગચાળો, હાડપિંજર જેવા શરીરવાળા કેદીઓની મનોદશા, કેદીઓના રહેવાના જીવજંતુથી ખદબદતા તંબુ અથવા ઝૂંપડાં... આ વિષમતાઓ લેખકને જીવન સાર્થક્યની સમજ આપવામાં નિમિત્ત બને છે. પુસ્તકમાં નિત્શે, થોમસ મેન, સ્પિનોઝા, અને રિલ્કે જેવા વિચારકોના ઉલ્લેખો પથરાયેલા છે.

પુસ્તકનો બીજો ખંડ લોગોથેરપીની સૈદ્ધાંતિક સમજ આપે છે. સામાન્ય મનોવિશ્લેષણ પદ્ધતિથી લોગોથેરપી કઈ રીતે જુદી પડે છે એ વિશે લેખક કહે છે કે સાઇકોઍનાલિસિસ એ ભૂતકાળને કેન્દ્રમાં રાખીને થતી ઉપચાર-પદ્ધતિ છે, જ્યારે લોગોથેરપીના પાયામાં ભવિષ્યનો સંદર્ભ છે. ગ્રીક શબ્દ 'લોગોસ' 'સાર્થકતા'નું સૂચન કરે છે. એમની લોગોથેરપીના પાયાના સિદ્ધાંતો સમજાવતાં એક જગ્યાએ તેઓ લખે છે, "The more one forgets himself, by giving himself to a cause to serve or another person to love- the more human he is and the more he actualises himself..... Self-actualisation is possible only as a side effect of self-transcendence." સેવા અને પ્રેમમાં સ્વને અથવા અહંને ઓગાળવામાં જ જાતને પામવાની વાત લેખક આ અને આવા ખૂબ સરળ શબ્દોમાં આલેખી શક્યા છે.

"...Human life under any circumstances never ceases to have meaning, and this infinite meaning of life includes suffering and dying." પુસ્તકનો સાર એ જ કે માનવજીવન ગમે તે સંજોગોમાં નિરર્થક નથી, અને વિષમતાઓ અને મૃત્યુમાં પણ જીવનનું અમાપ સાર્થક્ય સમાયેલું છે.

એડી જાકુ લિખિત પુસ્તક 'ધ હૅપિએસ્ટ મૅન ઑન અર્થ'ના પ્રાક્કથનમાં વાચકને સંબોધીને લેખક કહે છે 'મારા પ્રિય નવા મિત્ર, હું શતાયુ થયો અને મારા જીવનમાં મેં માનવજાતની અધમતાનાં દર્શન કર્યાં છે. નાઝીઓ દ્વારા થયેલા મારી જાતના લોકોના સંહારને મેં નરી આંખે જોયો અને અનુભવ્યો છે. પણ હવે હું માનું છું કે હું પૃથ્વી પરનો સૌથી સુખી મનુષ્ય છું. મારી જીવનકથાના ઘણા અંશો દુ:ખભર્યા છે, પણ એ એક સુખાંત કથા છે, કારણ કે સુખી હોવું એ આપણી પસંદ છે. એ પસંદગી કેવી રીતે કરવી એ હું તમને બતાવું!' આ પુસ્તક લખવા એમને અનેક વિનંતીઓ થઈ, આખરે પ્રકાશક પેન-મેકમિલને એમનો સંપર્ક

કર્યો અને વ્યવસાયે ઇજનેર એડીએ એક લહિયો રોકીને આ પુસ્તક શતાયુ થયા પછી લખાવ્યું.

બાળપણમાં એમનું સુખી પારિવારિક જીવન, જર્મન હોવાના દેશાભિમાન સાથેનો ઉછેર, છતાં યહૂદી હોવાથી હાઈસ્કૂલમાંથી હકાલપટ્ટી થયા પછી ખોટું નામ ધારણ કરીને પાંચ વર્ષનો ઇજનેરી અભ્યાસ પૂરો કરીને જ્યારે એડી પોતાના ઘેર પાછા ફરે છે ત્યારે ખાલી ઘરમાં કૂતરું એમનું સ્વાગત કરે છે અને નાની બહેન અને માતા-પિતાનો આખો પરિવાર ગાયબ છે. ત્યાં છૂપાવેશે એમની રાહ જોતા નાઝી સૈનિકો એમની ધરપકડ કરે છે અને ત્યાંથી આરંભાય છે એમના જીવનની કરુણ કથા. એક પછી એક કૉન્સનટ્રેશન કૅમ્પમાં ખસેડાતાં, વચ્ચે-વચ્ચે ભાગી છૂટવાના પ્રયત્નો કરતાં-કરતાં એ પોલૅન્ડ, ફ્રાંસ, બેલ્જિયમ, ઑસ્ટ્રિયા વગેરે દેશોમાંથી પસાર થાય છે. ક્યાંક એમને જર્મન જાસૂસ હોવાની આશંકાથી ગિરફતાર કરવામાં આવે છે, તો ક્યાંક એમનું યહૂદી હોવું એમને નડે છે. કૅમ્પમાંથી છૂટવાના એક પ્રયત્નમાં એમનું ઇજનેર હોવું એમની મદદે આવે છે. કેદીઓને લઈ જતી એક ટ્રેનના તળિયેથી છટકવા પાનાં-પેચિયાની ચોરી કરીને ટ્રેનના ફ્લોર-બોર્ડ કાપીને ચાલતી ટ્રેનના તળિયાથી પાટા વચ્ચે કૂદી પડવાનું સાહસ એ કરે છે. આ વર્ણન કોઈ હિન્દી ફિલ્મના દિલધડક સ્ટન્ટની યાદ અપાવે એવું છે. ૧૮મી જાન્યુઆરી ૧૯૪૫ના ‘ડેથ માર્ચ’ તરીકે ઇતિહાસમાં આલેખાયેલ ઘટના, જેમાં પંદર હજારથી વધુ યહૂદીઓ મૃત્યુ પામ્યા હતા એ પ્રવાસમાં એડી પણ હતા. કૅમ્પમાં કેદીઓને થયેલા કૉલેરા, ટાઇફૉઈડ કે માથામાં જૂ પડવાના રોગચાળાનો શિકાર બનતાં એડીનું વજન માત્ર ૨૮ કિલો થઈ જાય છે. કૉન્સન્ટ્રેશન કૅમ્પમાં ભયાનક હતાશા અને એકલતાનો અનુભવ કરતાં-કરતાં એડીને પ્રેમ અને નૈતિકતા જીવનના આધાર હોવાનું સમજાય છે. “....The greatest thing you will ever do is to be loved by someone...... You see, your food is not enough. There is no medicine for your morals. If your morals are gone, you go....... I do not hate anyone. I know that for every cruel person in this world, there is a kind one.” એ દિવસોમાં યહૂદી કેદીઓની પ્રજનનશક્તિનો નાશ કરવા બ્રોમાઇડ જેવાં રસાયણ નાખીને કેદીઓને અપાતી કૉફી પીવાથી તેઓ ચાલાકીથી બચી જાય છે. એનું સુખદ પરિણામ એડી કૅમ્પમાંથી છૂટ્યા પછી એમને મળે છે. બીજા વિશ્વયુદ્ધનો અંત આવવાનાં એંધાણ અને પછી એડીના જીવને પકડેલી દિશા, એમનું

ઑસ્ટ્રેલિયામાં આગમન અને નિવાસ, સિડનીના જ્યુઇશ મ્યુઝિયમ સાથેનો એમનો નિકટનો નાતો બંધાવાની અને પારિવારિક જીવનની સુખદ ઘટનાઓ સાથે પુસ્તકનું સમાપન કરતાં એડી કહે છે ‘આ વિશ્વ વધુ સારું બને અને આ પુસ્તક વાંચીને માનવતા અને માનવીય મૂલ્યો પુનઃસ્થાપિત થાય એવી આશા છે. મારે તમને એ પણ કહેવું છે કે ક્યારેય હતાશ ન થશો. ધિક્કાર એ કૅન્સર જેવો રોગ છે, હું કોઈને ધિક્કારતો નથી, હિટલરને પણ નહીં. હા, હું હિટલરને માફ નથી કરતો, હું એને માફ કરું તો મેં સંહાર પામેલા ૬૦ લાખ યહૂદીઓનો દ્રોહ કર્યો કહેવાશે. હું એમને માટે જ જીવું છું એટલે ઉત્તમ રીતે, આનંદથી જીવું છું. જીવન સુંદર છે, જો તમે એને એ રીતે જુઓ તો. એ તમારા હાથમાં છે.”

અંગ્રેજ કવિ વિલિયમ વર્ડ્ઝવર્થ કાવ્યની સ્ફુરણા વિશે કહી ગયા કે “poetry is a spontaneous overflow of powerful feelings, it takes it origins from emotions recollected in tranquillity.” કાવ્ય એ સ્વયંસ્ફુરિત તીવ્ર સંવેદનોનો ઊભરો છે અને અક્ષુબ્ધ ક્ષણોમાં સંકોરેલી એ તીવ્ર સંવેદનોની સ્મૃતિઓ કાવ્યનું ઉગમસ્થાન છે. આ બંને પુસ્તકોનું હૃદયમાંથી સ્ફુરેલું તીવ્ર અનુભૂતિઓનું સરળ આલેખન, ભલે ‘સર્જનાત્મક સાહિત્ય’ના પરંપરાગત આકાર-પ્રકારમાં ન ગોઠવાય, છતાં એનું વિત્ત બંને પુસ્તકોને એ પંક્તિમાં મૂકી શકે એવું છે. બંને પુસ્તકોમાં ક્યાંક સેનેકા અને ઓરેલિયસ જેવા દાર્શનિકોના સ્ટોઇસિઝમના પડઘા સંભળાય છે તો ક્યાંક સદીઓથી આપણને ધારણ કરનાર ભગવદ્ગીતાના સુવિચારોની સુવાસ છે. એટલે આમ જોઈએ તો આવાં પુસ્તકો જીવનદર્શનની વિભિન્ન વૈશ્વિક વિચારધારાઓની સાદૃશ્યતા તરફ નિર્દેશ કરનારાં પુસ્તકો પણ બની રહે છે.

1. Man’s Search For Meaning- Viktor E. Frankl (Random House Group Limited, UK. 2004.) પ્રથમ જર્મન આવૃત્તિ, પ્રકાશન વર્ષ ૧૯૫૯.

2. The Happiest Man on Earth: The Beautiful Life of an Auschwitz Survivor- Eddie Jaku (Pan Macmillan Australia Pty. Ltd, 2020)

'નવનીત સમર્પણ'ના એક શુભેચ્છક શ્રી પ્રમોદરાય ભીમજીભાઈ પારેખ તરફથી ઉત્તમ સર્જનાત્મકતાને પ્રોત્સાહન આપવા દર મહિને પ્રગટ થતી કૃતિઓમાંથી ચૂંટેલી એક કૃતિને રૂ. ૪000/-નો પુરસ્કાર આપવાનું નક્કી થયું છે. નવેમ્બર ૨૦૨૨ના અંકમાં પ્રગટ થયેલા આરાધના ભટ્ટ દ્વારા લેવાયેલી મુલાકાત 'ડૉ. નરેશ વેદ : એક સંવાદ'ને આ પુરસ્કાર એનાયત થયો છે. એમને અભિનંદન.
- સં.



પૂરણપોળી

☐ મોના જોષી

"સાંજે શું બનાવું?" અલ્પાએ રસોડામાંથી બહાર આવતાં પ્રશ્ન કર્યો. રાકેશ ટેબલ ઉપર મૂકેલી ફાઈલમાં અને મોબાઇલમાં જ ડૂબેલો રહ્યો. અલ્પાને ખબર હતી કે એના કોઈ પણ સવાલનો જવાબ બે-પાંચ મિનિટ પછી જ મળવાનો છે, એટલે એ ટીવીનું રિમોટ લઈને સામેના સોફામાં ગોઠવાઈ.

થોડીવાર બાદ રાકેશે ફાઈલમાંથી માથું ઊંચક્યું, "બોલ શું પૂછતી હતી?" અલ્પાએ એનો એ જ પ્રશ્ન ફરી પૂછ્યો," સાંજે શું બનાવું? કોણ-કોણ આવવાનું છે?" રાકેશ બોલ્યો, "જે બનાવવું હોય એ બનાવ. ખાલી વિનય અને સંધ્યા છે. બીજું કોઈ નથી."

અલ્પાને આશ્ચર્ય થયું, "કેમ? બધાંએ

ભેગાં થવાનું નક્કી તો કર્યું હતું. પછી શું થયું?"

"કાયમ નક્કી કરીએ છીએ અને બધું પડી ભાંગે છે. બધાં નવરાં હોય એવું બનતું જ નથી. એક બિઝનેસ ટ્રિપ ઉપર ગયો છે અને બીજાને અગત્યની મિટિંગ છે. વિનય એકલો જ ફ્રી છે." રાકેશના અવાજમાં ફરિયાદ હતી.

"તમે ત્રણેય ભાઈબંધ બિઝનેસવાળા અને વિનયભાઈ નોકરીવાળા. એમાંય હવે રિટાયર્ડ, પછી ફ્રી જ હોય ને! પણ તેમ છતાં વિનયભાઈને ફોન કરીને એક વાર કન્ફર્મ કરી લેજો. એ ફરતા રામ છે. ગમે ત્યારે બૅગ ભરીને ફરવા ઊપડી જાય. કંઈ કહેવાય નહીં." અલ્પા બોલી.

રાકેશના હોઠ મલકી ઊઠ્યા, "એને પગે ભમરો છે. એક ઠેકાણે સ્થિર બેસી ના શકે. જોકે મારે વાત થઈ ગઈ છે, એ અત્યારે અહીં જ છે. એટલે એ બે જણ આવવાનાં છે. એક કામ કર, પૂરણપોળી બનાવ. એને બહુ ભાવે છે."

અલ્પા સાંજની તૈયારીમાં લાગી. બાળપણના ચાર ભેરુઓની ભાઈબંધી હજી પણ ટકી રહી હતી. ત્રણ ભાઈબંધોએ પોતાના બિઝનેસમાં ઘણી પ્રગતિ કરી. લખલૂટ પૈસો કમાયો હતો અને ચોથો ભાઈબંધ સરકારી નોકરીના ઉચ્ચ પદ ઉપરથી હાલમાં જ નિવૃત્ત થયો હતો. એ પછી એને પ્રાઇવેટ કંપનીમાંથી ઘણી સારી જૉબની ઑફર આવી હતી, પણ એ બધી ઑફરો એણે ઠુકરાવી દીધી હતી.

મોટાભાગે બધા સામાજિક જવાબદારીઓથી પરવારી ગયા હતા. એટલે દર મહિને કોઈ એકના ઘરે બધાએ ભેગા થવાનું નક્કી કર્યું હતું. પણ કોઈ ને કોઈ કારણસર એકાદ જણ તો ગેરહાજર હોય જ. વિનય મોટાભાગે યાત્રા-પ્રવાસમાં ક્યાંક ને ક્યાંક ગયેલો હોય અને બાકીના ત્રણ બિઝનેસમેન, પહેલા બિઝનેસમાં ટોચે પહોંચવાની દોડ અને હવે ટોચ ઉપર ટકી રહેવાની મથામણમાં વ્યસ્ત હોય. વિનયની મોજમસ્તીવાળી જિંદગીની બધાને ઘણીવાર ઈર્ષા થતી. એના જેવી જિંદગી જીવવાનું મન થતું, પણ બિઝનેસ નામનો છછૂંદર, ના તો ગળાતો હતો, ના તો છોડાતો હતો.

સાંજે વિનય અને સંધ્યા આવ્યાં ત્યાં સુધી રાકેશ ઑફિસના કામમાં અને ફાઈલોમાં વ્યસ્ત રહ્યો. એમના આવવાથી ઘરનું વાતાવરણ વાતચીતના કોલાહલ અને હાસ્યના પડઘાથી ગુંજી ઊઠ્યું. વિનય એના પ્રવાસના અને રાકેશ એની પ્રગતિના કિસ્સાઓ એકબીજાને સંભળાવવા લાગ્યા.

અલ્પા થોડી ઈર્ષા અને થોડાં દુઃખ મિશ્રિત અવાજે બોલી, "વિનયભાઈ તમે તો લહેર કરો છો. તમારાં નસીબ સારાં છે. ભગવાનની કૃપા છે, તમારી ઉપર. બાકી બધાની જિંદગી આવી નથી હોતી."

વિનય બોલ્યો, "ભાભી ભગવાન તો બધાંને એક સરખી જ જિંદગી આપે છે. આપણે એમાં કેવા રંગ પૂરીએ છીએ એની ઉપર બધો આધાર છે. મેં મારા જીવનમાં સંતોષનો રંગ પૂર્યો છે. જીવનમાં જે મળ્યું અને જેટલું મળ્યું એનાથી મને સંતોષ છે. જે મળ્યું છે એને મન ભરીને માણી લેવું છે. એટલે જ હું મારી મનગમતી પ્રવૃત્તિમાં મસ્ત રહું છું. હરવુંફરવું, ખાવુંપીવું ને મજા કરવી."

અલ્પા થોડી ફરિયાદના સ્વરમાં બોલી, "આ વાત તમારા ભાઈબંધને કેમ નથી સમજાવતા? આખો દિવસ બસ કામ, કામ ને કામ. હરવાફરવાનો તો સમય જ નથી હોતો, એમની પાસે." રાકેશને ખ્યાલ આવી ગયો કે તીર એની તરફ તકાયું છે. એ બચાવમાં બોલ્યો, "આ બધું તારા અને છોકરાંઓ માટે તો કરું છું. આ બધી સુખસાહ્યબી ભોગવો છો, તે એમ ને એમ નથી મળતી. શરીર ઉપર અને લૉકરમાં જે દાગીનાનો ઢગલો છે તે મારી મહેનતના પ્રતાપે છે, મેડમ."

અલ્પાએ પણ સામે પ્રહાર કર્યો, "છોકરાં તો એમનાં નસીબનું કમાઈ લેશે. એમના માટે આટલી મહેનત કરવાની જરૂર નથી. અને લૉકરમાં જે પડ્યું છે ને, એ મેં માગ્યું નહોતું. તમારે બ્લૅક મની છુપાવવા હતા એટલે લાવી લાવીને ખડક્યું છે, સમજ્યા?"

વિનય અલ્પાનો પક્ષ લેતાં બોલ્યો, "ભાભીની વાત સાચી છે, રાકેશ. છોકરાં એમનાં નસીબનું કમાઈ લેવાનાં છે. અને જો એમનાં નસીબમાં નહીં હોય ને તો ગમે એટલું ભેગું કરીએ, એ બધું લૂંટાઈ જ જવાનું છે. અરે! મેં તો ત્યાં સુધી જોયું છે કે બંને ભાઈઓને મિલકતના એક સરખા ભાગ કરીને આપ્યા હોય તો એક પ્રગતિને પંથે હોય અને એક દેવાળું ફૂંકીને બેઠો હોય."

સંધ્યાને થયું કે આ ચર્ચાને અહીં અટકાવવી પડશે. નહીં તો એ ગંભીર રૂપ લઈ લેશે. એ સોફા ઉપરથી ઊભાં થતાં બોલી, "આજે ચર્ચાથી પેટ ભરવું છે કે શું? ચાલ અલ્પા, આપણે કિચનમાં જઈએ. આ લોકોને તો ચર્ચા કરવા બેસાડો તો સવાર સુધી નહીં ખૂટે." અલ્પાને પણ યાદ આવ્યું કે પૂરણપોળી બનાવવાની બાકી છે. પાછળથી રાકેશનો અવાજ આવ્યો, "મારા ઉપરનો ગુસ્સો પૂરણપોળી ઉપર ના ઉતારતી."

ગરમાગરમ પૂરણપોળી પીરસાવા લાગી. વાતાવરણ મીઠી-મીઠી સોડમથી મઘમઘી ઊઠ્યું. વાતો-વાતોમાં ભૂખ કરતાં પણ વધારે ખવાઈ ગયું. અલ્પાને સંધ્યા હજી જમવા નહોતાં બેઠાં. બંને રસોડામાં જ હતાં. રાકેશે અલ્પાને બૂમ પાડી, "કેટલી વાર? હવે તમે લોકો આવી જાવ. પછી ખાવાનું ઠંડું થઈ જશે. હજી કેટલી બનાવવાની બાકી છે?"

અલ્પા પૂરણપોળી લઈને બહાર

આવતાં બોલી, "અમારા જેટલી તો થઈ ગઈ છે. આ તો બે-ચાર વધારે કરી રાખ્યું. પાર્થ આવશે તો એને ખાવા થશે."

રાકેશ બોલ્યો, "એનું કંઈ ઠેકાણું નહીં. સાંજે બહાર પણ જમવાનું હોય, તારી મહેનત નકામી જશે. રાત્રે આવે પછી એને પૂછીને જ બનાવજે." અલ્પા પૂરણપોળીની ડિશ ડાઇનિંગ ટેબલ ઉપર મૂકી પાછી રસોડા બાજુ વળતાં બોલી," પણ એને ઠંડી પૂરણપોળી ભાવે છે એટલે."

રાકેશ અકળાયો, "અરે ભાઈ, મારી વાત માન, એ નહીં ખાય. વીક-એન્ડમાં એ કોઈ દિવસ ઘરે જમે છે? પછી પૂરણપોળીનું શું કરીશ? ફેંકી જ દેવી પડશે ને? પૈસા તો ઠીક પણ તારી મહેનત અને તારો સમય બંને વેસ્ટ થશે."

અલ્પાએ તો પ્રત્યુત્તર ના આપ્યો, પણ વિનય ખડખડાટ હસી પડ્યો. રાકેશ આશ્ચર્યથી એની સામે જોઈ રહ્યો, "આમાં શું હસવા જેવું હતું ભાઈ?"

વિનય હસવું રોકતાં બોલ્યો, "મને એમ કે તને કશું સમજાતું નથી, પણ તું તો સમજદાર નીકળ્યો યાર."

રાકેશ હજી ગૂંચવાયેલો હતો, "તું શેની વાત કરે છે? હું તો પૂરણપોળીની વાત કરું છું."

વિનય ગંભીર થતાં બોલ્યો, "હું પણ 'પૂરણપોળી'ની જ વાત કરું છું. જો આપણે આપણી ભૂખથી વધારે રાંધતા નથી, તો પછી આપણે આપણી જરૂરિયાતથી વધારે પૈસા કમાવવા દોડ શું કરવા મૂકીએ છીએ? આપણાં બાળકોનું કોઈ ઠેકાણું નહીં, આપણે બચાવેલું એ વાપરશે કે વેડફી નાખશે. અંતે જીવનની સાંજ પડતાં બધું જ વેડફાઈ જવાનું છે. પછી એ અન્ન હોય કે પૈસા. અને તારા જ શબ્દમાં કહું તો તારી મહેનત અને તારો સમય બંને વેસ્ટ જઈ રહ્યા છે. તારી જરૂરિયાત પૂરતી 'પૂરણપોળી' તું બનાવી ચૂક્યો છે. હવે શાંતિથી બેસીને એની જયાફત માણ."

અલ્પા અને સંધ્યાને રસોડામાંથી બહાર આવતાં જોઈ વિનયે વાતને ત્યાં જ અટકાવી.

ડાઇનિંગ ટેબલ ઉપર બેસતાં અલ્પા બોલી, " આવતા મહિને પણ આપણે ચાર ફેમિલી ભેગાં નહીં થઈ શકીએ. આ લોકો મસૂરી જાય છે. આપણે ત્રણ ફેમિલી જ હોઈશું."

રાકેશ બોલ્યો," ત્રણ નહીં, બે ફેમિલી જ... આપણે પણ વિનય સાથે મસૂરી જઈ રહ્યાં છીએ..." વિનયના હોઠ મલકી ઊઠ્યા.

અલ્પા આશ્ચર્યથી બોલી,"મસૂરી તો આપણે જઈ આવ્યાં છીએ, ફરી કેમ?"

રાકેશ વિનયની સામે જોઈ સ્મિત ફરકાવતાં બોલ્યો, "પૂરણપોળી ખાવા!!!" અને બંને ભાઈબંધ ખડખડાટ હસી પડ્યા.

❑❑❑



ફૂલ સમો મહેકતો માણસ

☐ પ્રીતમ લખલાણી

મારા તમારા જેવા ત્રીસ-પાંત્રીસ વર્ષના યુવાનને શરમાવે તેવા કાર્યશીલ નાથાબાપા મૂળ તો નવસારી પાસે આવેલ ટોળી ગામના પટેલ. છેલ્લાં પચ્ચીસ વર્ષથી પણ વધારે સમયથી તેઓ અમેરિકામાં સ્થાયી થઈ ગયા છે. મૂળ પોતે જન્મે પટેલ એટલે એમના લોહીમાં જ ખેતી અને માટીની ભીની મહેક મહેકે છે. હાલમાં નાથાબાપાની ઉંમર પાંસઠ વર્ષની આસપાસ હશે! પરંતુ નાનપણથી જ નાથાબાપાએ ખેતીવાડીનું કામકાજ કરેલ હોવાથી એમને નિરાંતે પલાંઠી વાળીને બેસવું ગમતું નથી!

એમના દીકરા હરેશ પટેલે દસ-બાર વર્ષ પહેલાં રોચેસ્ટરમાં એક મોટેલ લીધી. મોટેલના પાછલા ભાગમાં એક દોઢ-બે એકરના ટુકડો સાવ પડતર

પડેલ. એક બપોરે નાથાબાપાએ મનમાં ને મનમાં વિચારી લીધું, આ પડતર જગ્યામાં એકાદ નાનીસરખી શાકભાજીની વાડી ઊભી કરી નાખું તો કેમ રહેશે? આ વિચાર એમણે પોતાના દીકરાને બેધડક કહી નાખ્યો! હરેશ પટેલે બાપાને ધીરજ આપતાં જણાવ્યું કે બાપા મને આ દેશના ખેતીવાડીના કાયદા-કાનૂનની આંટીઘૂંટીની કશી ખબર નથી. હું આપણા વકીલ દ્વારા બધી કાયદેસરની તપાસ કરાવી તમને એકાદ-બે અઠવાડિયાંમાં જણાવું છું. એક સાંજે ડાઇનિંગટેબલ પર સહપરિવાર ડિનર લેતા હરેશ પટેલે નાથાબાપાને ખુશખબર આપ્યા કે આપણે મોટેલ પાછળની પડતર જગ્યામાં કાયદેસરની ખેતીવાડી કરી શકીએ! આ બાબતમાં ટાઉનને કોઈ વાંધો નથી.

બીજે દિવસે હજી સવારે સૂરજ ઊગ્યો નહતો. નાથાબાપા કોદાળી અને પાવડો લઈને પડતર જગ્યામાં લાગી પડ્યા. એકાદ અઠવાડિયા જેવા ટૂંકા ગાળામાં તો બાપાએ દોઢ-બે એકર જમીનને વિનોબાજીની કૃષિપદ્ઘતિથી ખેડી, સાફસૂફ કરી ગુજરાત સૌરાષ્ટ્ર સમું ખેતર અમેરિકાની ધરતી પર ઊભું કરી નાખ્યું!

તે દિવસથી આજની ક્ષણ લગી એટલે કે છેલ્લાં દસેક વર્ષથી નાથાબાપા માર્ચ એપ્રિલથી મોટેલ પાછળના ખેતરમાં સૂરજ ઊગતાંની સાથે પાવડો-કોદાળી લઈને ઑક્ટોબરના અંત સુધી કામે લાગી જાય. જૂન-જુલાઈ આવતાં તો બાપાની વાડી શાકભાજીથી લચી પડે! બાપાની દિનરાત મહેનતથી વાડીમાં શાકભાજીનાં ટોપલાં ને ટોપલાં ઊતરે! અઢળક ઊતરતું શાકભાજી જો નાથાબાપાની જગ્યાએ બીજી કોઈ વ્યક્તિ હોય તો તે અમેરિકામાં ઇન્ડિયન ગ્રોસરી સ્ટોર સાથે સોદો કરીને વેચી નાખે અને અઢળક કમાય, પરંતુ નાથાબાપાનું હૃદય, મન સાગરથી વિશાળ. ઢગલાબંધ ઊતરતાં શાકભાજીમાંથી ફક્ત સાત જણના પરિવારને જોઈએ એટલું રાખી બાકીનું શાકભાજી સાફસૂફ કરી મોટી-મોટી ગ્રોસરીની બૅગોમાં ભરી. પોતાની કારમાં ગોઠવી, બાપા શહેરમાં વસતા સગાંસંબંધી, મિત્રો અને અરસપરસમાં રહેતા અમેરિકન પડોશીના દરવાજે જઈને રોજ મૂકી આવે!

એક બપોરે બાપા જોડે વાડીમાં આંટા મારતાં મારાથી કહેવાઈ ગયું, "તમે આમ રોજરોજ ગ્રોસરીની મોટી-મોટી બૅગો શાકભાજીથી ભરીને શહેરના આ ખૂણેથી બીજા ખૂણા સુધી લોકોના ઘરે પહોંચાડવા કરતાં બધાને ફોન કરીને કહી દેતા હો તો કે ફુરસદે વાડીમાં આવીને શાકભાજી લઈ જાવ તો તમને પણ આરામ!"

બાપા હસતાં-હસતાં કહે, "અરે! પ્રીતમભાઈ આ દેશમાં વસતા આપણા ગુજરાતી પરિવારોની જિંદગી જોઈને

ઘણી વાર મને પારાવાર દુઃખ થાય. પતિપત્ની બંને આખો દહાડો કામ કરી સાંજે થાક્યાંપાક્યાં ઘરે આવે એટલે ચૂલો સળગાવીને થોડા રોજરોજ રોટલી-શાક અને દાળભાત કરવાનાં. અમેરિકનોની જેમ કૅન ખોલી સ્પેગેટી અને પાઉંના ડૂચા ખાય, ટી.વી. જોતાં-જોતાં સીધા બેડમાં. હવે આ બધાને રોજ વાડીમાં આવીને શાકભાજી લેવા આવવાની ક્યાંથી ફુરસદ મળે! આ સમજીને હું આપણા ગુજરાતી પરિવારોના ઘરની બહાર તાજાં શાકભાજીની થેલી મૂકી આવું છું. સાંજે ઘરે કામ પરથી આવતાં બારણામાં તાજાં શાકભાજીમાં પરવળ, તૂરિયાં, ટમેટાં, વાલોળ અને ભીંડો જુએ એટલે હોંશે-હોંશે બધી રસોઈ કરવાનું મન થાય અને જો બધી રસોઈ ન બનાવે તો, ગરમાગરમ શાક-રોટલી તો અચૂક બનાવે જ!

"આમાં ક્યાં મારો સમય બગડવાનો. સવારે ચાર-પાંચ કલાકમાં શાકભાજી વાડીમાંથી ઉતારી, સાફસફાઈ કરી, બાકીનો દિવસ આખો હું નવરો બેસીને શું કરવાનો? બસ મનમાં એક આનંદ થાય કે મારા ઠાકોરજીનો પ્રસાદ આજે ઘણાં ઘરે પહોંચાડ્યો. આ ભાવ સાથે જ ઘરે-ઘરે રોજ શાકભાજીની થેલી મૂકવા જાઉં છું."

આ નાથાબાપાનો જીવ કોઈને ખવડાવીને ખુશ થાય, ક્યારેક જો આપણાથી મજાકમશ્કરીમાં કહેવાઈ જાય કે "બાપા તમે શાકભાજીની થેલી મૂકી ગયા હતા ને તે બહુ જ કામ આવી ગઈ, કાલે અમારા ફલાણા-ફલાણા મિત્ર તેની પત્ની સાથે ઘરે ડિનર માટે આવ્યા હતા. તમારી વાડીનાં પરવળ, તૂરિયાં અને ગલકાંનાં શાકની મજા માણતાં તેઓ અમને કહેવા લાગ્યાં કે આપણાં નસીબ ક્યાંથી કે અમેરિકામાં આ શાક આપણને ખાવા મળ્યાં!" આપણું આ વાક્ય પૂર્ણ થયું નથી અને બાપા કહેશે કે "લાવો તમારા ફ્રેન્ડનું સરનામું અને કેવી રીતે તેના ઘરે જવાનું ડિરેક્શન! આવતી કાલે સવારે તેમના ઘરે પણ એકાદ થેલી પહોંચાડી દઉં. ભલે તેઓ એકાદ અઠવાડિયું લીલાલહેર કરતા, શાક-રોટલીની મજા માણે!"

નાથાબાપાની વાડીનાં શાકભાજીની મજા ફક્ત અમારા ગામના જ મિત્રો માણે છે એવું નથી. ગાંઠનું ગોપીચંદન ઘસીને અમેરિકામાં દૂર-દૂર વસતા સગાંસંબંધી, મિત્રોને બાપા યુ.પી. એસ.થી અથવા ફેડરલ એક્સપ્રેસથી નહીં-નહીં તો અઠવાડિયે દસથી બાર જગ્યાએ શાકભાજી પહોંચાડવાનો લહાવો માણે.

ક્યારેક મારાથી બાપાને કહેવાઈ જાય કે "બાપા આ બધી હાયવોય ગામ માટે શું કામ કરો છો?" બાપા કહેશે, "અરે ભાઈ! આ મનુષ્યદેહ કંઈ ઘડીએ-ઘડીએ નથી મળવાનો!"

'આ વેળા આપણને કોઈ જન્મના

પુણ્યે મળ્યો છે તો પ્રભુનો પાડ માનીએ! તો પછી શું કામ મનુષ્યને શાભે તેવું જીવન ન જીવવું. આપણે અહીં આવ્યા ત્યારે શું લઈને આવ્યા હતા! આ વાડીમાં આપણું શું છે! જે કંઈ છે તે તો બધું મારા ઠાકોરજીનું છે! આપણે કોણ? ફક્ત તેના નીમેલા એક રખેવાળ! ઠાકોરજીને કોઈને આપવામાં વાંધો નથી તો પછી આપણે રખેવાળે શું કામ નકામો ટૂંકો જીવ રાખવો! જે દિવસે આપણી ઇચ્છાથી આ ખેતરમાં ઊગવા માંડે ત્યારે નહીં આપીએ! પ્રભુનું દીધેલું છે તો શું કામ બે હાથે ન વહેંચીએ!


ઑક્ટોબરની ઠંડી જેવી શરૂ થઈ જાય એટલે બાપા ખેતરને બે હાથ જોડી બધું ઉઠામણ કરી, જાન્યુઆરીમાં ઇન્ડિયા જવા માટે શૉપિંગ કરવા આસપાસના મૉલમાં ડિસેમ્બરના અંત સુધી આંટાફેરા શરૂ કરી દે.

બે-ચાર બૅગો છલોછલ ભરાય નહીં ત્યાં લગી બાપા પોતાના ગામના હળપતિના પરિવાર માટે શૉપિંગ કર્યે રાખે. આ બધી બૅગોમાં પોતાના અંગત કામ માટે કે નજદીકના પરિવાર માટે બાપા સમખાવા પૂરતી એકાદ નાની વસ્તુ પણ ન ખરીદે. જાન્યુઆરી-ફેબ્રુઆરીની એકાદ સાંજે બાપાને મુંબઈ સહારા ઍરપૉર્ટથી લઈને આવતી ગાડી ટોળીના પાદરમાં પ્રવેશે તેવું જ ગામઆખું બાપાને મળવા હડી કાઢે.

ગાડીમાંથી ઊતરતાં જ બાપા ઘરમાં જવાને બદલે ફળિયામાં ખાટલો ઢાળી બધી બૅગોને વારાફરતી ખોલે. એક પછી એક હળપતિને પરિવાર સાથે બોલાવી બધાના ખુશખબર પૂછી, છોકરાઓને કેન્ડી, રમકડાં અને લૂગડાં આપી તમામ બૅગોને સાવ ખાલી કરી ઘરમાં પગ મૂકતાં પહેલાં ખિસ્સામાંથી પોતાની રોજિંદી ડાયરીમાં ભૂલેચૂકે જે કોઈ આ વખતે રહી ગયું હોય તેની નોંધ કરી લે જેથી આવતા વખતે તેમને ભુલાય નહીં!

અમેરિકાથી તમે જો મુંબઈ આવતા હો અને સહારા ઍરપૉર્ટ પર કોઈ સાઠ-પાંસઠ વર્ષના અમેરિકન પાસપૉર્ટ ધરાવતી વ્યક્તિને કસ્ટમ ઑફિસર જોડે અણિશુદ્ધ ગુજરાતીમાં માથાઝીંક કરતી જુઓ અને તેમના મોઢેથી તમને અચૂક એક વાક્ય સાંભળવા મળે કે, "તને ધર્મના સોગંદ ખાઈને કહું છું કે આ બૅગોમાં હું જે કંઈ લાવ્યો છું તે મારા ગામના ગરીબ હળપતિના છોકરાંવ માટે છે. એટલે તું ઈશ્વરને ખાતર આમાં જીવ બગાડ મા, પરંતુ જો તું મારા ગામના હળપતિઓ કરતાં દૂબળો હો તો તું તારે રાજીખુશીથી આ બૅગમાંથી તારા અને તારાં છોકરાંવ માટે જે જોઈએ તે લઈ લે." આ સાંભળતાંની સાથે જ તમારે આંખ બંધ કરીને માની લેવું કે આ માણસ નાથા પટેલ સિવાય બીજું કોઈ હોઈ જ ન શકે!

❑❑❑



ઉદ્ઘાટન: (ડાબેથી) આદરણીય પ્રો. સામડોંગ રિન્પોચે, પરમ પાવન શ્રી દલાઈ લામા, ભવનના જોઇન્ટ એક્ઝિક્યુટિવ સેક્રેટરી શ્રી જગદીશ લાખાણી, શ્રી રમેશ ઓઝા અને શ્રી શ્યામ પાખરે

ભારતીય પ્રાદેશિક ભાષાઓમાં ગાંધીજી

ભવન, મુનશીજી અને ગાંધીજીનો ત્રિવેણી સંગમ આરંભથી જ રચાયેલો હતો અને સમયની સાથે તે વધુ મજબૂત બન્યો છે. ૧૯૩૮માં શ્રી કનૈયાલાલ માણેકલાલ મુનશીએ સ્વતંત્ર ભારતમાં ભાતીગળ પરંપરા, સંસ્કૃતિ અને જીવનશૈલીઓને પ્રોત્સાહન આપવાના ઉદ્દેશ્યથી ભારતીય વિદ્યા ભવનની સ્થાપના કરી હતી. એના માટે મુનશીજીને મહાત્મા ગાંધીજીના આશીર્વાદ મળ્યા હતા. બંનેનો પરસ્પર સંબંધ પણ સ્નેહયુક્ત હતો. બાપુને મુનશીજીની ક્ષમતા પર અપાર શ્રદ્ધા હતી. મુનશીજીએ ભારતીય વિદ્યા ભવનને સંસ્થા તરીકે નહીં, પરંતુ એક સાંસ્કૃતિક આંદોલન તરીકે વિકસાવ્યું હતું. ભારતીય વિદ્યા ભવનના આ સંસ્કૃતિક આંદોલનને આરંભનાં વર્ષોમાં

સરદાર પટેલ, ડૉ. રાજેન્દ્ર પ્રસાદ, સી. રાજગોપાલાચારી, જવાહરલાલ નહેરુ અને ભારતના પ્રથમ શિક્ષણ મંત્રી મૌલાના આઝાદનો ઘણો સહયોગ મળ્યો હતો.

૧૯૫૧માં મુનશીજીએ ભવનમાં પુસ્તક પ્રકાશન વિભાગની શરૂઆત કરી હતી. અત્યાર સુધીમાં ભવન દ્વારા લગભગ બે હજાર પુસ્તકો પ્રગટ થઈ ચૂક્યાં છે. ભારતીય ઇતિહાસકારો દ્વારા ભારતીય દૃષ્ટિકોણ સાથે વૈદિક યુગથી લઈને સ્વાતંત્ર્ય પ્રાપ્તિ સુધીનો ભારતનો ઇતિહાસ લખાવવામાં આવ્યો જે કુલ ૧૧ ગ્રંથોમાં પ્રગટ થયો. આ ઉપરાંત ૧૦ મુખ્ય ઉપનિષદોની એક શ્રેણી શરૂ કરવામાં આવી હતી જેમાંથી ત્રણ ખંડ પ્રકાશિત થયા અને બાકીના ગ્રંથો પ્રગટ કરવાનો અમારો હેતુ છે. 'ભવન'ની એક રૂપિયાની શ્રેણી ખૂબ લોકપ્રિય નિવડી. એ રીતે ભારતમાં પેપરબેક ક્રાંતિની શરૂઆત ભવન દ્વારા જ થઈ એમ કહી શકાય.

ભવન દ્વારા મહાત્મા ગાંધી પર જેટલાં પુસ્તકો પ્રગટ થયાં છે, તેટલાં કદાચ કોઈ ગાંધી-સંસ્થાએ પણ નહીં કર્યાં હોય! ભવનની આ ગાંધી શ્રેણી ખરેખર અનોખી છે.

ગાંધી સાર્ધ શતાબ્દી નિમિત્તે ભવને વિચાર્યું કે ભારતીય પ્રાદેશિક ભાષાઓના સર્જકોએ ગાંધીજીને જે રીતે જોયા છે, તેને અંગ્રેજીમાં પણ ઉપલબ્ધ કેમ ન કરાવીએ? હિન્દીમાં પંત, નિરાલાથી લઈને આજ સુધી. ગુજરાતીમાં ઉમાશંકર જોશી, બંગાળમાં રવીન્દ્રનાથ, મહારાષ્ટ્રમાં પી.એલ. દેશપાંડે, કન્નડમાં શિવરામ કારંથ, તમિલમાં સુબ્રહ્મણ્ય ભારતી વગેરેની રચનાઓ આમાં સામેલ છે. માત્ર મુખ્ય ભાષાઓમાં જ નહીં; બોડો, સંથાલી, કોંકણી, ડોગરી, મૈથિલી, અવધી જેવી ભાષાઓમાં સર્જકોએ ગાંધીજી વિશે જે લખ્યું છે, તેને પણ અંગ્રેજીમાં ઉપલબ્ધ કરાવવામાં આવશે. 'ભારતીય ભાષાઓમાં મહાત્મા ગાંધી' વિષયનો ભવનનો આ ઉપક્રમ ૨૦ ગ્રંથોનો છે. એનું સંપાદન જાણીતા ભાષાશાસ્ત્રી ગણેશ દેવી અને ઇતિહાસકાર ડૉ. શ્યામ પાખરે કરી રહ્યા છે. વિવિધ ભાષા વિભાગના સંપાદકો અને ૧૫૦થી વધુ અનુવાદકો વીસ ગ્રંથોના આ કાર્યમાં સહભાગી થયા છે.

'ભારતીય પ્રાદેશિક ભાષાઓમાં મહાત્મા ગાંધી' શ્રેણીના પ્રથમ ત્રણ ખંડ (બંગાળી, તમિલ અને કન્નડ) ૨૧ સપ્ટેમ્બરના રોજ ધર્મશાળા ખાતે પરમ પાવન શ્રી દલાઈ લામા દ્વારા પ્રકાશિત કરવામાં આવ્યા. આ પ્રસંગે આદરણીય પ્રો. સામડોંગ રિમ્પોચે પણ હાજર હતા. તેઓ પોતે બૌદ્ધદર્શન અને ગાંધીદર્શન ફિલસૂફીના અગ્રગણ્ય વિદ્વાન છે. પરમ પાવન શ્રી દલાઈ લામાએ આ ઉપક્રમને અત્યંત ઉપયોગી ગણાવ્યો.



પ. પૂ. શ્રી દલાઈ લામાને સન્માનિત કરતા ભવનના જોઇન્ટ એક્ઝિક્યુટિવ સેક્રેટરી શ્રી જગદીશ લાખાણી

એમણે જણાવ્યું કે આધુનિક યુગમાં ગાંધીજી વિશ્વના સર્વશ્રેષ્ઠ મનુષ્ય હતા. એમણે રાજકીય ક્ષેત્રમાં થતા ધર્મના દુરુપયોગ અંગે પોતાની ચિંતા વ્યક્ત કરી. પ્રો. રિમ્પોચેના જણાવ્યા મુજબ તિબેટીયન ભાષામાં પણ ગાંધીજી વિશે ઘણું લખવામાં આવ્યું છે. પરમ પાવન શ્રી દલાઈ લામાએ ભારતીય વિદ્યા ભવન તેમજ ભવનના સંચાલકોને શુભેચ્છાઓ પાઠવી અને તેમને સત્ય અને પ્રમાણિકતાના માર્ગે ચાલવાના આશીર્વાદ આપ્યા.

ભારતીય વિદ્યા ભવન તરફથી ભવનના જોઇન્ટ એક્ઝિક્યુટિવ સેક્રેટરી શ્રી જગદીશ લાખાણી, આ ઉપક્રમના સંયોજક શ્રી રમેશ ઓઝા, શ્રેણીના સંપાદકોમાં શ્રી શ્યામ પાખરે, તમિલ ભાષાના અંગ્રેજી ગ્રંથના સંપાદક શ્રી સુનીલ કૃષ્ણ ઉપસ્થિત રહ્યા હતા.

આ ત્રણે ભાષાઓ (બંગાળી, તમિલ અને કન્નડ)ના ગ્રંથો બજારમાં રાહત દરે ઉપલબ્ધ છે અને બાકીના ગ્રંથો આગામી બે વર્ષમાં પ્રકાશિત કરવામાં આવશે.

❑❑❑

[પૃ. ૩૦થી ચાલુ]

થોડાક જોઈએ. મિલોએ ચીંદી-ચીરાના કિલો દીઠ ભાવ વધારી આપ્યા એટલે તેના ઢગલામાંથી ઇંટોના કટકા નીકળવા લાગ્યા. ખોળ કે કપડાંના ભાવ સરકારે વધારી આપ્યા એટલે દોરાના વેપારીઓએ દોરાના ભાવ વધાર્યા. 'સૌંદર્ય' મંડળીની બહેનોની હાજરી નોંધવાની સામે તેને કામ આપનાર સંસ્થાના કર્મચારી મંડળે મુકદ્દમો માંડ્યો. સિલાઈ કામ માટે લઘુતમ વેતન ધારાની સરકારે જાહેરાત કરી અને વેપારીઓના દબાણ હેઠળ બીજે જ દિવસે પાછી ખેંચી લીધી. ઓછી કિંમતે દવા પૂરી પાડવાના *સેવા*ના કામનો પહેલાં દવાના વેપારીઓએ અને પછી કેમિસ્ટ અસોસિએશને વિરોધ કર્યો. ડૉક્ટરો પણ મોંઘી દવા જ લખી આપીને અસહકાર બતાવતા. એક વખત સરકારે તુઘલખી નિર્ણયથી સુદાનથી ઊંચા ભાવે ગુંદર લેવાનો નિર્ણય લીધો એટલે ગુંદર વીણીને કમાણી કરનાર બહેનો મુસિબતમાં આવી. સુખી મંડળનાં બહેનોને સારી આવક અપાવતાં રોપાઉછેર કેન્દ્રનું જોડાણ સરકારે અચાનક જ રદ કર્યું.

'ગરીબ છીએ...' પુસ્તકની અસરાકારકતાનું એક મહત્ત્વનું કારણ ઇલાબહેને કરેલાં વિવરણો અને વર્ણનો છે. તેમાંથી કેટલાંક આ મુજબ છે: કુદરતી તેમ જ માનવસર્જિત આપત્તિઓ અને તેમાં *સેવા*ની ભૂમિકા, ગરીબ અને સ્વાશ્રયી સ્ત્રીઓનું ગામડાંમાં તેમ જ શહેરનું જીવન, શહેરી ઝૂંપડપટ્ટી, શ્રમજીવી સમુદાયોનાં સામાન્ય લક્ષણો, કચરો ઉપાડનાર મહિલાઓ દ્વારા એકઠી કરવામાં આવતી વસ્તુઓ અને તેમનો એક દિવસ, ચીંદીઉદ્યોગ, ચીંદીમાંથી ખોળ બનાવવાની પ્રકિયા, માણેકચોકનું બજાર, *સેવા*એ માણેકચોક ચળવળમાં ૨૯ જાન્યુઆરી ૧૯૮૦ની સવારે કરેલો સંઘર્ષ અને તેને મળેલી સફળતા, ડૉ. શરત ભૌમિકનો ભારતના ફેરિયાઓ પરનો અભ્યાસ, મહેનતકશ સ્ત્રીઓની દેવાદાર દશા, સેવા બૅન્કની આખીય કામગીરી અને બૅન્ક શાખાઓનો માહોલ, બનાસકાંઠાનાં ગામડાંની બહેનોનું મનોહર ભરતકામ, ભરતકામ અને મહિલાઓની જિંદગી વચ્ચેનો નાતો, બાવળ પરથી ગુંદર એકઠો કરવાનું ઇજા પહોંચડનારું કામ અને તે કરનાર બહેનોની સ્થિતિ, અગરિયાઓની આખી જિંદગી અને પાટા તૈયાર કરવાની પ્રક્રિયા, સુખી નદીકાંઠાના આદિવાસીઓની વિસ્થાપન પહેલાંની જિંદગી, સરકાર દ્વારા બેરહેમ પુનર્વસન અને તે માટે પરિવારોનું સ્થળાંતર, અંબાબહેનના પરિવારનું વિસ્થાપન અને સ્થળાંતર અને કવિતાબહેનનું ઘડતર. આ યાદી ઘણી લાંબી થઈ શકે.

અત્યારે આપણા એકંદર સમાજમાનસ અને દેશના અર્થતંત્રમાંથી ગરીબ સ્વાશ્રયી શ્રમજીવી વર્ગ અલોપ થતો જાય છે. એવા સંજોગોમાં ઇલાબહેનના અત્યંત પ્રસ્તુત વિચારોમાંથી કેટલાક અહીં સારવીને મૂક્યા છે:

• પરિસ્થિતિની વિચિત્રતા એ છે કે સ્વરોજગારનું ક્ષેત્ર સમગ્ર દેશના

અર્થતંત્રનો મહત્ત્વનો આધાર છે. બાકી વિધિવત્ આર્થિક માળખામાં તો રોજગારનું પ્રમાણ ૭% જેટલું જ છે. ભારતભરમાં કામ કરતી મહિલાઓમાં ઔપચારિક માળખામાં કામ કરતી સ્ત્રીઓનું પ્રમાણ ૬% છે જ્યારે અનૌપચારિક ક્ષેત્રમાં એટલે સ્વરોજગાર ક્ષેત્રમાં તેમનું પ્રમાણ ૯૪% છે. દેશની નીતિના ઘડવૈયા આ અનૌપચારિક ક્ષેત્રના અસ્તિત્વનો હજી હવે સ્વીકાર કરતા થયા છે ત્યારેય કાયદાનું રક્ષણ અને ધિરાણની સરળતા શ્રમજીવીઓની પહોંચ બહાર જ છે.

• દેશના ત્રણ ચતુર્થાંશ ભાગની પ્રજાને કામદારોનો દરજ્જો આપ્યા વિના આપણે મજૂર આંદોલનની વાત પણ શી રીતે કરી શકીએ? અને જ્યારે ગામડાંની અસંખ્ય સ્ત્રીઓનો એમાં અવાજ ન હોય ત્યારે આંદોલનોનું અસ્તિત્વ અહીં છે એમ બોલવાનો શો અર્થ ?

• ઇતિહાસ સાક્ષી છે કે જ્યારે કોઈ ઉદ્યોગનું આધુનિકીકરણ થાય અને તેનું ઔપચારિક માળખું તૈયાર થાય કે તરત જ એમાં અનૌપચારિક રીતે કામ કરતી સ્ત્રીઓ હાંસિયામાં ધકેલાઈ જાય છે.

• ઉત્પાદન પ્રક્રિયાનું અરધોઅરધ કામ અનૌપચારિક આર્થિક ક્ષેત્રના સાવ નજીવી રોજી મેળવતાં સ્વાશ્રયી સમુદાયની શ્રમશકિત દ્વારા જ થાય છે. ઉદ્યોગ અને અર્થકારણના અંગભૂત હિસ્સા તરીકે પ્રત્યેક કામદારના પ્રત્યેક તબક્કાના કામને યોગ્ય સ્વીકૃતિ મળવી જોઈએ. ત્યારે જસમાન, લોકતાંત્રિક અને સહુની ભાગીદારીયુક્ત પદ્ધતિનું નિર્માણ થઈ શકે જે ગરીબી નાબૂદ કરવાનો મહામંત્ર છે.

• ફેરિયાઓ શહેરી ગ્રાહકોને મહત્ત્વની સેવાઓ આપે છે એ હકીકત હોવા છતાં, અને સુપ્રિમ કોર્ટનો ચુકાદો ફેરિયાઓની તરફેણમાં હોવા છતાં દેશભરમાં ફેરિયાઓ એમનો વેપાર કરવામાં હાલાકી ભોગવે છે. તાજા માલના બજાર અને તેની વિતરણવ્યવસ્થામાં તેમનું કામ બહુ અગત્યનું હોવા છતાં એમની તો કશી ગણતરી જ નથી લેવાતી. નવી રાષ્ટ્રીય નીતિ એમના માટે પણ ઘડાઈ છે, એનો અમલ ક્યારે અને કેવી રીતે થાય તે જોવાનું. પરંપરાગત ભારતીય બજાર અથવા હાટને ઊતરતું ગણવાનું એક વલણ પ્રચલિત છે. એમની જરૂરિયાતોનું આધુનિક ભવ્ય શહેરોની પરિકલ્પનામાં કોઈ સ્થાન નથી.'

ઇલાબહેને પુસ્તકની શરૂઆતમાં લખ્યું છે : 'ગરીબ, સંઘર્ષરત શ્રમજીવી સ્ત્રીઓની દુનિયાને મેં જે રીતે જોઈ, તેની સાથોસાથ મેં જે અનુભવ્યું તે આ પુસ્તક દ્વારા રજૂ કર્યું છે. વાચકને આ સ્ત્રીઓના વિશ્વમાં લઈ જવાનો પ્રયત્ન કર્યો છે.' એ દુનિયાની મુલાકાત વાચકનો ભારતના સ્વાશ્રયી નારીસમુદાય તરફ, એકંદરે શ્રમજીવી ગરીબો તરફ જોવાનો નજરિયો બદલે છે. આ પુસ્તક કે તેના હિસ્સા અભ્યાસક્રમોમાં હોવા જોઈએ. તેનો સારસંક્ષેપ થવો જોઈએ. જેનું એક-એક વાક્ય આજીવન કર્મશીલતામાંથી નીપજ્યું હોય તેવા આ પુસ્તકના વિચારો દરેક ભારતીય નાગરિક સુધી પહોંચવા જોઈએ. ❑❑❑

તમારી દૃષ્ટિએ

ઑગસ્ટ '૨૨ના નવનીત સમર્પણનાં અંકમાં 'જ્ઞાની અને વિજ્ઞાની' એક વૈશ્વિક સંવાદમાં ડૉ. પંકજ જોશીએ જ્ઞાની શ્રી ધીરજરામ શાસ્ત્રીજીની ચર્ચા અત્યારના સમયમાં સતત તણાવમાં રહેતા માણસોએ શીખવા જેવું છે. સતત ઝીણી-ઝીણી બાબતને મોટું સ્વરૂપ આપતા લોકોએ શીખ લેવા જેવું છે, શરીરની યોગ્ય અને ઉત્તમ સંભાળ રાખવા પર ભાર મૂકતા. તેઓ ભારપૂર્વક સૂચન આપતા 'આપણે જે કંઈ પણ કરીએ તે એટલું બળપૂર્વક કે હઠથી ન કરવું કે જેથી શરીરને નુકસાન થાય. તમારી સઘળી ક્રિયા અને પ્રવૃત્તિ એવી હોવી જોઈએ કે જેથી શરીર હળવું પડે મન હંમેશાં સુખદ અવસ્થામાં રહે.

મીઠાપુર - મુકેશ ટી. ચંદારાણા

* * *

સપ્ટેમ્બર '૨૨ના અંકમાં શ્રી ઉર્વીશ કોઠારી લિખિત ઇતિહાસકાર શ્રી નલીન શાહ અંગેનો લેખ ખૂબ ગમ્યો. ફિલ્મી જગતની પ્રસિદ્ધ વ્યક્તિઓ વિશે રસપ્રદ માહિતી મળી. શ્રી રજનીકુમાર પંડ્યા લિખિત માસ્ટર વસંતનો જીવન પરિચય વાંચીને ખુશ થયો. ઉપરાંત શ્રી સંજય વૈદ્યનો કાંતિ ભટ્ટ સાથેનો મુલાકાત-લેખ પણ ગમ્યો. જાણીતા પત્રકાર અને લેખક શ્રી કાન્તિ ભટ્ટ પુસ્તકપ્રેમી અને સાહિત્યના પરમ ઉપાસક હતા.

તમસો મા જ્યોતિર્ગમય

અમદાવાદ આઇ. બી. પરમાર

* * *

સપ્ટેમ્બરના અંકમાં નટવર પંડ્યાનો, રજનીકાંત પંડ્યાનો અને ઉર્વીશ કોઠારીનો લેખ વધુ ગમ્યો. જોકે 'કૂપમંડૂક'ના નામે લખાતી લેખમાળા વિશે થોડું વિગતે લખું.

એ અંકમાં રાણી રાસમણિ વિશેની જે વિગતો છે તેનાં અંતિમ ભાગમાં રાણી રાસમણિને જોગમાયા હતાં. (આઠ નાયિકાઓ માંહેનાં હતાં. એવા શબ્દો છે.) તેથી જોગમાયા જ કહેવાય ને? તેમ જ રાણીને મૃત્યુ સમયે ઈશ્વરીય શક્તિની મદદ મળી હતી.

ઉપરોક્ત બાબતથી ઘણી પ્રેરણા મળી છે. છેલ્લા ત્રણ કે છ માસથી મને આ રામકૃષ્ણ વિષયક લેખમાળા વધુ સ્પર્શે છે. પ્રેરણાનાં પીયૂષ મળે છે. રામકૃષ્ણની ચેતના જાણે કે મારી આંતરશક્તિને ઢંઢોળે છે કે સહાયક બને છે. અંગત જીવનનાં સુખ-દુઃખની આત્યન્તિક ક્ષણોમાં રુહાની તાકાત બની રહે છે. આત્મિક શક્તિ વધારે છે.

આ અર્થમાં 'નવનીત સમર્પણ'નું વાંચન અથવા આ લેખમાળાનું વાંચન સાર્થક છે. જીવનનું આમૂલાગ્ર પરિવર્તન કરાવનાર અને આત્માભિમુખ કરાવનાર છે. જોકે દરેકની પાત્રતા ભિન્ન હોય છે.

મોડાસા - મધુસૂદન મ. વ્યાસ

અક્ષરની ઓળખાણ

☐ **ઋષભ પરમાર**
☐ **અવની સોલંકી**



જાસુદ પર જોગિયાનો સૂર (ગીતસંગ્રહ) - હરીશ મીનાશ્રુ - પ્રથમ આવૃત્તિ : ૨૦૨૨, પૃષ્ઠ : ૧૮૨, કિં. રૂ. ૫૦૦, પ્રકાશક: લજ્જા પબ્લિકેશન, બીજો માળ, સુપર માર્કેટ, રાજેન્દ્ર માર્ગ, નાના બજાર, વલ્લભ વિદ્યાનગર-૩૮૮ ૧૨૦.

અનુઆધુનિક સર્જકોમાં સર્ગશક્તિના ઉત્તમ અંશો આપનાર હરીશ મિનાશ્રુનાં ૧૬૬ ગીતોનો આ સંચય છે. આ ગીતોનો રચનાકાળ મુખ્યત્વે ૨૧મી સદીનો બીજો દશક છે. નર્મ અને મર્મ એમનાં સર્જનનો વિશેષ રહ્યો છે. ગીતોની પરંપરાને આ રચનાઓ ઓળંગી જાય છે. અહીં પ્રેમના વિવિધ વિષયો આયામો, પ્રકૃતિ, રાજકારણ, ચરિત્રો, ઉપહાસ અને વ્યંગ જેવા વિવિધ વિષયો રમ્ય ગીત રચનાઓ દ્વારા ઝિલાયા છે. અહીં માત્ર વિષય અંતર્ગત ગીત રચનાઓ નથી પણ સર્જનપ્રક્રિયાના નિમિત્તે રચાયેલી રચનાઓ પણ મળે છે. કવિ સમકાલીનો અને પુરોગામીઓની રચનાઓ અંતર્ગત સ્મરણ અને પુણ્યસ્મરણ દ્વારા પોતાનો આત્મીય અનુબંધ પણ ગીતરચનાઓ દ્વારા વ્યક્ત કરે છે. આખા સર્જનની ગુણવત્તા સાથે ઈયત્તા જળવાય છે. સંગ્રહની પૃષ્ઠસજ્જા પણ આંખે ઊડીને વળગે એવી સુચારુ છે. આ ગીત રચનાઓમાં પ્રેમાનંદના પુણ્યસ્મરણ રૂપે આલેખતા કવિ ગાય છે:

વાય એવું વ્હાણું કે ગુજરાતી વાણ બને ગોપીચંદન કેરી ગાંઠડી
શિર પર શિખા ને રવિ શિખર પર હોય એથી ઊંચે હો ગુર્જર બારાખડી

કવિની અભ્યર્થના જાણે એમનાં ગીતો દ્વારા ચરિતાર્થ થઈ છે. ઉત્તમના આગ્રહી સૌ કોઈ માટે આ નજરાણું બની રહેશે.

❑

મોહનલાલ પટેલની સંકલિત લઘુકથાઓ (લઘુકથા સંગ્રહ) - મોહનલાલ પટેલ - પ્રથમ આવૃત્તિ : ૨૦૨૨, પૃષ્ઠ : ૪૬૭, કિં. રૂ. સ્વ. મોહનલાલ બા. પટેલ (૧૯૨૭-૨૦૨૦)ની સ્મૃતિમાં સાદર-સસ્નેહ ભેટ, પ્રકાશક : મોહનલાલ પટેલ અમૃતપર્વ સમિતિ, C/o મણિભાઈ પ્રજાપતિ, એ-૪, કડી વિદ્યાલય સ્ટાફ ક્વાર્ટર્સ, એલ.ડી.આર.પી.

એન્જિનિયરિંગ કૉલેજ કેમ્પસ, સેક્ટર-૧૫, ગાંધીનગર-૩૮૨ ૦૧૬. મો.: ૯૬૦૧૨૭૩૮૩૬.



ટૂંકી વાર્તા, નવલકથા, લઘુકથા, નિબંધ, ચરિત્ર, આત્મકથા, પ્રવાસ, વિવેચન, અનુવાદ વગેરે ક્ષેત્રે માતબર પ્રદાન કરનાર મોહનલાલ પટેલનું ઉત્કૃષ્ટ પ્રદાન ટૂંકીવાર્તા અને લઘુકથા ક્ષેત્રે રહ્યું. ખાસ તો ગુજરાતમાં લઘુકથાના પ્રસ્થાનકાર તરીકે સૌ એમને જાણે છે. પ્રસ્તુત ગ્રંથનાં સર્જકની ૩૦૪ જેટલી લઘુકથાઓ સંચિત થઈ છે. હવે ભાગ્યે જ જોવા મળતા પરિશિષ્ટોમાં ચાવી રૂપ શબ્દસૂચિ, ગુજરાતી લઘુકથાઃ વાઙ્મયસૂચિ, સાહિત્ય-સર્જન, અન્ય સર્જકોના અભિપ્રાયોનો સમાવેશ થયો છે. ઉમાશંકર જોશીના શબ્દોમાં 'શ્રી મોહનભાઈ એક અચ્છા સાહિત્યકાર તો છે જ પણ આપણા એક ઉમદા શિક્ષક અને અચાર્ય પણ છે...' આવા પ્રથિતયશ સર્જકની સમગ્ર લઘુકથાઓનો સંચય લઘુકથાના બાહ્યાભ્યાંતર સ્વરૂપ અને સર્જકને સમજવામાં ઉપયોગી અને આદર્શરૂપ બની રહેશે.

❑



રેન્ડિયર્સ – અનિલ ચાવડા (નવલકથા) – પ્રથમ આવૃત્તિ : ૨૦૨૧, પૃષ્ઠ : ૧૫૨, કિં.રૂ. ૧૫૯/- પ્રકાશક : મહેન્દ્ર પી. શાહ, નવભારત સાહિત્ય મંદિર જૈન દેરાસર પાસે, ગાંધી રોડ, અમદાવાદ - ૩૮૦૦૦૧. ફોન: ૦૭૯-૨૨૧૩૯૨૫૩, ૨૨૧૩૨૯૨૧ Email: info@navbharatinline.com

વાચકવર્ગ સમક્ષ એક યુવા કવિ તરીકેની ઉમદા છાપ છોડનાર શ્રી અનિલ ચાવડાની 'રેન્ડિયર્સ' નવલકથા પણ પ્રકાશિત થયેલ છે. આ નવલકથાની કથાવસ્તુને એમણે ત્રણ ખંડમાં પાથરી છે. બાળપણને સુવર્ણકાળ તરીકે ઓળખવામાં આવે છે. ખાસ કરીને શાળા, કૉલેજ કે હોસ્ટેલના અનુભવો જિંદગીભર યાદ રહી જતા હોય છે. આ કથા પણ આવાં મોજમસ્તી કરતાં થોડાંક ચંચળ રેન્ડિયર્સની છે. અભ્યાસ કરવો છે, પરીક્ષાનો ભય છે, છતાંય પોતાની ચંચળતા ત્યજી ન શકતાં બાળકો વિશે છે. દસમા ધોરણના પંદર-સોળ વર્ષના છોકરાના મુખે કહેવાયેલી આ કથા છે. પાત્રોની અળવીતરાઈ અકબંધ રહે તેથી અમુક ન ગમે એવાં વાક્યોને પણ અહીં જાણી જોઈને રહેવા દીધાં છે જેની સ્પષ્ટતા પ્રાસ્તાવિકમાં લેખક કરી આપે છે. એવી જ રીતે 'રેન્ડિયર્સ' શીર્ષક વિશેનો ખુલાસો અંતમાં અત્યંત રસપ્રદ રીતે કરે છે.

વિવિધ સાહિત્ય સ્વરૂપોમાં અનેક પુરસ્કારો પ્રાપ્ત કરનાર શ્રી અનિલ ચાવડાને નવલકથાકાર તરીકેની ઓળખ અપાવવા ‘રેન્ડિયર્સ’ સક્ષમ છે કે નહીં તે જાણવા, શાળા, કૉલેજ કે હોસ્ટેલના જીવંત દસ્તાવેજને પામવા તેમજ આપણા મિત્રોને વિતેલા દિવસોની આખી દુનિયા ભેટ આપવા માટે નવલકથા ભાથું બની રહેશે.

❑



શુક્લપક્ષ – જયદેવ શુક્લ (વિવેચનાત્મક લેખો) – પ્રથમ આવૃત્તિ: ૨૦૨૧, પૃષ્ઠ : ૨૩૨, કિં.રૂ. ૩૦૦/- પ્રકાશક : રંગદ્વાર પ્રકાશન, જી-૧૫, યુનિવર્સિટી પ્લાઝા, દાદાસાહેબનાં પગલાં પાસે, નવરંગપુરા, અમદાવાદ – ૩૮૦૦૦૯. ફોન: ૦૭૯-૨૭૯૧ ૩૩૪૪, Email : rangdwar.prakashan@gmail.com

કવિ, લેખક, સમીક્ષક શ્રી જયદેવ શુક્લના વિવેચન લેખોનો પ્રથમ સંચય એટલે ‘શુક્લપક્ષ’. અહીં કુલ છવ્વીસ આસ્વાદલક્ષી વિવેચન લેખોનો સમાવેશ થયો છે. લેખકે હોંશ અને નિખાલસ ભાવે ભાવકોને કૃતિમાં પ્રવેશવાની બારી ખોલી આપી છે. ગુલામમોહમ્મદ શેખ, લાભશંકર ઠાકર, શિરીષ પંચાલ, હરીશ મીનાશ્રુ, ભરત નાયક, વિનોદ જોશી, ચંદ્રકાન્ત શેઠ, કવિ કાન્ત, જયંત પાઠક, દિગીશ મહેતા, હિમાંશી શેલત, નીતિન મહેતા, જયંત પારેખ, સરૂપ ધ્રુવ વગેરે જેવા પ્રશિષ્ટ સાહિત્યકારોની આસ્વાદમુલક રચનાઓનો અહીં સમાવેશ થયેલ છે. સાથે-સાથે સુન્દરમ્ અને હસમુખ પાઠકનાં કાવ્યોને એક અલગ દૃષ્ટિથી મૂલવી આપે છે. ૧૯૯૮ની ગુજરાતી કવિતાઓની મથામણ અને ૧૯૮૦થી ૨૦૦૭ સુધીની અછાંદસ કવિઓની અભિવ્યક્તિમાં સર્જનશીલતાની વિવેકપૂર્ણ સમીક્ષા જોવા મળે છે.

શ્રી જયદેવ શુક્લની વિશિષ્ટતા એ છે કે તેઓ ફક્ત એક કૃતિ વિશે નહીં, પણ એક વિષયને વિવિધ કૃતિઓ સાથે સાંકળીને એ કૃતિને આસ્વાદ્ય બનાવે છે. નિરંજન ભગતના ‘ચલ મન મુંબઈ નગરી’ અને ‘આધુનિક અરણ્ય’ કરતાં ગુલામમોહમ્મદ શેખનું ‘શહેર’ લેખકને ખાસું નોખું લાગે છે.

શહેર
ભૂંડુંભખ્ખ ધાન જેવું
કોળિયાની સાથે આંતરડામાં ઊતરી જાય છે.
કડવું, કઢંગુ
શિરાઓમાં પ્રસરે,

પાંસળાંઓમાં ખૂણા કાઢે,

હાથપગજીભે પરસેવો, લાળ થઈ લટકે. ('અથવા', ૭૩)

આ શહેરને વિવેચક સિતાંશુ યશશ્ચંદ્રનું 'મુંબઈ', દિલીપ ઝવેરીનું 'નગર પાંડુ', ચંદ્રકાન્ત ટોપીવાળાનું 'મુંબઈ', નીતિન મહેતાનાં 'ટ્રેન', 'દરિયો', 'એક પત્ર' વગેરે કાવ્યોને સાથે રાખીને તપાસવા કહે છે.

આ તો ફક્ત વિષયપ્રવેશ થયો. આવી અસંખ્ય પ્રશિષ્ટ કૃતિઓની ચર્ચા 'શુક્લપક્ષ'માં ભિન્ન દૃષ્ટિકોણથી જોવા મળે છે. ઇચ્છા હોવા છતાં જે કૃતિને નથી સમાવી શક્યા એની વેદના પણ અહીં તેઓ વ્યક્ત કરે છે. આધુનિક અને અનુઆધુનિક સાહિત્યકારોની તલસ્પર્શી અવગાહના અહીં રજૂ થઈ છે.

❑



અરીસામાં યાત્રા (વાર્તાસંગ્રહ): અંજલિ પ્રદીપ ખાંડવાલા - પ્રથમ આવૃત્તિ : મે, ૨૦૧૯, પૃષ્ઠ : ૧૩૬, કિં. રૂ. ૧૩૫, પ્રકાશક : આર.આર.શેઠની કું. 'દ્વારકેશ' રોયલ એપાર્ટમેન્ટ નજીક, ખાનપુર, અમદાવાદ-૩૮૦૦૦૧, ૦૭૯-૨૫૫૦૬૫૭૩, ૭, અર્થબાગ, ૧૧૬, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ-૪૦૦ ૦૦૨, ટેલિ. ૦૨૨-૨૨૦૧૩૪૪૧. Email: sales@rrsheth.com.

'લીલો છોકરો' અને 'આંખની ઇમારત' જેવા વાર્તાસંગ્રહો આપનાર અંજલિ ખાંડવાલાનું નામ ગુજરાતી સાહિત્યમાં એક સમર્થ વાર્તાકાર તરીકે જાણીતું છે. આ એમનો મરણોત્તર વાર્તાસંગ્રહ છે. 'અરીસામાં યાત્રા'ની વાર્તાઓ અગાઉ અનેક નામાંકિત સામયિકોમાં પ્રગટ થઈ ચૂકી છે. લેખિકા પથારીવશ હોવા છતાં એમાં યોગ્ય ફેરફારો કરીને આ પુસ્તક એમણે આપણને થાપણ રૂપે આપ્યું છે. પ્રસ્તુત વાર્તાસંગ્રહની કુલ સોળ વાર્તાઓનો ઝોક સર્જકતા, આત્મબળ, કપોળ-કલ્પિતતા, પ્રતિકારક શક્તિના અંશોની સાથે વ્યક્તિત્વના પરિવર્તન પર વિશેષ છે. આદિવાસી સ્ત્રીને દલિતોની નેતા બનાવી છે, તો તમાકુની બંધાણી ગૃહિણી ભક્તિમાં તરબોળ થઈને સંત બની જાય છે. ગામડાંની સ્ત્રીને લગ્નબાદ શિક્ષણ પ્રાપ્ત કરીને એક સંસ્થાની અધ્યક્ષ બનાવી છે, તો અણમાનીતી કાળી કન્યા મોટી થઈને કાળી કન્યાઓને હડધૂત કરનારાઓનો પ્રતિકાર કરે છે. વિધ-વિધ વિષયો ધરાવતી વાર્તાઓનું હાર્દ વ્યક્તિત્વમાં પરિવર્તનને દિશા આપવાનો છે.

સ્વ. શ્રીમતી અંજલિ ખાંડવાલા આ પ્રકારની કૃતિ બદલ હંમેશાં લોકોના હૃદયમાં જીવંત રહેશે.



ભવન્સ - વૃત્ત

મુંબઈ કેન્દ્ર : અંજલિ વ્યાખ્યાન



પ્રો. ડૉ. સુદર્શન ઐયંગર

ભવને તેના ભૂતપૂર્વ કાર્યકારી સચિવ અને મહાનિર્દેશક શ્રી એસ. રામકૃષ્ણનને ૨૨ જુલાઈ, ૨૦૨૨ના રોજ તેમની ૧૦૦મી જન્મજયંતિ નિમિત્તે શ્રદ્ધાંજલિ આપી હતી.

આ પ્રસંગે ભવન્સ કેમ્પસ, અંધેરી - મુંબઈ સ્થિત ચંદ્રમૌલીશ્વર મંદિરના પૂજારી શ્રી રામવિશ્વાસ દ્વિવેદીદ્વારા પૂજા અને રુદ્રાષ્ટાધ્યાયીનું પારાયણ કરવામાં આવ્યું હતું. ભવનના સભ્યોએ કેન્દ્રિય ભવનમાં લલિતા સહસ્રનામ સ્તોત્ર સાથે અન્ય સ્તોત્રોનું પારાયણ કર્યું હતું.

સંસ્કૃત અભ્યાસ અને સંશોધનના નિયામક ડૉ. ગિરીશ બી. જાનીએ સ્વાગત પ્રવચન આપ્યું અને શ્રી એસ. રામકૃષ્ણનને શ્રદ્ધાંજલિ આપી. ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદના ભૂતપૂર્વ વાઇસ ચાન્સેલર અને ગાંધીવાદી અર્થશાસ્ત્રી વક્તા પ્રો. ડૉ. સુદર્શન આયંગરનો પરિચય ડૉ. જાનીએ કરાવ્યો હતો.

ડૉ. આયંગરે એમના પ્રવચનમાં શિક્ષણ પ્રચારના હેતુઓ અને કાર્યકારી પ્રણાલીઓ, માનવ કલ્યાણને પ્રોત્સાહન આપવાનાં લક્ષ્યો, માધ્યમો અને પદ્ધતિઓ, સમાજ સેવાના ઉદ્દેશ્યો અને વ્યવહારુ પાસાઓ સંબંધિત મુખ્ય વિષયોની ચર્ચા કરી; એમણે સમાજ સેવાની દૃષ્ટિ, નિઃસ્વાર્થ કાર્ય, અહિંસા, સ્વરાજ્ય (સ્વ-શાસન), ધર્મ (સદાચાર) અને વિવિધ ધર્મોને અનુસરતા તમામ લોકોના શાંતિમય સહભાવ વગેરે મુદ્દા રજૂ કર્યા.

વડોદરા કેન્દ્ર : સ્વતંત્રતા દિવસની ઉજવણી

ભવન્સ સ્કૂલ વડોદરા કેન્દ્ર દ્વારા ૧૫ ઑગસ્ટ, ૨૦૨૨ના રોજ ૭૫માં સ્વતંત્રતા દિવસના ઉત્સાહ અને દેશભક્તિના ઉમંગ સાથે ઉજવણી કરવામાં આવી હતી. ‘આઝાદી કા અમૃત મહોત્સવ’ના વ્યાપક દાયરામાં હોવાથી તે વિશેષ દિવસ હતો.

સંસ્કૃતિક કાર્યક્રમમાં દરેક સહભાગીઓના ઉમંગ અને ઉત્સાહને લીધે પ્રેક્ષકો ખુશ થઈ ગયા અને તાળીઓના ગડગડાટ સાથે સભાગૃહ શોભી ઊઠ્યો. આપણા રાષ્ટ્રની સેવા માટે પરિવાર અને મિત્રોથી અલગ રહીને પોતાનું જીવન વિતાવતા સૈન્યના જવાનોને અનુલક્ષીને વિદ્યાર્થીઓએ અદ્ભુત વ્યાખ્યાનો, નાટક અને ઉર્જાસભર નૃત્ય

રચનાઓ રજૂ કરી.



શાળાના મેદાનમાં વૃક્ષારોપણ અભિયાનમાં વિવિધ વર્ગોના વિદ્યાર્થીઓએ પણ ઉત્સાહભેર ભાગ લીધો હતો. સાંસ્કૃતિક કાર્યક્રમમાં એસ.આર.પી.એફ. યુનિટ, લાલબાગ વડોદરાના પોલીસ ઓફિસરો, પરેડ કમાન્ડરો અને અન્ય કમાન્ડરોની ચાર ટુકડી દ્વારા સમન્વિત ધૂને ભવ્ય પરેડ રજૂ કરી, જે વિદ્યાર્થીઓ માટે અને કાર્યક્રમની સફળતાનું મુખ્ય આકર્ષણ રહ્યું.

કેન્દ્રીય ભવનમાં સરસ્વતી પૂજન

૩ ઑક્ટોબર, ૨૦૨૨, સોમવારના રોજ ભવનના મુનશી સરસ્વતી ગ્રંથાગાર (ભવન લાઇબ્રેરી) ખાતે સરસ્વતી પૂજાનું આયોજન કરવામાં આવ્યું હતું. દર વર્ષે શારદીય નવરાત્રિમાં ભવનના શિક્ષણ દ્વારા જ્ઞાનના પ્રચારના ઉદ્દેશ્યની પ્રગતિ અને સમૃદ્ધિ અર્થે દેવી સરસ્વતીના આશીર્વાદ મેળવવા આ પૂજાનું આયોજન કરવામાં આવે છે.

ભારતીય વિદ્યા ભવનના જોઇન્ટ એક્ઝિક્યુટિવ સેક્રેટરી શ્રી જગદીશ લાખાણીએ યજમાન તરીકે પૂજા કરી હતી. ભવનના અનુસ્નાતક અને સંશોધન વિભાગના મદદનીશ નિયામક, શ્રી હિતેશ ત્રિવેદીએ પૂજાવિધિ કરી હતી. શ્રી રમેશ ઓઝા, સુશ્રી નિયતિ શાહ, શ્રીમતી અંજલિ આંબેકર, શ્રીમતી હીના સારંગ, શ્રીમતી ધનશ્રી ઘડગે અને પુસ્તકાલયના અન્ય સ્ટાફ-સભ્યોએ આ પૂજામાં ભાગ લીધો હતો.

શ્રી ઈશ્વર આર. ખાંડવાલા, ડૉ. રાજેન્દ્રસિંહ, ડૉ. ગિરિશ બી. જાની, સર્વ શ્રી યોગેશ કામદાર, પી.એમ. મડકઈકર, એસ.વી. વૈદ, દીપક દોશી, રમેશ કુમાર, નિરંજન મહેતા, લલિત શાહ, અજિંક્ય સંપટ, ડૉ. ગણપતિ વી. હેગડે, શ્રીમતી મીરા ચીખલીકર, ભવનના અન્ય સ્ટાફ-સભ્યો ઉપરાંત ડૉ. ઊર્મિ દેસાઈ, કુ. અબાન મુખરજી, પુસ્તકાલયના કેટલાક સભ્યો અને પ્રો. ડૉ.એલ.એન. પાંડે, સેન્ટ્રલ સંસ્કૃત યુનિવર્સિટીના ડાયરેક્ટર, કે.જે. સોમૈયા કેમ્પસ, વિદ્યાવિહાર, મુંબઈથી કેટલાક સભ્યોએ આ કાર્યક્રમમાં હાજરી આપી અને દેવી સરસ્વતીને પુષ્પાંજલિ અર્પણ કરી હતી.



મુંબઈ કેન્દ્ર : સંસ્કૃત વ્યાખ્યાન



ભારતીય વિદ્યા ભવન દ્વારા ૧૦ ઑગસ્ટ ૨૦૨૨ના રોજ સંસ્કૃત દિવસની ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે મુંબઈના જાણીતા સંસ્કૃતના વિદ્વાન ડૉ. ગૌતમ જોશીએ 'ધાર્મિક અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓમાં શિક્ષણનું મહત્ત્વ' વિષય પર વ્યાખ્યાન આપ્યું હતું. એમના પ્રેરણાદાયી વ્યાખ્યાનમાં ડૉ. જોશીએ આપણા પૌરાણિક ગ્રંથોમાં આપવામાં આવેલા ઉપદેશો જેવા કે - સારું આચરણ, ઉમદા ગુણો, માનવતાવાદી મૂલ્યો અને વ્યક્તિગત તેમજ સામાજિક જીવનમાં તેમનું સ્થાન વિશે વાત કરી હતી.

કોલકત્તા કેન્દ્ર : SPICMACY કાર્યક્રમ



શ્રીમતી વિદુષી મંદિર લાહિરીની પ્રસ્તુતિ

૨૩ ઑગસ્ટ ૨૦૨૨ના રોજ SPICMACY દ્વારા ભવનના ગંગાબક્ષ કનોરિયા વિદ્યામંદિર, કોલકત્તાના ધોરણ ૯ના વિદ્યાર્થીઓ માટે એક કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમનું ઓરિએન્ટેશન સત્ર SPICMACYના વરિષ્ઠ સ્વયંસેવક શ્રી સિદ્ધાર્થ ચક્રવર્તી અને વ્યાખ્યાન નિદર્શન શ્રીમતી વિદુષી મંદિર લાહિરી દ્વારા કરવામાં આવ્યું હતું. શ્રી પ્રાણગોપાલ બંદોપાધ્યાયે તબલાં, શ્રી અનિર્બન દાસે હારમોનિયમ, દિપ્તમ સિન્હા બિસ્વાસના તાનપુરાના સૂર સાથે શ્રીમતી લાહિરીની ભાવપૂર્ણ પ્રસ્તુતિએ શ્રોતાઓને મોહિત કર્યા હતા.

વિશાખાપટ્ટનમ કેન્દ્ર : વાર્તા પ્રવૃત્તિ

વિશાખાપટ્ટનમ પબ્લિક લાઈબ્રેરી અને ભવન્સ પબ્લિક સ્કૂલે ૭ ઑગસ્ટ ૨૦૨૨ના રોજ મિયાવાકી વાર્તા પ્રવૃત્તિ સત્ર શરૂ કર્યું. વાર્તાઓ, કલા અને સર્જનાત્મકતાનો ઉપયોગ કરીને બાળકોની કલ્પના શક્તિ વિકસિત કરવા માટેનું આ વાર્તાલાપ સાપ્તાહિક પ્રવૃત્તિ સત્ર છે.

દરેક સત્ર વાર્તા કહેવાની પ્રવૃત્તિથી શરૂ થાય છે. ત્યારબાદ કાગળની વિવિધ આકૃતિઓ બનાવવાની કલા (ઓરિગામિ), હસ્તકલા, STEAM પ્રવૃત્તિઓ વગેરે

અનેક મનોરંજક પ્રવૃત્તિઓ શીખવવામાં આવે છે. આ સત્રો દર મહિને પહેલા અને ત્રીજા રવિવારે યોજાશે. સત્રોનો ઉદ્દેશ બાળકોને પુસ્તકાલયની મુલાકાત લેવા પ્રોત્સાહિત કરવાનો, સપ્તાહના અંતે પુસ્તકો સાથે સમય માણવાનો અને નાનપણથી જ વાંચન તેમજ પુસ્તક પ્રત્યેના પ્રેમને ઉજાગર કરવાનો છે.

મિયાવાકી વાર્તા પ્રવૃત્તિના ઉદ્‌ઘાટન સત્રમાં જાણીતા વાર્તાકાર શ્રી મલ્લમપલ્લી સીતા શ્રીનિવાસે મનોરંજક લોકકથા પ્રસ્તુત કરી, જેનાથી બાળકો ઘણાં પ્રેરિત થયાં. ત્યારબાદ STEAM શિક્ષક શ્રવ્યા ગરુડે કાગળની વિવિધ આકૃતિઓ બનાવવાની પ્રવૃત્તિઓ કરાવી હતી. આ સત્રમાં શહેરભરની વિવિધ શાળાઓમાંથી ૫ થી ૧૩ વર્ષની વયજૂથનાં કુલ ૬૫ જેટલાં બાળકોએ ભાગ લીધો હતો. વાલીઓએ પણ આ સત્રનો એટલો જ આનંદ માણ્યો. બાળકો સાથે અદ્‌ભુત વાર્તાલાપ તેમજ દરરોજ વાર્તાઓ વાંચવાની અને સંભાળવાની પ્રતિજ્ઞા સાથે સત્રનું સમાપન થયું.

અમદાવાદ કેન્દ્ર : અનસંગ હીરોઝ ઑફ ઇન્ડિયન સાયન્સ

ભવનની શેઠ આર.એ.કૉલેજ ઑફ સાયન્સ અમદાવાદ દ્વારા ૧૫ સપ્ટેમ્બર ૨૦૨૨ના રોજ ઇન્ડિયન નેશનલ સાયન્સ એકેડેમી (INSA) - લોકપ્રિય શિક્ષક વ્યાખ્યાન શ્રેણી પુરસ્કાર હેઠળ ‘અનસંગ હીરોઝ ઑફ ઇન્ડિયન સાયન્સ’ વિષય પર વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું હતું. ગુજરાત યુનિવર્સિટીના વિજ્ઞાન વિદ્યાશાખાના અધ્યક્ષ પ્રો. ડૉ. પી. એન. ગજ્જર મુખ્ય વક્તા હતા. ભારતમાં અગાઉ થયેલાં સંશોધનો, વિશ્વભરમાં ખ્યાતી મેળવનાર ભારતના વૈજ્ઞાનિકો અને ભારતીય વૈજ્ઞાનિક સંસ્થાઓ દ્વારા કરવામાં આવી રહેલાં સંશોધનો વિશે એમણે રસપ્રદ માહિતી આપી હતી.

અમદાવાદના જોઈન્ટ પોલીસ કમિશનર શ્રી અજયકુમાર ચૌધરી આ કાર્યક્રમના મુખ્ય મહેમાન હતા. શ્રી દિલીપ સતાશિયા દ્વારા મહાન વૈજ્ઞાનિક સી.વી.રમનના જીવન પર આધારિત પુસ્તકો અને ચિત્રોનાં પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં અમદાવાદની વિવિધ કૉલેજોના અનેક વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.



આ અંકના લેખકો

સુભાષ ભટ્ટઃ 'સરાય' સી 1105/6, રામનગર, કાળવીબીડ, ભાવનગર-364002. મો. 9173470085

કૂપમંડૂકઃ ફોન : 022 23630786

હરીશ મીનાશ્રુઃ ૯/એ, ‘સુમિરન’, સૌરમ્ય બંગલા, વિનુકાકા માર્ગ, બાકરોલ-388315 જિ. આણંદ.

ચન્દ્રકાન્ત ટોપીવાળાઃ ડી/6, પૂર્ણેશ્વર ફ્લેટ, ગુલબાઈ ટેકરા, અમદાવાદ-380015

કાનજી પટેલઃ અત્રિ સદન, ઘેલી માલા, લુણાવાડા-389230

ધ્વનિલ પારેખ : B-403, હરિઆલય, આશ્કા હોસ્પિટલ સામે, સરગાસણ, ગાંધીનગર, મો. 8238392894

યોસેફ મેકવાન : 302, એન્જલ ડિવાઈન, સંત કબીર સ્કૂલ સામે, નવરંગપુરા, અમદાવાદ-380009

વર્ષા દાસઃ 2176, પાર્ક વ્યૂ એપાર્ટ., બી-2, વસંતકુંજ, નવી દિલ્હી-110 070. મો. 9818189946

ઉદયન ઠક્કરઃ લક્ષ્મી નિવાસ, ત્રીજે માળ, 22, કાશીબાઈ નવરંગે રોડ, ગામદેવી, મુંબઈ-400 007

હિમાંશી શેલતઃ સખ્ય, 18 મણિબાગ, ધરમપુર રોડ, અબ્રામા, વલસાડ-396007

સંજય સ્વાતિ ભાવેઃ 143, પ્રકાશકુંજ સોસાયટી, વિભાગ-3, સેટેલાઈટ રોડ, અમદાવાદ-380015 મો. 9879731151

નવનીત જાનીઃ C/o. ભરતભાઈ પી. પટેલ, 48, મહેશ્વરી સોસાયટી, ગુડલક બજાજ પાસે, નાગલપુર બસ સ્ટેન્ડ સામે, મહેસાણા-2 (ઉ. ગુ.) મો. 9978726531

વિશાખા મોઢિયાઃ બી-1, માધવી એપાર્ટમેન્ટ, ટેલિફોન એક્સચેન્જની પાછળ, જાદરા રોડ, મહુવા-364 290. જિ. ભાવનગર. રાજ્ય - ગુજરાત મોબાઈલ - 7573820803

ધ્રુવ ભટ્ટઃ 1, ગોપાલ નગર, સ્ટેશન રોડ, કરમસદ-388325

દીપક જોશીઃ એ/6, પ્રમુખ જિયોન બંગ્લોઝ, પ્રમુખનગર રોડ, સરગાસણ, ગાંધીનગર-382 421 મો. 99784 05662. E-mail: dipakjoshi3057@gmail.com

વિનોદ પટેલઃ 604-બી, જય ચિત્રકૂટ, કુલુપવાડી, બોરીવલી (ઈ), મુંબઈ-66, મો. 9869437259

બકુલેશ દેસાઈઃ ૩૦૧, મહર્ષિ ફ્લેટ્સ, ભરૂચા સોસા., નવી ઝોન ઓફિસ સામે, નવયુગ કૉલેજ પાછળ, સુરત-૩૯૫૦૦૯. મો. ૯૮૨૫૧ ૫૨૯૨૩. E-mail: bakuleshdesai51@gmail.com

ગીતા માણેકઃ બી, 1101/02, માનસરોવર, નિલકંઠ હાઈટ્સ, દેવ-દયા નગરની પાસે, પોખરાણ રોડ નં. 2, થાણે (વેસ્ટ) - 400610

ડૉ. ભાલચન્દ્ર હ. હાથી : 677, વાસ્તુનિર્માણ સોસાયટી, સેક્ટર - 21. ગાંધીનગર-382021

ડૉ. રંજના હરીશઃ અમર આશા, 404, સરસ્વતી નગર, આઝાદ સોસાયટી એરિયા, આંબાવાડી, અમદાવાદ-380 015

હેમંત સોલંકીઃ જીએસઈએન્ડસી મુંબઈ પ્રાઈવેટ લિ, મેકેનિકલ સ્ટેટિક ડિપાર્ટ. બીજો માળ, ડી-વિંગ, જોલી બોર્ડ ટાવર આય-થિંક ટેક્નો. કેમ્પસ, કાંજુર માર્ગ (ઈસ્ટ), મુંબઈ-42. E-mail: shm 8324@gmail.com

મનહર ડી. શાહઃ આશ્રમ રોડ, ઉરુલી કાંચન, જિ. પુણે-412202, મહારાષ્ટ્ર. મો. 9527817935

ડૉ. પંકજ જોશીઃ psjcosmos@gmail.com

આરાધના ભટ્ટઃ aradhanabhatt@yahoo.com.au

મોના જોષીઃ 591/2, સેક્ટર 30, ગાંધીનગર-382030. મો. 7779015553

પ્રીતમ લખલાણીઃ 13, વિનોદપાર્ક સોસાયટી, જશોદા ચોકડી, વટવા, જી.આઈ.ડી.સી. રોડ, અમદાવાદ-382445

શરીફા વીજળીવાળાઃ બી/402, વૈકુંઠ પાર્ક એપાર્ટમેન્ટ, કોઝ વે રોડ, તાડવાડી, રાંદેલ, સુરત-395009

વૉટ્સએપ

☐ સં. શરીફા વીજળીવાળા

મગનના બાપા સાવરણી લઈને મગનને ફટકારતા હતા. બાજુવાળા રમેશભાઈ આડા ફર્યા : મારો છો શું કામ બિચારાને?

હિતેશભાઈ : મોબાઈલની સ્ક્રીન તોડી નાખી, મારું નહીં તો શું કરું?

રમેશભાઈ : હવે એ બાળક છે. થાય ભૂલ... મેલોને માથાફોડ.

હિતેશભાઈ : તમે તો વચ્ચે પડતા જ નહીં... ભૂલ-બૂલ કંઈ નથી. એણે વજનકાંટાની એપ્લિકેશન ડાઉનલોડ કરી ને પાછો ફોન પર ઊભો થઈ ગયો વજન કરવા... તે પછી તો રમેશભાઈ પણ બે આંટી ગ્યા.

☺ ☺ ☺

પહેલા ધોરણમાં ભણતા ભૂરાને શિક્ષકે પૂછ્યું : તને કાનો શું થાય?

ભૂરો : મારે મોટોભાઈ થાય કાનો સાયેબ!

☺ ☺ ☺

અમેરિકાનું અવકાશયાન ભૂલમાં ગુજરાતના એક શહેરમાં ઊતરી પડ્યું. એમાં બેઠેલા વૈજ્ઞાનિકો તો માળા હેઠે ઊતરીને માંડ્યા ફોટા પાડવા.

બે જણાએ માંડ ભાંગીતૂટી અંગ્રેજીમાં સમજાવ્યા કે 'ભાઈ, આ તો અમારા રસ્તા પર પડેલા ખાડા છે...મંગળ ગ્રહ નથી!'

☺ ☺ ☺

તમે ક્રિકેટ પર સટ્ટો રમનારા તો જોયા જ હશે, પણ કાલે અમારા શહેરમાં ત્રણ જણા એ વાત પર સટ્ટો રમતા પકડાયા કે આ અઠવાડિયે 'વંદે ભારત એક્સપ્રેસ' સાથે કયું પ્રાણી અથડાશે... બોલો...!

હાસ્યેન સમાપયેત્

“ડૉક્ટરસાહેબ, મારા બચવાનો કેટલો ચાન્સ છે?”

ડૉક્ટર : “૧૦૦ ટકા. કારણ કે આ રોગમાં ૧૦માંથી ૯ દર્દીઓ ગુજરી જાય છે. અત્યાર સુધીમાં ૯ દર્દીઓ ગુજરી ગયા છે એટલે તમને વાંધો ન આવવો જોઈએ.”

☺ ☺ ☺

લાંબા પ્રવાસે જતાં દંપતીને વિમાનમથકવાળા માફીના સૂરમાં પતિને કહી રહ્યા હતા, “સૉરી સર, ખૂબ ભરાવાને લીધે તમારા બન્નેની સીટ બાજુ-બાજુમાં આવી શકી નથી.”

પતિ : “આભાર, મારે એને માટે કંઈ વધારાના પૈસા ચૂકવવાના છે?”

“ના સર, તમારાં શ્રીમતીએ ભરી દીધા છે.”

☺ ☺ ☺

એક શિક્ષકની કંકોતરીમાં લખ્યું હતું, “લગ્નમાં એક કલાકની રિસેસ હશે, જેમાં આવેલ મહેમાનોએ પોતાના ઘરે જમીને પાછા આવવાનું રહેશે.”

☺ ☺ ☺

એક બેસૂરા ગાયકને નિર્ણાયકે સલાહ આપી, “તમે સૂરથી સુદૂર છો. તમારે માત્ર વચ્ચેથી દૂ દૂર કરવાની જરૂર છે.”

☺ ☺ ☺

ચોરીના આક્ષેપ માટે ભિખલાને કોર્ટ સમક્ષ હાજર કરાયો. જજે લાકડાની હથોડી પછાડી કહ્યું, “ઑર્ડર ઑર્ડર!”

ભૂખ્યા ભિખલાએ તરત કહ્યું, “એક પિત્ઝા, બે ઢોસા, ત્રણ ઇડલી...”

જજસાહેબ : “શટ અપ!”

ભિખલો : “ના સર, થમ્ઝ અપ.”


Printed and Published by P.V. Sankarankutty on behalf of Bharatiya Vidya Bhavan, printed at Siddhi Printers, 13/14 Bhabha Bldg, Khetwadi 13th Lane, Mumbai-400 004 and published for Bharatiya Vidya Bhavan, K. M. Munshi Marg, Chowpatty, Mumbai-400 007.

Editor : Deepak Doshi


Total Pages 140
Date of Publication : 23rd of every previous month
R.N.I. 35887/80 Registered No. MCW / 110 / 2021-2023 Posted on Mumbai Patrika Channel Sorting Office Mumbai-400 001 on 27th & 28th of every previous month.

New Releases


Bharatiya Vidya Bhavan



Rs. 799/-




Rs. 799/-



Rs. 799/-

Vol-1: Mahatma Gandhi in Bangla
Vol-2: Mahatma Gandhi in Tamil
Vol-3: Mahatma Gandhi in Kannada


Gandhi Inspired Creative & Critical Writings in English Translation
(Selected Writings on Gandhi)



Sangitasamaysara
Rs.415/-

Manasollasa
Rs.310/-

Edited by
Deepti Omchery Bhalla



Free Shipping (Within India) for order above Rs.500/-

Log on **https://bhavans.info/bookstore**

Log on **https://bhavansonlinestore.com**

email: webmaster@bhavans.info

Call at: 8080808554